વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-
વર્ષ : ૪૬મું
ઓગસ્ટ - ૨૦૨૧
અંક - ૫૧૯
મંગલ મંદિર ● ઓગસ્ટ-૨૦૨૧ ● ૧
(કુલ પાના : ૭૨)

શ્રી કચ્છી જૈન સેવા સમાજ

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર

માસ્ક પહેરો, હાથને સાફ કરો વારંવાર
બે મીટરની દૂરી બનાવી રાખો

## 15 AUGUST



## India
INDEPENDENCE DAY

મુખ્ય કાર્યાલય :
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-સુથ્રીમવાલા)
**શ્રી કચ્છી જૈન ભવન**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 2657 8892, 2658 1501, 2657 9469 ફેક્સ : (079) 2658 2060
Email : kjssmangalmandir@gmail.com • Web site : www.kuthchijainahd.org

તંત્રી મંડળ :
પ્રતાપ નારણજી દંડ - મુખ્ય તંત્રી
દિનેશ આર. મહેતા - સહતંત્રી

# સ્વતંત્રતા સંગ્રામ સમયના જોશ જગાવે તેવા નારા....

**દેશની આઝાદીમાં ઘણા સ્વતંત્ર સેનાનીઓનું મોટું યોગદાન છે. આઝાદીની લડાઈના સમયમાં ઘણા ક્રાંતિકારીઓએ કેટલાંક નારા આપ્યા હતા. લોકોમાં જોશ ભરાઈ જાય તેવા તે નારા વિશે જાણીએ...**

'વંદે માતરમ'



**બંકિમચંદ્ર ચેટરજી**

'તુમ મુઝે ખૂન દો, મૈં તુમ્હેં આઝાદી દૂંગા'



**નેતાજી સુભાષચંદ્ર બોઝ**

'સત્યમેવ જયતે'



**પં. મદનમોહન માલવીયા**

'અંગ્રેજો ભારત છોડો'



**મહાત્મા ગાંધી**

'સાઈમન કમિશન વાપસ જાઓ'



**લાલા લજપતરાય**

'સ્વરાજ મેરા જન્મ સિધ્ધ હક્ક હૈ, ઔર મૈં ઈસે લેકર રહુંગા'



**બાલ ગંગાધર તિલક**

'ઈન્કલાબ ઝિંદાબાદ'



**ભગતસિંહ**

'Who lives if India dies'



**જવાહરલાલ નેહરુ**

છેલ્લા ૪૫ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**

૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchijainamd@gmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રી**

**પ્રતાપ નારાણજી દંડ**

**સહ તંત્રી**

**દિનેશ આર. મહેતા**

**મો. ૯૯૨૪૩ ૪૨૬૨૮**

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

*– મુખ્યતંત્રી*

# અનુક્રમણિકા

**તંત્રી લેખ :**
- આર્થિક સ્થિતિ સુધારવા પ્રયત્નો કરીએ... **દિનેશ આર. મહેતા** ....... ૫
- આગામી કાર્યક્રમની એક ઝલક... ....... ૫

**દીપશીખા**
- "અંગુલી નિર્દેશ" ● "આ સમય પણ જતો રહેશે" ● હકારાત્મક સ્વભાવ .... **ડૉ. પૂજા કોટક** ....... ૬

**રાષ્ટ્ર ગૌરવ**
- ૧૫ ઓગસ્ટ : સ્વતંત્ર રાષ્ટ્ર તરીકે ભારતનો ઉદય થયો ....... ૭
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ ૭૫મો સ્વાતંત્ર્ય દિન ધ્વજ વંદન કાર્યક્રમ : જાહેર આમંત્રણ ....... ૭

**'મંગલ મંદિર'**
- સાહિત્ય જગતના રત્નો તથા પ્રતિષ્ઠિત લેખકશ્રીઓ - કવિશ્રીઓની નજરે 'મંગલ મંદિર' ....... ૯-૧૪

**મનોરમ્ય : કાવ્ય/ગઝલ સૃષ્ટિ**
- અક્ષરમાં ડુબાડો : **મુસાફિર પાલનપુરી** ● આવ તું : **અલ્પ ત્રિવેદી** ....... ૧૫
- શહેરમાં : **સંધ્યા ભટ્ટ** ● કોને ખબર છે! : **જયસુખ કુછડિયા 'ત્રિવેદી'** ....... ૧૫
- દાવ પર આવી ગયો : **ગૌતમ વકાણી** ● ગઝલ : **હસમુખ શાહ 'બેઝાર'** ....... ૧૬
- હોડી હતી... હલેસા હતા... : **શૈલેન રાવલ** ● ગઝલ : **કુસુમ કુંડારિયા** ● કચ્છી હાઈકુ : **અરુણા અરુણ ઠક્કર** ... ૧૬
- ગઝલ : **કીર્તિકાન્ત પુરોહિત** ● એ વિચારીએ : **ડૉ. નટુભાઈ પંડ્યા 'નટવર'** ....... ૧૭
- વાંસળી : **જયેશ ઠક્કર** ● સ્વ-રૂપ જ્ઞાન : **મોહન રાઠોડ** ....... ૧૭

**લેખ**

**પ્રાસંગિક**
- 'ભારત છોડો આંદોલન'નો ઈતિહાસ ....... **ડૉ. મિહિર એમ. વોરા** ..... ૧૮
- મહાદેવને પ્રિય એવા નાગફણી વાદ્યનું મહત્ત્વ અને અસ્તિત્વ ....... **ડૉ. પૂર્વી ગોસ્વામી** ..... ૨૦
- શ્રીકૃષ્ણ : માનવજાતના પથદર્શક યુગપુરુષ ....... **હરજીવન રંગપરિયા** ..... ૨૧

**કર્મ**
- માણસ દેવ પણ બની શકે અને દાનવ પણ ....... **ડૉ. કાંતિ ગોર 'કારણ'** ..... ૨૩

**કથા વિશેષ**
- માયાનું સામ્રાજ્ય ....... **ડૉ. એમ.પી. કાકડિયા** ..... ૨૪

**નિબંધ**
- સુખ એટલે સમજણ ....... **ડૉ. મણિલાલ હ. પટેલ** ..... ૨૫

**ધ્યેય**
- ઉત્તરાવસ્થા એ જ ઉત્તમાવસ્થા ....... **ડૉ. શીલાબેન વ્યાસ** ..... ૨૭

**પર્યાવરણ**
- વેદોમાં પર્યાવરણ ....... **ડૉ. કાલિન્દી પરીખ** ..... ૨૯

**ગુલશન (ચાલુ શ્રેણી) (મણકો-૯)**
- "દિલની જબાન" : ગઝલકાર : મુસાફિર પાલનપુરી .... **ચંદ્રકાંત પટેલ 'સરલ', સાહિત્યકાર** ..... ૩૦

**આધાર**
- ચુકાદો ....... **વાસુદેવ સોઢા** ..... ૩૩

**સૃષ્ટિ**
- નારી તારાં નવલાં રૂપ ....... **ડૉ. નવીનચંદ્ર ત્રિવેદી** ..... ૩૫

**નારી ગૌરવગાથા : ૫**
- સિંધુતાઈ સપકલ : હજારો અનાથ બાળકોની માતા ....... **અશોક સરિયા** ..... ૩૬

**સંતોષ**
- સારથિયા : ધ વોરિયર્સ ....... **ગોપાલકુમાર જે. ધકાણ** ..... ૩૯

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના

**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૦૭૯- ૨૬૪૦૫૦૪૭ મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**ઉપપ્રમુખ-૨**
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
ઘર : (૦૨૭૧૭) ૨૩૪૪૫૫ મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**માનદ્ મંત્રી**
શ્રી પ્રદીપ સૂરજલાલ મહેતા
ઘર : ૨૬૬૧૨૦૮૯
મો. ૯૮૨૫૦ ૬૧૧૬૦

**સહમંત્રી**
શ્રી રોહિત સંઘવી

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ
ઘર : ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રજનીકાંત ધરમશી પારેખ
મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.
ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨. ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ**
**www.kutchijainahd.org**
**ઉપર... *ઉપરાંત*....**
**www.hellokutchis.com**
**ઉપર વાંચી શકાય છે.**

**કચ્છ**
- કચ્છી નવું વરે – અષાઢી બીજ ................ **પ્રતાપ નારાણજી દંડ**..... ૪૧
- કચ્છી ચલણ અંગે જર્મન પ્રકાશન ................ **બાબુલાલ ગોર**..... ૪૨
- કચ્છી નવું વર્ષ – અષાઢી બીજ નિમિત્તે પ્રહલાદનગર ખાતે ટિમ્બર પોઈન્ટ ગાર્ડનમાં કચ્છી લોકોના મેળાવડાનું આયોજન થયું ....... ૪૩

**સુમિરે... બલબીરા, સ્મૃતિપટ પર સંભારણાં (સંકલન : બલવીરસિંહ જાડેજા)**
- મહેમાનગતિ ................ ૪૪

**કારકિર્દી**
- એક ઈન્ટરવ્યૂથી ડેપ્યુટી સેક્રેટરી બનાવતી UPSCની – લેટરલ રિક્રુટમેન્ટ સિસ્ટમ .......... **હીરેન દવે**..... ૪૬

**નોલેજ બેંક**
- ગુજરાતી સાહિત્ય નોલેજ બેંક – (૩) : વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઉપયોગી.............. **રમેશ પટેલ**..... ૪૭

**વ્યક્તિ વિશેષ**
- ધન્ય ધન્ય વીર મેઘાણી ................ **મહેન્દ્રભાઈ જોષી**..... ૪૮

**લઘુકથા**
- ચરણ ................ **યોગેશ ન. જોશી**..... ૪૯

**સ્વાસ્થ્ય**
- મને વારંવાર માથાનો દુઃખાવો (માઈગ્રેન) થાય છે .. **ડૉ. મણિલાલ ગડા, સિનિયર મનોચિકિત્સક** ..... ૫૦
  **ડૉ. દિપ્તી શાહ (ગડા), મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક**

**તરંગ**
- હાસ્ય વ્યંગ : યક્ષને માનવપ્રશ્ન................ **ડૉ. અમૃત કાંજિયા**..... ૫૨

**ગેમ્સ ગેલેરી**
- શબ્દોના અર્થમાં મહિલાઓના નામ શોધો ● રક્ષાબંધન સંબંધી ફિલ્મી ગીતોની એક ઝલક ..... **ભાવના એ. ઝવેરી**..... ૫૩

**તારે જમીં પેં**
- બાળ વાર્તા : કોન્ટ્રાક્ટર સુઘરીબેન................ **ધ્રુવી અમૃતિયા**..... ૫૪
- રજાની મજા................ **જયેશ ઠક્કર**..... ૫૫

**માહિતી**
- આંખની અદ્‌ભુત શક્તિ ● સનમાઈકા શું છે? ................ ૫૬
- ઓક્સિજનની અસરોનો શોધક એન્ટોઈન લેવોઇઝિયર ● વૃક્ષો આપણા માટે શું શું કરે છે? ........... ૫૬

**YOUTH CLUB**
- Some Golden Thoughts ................ Presentation : Dinesh R. Mehta ....... ૫૭


**એરાઉન્ડ ધ વર્લ્ડ**
- સમાચાર દર્શન (સંક્ષિપ્તમાં) ................ **સંકલન, આલેખન : દિનેશ આર. મહેતા**..... ૫૮

**વૈવિધ્ય**
- પરિચય : 'હથેળીમાં કૂંપળ' – આસ્વાદ ................ **તુષાર દેસાઇ**..... ૬૨
- તાત્કાલિક સારવાર માટે દવાની માહિતી ● જૈન સમાજના અગ્રણી નૌતમભાઈ વકીલ લિખિત પુસ્તકનું વિમોચન........... ૬૪

**નિયમિત વિભાગો**
- *Nano Nine* શબ્દ રમત-૧૭૩ ................ **સંકલન : રજનીકાંત પારેખ**...... ૬૫
- *Nano Nine Sudoku* (ક્રમાંક-૧૧૩૧) ................ **સંકલન : રજનીકાંત પારેખ**...... ૬૭
- બાલુડે જ્યું ગાલિયું ................ **સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા**..... ૬૮

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
- સંસ્થા સમાચાર ................ ૬૯-૭૦

Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**.
Printed at : **Gajanand Offset,** Amraiwadi, Ahmedabad.
Published at : **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. ● **Editor : Mr. Pratap Dand** ● **Yearly Subscription : Rs.150/-**



તંત્રી લેખ

# આર્થિક સ્થિતિ સુધારવા પ્રયત્નો કરીએ...



દિનેશ આર. મહેતા

આધુનિક વૈશ્વિક અર્થશાસ્ત્ર વપરાશ પર આધારિત છે. ખરીદાર જેટલા વધારે, એટલું અર્થશાસ્ત્ર વધારે મજબૂત. લગભગ બે દાયકાથી વિશ્વમાં ભારતની બોલબાલા વધી છે. ભારતમાં ખરીદારની સંખ્યા સમજો કે ૧૦ ટકા હોય તો પણ ૧૩.૫ કરોડ થાય. આટલી સંખ્યા વિશ્વના કેટલાક દેશની વસ્તી કરતાં વધારે છે. ૧૯૯૮માં ભારતે અણુ ધડાકો કર્યા પછી અમેરિકાએ આપણા પર આર્થિક પ્રતિબંધ લાદી દીધેલા. ૨૦૦૧માં તેમણે આર્થિક પ્રતિબંધો હટાવ્યા અને ત્યાંના પ્રમુખ આપણા મહેમાન બન્યા **તેની પાછળ કારણ હતું કે ભારતમાં ઉભરતો નવો ખરીદાર વર્ગ.** જેમ જેમ સમય પસાર થતો ગયો તેમ તેમ ભારતમાં ખરીદારોની સંખ્યામાં વધારો થયો. વપરાશ આધારિત વૈશ્વિક ઇકોનોમીમાં એટલે જ ભારતની બોલબાલામાં વધારો થયો. આ કારણે ૨૦૦૮ની મંદી તથા ૨૦૧૨માં વૈશ્વિક નાણાંકીય કટોકટીના સમયે ભારત ટકી ગયું હતું. તે સમયના ઇકોનોમિક પગલાના પરિણામે ભારતની ૧૯૯૧ તથા ૨૦૦૪થી ૨૦૧૪માં પણ આર્થિક સ્થિતિ સારી રહી હતી.

ત્યારબાદ તેમાં રૂકાવટ થવા લાગી. પ્રથમ નોટબંધી આવી. ત્યારબાદ જી.એસ.ટી. લાગુ થયો. બંને બાબતોનું અમલીકરણનું પગલું મજબૂત ન હતું. તેવી રીતે વન નેશન, વન ટેક્સની પ્રક્રિયામાં ખામી રહી. આ અધૂરાશો દૂર કરવા પ્રયત્નો ચાલી રહ્યા હતા ત્યાં કોરોના મહામારીનો ઝટકો લાગ્યો. તેનાં કારણે ભારતના અર્થતંત્રને ઘણી અવળી અસરો થઈ. મહામારીના કારણે સૌ પ્રથમ ખર્ચ પર કાપ આવે. કામ-ધંધા ઘટે. એટલે કર્મચારીઓને નોકરીમાંથી મુક્ત કરવામાં આવે અથવા તો પગારમાં ઘટાડો થાય. **તેના પરિણામે ખર્ચા પર બ્રેક લાગે. અર્થશાસ્ત્રના સિદ્ધાંતોથી વિપરીત સ્થિતિનું સર્જન થાય. વપરાશકારોમાં ઘટાડો થાય એટલે અર્થશાસ્ત્રની પ્રક્રિયામાં અગત્યના પાસા સ્વરૂપ આર્થિક વૃદ્ધિમાં ઘટાડો થાય.** કોરોના મહામારીના પ્રતાપે ઈકોનોમિનો જોશ ઢીલો પડ્યો. આઈ.ટી., ફાર્મા, મેડિકલ, કરિયાણા જેવા ક્ષેત્રો સિવાય બધાને આર્થિક રીતે મોટો ફટકો પડ્યો. વૈશ્વિક સ્તરની ક્રેડિટ રેટિંગ એજન્સીઓ ભારતીય અર્થતંત્ર પર ચાંપતી નજર રાખી રહ્યું છે. આ બધી એજન્સીઓ ખૂબ જ કાળજીપૂર્વક અભ્યાસ કરતી હોય છે. જેથી તેમના વિશ્વાસે રોકાણ કરનારાના પૈસા ડૂબી ન જાય. એટલે આવી એજન્સીઓએ પોતાની વિશ્વસનીયતા આંતરરાષ્ટ્રીય સ્તરે ટકાવી રાખવાની હોય છે. એક અન્ય મુદ્દા પરત્વે પણ નજર કરીએ. સરકાર પર વિદેશી દેવું હોય છે. આ દેવાની એક મર્યાદા હોય છે. વૈશ્વિક સ્તરની કેટલીક એજન્સીઓને લાગે છે કે ભારતમાં આ સમયે જી.ડી.પી.ના ૯૦ ટકા જેટલું દેવું થઈ જશે. અગર આવી સ્થિતિ સર્જાય તો તે ખૂબ જ ચિંતાજનક બાબત છે. **આ માહોલમાંથી બહાર આવવું હોય તો માર્કેટમાં પૈસાનું સર્ક્યુલેશન વધારવું પડે.** એમ ત્યારે જ થાય, જ્યારે લોકોમાં વિશ્વાસ પેદા થાય. લોકો આવતીકાલ માટે નિશ્ચિંત બની જાય. સવાલ એ છે કે આ નિશ્ચિંતતા ક્યારે આવશે અને કેમ પેદા થાય? ફાલતુ ભાવનાત્મક પ્રશ્નોના બદલે આ પ્રકારના દેશના હિતમાં મહત્ત્વના પ્રશ્નો તરફ ધ્યાન અપાશે તો સારા પરિણામ આવી શકે છે.

*૩૦૨, મર્લિન અર્હમ્, ૧૧, વિશ્વકુંજ સોસાયટી, નારાયણનગર રોડ,*
*પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭. • મો. ૯૯૨૪૩ ૪૨૬૨૮*

## આગામી કાર્યક્રમની એક ઝલક....

| તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમ - આયોજનકર્તા | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| • રવિવાર, તા. ૧૫-૦૮-૨૦૨૧ સવારે ૯.૦૦ કલાકે | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | સ્વાતંત્ર્ય દિન પ્રસંગે શ્રી જૈનિક નૌતમભાઈ વકીલ, પાલડી વિસ્તારના મ્યુનિ. કાઉન્સિલરના હસ્તે ધ્વજ વંદનનો કાર્યક્રમ. |

સમાજના સભ્ય પરિવારોને આ કાર્યક્રમમાં પધારવા આમંત્રણ છે.

## "અંગુલી નિર્દેશ"

આપણી પાસે ઘણા તેજસ્વી અને સક્ષમ સિતારાઓ હોય છે, પણ ઝળકી શકતા નથી. કોઈ કવિએ માનવદેહની તુલના કાચી માટીના કોડિયા સાથે કરીને કહ્યું છે કે તેણે પ્રકાશ આપવાનું કામ કરવાનું છે. પણ તેમાં દીવેલ, દીવેટ અને ચિનગારીની જરૂરત હોય છે.

**'એક ચિનગારી કહીં સે ઢુંઢ લાઓ દોસ્તો, ઇસ દિયે મેં તેલસે ભીગી હુઈ બાતી તો હૈં'** – કવિની પંક્તિ છે. આ કાર્ય આપણે સૌએ કરવાનું છે. પ્રકૃતિએ પ્રત્યેક વ્યક્તિમાં આત્મબળથી વિકાસ સાધવાની ભરપૂર શક્યતાઓ મૂકી છે, પણ ક્યારેક ભૂમિમાં દટાયેલું બીજ અંકુરિત થઈ શકતું નથી. તેથી દરેક વ્યક્તિનો સરખો વિકાસ થતો નથી. પ્રકૃતિ સૌ માટે એક સમાન મહેરબાન હોવા છતાં આવું બને છે કેમકે માણસ પોતાની ભીતર પડેલી શક્તિને ઓળખી શકતો નથી. આ કામ આપણે કરવાનું છે... હતાશા, ત્રાસ, રુગ્ણ માનસિકતા, કમજોરીને દૂર કરી માણસને વ્યક્તિત્વ આપવાનું ભગીરથ કાર્ય સૌની ફરજ છે. વ્યક્તિને દિવ્ય દર્શન કરાવવાનું કામ છે, સમાજમાં ઠેર ઠેર રહેલા જાગૃત અને સહૃદયી ગુણીજનોનું શિક્ષણના માહોલમાં તે થઈ શકે. આ શુભકાર્યમાં દીપ-પ્રાગટ્ય કોઈપણ કરી શકે. **સહાય માટે લંબાયેલ હાથને પકડીને, તેનો ખભો થાબડી એટલે આત્મવિશ્વાસ પ્રગટશે.** આ દીપ પ્રાગટ્ય સાવ નોખું અને અનોખું છે. અહીં મહિમા છે પ્રાગટ્યનો.

## "આ સમય પણ જતો રહેશે"

જિંદગીનો એક ખરાબ સમય યાદ રાખીને તેને વાગોળતા રહીએ તો બાકીના સારા દિવસો ક્યારેય યાદ આવતા નથી. માણસની તકલીફ એ છે કે એ સારા વિચારો ઓછા અને ખરાબ વિચારો વધુ કરે છે. જે થયું ન હોય એના વિશે વિચારો કરીને દુ:ખી થાય છે. આવું થશે તો? કંઈ ખરાબ થશે તો? **માણસ સારો સમય ખરાબ વિચારો કરીને બરબાદ કરે છે** અને ખરાબ સમયમાં સારા વિચારોની સૌથી વધુ જરૂર હોય છે, તો જ તમે સુખી થશો, સુખી બની શકશો. ખરાબ વિચારો અને ખરાબ કલ્પનાઓ ટાળો અને જો નહીં ટાળો તો એ સાચું પડી જશે. કંઈ જ ખરાબ નથી. બધું જ સુંદર અને શ્રેષ્ઠ છે. જિંદગી પણ!

**સમય સારો કે ખરાબ કોઈનો પણ ટક્યો નથી.** એ વણથંભી સમયની રફતાર, દિવસ પછી રાત, રાત પછી દિવસ, અંધકાર પછી પ્રકાશ આવે જ છે. બસ, ધીરજથી સમય પસાર કરો. **સુખમાં સમાનતા અને સભાનતા રાખવી અને દુ:ખમાં શ્રદ્ધા અને સબુરી...** બસ, આ સમય પણ જતો રહેશે. બસ, રહેશે સમયની છાપ. જેથી સમયને માણો... દુ:ખને વાગોળવાને બદલે.

આપણને પરિસ્થિતિ જેવી હોય તેવી નહીં, પણ આપણે જેવા હોઈએ તેવી દેખાય છે.

## હકારાત્મક સ્વભાવ

'સ્વભાવનું કોઇ ઓસડ નથી' – એ ઉક્તિ હવે જૂની થઈ. ગમે તેવા સ્વભાવને સુધારી શકાય છે અથવા નિયંત્રણમાં લાવી શકાય છે. આ વ્યક્તિના પોતાના હાથની વાત છે. તેમાં પણ 'હકારાત્મક' સ્વભાવ રાખવો કે કેળવવો તે અત્યારના માહોલમાં 'પ્લસ પોઇન્ટ' ગણાય છે અને તે લાભપ્રદ છે.

હવે દરેક સ્થિતિમાં વ્યક્તિના અભિગમ અને સ્વભાવ ઉપર ભાર મૂકવામાં આવે છે. અભિગમ એવો રાખવો જરૂરી બન્યો છે, જે મદદરૂપ થાય અને રૂકાવટ ન બને. આજે એવા લોકો વધુ દેખાય છે જે પોતાના વ્યવસાય કે જોબથી ખુશ નથી. **દરેક વાતમાં વિજય મેળવવાનું અસંભવિત હોય છે પણ દરેક સ્થિતિમાં 'પોઝિટિવ' થઈ શકાય છે.** હંમેશાં વાંક કાઢનાર કે બીજાની ખામી જોનાર વ્યક્તિના વિચારો 'નેગેટિવ' બની જતા હોય છે. હકારાત્મક બાબતો કરતાં જીવનમાં નકારાત્મક ઘટનાઓ વધી જાય તો તેને ગંભીરતા ગણવી પડે છે. તેથી કોઈપણ સમસ્યાને એ રીતે જોવી પડે કે આમાં સૌથી વધુ ખરાબ શું થઈ શકે છે? આમાં જરૂર લાગે ત્યાં 'બ્રેક' પણ લગાવી શકાય છે. હકારાત્મક થવા માટે કોઈ સમયની રાહ જોવાની હોતી નથી. કોઈપણ સમયે પોઝિટિવ થઈ શકાય છે. ખરાબ સ્થિતિમાંથી બહાર નીકળવાનો પ્રયત્ન ન કરીએ તો તેનાથી ટેવાઈ જવાય છે. ઘણા લોકો બદલાવથી ડરતા હોય છે, જે પછી આગળ વધી શકતા નથી. નવી જગ્યા કે જોબમાં 'સેટ' થતાં થોડો સમય લાગે છે. તે સમયે જૂની જગ્યાના વિચારો છોડવા જોઈએ. પરિવર્તનને પચાવનાર તરીકે હવે મેનેજમેન્ટમાં 'નવવધૂ'નું ઉદાહરણ અપાય છે. પીયરપક્ષમાં ૧૮-૨૦ કે તેથી વધારે વર્ષોના ઉછેર બાદ એકદમ નવા વાતાવરણમાં મેનેજમેન્ટ અને હકારાત્મક્તા દ્વારા તે મહિલા કેવી સેટ થાય છે તે અદ્‌ભુત બીના ગણાય છે. અહીં હકારાત્મક સ્વભાવ ઉમદા રીતે કામ કરે છે. **'Adjust every where' એ હકારાત્મક સ્વભાવનો પાયો છે. જૂની જગ્યાના વિચારો છોડવાથી જ નવી જગ્યા પર 'સેટ' થવાય છે.** અત્રે વાત ભૂલવાની નહીં, બાજુ પર મૂકવાની છે.

કચેરી, કાર્ય, જનસંપર્કમાં હકારાત્મક વલણ સફળતા અપાવે છે. રોજબરોજના કાર્યમાં નકારાત્મક ભાવ ન લાવવો જોઈએ. આપણી સમસ્યાઓનો ઉકેલ આપણે જ લાવવો પડે છે. ઘર અને કચેરી કાર્યને જુદા રાખવા અથવા બેલેન્સ જાળવવું. સાર એ છે કે જીવન પ્રત્યે હકારાત્મક અભિગમ કે તેવો સ્વભાવ રાખવાથી નકારાત્મક્તા ચાલી જશે અને સફળતાકારક 'બેનીફિટ' મળશે.

***– ડૉ. પૂજા કોટક***

# ૧૫ ઓગસ્ટ : સ્વતંત્ર રાષ્ટ્ર તરીકે ભારતનો ઉદય થયો...

૧૫ ઓગસ્ટે આપણો દેશ અંગ્રેજોની ગુલામીમાંથી આઝાદ થયો. હજારો શહીદોના બલિદાન પછી કેટલાય વર્ષોની ગુલામીની મજબૂત સાંકળ આ દિવસે તૂટી હતી અને દેશની ધરા ઉપર સ્વતંત્રતાનો સૂરજ ઉગ્યો હતો.

૧૫મી ઓગસ્ટ, ૧૯૪૭ની વહેલી સવારે જ્યારે એક બાજુ સૂર્યનો ઉદય થતો હતો, તો બીજી બાજુ લાલ કિલ્લાના શિખર ઉપર તિરંગો લહેરાતો જોવા મળ્યો હતો. આ પ્રથા પરંપરાગત રીતે ચાલુ છે. ૧૯૪૭ના વર્ષમાં આ દિવસે અંગ્રેજોની ગુલામીમાંથી ભારત દેશ આઝાદ થયો હતો. આ દિવસને ભારતભરમાં રાષ્ટ્રીય તહેવાર તરીકે જાહેર કરવામાં આવ્યો છે. દેશના તમામ કાર્યાલયોમાં આ દિવસે જાહેર રજા આપવામાં આવે છે. ઠેકઠેકાણે ધ્વજવંદનના કાર્યક્રમોનું આયોજન થાય છે. મૂળ સમારંભ નવી દિલ્હીમાં ઉજવવામાં આવે છે. ભારતના વડાપ્રધાન લાલ કિલ્લા પરથી તિરંગો ફરકાવે છે; શહીદોને, વીરગતિ પામેલા બહાદુર સૈનિકોને, સ્વતંત્ર સંગ્રામના વીરોને શ્રદ્ધાંજલિ આપે છે અને સમગ્ર દેશ સ્વતંત્રતા સેનાનીઓને યાદ કરીને નમન કરે છે. ભારતની સાંસ્કૃતિક વિવિધતાનું પ્રદર્શન, વિજ્ઞાન અને ટેકનોલોજી ક્ષેત્રે દેશે કરેલી પ્રગતિ વગેરેની ઝાંખી કરાવવામાં આવે છે. ભારતની શસ્ત્ર તાકાતનું પ્રદર્શન અને દેશના સુરક્ષા દળોની પરેડ આ ઉજવણીનું મહત્ત્વનું અંગ છે.

## આઝાદી ૧૫મી ઓગસ્ટ, ૧૯૪૭ – રાત્રિના ૧૨નો સમય જ કેમ?

જ્યારે લોર્ડ માઉન્ટબેટને આઝાદી મળવાની તારીખ ૩ જૂન ૧૯૪૮થી ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ કરી દીધી તો દેશના જ્યોતિષીઓમાં ખળભળાટ મચી ગયો. તેમના મુજબ આ તારીખ અમંગળ અને અપવિત્ર હતી. લોર્ડ માઉન્ટબેટનને બીજી તારીખો પણ જણાવવામાં આવી હતી, પરંતુ તે ૧૫ ઓગસ્ટને લઈને મક્કમ હતા. જો કે તે પછી જ્યોતિષીઓએ એક ઉકેલ આપ્યો. તેઓએ ૧૪ અને ૧૫ ઓગસ્ટની રાત્રે ૧૨ વાગ્યાનો સમય નક્કી કર્યો. કારણકે અંગ્રેજો પ્રમાણે દિવસ રાત્રે ૧૨ વાગે જ શરૂ થાય છે. પરંતુ હિન્દુ કેલેન્ડર મુજબ સૂર્યોદયે દિવસ થાય છે. તેઓએ નહેરુને પણ કહ્યું હતું કે આપણી આઝાદીનું ભાષણ અભિજીત મુહૂર્તમાં રાત્રે ૧૧.૫૧થી ૧૨.૩૯ વાગ્યા સુધીમાં જ આપવું પડશે. તેમાં એક અન્ય શરત પણ હતી કે નહેરુજીને પોતાનું ભાષણ રાત્રે ૧૨ વાગ્યા સુધીમાં પૂરું કરી દેવું પડશે, જે પછી શંખનાદ કરવામાં આવશે, જે એક નવા દેશના જન્મની ગૂંજ દુનિયા સુધી પહોંચાડશે.

---

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

### ૭૫મો સ્વાતંત્ર્ય દિન ધ્વજ વંદન કાર્યક્રમ

### ॥ જાહેર આમંત્રણ ॥

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ ૭૫મા સ્વતંત્રતા દિવસની ઊજવણી કરવા જઈ રહ્યો છે. તે નિમિત્તે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતેના પટાંગણમાં તા. ૧૫-૮-૨૦૨૧ને રવિવારના રોજ સવારે ૯.૦૦ કલાકે **શ્રી જૈનિક નૌતમભાઈ વકીલ** (અમદાવાદમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ તરીકે છેલ્લા ૫૦ વરસથી કાર્યરત જાણીતી ફર્મ મે. નૌતમ આર. વકીલ એન્ડ કંપનીના પાર્ટનર તથા સામાજિક, ધાર્મિક, શૈક્ષણિક વગેરે ક્ષેત્રોની અનેક સંસ્થાઓ સાથે નીકટથી સંકળાયેલા, મ્યુનિ. કાઉન્સિલર - પાલડી વિસ્તાર તથા ચેરમેન, રેવન્યુ ડિપાર્ટમેન્ટ – અ.મ્યુ.કો.)ના વરદ્ હસ્તે ધ્વજવંદન કરવામાં આવનાર છે.

***આ પ્રસંગે સમાજના સભ્ય પરિવારને આ કાર્યક્રમમાં પધારવા ભાવભર્યું આમંત્રણ છે.***

અંતમાં અલ્પાહાર લઈને છૂટા પડીશું.

**પ્રદીપ એસ. મહેતા**
**માનદ્ મંત્રી**


**પ્રતાપ નારાણજી દંડ**
**મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખ**

૨૨ જુલાઈ, ૧૯૪૭ના રોજ બંધારણ સભાએ તિરંગા ઝંડાને એક મહત્ત્વના ફેરફાર સાથે સ્વીકાર્યો હતો
તિરંગામાં ચરખાની જગ્યાએ અશોક ચક્રને સ્થાન અપાયું હતું

તે દિવસે સંસદમાં ફ્લેગ કમિટીના અધ્યક્ષ ડૉ. રાધાકૃષ્ણને કહ્યું :
"તિરંગાની મધ્યમાં અશોકચક્ર બુદ્ધના ન્યાય અને ધર્મચક્રનું પ્રતીક છે. હવે ભારત આગળ જ વધવાનું છે. ૨૪ આંકાવાળું અશોકચક્ર બુદ્ધે જણાવેલા આ ૨૪ જીવન મૂલ્યોનું પ્રતિનિધિત્વ કરે છે."

**દરેક ભારતીય પોતાના જીવનમાં અશોક ચક્રના આ ૨૪ પ્રતીકનું પાલન કરે તો આપણે એક નવું ભારત સર્જી શકીએ છીએ.**

1. સંયમ
2. આરોગ્ય
3. સેવા
4. ક્ષમા
5. બંધુત્વ
6. સંગઠન
7. કલ્યાણ
8. સહકાર્ય
9. સમૃદ્ધિ
10. શીલ
11. ઉદ્યોગ
12. બુદ્ધિમત્તા
13. નિયમ
14. ત્યાગ
15. સમાનતા
16. ન્યાય
17. કર્તવ્ય
18. અધિકાર
19. મૈત્રી
20. અર્થ
21. નીતિ
22. સુરક્ષા
23. શાંતિ
24. પ્રેમ





# સાહિત્ય જગતના રત્નો તથા પ્રતિષ્ઠિત લેખકશ્રીઓ - કવિશ્રીઓની નજરે

## ‘મંગલ મંદિર’

### ઉત્તરોત્તર પ્રગતિ સાધતો નમૂનેદાર અને પ્રેરક સામયિક ‘મંગલ મંદિર’

*સવિનય અભિવન્દે. જય જિનેન્દ્ર.*

આપણા જનપ્રિય સામયિક ‘મંગલ મંદિર’નો અષાઢી બીજ : કચ્છ વિશેષાંક નજર સમક્ષ છે. **૪૬મા વર્ષનો આ સળંગ ૫૧૮મો અંક સમગ્ર સમાજના સર્વતોમુખી ઉન્નયન માટેનો, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા પોતાની સમુજ્જવલ પરંપરાને આગળ ધપાવતો, ઉત્તરોત્તર પ્રગતિ સાધતો, નમૂનેદાર અને પ્રેરક છે.**

સમાજ દ્વારા અંક માટે નક્કી થયેલો **લોગો** ચારેય દિશામાંથી, હાથમાં હાથ મેળવી પ્રત્યેકનો સહયોગ મેળવી તથા પ્રત્યેકને સહયોગ આપી ‘સ્વસ્તિક’નું યોગ ક્ષેમ સાધવાનો સંકેત આપે છે. **‘સ્વસ્તિ’** શબ્દ કલ્યાણવાચક છે. એની પ્રાપ્તિ અને નિર્વ્યાજભાવે વહેંચણી, એ આ સામયિકનો ચરમ ઉદ્દેશ્ય રહેશે એવી પ્રતિબધ્ધતાને આ લોગો વ્યક્ત કરે છે. તંત્રશાસ્ત્ર મુજબ ‘સ્વસ્તિક’ બધીય દિશાઓને આવરી લેતા ગણેશજીનું પ્રતીક છે, જે સૌ વિઘ્નોને હરી, કાર્યોને રિદ્ધિ - સિદ્ધિ સાથે સંપન્ન કરે છે. વિઘ્નેશના આ સ્થાપન દ્વારા ગુરૂવંદના પણ સહજ થઈ જાય છે, કારણકે એવું કહેવાયું છે કે :

*“ગ્રામ તણે પ્રવેશણે, નગર તણે સવિશેષ;*
*અવસર પહેલે સંભારીયે, ગુરૂ ગૌતમ નામ ગણેશ.”*

**‘મંદિર’** શબ્દ દિવ્યત્વના નિવાસનો સંકેત આપે છે, તો **‘મંગલ’** શબ્દનું સનાતન ધર્મમાં સવિશેષ મહત્ત્વ છે. તો વળી આપણાં જૈન ધર્મમાં પણ એ દિવ્યતાની સાથે શુભાશિષ અને સત્કાર્યોની પ્રેરણાનું પ્રતીક છે. **ધર્મારાધનમાં ‘માંગલિક’નું શું મહત્ત્વ છે, એ કોઈથી ક્યાં છાનું છે?**

અમારા ગુરૂ ભગવંતોના શુભમંગલ આશિષ તેમજ સત્સંગે પ્રાપ્ત સંકલ્પના મુજબ ‘મંગલ’ એવા તત્ત્વનું નામ છે, જે (૧) વિઘ્નોથી આપણને દૂર રાખે છે, (૨) શાશ્વત સુખને માર્ગે લઈ જાય છે, (૩) વ્યવહાર અને પરમાર્થના સુખમાં કાયમ રાખે છે અને એ રીતે આ લોકના તેમજ પરલોકના ભદ્રંકર મનોરથો પૂર્ણ કરનારું છે. વ્યુત્પત્તિમૂલક વ્યાખ્યા પ્રમાણે તો જીવના આવાગમનના ફેરા ટાળે એ તત્ત્વનું નામ છે મંગલ.

જ્યારે આપણે સામયિકના નામમાં જ એનો સ્વીકાર કરીએ છીએ ત્યારે સહજરૂપે આપણી પ્રતિબધ્ધતા વ્યક્ત કરીએ છીએ. ગત આટઆટલા વર્ષોથી એમાં પ્રકટ થતી રહેલી, થતી અને થનારી સામગ્રી આવી અદ્ભુત પ્રતિબધ્ધતાને લઈને ચાલે, **એ જ આ સામયિકને અનન્ય, અનુપમ બનાવવા પૂરતું છે.**

સાંપ્રત સમય ‘કોરોના કાળ’ છે. એ યમદંષ્ટ્રામાંથી બચવા ‘જાન હૈ તો જહાન હૈ’ સત્યને સમજીને અમલમાં લાવવા આપણે મુખપૃષ્ઠથી જ **માસ્ક** પહેરવાની, વારંવાર હાથ ધોવાની અને બે મીટરની દૂરી બનાવી રાખવાની સૂચના આપી છે. સંકેત એવો પણ છે કે હવા, પાણી, ખોરાક, ગાળીને લેવા અને વાણીનો વ્યવહાર પણ ‘વચોગુપ્તિ’ને ધ્યાનમાં રાખીને કરવાથી જીવન ધર્મની શ્રેષ્ઠ આરાધના થઈ શકશે. **મતલબ કે જીવન જીવવાનો અધિકાર એને જ મળે છે, જે જયણાપૂર્વક જીવે છે!**

‘A photograph is better than thousand words.’ અર્થાત્ એક તસવીર (કે ચિત્ર પણ) હજાર શબ્દોથી શ્રેષ્ઠ છે એ સત્યને ધ્યાનમાં રાખી **મુખપૃષ્ઠ**ને (૧) નર્મદા બંધ, (૨) કંડલા બંદર અને (૩) નર્મદા જળની નહેરની તસવીરો સાથે સજાવતાં એવો ઈશારો કરાયો છે કે, ‘જળ, એ કચ્છની જીવાદોરી છે.’ નર્મદાના નીર આ વર્ષે કચ્છના ખૂણે ખૂણે પહોંચે (ફક્ત સરકારી વાયદાઓ નહીં!) તો કચ્છ પોતાની પરંપરાગત મરૂભૂમિની તાસીર બદલી **બાગાયતી પાકો** ધરાવતી પણ બની શકે છે. કચ્છની નિત્ય યુવા અને અહિલ્યા (જેના પર પ્રથમ વખત જ હળ ચલાવાશે) એવી ભોમકા કેસરકેરી, દાડમ, ખારેક, શેરડી અને દ્રાક્ષ વિપુલ પ્રમાણમાં આપી, એ વાતનું મહેણું ભાંગશે કે કચ્છની ત્રણ ચીજો વખણાય છે : ભૂખ, દુઃખ અને લૂખ (ગરમ હવા)! પછી, કોઈને એમ કહેવું નહીં પડે કે...

*“ભલે તું ન લે, સહેજ ચાખી તો જો;*
*અહીંની ઉદાસીય વખણાય છે!”*

**સમગ્ર ચિત્રની પસંદગી એવો ઇશારો કરે છે** *(વ્યંજિત)* અને બૃહદ્ કચ્છ તથા સમગ્ર વિશ્વવાસી કચ્છીઓએ પોતાની હેતાળ ધરાને રેતાળ થતી અટકાવવા, એને ઉદ્યમશીલતાના પ્રસ્વેદથી સિંચવી પડશે, નિરંતર સજાગતાનો કોઈ વિકલ્પ નથી હોતો. કવિએ તેથી જ કહ્યું છે :

*“હિન્દુ ગીનો ગીતા જી કસમ,*
*નેં મુસલીમ આંઈ કુરઆનજી;*
*મિઠડે વતન લા ભાવર લગાયો,*
*બાજી પાંજી જાન જી!”*

***(હસનભાઈ જમાદાર)***

આ તો ફક્ત મુખપૃષ્ઠની વાત થઈ. તે પછી તો કચ્છની ભાતીગળ સંસ્કૃતિ, લોકો અને તેમનો અદ્‌ભુત પહેરવેશ, વિશ્વનું અદ્વિતીય એવું સફેદ રણ અને એના આભમાં અનંત આકાશે એકલો ઊભેલો વિરહી ચંદ્ર, સરસ ભૂંગા અને આરાધી વાણી ગાતા ગાયકોની **તસવીરોનો જાદુ આપણી આંખો તથા સમગ્ર ચિત્તને કચ્છીયતથી ભરી દે છે.**

સમગ્ર અંક બે સંપુટમાં વિલસે છે. **કોઈપણ સામયિકમાં તંત્રીલેખ અત્યંત અગત્યનો હોય છે.** એ અંકમાં ઉતરવાનો ભોમિયો છે. આ અંકમાં એની સાથે **દિનેશચંદ્રજીએ વિશેષ જહેમત લઇને કચ્છ વિશેની માહિતી એ રીતે આપી છે, કે એમ કહ્યા વિના નથી રહેવાતું કે :**

*"દેખ, છોટોંકો હૈ અલ્લાહ, બડાઈ દેતા,*
*આસમાં આંખકે તિલમેં હૈ, દિખાઈ દેતા!"*

તંત્રીલેખ સાથે આ સામગ્રી વાંચી મનમોર નાચી ઉઠે છે. એક અનુભવી, દૃષ્ટિસંપન્ન અને **કર્મઠ તંત્રીની કલમથી ઉતરેલું આ પ્રદાન પ્રત્યેક કચ્છી અને કચ્છ વિશે જાણવા માંગતા જને સાચવી રાખવા જેવું છે.**

**કચ્છના ગણમાન્ય, અનુભવી અને ઉમદા લેખકો** દ્વારા કચ્છના વિભિન્ન સ્થળો, વ્યક્તિઓ, કચ્છી ભાષા, લોકોની રહેણીકરણી, ઈતિહાસ, વ્યાપારીઓની સાહસિકતા અને ઉદ્યમશીલતા અને લોકસાહિત્ય વિશે જે કંઈ કહેવાયું છે, એ સત્યની સાક્ષીએ થયેલી, અભ્યાસપૂત નોંધ સહુએ લેવા જેવી છે. મને લાગે છે કે, જે પ્રમાણે બાળકૃષ્ણએ મોઢું ખોલ્યું તો તેમાં માતા જશોદાજીને ચૌદ બ્રહ્માંડ જોવા મળ્યા હતા, તેવી રીતે **પ્રજ્ઞાવાન વાચક આ અંકને ખોલતાં તેમાંથી સમગ્ર કચ્છની વિરાટ છબીને સહજ રીતે અવલોકી શકશે.** એને એમાંથી મોસમના પહેલા વરસાદે ઉડતી માટીની સોડમ જેવી કચ્છીયતની સુગંધ જરૂર સાંપડશે.

સંપુટ-૨ માં કાવ્યસૃષ્ટિ, વિચારમંચ, ઊર્જા, નવલિકા, સાફલ્યગાથા, નોલેજ બેંક, કારકિર્દી, માહિતી... **એમ અનેક વિભાગોમાં વહી વહેંચાતું સાહિત્ય તંત્રીગણ તથા સંપાદક ગણની સંમોહક ક્ષમતાનો પરિચય કરાવી જાય છે.** ફક્ત કલ્પનાના સ્વૈર વિહાર જેવું સાહિત્ય જ નહીં પણ જીવનની એરણ પર કસાયેલા અનુભવ - અમૃતની સુવર્ણની લહાણી પણ 'સુમિરે બલબીરા' જેવા વિભાગ દ્વારા થતી રહી છે.

સમગ્ર વાંચન સામગ્રી ભૂતકાળ તથા સાંપ્રત સમયને આવરી લે છે, તો વળી ઉજ્જવળ ભવિષ્ય માટેના આયોજનની સુરેખ રૂપરેખા પણ આપે છે અને તે તંત્રીગણની એવી માન્યતાને પરિપુષ્ટ કરતું લાગે છે કે **ભૂતકાળની પીઠિકા ઉપર કરેલું આજનું આયોજનબધ્ધ ચણતર જ આવતીકાલની નક્કર સફળતાનો પાયો છે.**

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિભિન્ન પ્રવૃત્તિઓ અને ગતિવિધિઓને વાચા આપતો વિભાગ પણ માહિતીસભર હોવા ઉપરાંત પ્રેરક અને માર્ગદર્શક પણ છે. સમાજના સહુને માટે આવાસ યોજનાની માહિતી, મેરેજ બ્યુરોની સમિતિ, ઓર્ગેનિક ઉત્પાદનની ખરીદી, કેળવણી સહાયની જાણકારી અને તદર્થ લોન યોજના, સાધર્મિક સહાય, સિધ્ધિપ્રાપ્તજનોને અભિનંદન ઇત્યાદિને કારણે આખોય વિભાગ સમાજ ઘડતર, સમાજોન્નયન, પથદર્શન અને પ્રેરક નેતૃત્વના પાસાં આવરી લઇ અત્યંત આવશ્યક બન્યો છે.

**વિશેષ રૂપે, દૃષ્ટિસંપન્ન એવા સમગ્ર તંત્રી મંડળની યશકલગી જેવા આ અંકમાં** શ્રદ્ધેય સારસ્વત અને વિશેષરૂપે ગઝલવિદ્ એવા સન્મિત્ર શ્રી ચંદ્રકાંત પટેલ 'સરલ'જી સંપાદિત વિભાગ 'ગુલશન'માં, પરિચયાત્મક લેખમાં, મને સ્થાન મળ્યું તે બદલ 'સરલ'જી તેમજ આપ સહુના એ અનુગ્રહને સવિનય નમન કરું છું.

'સરલ'જીને પ્રત્યક્ષરૂપે આજપર્યંત મળવાનું બન્યું નથી તે છતાં આ ગુણગ્રાહી સર્જકે સામેથી મારી ભાળ મેળવી, જે રીતે મારા સર્જનનું અને તેમાં નિહિત મારા વ્યક્તિત્વનું પણ મૂલ્યાંકન પ્રસ્તુત કર્યું છે, **એ રીતે અને એવું આજ સુધી ક્યાંય પ્રસ્તુત થયું નથી.** એમની લેખનશૈલી તથા તેની પાછળ ઉભેલી કાવ્ય સાધના અને અનુભવ સમગ્ર પ્રસ્તુતિને ધબકતી કરી નાખે છે. જેમ પુષ્પમાળાના ઉલ્લેખ વખતે સૂત્ર એટલે કે દોરો ન તો દેખાય છે, કે ન તો ઉલ્લેખ પામે છે; અને છતાં પુષ્પોને સાંકળવાનું શ્રેય તો એને જ જાય છે; તેમ આપશ્રીએ પરિચય કરાવતાં સહુને સાહિત્યની અપૂર્વ સુવર્ણ સાંકળે સાંકળવાનો જે નિઃસ્વાર્થ ઉપક્રમ રાખ્યો છે તે નિઃશંક અભિનંદન અને અભિવંદનનો વિશેષ અધિકારી છે.

અંતમાં, 'મંગલ મંદિર'ની આ અનુપમ વિચારયાત્રા, સમગ્ર સમાજને એકસૂત્રે બાંધી ઉન્નતિના અવનવા આયામ તરફ દોરી જાય એમાં જ એનું 'મંગલત્વ' છે. મને લાગે છે કે કોઈપણ જાતના સ્વાર્થ વિના કરેલી આ સમાજસેવા જ સાંપ્રતકાળનું માંગલિક છે. જે એવું સમજાવે છે કે દરેક વ્યક્તિએ પોતાના કર્તવ્ય ધર્મનું જ્ઞાન, શીલ, ગુણ અને કર્મ વડે અનુસરણ કરતા રહેવું જોઈએ. આપ સહુ, એ પથે અગ્રેસર છો જ. હું ય એ પંથનો એક અદનો પંથી છું, **જે અહીં ગુજરાતના ખૂણે ભુજ (કચ્છ)માં વસી, માતૃભાષા કચ્છીના ઉન્નયન માટે પ્રતિબધ્ધ છું.** આ શુભ મંગલ કાર્યમાં 'ગુરૂ-દેવ પ્રસાદેન' **મને આકાશવાણીની સહાયતા સાડા બત્રીસ વર્ષ મળી** અને સમાંતર રૂપે તેમજ ત્યારબાદ પણ **કુલ ચાલીસ વર્ષની સહાયતા** કચ્છી ભાષાના મક્કા તરીકે ખ્યાત અખબાર 'કચ્છમિત્ર' તરફથી

મળી છે, જે હજી ચાલુ છે. આવો, આપણે સૌ સાથે મળી કચ્છ, કચ્છીયત, ભારતીયત અને માણસાઈને આગળ વધારી આપણું અસ્તિત્વ સાર્થક કરીએ કારણકે :

*“બાગના ચરણો મહીં જે ફૂલ મૂકે જિંદગી,*
*એ જ સાચું ફૂલ છે, બીજા બધા આભાસ છે!”*

*(શબાબ)*

પુનઃ પુનઃ પ્રણામ અને જય જિનેન્દ્ર સહ...

***જયન્તી જોષી ‘શબાબ’ - ભુજ, કચ્છ***
***મો. ૯૪૨૭૭ ૧૯૨૮૮***

***(નોંધ : શ્રી જયંતી જોષી ‘શબાબ’નું ગુજરાતી તથા સંસ્કૃત ભાષા પર પ્રભુત્વ તો છે જ, તે સાથે તેઓશ્રી કચ્છી, હિંદી, અંગ્રેજી વગેરે ભાષાનું સારું જ્ઞાન ધરાવે છે. તેમણે કેટલાંક શ્રેષ્ઠ પુસ્તક સંગ્રહો સમાજને ભેટ ધર્યા છે. તે ઉપરાંત, આપશ્રી સામાજિક અને સાહિત્યિક ક્ષેત્રે ઘણાં વર્ષોથી કાર્યરત છો. આ બધા ક્ષેત્રોમાં આપશ્રીના ઉત્કૃષ્ટ યોગદાન બદલ આપને અનેક વિશિષ્ટ સન્માન અને ઍવોર્ડ એનાયત થયા છે.***

***ઉપરોક્ત પ્રતિભાવથી પ્રસ્થાપિત થાય છે કે આપ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ અને તેનાં મુખપત્ર ‘મંગલ મંદિર’ના નિકટના હિતેચ્છુ છો. જે બાબત આનંદની અનુભૂતિ કરાવે છે. આપે આપના પ્રતિભાવમાં સામયિકના પ્રથમ ટાઈટલ પરના લોગોથી માંડીને અંદરના દરેક વિભાગનું ખૂબ જ બારીકાઈથી નિરીક્ષણ કરીને જે અભિપ્રાય આપ્યો છે તે ખરેખર કાબિલેદાદ છે. ‘મંગલ મંદિર’ના દરેક પાસાને વિગતવાર સ્વરૂપે આવરી લેતો આ પ્રથમ પ્રતિભાવ છે. જેને અમે સહૃદય આવકારીએ છીએ. શ્રી જયન્તી જોષી ‘શબાબ’ સાહેબનો ખૂબ ખૂબ આભાર સાથે સલામ! — તંત્રી મંડળ)***

★

## ‘મંગલ મંદિર’ ખોલો... સરસ મજાના વિભાગો — આપણા મનના બંધ દરવાજા ખોલી નાખે

હા, ‘મંગલ મંદિર’ ગાવાનું અને આ ‘મંગલ મંદિર’ ખોલો તો, સરસ મજાના વિભાગો આપણા મનના બંધ દરવાજા ખોલી નાખે. **ટેબલ પર મૂકેલું આ સામયિક આગંતુકની નજરે પડે કે તેઓ તરત તેડી લે તેવું સુંદર મુખપૃષ્ઠ.** શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મુખપત્રનો અંક મળ્યો (જુલાઈ-૨૦૨૧). પ્રેમમાં પડી જવાય તેવો. ‘મંદિર’ શબ્દ કોઈકને ગેરસમજ કરે કદાચ. પણ ખોલો તો સાહિત્યનું મંદિર દશ્યમાન થાય. આમ તો કચ્છની ભાષાની લિપિ જ નથી, એ સાહિત્ય જગતનું અને કચ્છનું દુર્ભાગ્ય ગણાય. પણ આ અંકમાંના કચ્છી લેખકોના લેખો વાંચો અને કચ્છ વિશે જાણો તો એ કમી ન લાગે. કચ્છને વર્ષો પૂર્વે માણ્યું છે. ‘કચ્છ નહીં દેખા, તો કુછ નહીં દેખા’ — એ સત્ય વાત છે. આ અંકમાં મારા હાઈકુ - તાન્કાનો સમાવેશ થયાનો આનંદ. સામયિકની પ્રગતિ ઈચ્છું છું. રમેશ પટેલ જેવા મિત્રની કલમ અંકને વધુ દીપાવશે. અન્ય લેખકો પણ પરીચિત છે. તેમનો ફાળો પણ અમૂલ્ય રહેશે. તંત્રીગણને અભિનંદન - શુભેચ્છા.

***ઇશ્વર પટેલ - સુરત***
***મો. ૯૪૨૭૧ ૬૯૫૯૬***

★

## સાહિત્ય, એ પ્રજા માનસને ઘડવાનું સુંદર ઉપકરણ છે... જે આપ ‘મંગલ મંદિર’ના માધ્યમથી સુપેરે કરો છો

૧. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું લોકપ્રિય માસિક ‘મંગલ મંદિર’નો જુલાઈ-૨૦૨૧નો અંક (મારા સુપુત્ર યોગેશ ભટ્ટ મારફત) વાંચવા મળતાં કચ્છ વિશેષાંકમાં કચ્છ અંગે ઘણી જાણકારી મળેલ છે. **સર્વે લેખકો અને આપ સૌને અભિનંદન પાઠવું છું.** કચ્છી નવા વર્ષની શુભેચ્છાઓ...

૨. દરેક લેખમાંથી જે અગત્યના શબ્દો અને પંક્તિઓને મોટા ટાઈપમાં છાપી - હાઈલાઈટ કરીને વાંચકને ગમતાનો ગુલાલ કરો છો તે ખૂબ ગમ્યું છે. ધન્યવાદ.

૩. આ અંકના તંત્રીલેખમાં શ્રી દિનેશભાઈ આર. મહેતાએ હૃદયના કપાટમાંથી વાતો લખી છે. અભિનંદન.

૪. દીપશીખા, નારી ગૌરવ, કાવ્ય સૃષ્ટિ, દેશદાઝ ભાવના, જીવન સાફલ્ય, વસુધૈવ કુટુંબકમ્, માહિતી વગેરેમાં કૃતિઓ અને વિવિધ વિભાગો વાંચીને મારો રાજીપો વ્યક્ત કરું છું.

૫. સાહિત્ય, એ પ્રજા માનસને ઘડવાનું સુંદર ઉપકરણ છે, જે આપ સૌ સુપેરે કરો છો.

***નટુદાદા ભટ્ટ (નિવૃત્ત શિક્ષક) - અમરેલી***
***મો. ૯૪૦૯૦ ૪૨૦૩૪***

***(નોંધ : ઉપરોક્ત પ્રતિભાવ મોકલાવનાર અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન અને રમણભાઈ પટેલની સ્મૃતિમાં ઝાયડસ કેડિલા ગ્રુપ દ્વારા અપાતા રાજ્ય શ્રેષ્ઠ શિક્ષક ઍવોર્ડના પ્રથમ જ વર્ષના ઍવોર્ડ વિજેતા શિક્ષક છે.***

***તેમના પુત્ર શ્રી યોગેશભાઈ ભટ્ટ, તેમના જિલ્લામાંથી પ્રસિદ્ધ થતાં અખબાર ‘અમરેલી એક્સપ્રેસ’માં ‘સમજણ એજ નારાયણ’ નામની સાપ્તાહિક કોલમમાં છેલ્લા સાત વર્ષથી લખી રહ્યા છે.)***

## 'મંગલ મંદિર' – રસભર મેગેઝિન

અષાઢી બીજના સંદર્ભમાં 'મંગલ મંદિર'નો માસ જુલાઈ-૨૦૨૧નો કચ્છ વિશેષાંક મળ્યો. ખૂબ ખૂબ આભાર. વરસાદી માહોલમાં મોરલો યાદ આવે તે સ્વાભાવિક છે. જેમ મોર પોતાના પીંછાથી શોભે, તેમ આ વિશેષાંક પોતાના અને પોતીકા લેખકો અને કવિમિત્રો તથા સાહિત્યકારોથી શોભે છે. **કચ્છની સંસ્કૃતિને ઉજાગર કરતાં ફોટાઓ મોહક અને આકર્ષક છે. આ અંકનું કોઈપણ પાનું હાથમાં લો અને ભૂતકાળમાં તમે કચ્છના કયા શહેર અને કયા ગામની ગલીમાં રમતા હતા તેની યાદ અચૂક આવી જાય** એ સ્વાભાવિક છે. આ અનુભૂતિ મનને તરબતર કરી દે છે. પૃથ્વીના કોઈપણ ખૂણે તમે રહેતા હો, થોડા સમય માટે કચ્છી બોલી અને ત્યાંનું વાતાવરણ નજર સામે મલકાતું અને છલકાતું દેખાય છે.

**મેગેઝિનનું પ્રુફ રીડિંગ, છાપકામ સ્વચ્છ, સુઘડ અને આંખને રૂચિકર લાગે છે.**

કચ્છ પોતે કામણગારો પ્રદેશ છે. તેનું સાહિત્ય પણ એવું જ છે અને લોકો પણ એવા જ છે. **કચ્છ પ્રદેશ રેતાળ, પણ લોકો બધા હેતાળ છે.** અષાઢી બીજની ઉજવણી અહીંની અનોખી છે. તેને કચ્છી નવા વર્ષનો પહેલો દિવસ માનવામાં આવે છે.

અષાઢી બીજ, વાદળ ને વીજ. આ વાત પાના નં. ૬ થી ૭ (સંપુટ-૧) વાંચવાથી સમજાઈ જશે. હૃદય વર્ષાની ઝરમર અને ફરફરથી ભીંજાઈ જાય છે.

**બાળકથી વૃદ્ધ સુધીના સૌને અખંડ આનંદ આપનારું આ એક રસભર મેગેઝિન સાચવી રાખવા જેવું છે.**

આ માસિકના સંપાદક, તંત્રી અને અન્ય વ્યવસ્થાપકોને ખૂબ ખૂબ અને ખોબલે ખોબલે અભિનંદન અને છેલ્લે અષાઢી બીજના નૂતન વર્ષાભિનંદન.

*જયેશ ઠક્કર - વડોદરા*
*મો. ૯૮૨૪૮ ૭૭૫૮૫*

★

## 'મંગલ મંદિર'ની વૈવિધ્યસભર વાંચન સામગ્રી ખૂબ આનંદદાયક

સવિનય જણાવવાનું કે, 'મંગલ મંદિર' નિયમિત વાંચીને ખૂબ જ આનંદ થાય છે. તંત્રીલેખ વાંચીને સારી જાણકારી મળે છે. તે ઉપરાંત, વૈવિધ્યસભર વાંચન સામગ્રી ખૂબ ઉપયોગી અને આનંદદાયક હોય છે. 'મંગલ મંદિર' માટે મંગલ કામના સાથે સર્વે શુભેચ્છા.

*બાબુલાલ ગોર - ભુજ, કચ્છ*
*મો. ૬૩૫૧૭ ૨૬૭૬૭*

## 'મંગલ મંદિર' જ્ઞાન અને સંસ્કારવર્ધક સાહિત્યિક સામયિક

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મુખપત્ર 'મંગલ મંદિર'નો જુલાઈ-૨૦૨૧નો અંક મને મળ્યો. વાંચીને ખૂબ જ આનંદ થયો. **ચંદ્રકાંત પટેલ** દ્વારા મને આ સુંદર સામયિકનો પરિચય અને પ્રાપ્તિ થઈ. તેમનો ખૂબ ખૂબ આભાર. **ઘણા બધા જ્ઞાતિ સામયિકો મેં વાંચ્યા છે અને જોયા છે, પણ આવું બધી રીતે સરસ સામયિક હું પહેલીવાર મેળવી રહ્યો છું. આ સામયિકના વાંચનથી હું અનેરો હર્ષ અનુભવું છું. સામયિક બધી રીતે ઉત્તમ છે.** કચ્છનું જીવન, તેની વિવિધતા, તેની ભાતીગળ સંસ્કૃતિ, તેના વ્યક્તિ વિશેષ ખૂબ સારી રીતે વર્ણવ્યા છે. **સામયિકના મુખપૃષ્ઠ, ડિઝાઇન, લે-આઉટ તથા મુદ્રણ ખૂબ જ સુંદર રીતે થાય છે.** બધા કવિઓ અને લેખકોના લેખો જ્ઞાન અને વૈવિધ્યસભર હોય છે. એટલે કે બધા લેખો જ્ઞાનવર્ધક અને સંસ્કારવર્ધક, પ્રેરણાદાયી હોય છે. સામયિકમાં બધા લેખો નાના-મોટા દરેક વર્ગને ગમે તેવા પસંદ કરાય છે. ચંદ્રકાંત પટેલની કોલમ **'દિલની જબાન'** દ્વારા કવિઓ અને લેખકોની આવડતનો પરિચય ખૂબ ઊંડાઈ અને અનુભવથી વ્યક્ત થાય છે. આ કોલમ બધાને ખૂબ ગમી રહી છે. **આ સામયિક કોઈ એક જ જ્ઞાતિનું ન રહેતાં સર્વ જ્ઞાતિને ગમે તે દિશામાં આગળ વિકસી રહ્યું છે, જે તેની લોકપ્રિયતા અને પ્રતિષ્ઠા દર્શાવે છે.**

ટ્રસ્ટી મંડળ, તંત્રીશ્રી તથા સહતંત્રી – બધા આ સામયિકને ખૂબ સારી મહેનતથી સજાવી - શોભાવી રહ્યા છે. તે માટે તેઓને ખૂબ ખૂબ ધન્યવાદ. આ સામયિક હજુ વધુને વધુ પ્રગતિ કરતું રહે તેવી હું મારી હૃદય પૂર્વકની શુભેચ્છા વ્યક્ત કરું છું.

*નવીન વી. વાછાણી - રાજકોટ*
*મો. ૯૯૭૯૪ ૬૯૯૧૭*

★

## કચ્છ વિશેષાંકને સમર્પિત

કચ્છની એક આગવી અને અનેરી ઓળખ છે. ઓળખવામાં કાંઈ ખૂટતું હોય તો 'મંગલ મંદિર' કચ્છ વિશેષાંક લાવીને તે ખોટ પૂરી દે છે. સંપાદિત લેખો કહી જાય છે કે **અહીં માટીની સોડમ છે, સપૂતોની સાહસિકતા છે, માણસાઇની ગરિમા છે અને ઇતિહાસની ઉજ્જવળ તવારીખ છે.** લાગે છે કે કુદરત કચ્છ ઉપર મન મૂકીને વરસી છે. પરંતુ માણસને જેમ શેર માટીની ખોટ પડે તેમ કચ્છને પણ એક મોટી ખોટ પડી. કચ્છી ભાષાને બોલી મળી પણ લિપિ નહીં. આમ છતાં કચ્છી ભાષાએ લિપિ વગર જીવતા શીખી લીધું. તેણે વ્યવહારમાં કચ્છી બોલી અને

સાહિત્ય સર્જનમાં ગુજરાતી ભાષાની લિપિનો સાથ લીધો. જે ઘટતું હતું તે પૂરું કર્યું. આ જ તો કચ્છની આગવી વિશેષતા ગણાય. 'મંગલ મંદિર'માં કચ્છની ભૂમિ, તેના સપૂતો અને સાહિત્યની જે વાતો મૂકી તે કોઈપણને કચ્છમાં પરકાયા પ્રવેશ કરાવવા પર્યાપ્ત છે. પણ... પણ... કચ્છડો તો સદેહે નિહાળવો રહ્યો. હું સહતંત્રીશ્રી સાથે સંમત થઇ કહીશ કે, 'જેણે કચ્છ નથી જોયો, તેણે કાંઈ પણ નથી જોયું.'

***ડૉ. એમ.પી. કાકડિયા - જામનગર***
***મો. ૯૮૨૪૦ ૩૦૨૦૩***

★

## 'મંગલ મંદિર' સામયિક : એક રસથાળ, દિવ્ય અને ભવ્ય!

શુભેચ્છાઓ સાથે...

૧. તાજા જન્મેલા - નવજાત શિશુને પ્રથમ તેડતી વખતે જે રોમાંચ થાય તેવું કંઇક 'મંગલ મંદિર'નો માસ જૂન-૨૦૨૧નો અંક હાથમાં આવતાં અનુભવ્યું. એકી બેઠકે સાધ્યંત વાંચી ગયો. મજા આવી... અભિનંદન, એ શબ્દ જો પુષ્પ હોત તો ગજરો - પુષ્પગુચ્છ બનાવીને મોકલાવત... પરંતુ અભિનંદન એ શબ્દ છે હૃદયની ઊર્મિ... જે વ્યક્ત કરી, આ પ્રતિભાવ લખી મોકલ્યો છે. આભાર.

   **આ મુખપત્રની લેખન સામગ્રીઓનું રસપાન કરીને વિશેષ આનંદ થયો છે. અનેક રસને સમાવી લેતું આ સામયિક એક રસથાળ જેવું જ દિવ્ય, ભવ્ય લાગ્યું!** જે બદલ આપ સૌને ખૂબ ખૂબ અભિનંદન. ૪૬ વર્ષની આપ સૌની સામાજિક સેવા - સાધનાને મારા વંદન - નમન!!

૨. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના નેજા હેઠળ શ્રી કચ્છી જૈન ભવન - અમદાવાદના માધ્યમથી સમાજ સેવાનું જે કાર્ય થાય છે તે બદલ આપ સૌને શુભેચ્છાઓ પાઠવું છું.

૩. રાજકોટમાં ઘણા વર્ષો પહેલાં એક સુંદર આયોજન પ્રસંગે પૂજ્ય મોરારિબાપુએ કહેલું કે, **'આ દેશને સારા મંત્રી, ઉત્સાહથી થનગનતા તંત્રી અને દેશપ્રેમી સંત્રીની ખાસ જરૂર છે.'** મંગલ મંદિર માસિકનું તંત્રીવૃંદ આ ધારણામાં સફળ રહે તેવી પ્રભુ પ્રાર્થના કરીએ છીએ.

***The voice of public, is a voice of God.***

***યોગેશ નટવરલાલ ભટ્ટ - અમરેલી***
***મો. ૯૯૨૪૦ ૧૩૪૬૪***

## 'મંગલ મંદિર' એટલે આદર્શ વાંચન ધરાવતું માસિક સામયિક

સૌપ્રથમ અષાઢી બીજ જી વધાઈ.

સુંદર કલરફુલ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મળ્યું તે બદલ ખૂબ ખૂબ આભાર. આપે 'સુમિરે બલબીરા'માં મારું સંભારણું પ્રકાશિત કર્યું તે બદલ આભારી છું.

આપના આ અંકનો પ્રતિભાવ એક જ લીટીમાં કહું, તો **લગભગ બધા જ વિષયોને આવરી લેતો ભાતીગળ અંક છે. ફક્ત જૈન સમાજ માટે જ નહીં પણ આમ જનતાને વિવિધ વિષયોથી સભર રસપ્રદ વાંચન કરાવે છે.** એટલે અમારા મતે જૈન સમાજ પૂરતો નહીં, પણ દરેક ગુજરાતીને રસ પાડતું મંગલ મંદિર માસિક છે.

મનોહર મલ્ટિ કલરનું કવર તેમજ સુઘડ, આંખને ગમે તેવા ઉત્તમ પ્રિન્ટિંગ સાથે સુંદર રજૂઆત. હાથમાં આવે કે તરત જ વાંચવાનું મન થાય. **વાંચન સામગ્રી પણ સ્ટાન્ડર્ડ.** એક આદર્શ વાંચન ધરાવતું માસિક કહું તો ખોટું નથી. ફરી એક વાર આભાર.

***સુભાષ બારોટ***
***મો. ૯૯૬૯૩ ૩૭૦૧૮, ૭૦૨૧૨ ૨૬૨૭૬***

★

## 'મંગલ મંદિર' અષાઢી બીજનો અંક : મોરલાનો થનગનાટ

**અષાઢી બીજની ચમકતી વીજ જેવો 'મંગલ મંદિર'નો અંક જોઈ, વાંચી, મન મોરલાની જેમ થનગનવા લાગ્યું!** હું કચ્છી ન હોવા છતાં **આ અંક વાંચી, કચ્છ પ્રદેશ માટે દિલમાં આદર, સન્માન અને ગૌરવ ઉત્પન્ન થયા.** અષાઢી બીજને સાચા અર્થમાં, **એક કચ્છીની નજરે ચરિતાર્થ કરતા વિભાગો** જેવા કે કચ્છની રહેણીકરણી, સંસ્કૃતિ, પ્રવાસન ક્ષેત્રો, લોકસાહિત્ય, વ્યક્તિ વિશેષો, કચ્છી કાવ્યો, હાઇકુ (મીઠાંસ) — આ વિભાગો માણી મન પ્રસન્ન પ્રસન્ન થઈ ગયું. **આ બધાનું સંપાદન કરનાર સહતંત્રી શ્રી દિનેશ મહેતાને ખૂબ ખૂબ અભિનંદન! કચ્છની વ્યક્તિ પણ ન જાણતી હોય એવી માહિતીનો ખજાનો આ અંકમાં ખૂલે છે.** એમાંય કચ્છી બોલીના એક અને બે અક્ષરના શબ્દોની હારમાળા મૂકીને સંપાદકે આડો આંક વાળી દીધો છે. લેખકોની મહેનત સુપેરે દેખાઈ આવે છે. નયનરમ્ય મુખપૃષ્ઠ અને અંદરના પાનાનાં રંગીન, ભાતીગળ ચિત્રો! **આ અંક એક મોંઘી મિરાત સરીખો ભાસે છે. જે સેફ ડિપોઝીટ વોલ્ટમાં રાખવા યોગ્ય છે.** અંક તૈયાર કરનાર સૌને નવા વર્ષની હાર્દિક શુભકામનાઓ!

***તુષાર દેસાઇ (સાહિત્યકાર વિવેચક) - અમદાવાદ***
***મો. ૯૪૨૭૪ ૫૪૫૧૮***

## શ્રી દિનેશભાઈ મહેતાની સર્જનાત્મકતા

માસ જુલાઈ-૨૦૨૧ 'મંગલ મંદિર'નો અંક ઊડીને આંખે વળગે એવો છે. આ સામયિકના સહતંત્રી શ્રી દિનેશભાઈ રતિલાલભાઈ મહેતાના લેખો મનનીય છે. ખાસ તો 'આય વલો અસાંજો વતન' તેમાં વતનપ્રેમના તેમણે દર્શન કરાવ્યા છે. 'કચ્છ ઉડતી નજરે...' સંક્ષિપ્તમાં કચ્છના સમાચારમાં મુખ્ય વિગતો આવરી લેવાઈ છે. શ્રી દિનેશભાઈ મહેતાને હૃદયપૂર્વકના ખૂબ ખૂબ અભિનંદન.

*પ્રા. સૂર્યકાંત ભટ્ટ - ભુજ, કચ્છ*
*મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬*

★

## 'મંગલ મંદિર' : સર્વ સામગ્રી કાબિલે દાદ

માસ જુલાઈ-૨૦૨૧ 'મંગલ મંદિર'નો કચ્છ વિશેષાંક મળ્યો. આ રૂપકડો અંક મનમોહન અને મનભાવન સવિશેષે રહ્યો. **તેના મુખપૃષ્ઠ, છપાઇ અને અંતિમ લેખ સુધીની સર્વ સામગ્રી કાબિલે દાદ છે કારણકે વિશેષ કાળજીથી અંક છપાયો છે તે ઊડીને આંખે વળગે છે.** આપશ્રીએ મને પ્રતિભાવ આપવા લખ્યું, પણ અનાયાસે પણ મેં લખ્યું જ હોત, કારણ તેનું આંતરબાહ્ય સ્વરૂપ છે.

'કચ્છડો બારેમાસ' કે 'કચ્છડો કામણગારો' ગુજરાતનો એક અત્યંત આકર્ષક વિભાગ છે. પ્રથમવાર કચ્છમાં એક મિત્રની કૃપાથી અંજારથી માંડવી સુધી બે દિવસ ફરવાનું પંદરેક વર્ષ પહેલા થયેલ ત્યારે હું ખરેખર અંજાઈ ગયો હતો. સામાન્યતઃ કચ્છ એટલે રણ તેવી મૂર્ખામીભરી માન્યતા સાવ પલટાઇ ગઇ. સરસ લચીલાં ખેતરો અને લીલોતરીએ અંજાવી દીધેલ. ઠેરઠેર પથરાયેલાં દેવ સ્થાનોની મુલાકાત આજે પણ યાદ છે. **અમારું ઉત્તર ગુજરાતનું ગામ રૂદરડી, રૂદ્રાણી માતાના નામ પરથી પડેલ. મા રૂદ્રાણી અમારા ગ્રામ્ય દેવી છે.** તેમનું ભવ્ય વિશાળ મંદિર કચ્છમાં જોઈ ભાવથી મસ્તક નમી ગયેલ. ત્યારે માંડવીનો મહેલ અને બીચ બહુ ગમી ગયેલા. પછી નવજીવન આરોગ્ય ક્ષેત્રમાં દસ દિવસ રોકાવાનું મળ્યું. બાડામાં વિપશ્યના કરી. આમ, કચ્છ આવવાનાં નિમિત્ત બનતા ગયા.

મારા સન્મિત્ર જયંતી જોષી 'શબાબ'નો પરિચય - લેખ આ અંકમાં ખૂબ ગમ્યો. તેઓ બહુશ્રુત વિદ્વાન છે.

**આપની સાહિત્ય પ્રીતિની ખરેખર સરાહના કરું છું.**

આપને અભિનંદન સહ, લગે રહો...

*કીર્તિકાન્ત પુરોહિત - વડોદરા*
*મો. ૯૮૭૯૧ ૧૪૨૯૮*

## 'કચ્છ વિશેષાંક'
## ('મંગલ મંદિર' માસ જુલાઈ-૨૦૨૧નો અંક ખૂબ જ આકર્ષક, નયનરમ્ય અને મનોહર...)

માસ જુલાઈ-૨૦૨૧નો 'મંગલ મંદિર'નો કચ્છ વિશેષાંક મળ્યો. સૌ પ્રથમ તો કચ્છી નવા વર્ષની શુભેચ્છાઓ - સાલ મુબારક. **આ અંકમાં સમગ્ર કચ્છની સંસ્કૃતિ, ઇતિહાસ, અષાઢી બીજ, કચ્છનાં વૃક્ષો, કચ્છી લોકોની રહેણીકરણી, લોક સાહિત્ય ઇત્યાદિ વિશે વિગતવાર સામગ્રી વાંચીને અભિભૂત થવાયું.** અંજાર, માંડવી, કબીરવડ, ધોળાવીરા ઇત્યાદિ સ્થળોની સુંદર માહિતી અપાઈ છે.

કચ્છની મીઠાશ, કચ્છની હવા, કચ્છનું પાણી વગેરે લેખો પણ ગમ્યા. આ ઉપરાંત નિયમિત વિભાગો માહિતી, વૈવિધ્ય, કારકિર્દી વગેરે કોલમોમાં જાણવા જેવી માહિતી અપાઈ છે. કચ્છ દર્શન, નારી ગૌરવ ગાથા, પ્રસંગ કથા, કાવ્યસૃષ્ટિ વગેરે રચના માણવા જેવી લાગી.

એકંદરે અંક ખૂબ જ આકર્ષક, નયનરમ્ય, મનોહર લાગ્યો. **અંકનું મુદ્રણ તથા સંપાદન ધન્યવાદને પાત્ર છે.** આ અંક માટે સમગ્ર ટીમને ધન્યવાદ સાથે અભિનંદન. 'મંગલ મંદિર' આ જ રીતે પ્રગતિના પંથે આગળ વધતું રહે તેવી અભ્યર્થના.

*ભરતભાઈ અંજારિયા - રાજકોટ*
*મો. ૯૪૨૬૪ ૧૭૮૫૪*

**આ એક અદ્દભુત પેઇન્ટિંગ છે. બહુ જ ધ્યાનથી જુઓ. જે મુખાકૃતિ દેખાય છે તે પિક્ચરમાં છે જ નહીં.**



## અક્ષરમાં ડુબાડો...

છંદ બંધારણ : ગાગા, ગાગા, ગાગા, ગાગા

સોગન! જો ના પાડો અમને,
એક ઝલક દેખાડો અમને.
દોષ જડે તો માથું લઈ લો,
નાહક ના રંજાડો અમને.
આખો ભવ અજવાળી દઈશું,
આપો એક દહાડો અમને.
ઓઢી જે ઘેલી મીરાંએ,
એ ચાદર ઓઢાડો અમને.
પ્યાસ પછી ક્યારેય ન લાગે,
એવું કંઈક પીવાડો અમને.
રાહત ખૂબ તળેટીમાં છે,
ટોચે ના પહોંચાડો અમને.
ગમશું દુશ્મનને પણ વ્હાલા!
પહેલાં આપ ગમાડો અમને.
તો જ ‘મુસાફિર’ પાર ઉતરશું,
અક્ષરમાં જ ડુબાડો અમને.

*મુસાફિર પાલનપુરી - પાલનપુર*
*મો. ૮૮૬૬૨ ૩૬૪૨૧*

## આવ તું

માર્ગ એ ચિંધાડવાને આવ તું
સંગ થોડું ચાલવાને આવ તું

શબ્દસરિતા પૃષ્ઠનું તળ ભીંજવે
અર્થને આકારવાને આવ તું

બંધ મુઠ્ઠીથી સમય સરકી રહ્યો
લાગણી સંભાળવાને આવ તું

ચામડી સંવેદના ભૂલી રહી
સ્પર્શતા મ્હેંકાવવાને આવ તું

ક્યાં કદી મેં કોઈને સાચું કહ્યું
રોકડું પરખાવવાને આવ તું

તું અનાગત ને અતીત સમો છું હું
વર્તમાન દીપાવવાને આવ તું

તું નથી તો હું નથી, એ સત્ય છે
તથ્યતા સ્વીકારવાને આવ તું.

*અલ્પ ત્રિવેદી, મહુવા (ભાવનગર)*
*મો. ૯૯૭૮૯ ૦૯૨૯૦*

## શહેરમાં...

છંદ બંધારણ : ગાલગાગા, ગાલગાગા, ગાલગા

રાત આખી ખળભળે છે શહેરમાં,
તારલાઓ ટળવળે છે શહેરમાં.
ચીસ ને ડુસકાંઓમાં રઝળી પડ્યો,
ચંદ્ર ક્યાં તમને મળે છે શહેરમાં!
સાચવી શકતા નથી એકાંતને,
માત્ર ટોળાંઓ વળે છે શહેરમાં.
વેશ ને પરિવેશના સૌ પ્રેમમાં,
કોણ ભીતરને કળે છે શહેરમાં?
કોઈ બીમારીને પડખામાં લઈ,
સાંજ પણ કેવી ઢળે છે શહેરમાં.
વેદના - સંવેદના બુઝાઈ ગઈ,
ભૂખ ને ભય પ્રજવળે છે શહેરમાં.

*સંધ્યા ભટ્ટ - બારડોલી*
*મો. ૯૮૨૫૩ ૩૭૭૧૪*

## કોને ખબર છે!

કહું છું : વસાવી લો આ ભવ્ય ભૂમિને તમારા પવિત્ર દેહમાં
પછી આવી પાવન ભૂમિમાં જન્મ
મળશે કે નહીં તેની કોને ખબર છે!

કહું છું : જોવા હોય તો જોય લેજો આ પહાડો ને કંદરાઓ ને
વળી નિરાળી ગાંડી ગીરની નદીઓને
ફરી જન્મમાં મળશે કે નહીં તેની કોને ખબર છે!

કહું છું : ગાવા હોય તો ગાય લેજો આ
આઝાદીના વીરબંકાઓના રૂડાં ગાન
એ ગાંધી અને સાવજ જેવા સરદાર
ફરી જન્મમાં મળશે કે નહીં તેની કોને ખબર છે!

કહું છું : સાંભળવી હોય તો નરસિંહ અને મીરાંની કરતારો સાંભળી લેજો
પછી આવા બંને કૃષ્ણને પ્રેમ કરનારા હવે
ફરી જન્મમાં મળશે કે નહીં તેની કોને ખબર છે!

કહું છું : લખવી હોય તો લખી લેજો ને ગાવી હોય તો ગાય લેજો હવે
આ મેઘાણી કે કાગ બાપુ જેવા કવિઓની રચના
ફરી જન્મમાં મળશે કે નહીં તેની કોને ખબર છે!

સાહિત્યની મારી આ કલમમાં કંડારી લઉં ‘જયસુખ’
પછી આ ગરવી ગુજરાતની ભવ્ય ભૂમિ મને
ફરી જન્મમાં મળશે કે નહીં તેની કોને ખબર છે!

*જયસુખ કુછડિયા ‘ત્રિવેદી’ - રાણાવાવ*

## દાવ પર આવી ગયો..

છંદ બંધારણ : ગાલગાગા, ગાલગાગા, ગાલગાગા, ગાલગા

જાત પર રાખી ભરોસો દાવ પર આવી ગયો,
ત્યારથી મીઠો સમય પણ માર્ગ પર આવી ગયો.
તેં નજર અંદાજ કીધા સદ્‌ગુણોને સામટા,
ફક્ત એક જ દોષ નાનો ધ્યાન પર આવી ગયો.
નમ્રતાથી વાત તું કર્તવ્યની કરતો રહ્યો,
ને ઘવાયો સહેજ અહં, અધિકાર પર આવી ગયો.
ને જતું કરવા શિખામણ નિત્ય તું આપ્યા કરે,
હક્ક થોડો ના મળ્યો તો રાવ પર આવી ગયો.
જીતમાં તો તું ધરાથી વેંત ઊંચો ચાલતો,
હારમાં પ્રારબ્ધની તું વાત પર આવી ગયો.
કંઈક ખુશીઓ લાધીને લાંબી સફર તેં આદરી'તી,
ને અભાવોનો સમંદર નાવ પર આવી ગયો.
છાપરું ઊડી ગયું ભારે હવાના જોરથી,
દોષ સઘળો રાંકડી દીવાલ પર આવી ગયો.

*ગૌતમ વકાણી - આણંદ*
*મો. ૭૦૧૬૯ ૦૯૧૬૫*

## ગઝલ

સામટી વળગી પળોજણ શું કરું?
પોપલા પથ્થરનું ભારણ શું કરું?

એ મને ઊંઠાં ભણાવે છે સતત–
વાયડું નાદાન વળગણ શું કરું?

બેવકૂફી બાચકા ભરતી રહે,
વેડફે અણદીઠ થાપણ શું કરું?

તું મગજમારી કરી છટકી જઈશ,
ગડમથલ ઘૂંટે ભલામણ શું કરું?

ગંધ એની સૂગ ઉપજાવે છતાં,
ગોબરું ગૂંગું નિવારણ શું કરું?

ઠાઠથી ઘોડે ચઢી પધરામણી;
ડૂંખરાવે ડાંડ તોરણ શું કરું?

બિંબને પ્રતિબિંબ ઢંઢોળે છતાં–
સાચવે સંમોહ દર્પણ શું કરું?

ગોતતાં ભૂલો પડ્યો આભાસમાં,
ના મળ્યા એના સગડ પણ શું કરું?

*હસમુખ શાહ 'બેઝાર' - કઠલાલ*
*મો. ૯૪૨૮૯ ૦૩૧૪૪*

## હોડી હતી... હલેસા હતા...

છંદ બંધારણ : ગાગાલગા, લગાલલ, ગાગાલગા, લગા

હોડી હતી, હલેસા હતા, નાખુદા હતા;
છેવટ બચાવનાર હતા જે ખુદા હતા.
એ આસપાસ હોય અને દૂર દૂર પણ;
મારા હતા સપન, જે બધાથી જુદાં હતા.
મોતી જ છે અને તેથી તો ઝળહળે હજુ,
તારાં સ્મરણ કદી પણ ક્યાં બુદબુદા હતા?
ઓવારણાંને પાત્ર ઠર્યો એ જ કારણે,
માણસ તણા એની કને પુષ્કળ મુદ્દા હતા.
આભાર, કામિયાબ કર્યો એમણે મને,
સઘળા દિવસ મળ્યા'તા જે ગમશુદા હતા.

*શૈલેન રાવલ - વાંકાનેર*
*મો. ૯૯૭૯૯ ૯૭૨૭૪*

## ગઝલ

છંદ બંધારણ : ગાલગાગા, ગાલગાગા, ગાલગાગા, ગાલગાગા

આંજ કાજળ આંખમાં તારી જ ખુદ્દારી તણું તું,
ભાગ્ય લખજે હાથમાં તારી જ ખુદ્દારી તણું તું.
મોજથી તું ઊડજે ખુલ્લાં ગગનમાં નિર્ભયા થઈ,
રાખ સાહસ પાંખમાં તારી જ ખુદ્દારી તણું તું.
આંસુને તું સાચવીને રાખજે તારા હૃદયમાં,
મૂલ્ય ગણજે લાખમાં તારી જ ખુદ્દારી તણું તું.
આવશે સંકટ ઘણા તુજ રાહમાં ડર ના કદીએ,
ગર્વ પામે સાથમાં તારી જ ખુદ્દારી તણું તું.
તું સ્વયં દુર્ગા અને કાલી ગણાતી જગ મહીં જો,
પલ્લું નીચું રાખ માં તારી જ ખુદ્દારી તણું તું.

*કુસુમ કુંડારિયા - જૂનાગઢ*
*મો. ૯૪૦૯૧ ૫૧૨૧૨*

## મિઠાંસ (કચ્છી હાઇકુ)

કચ્છી, અસાઢી
બીજ જો, લપઇ જા
આંધણ રખેં.

આકાસ તે પ
થીયે, અષાઢી બીજ
જી ઉજવણી.

માડુ કચ્છજા
બોરા મિઠા! એડા બ્યે
કિડાં ન ડિઠા.

કચ્છી બોલીજી
મિઠાંસ બોલોં-સુણોં
ત જ સમજોં.

*અરુણા અરુણ ઠક્કર 'માધવી'*

## ગઝલ

ભાસ છે કે આસપાસ છે
છે?, સદીઓથી તપાસ છે
ફૂલ સદા આસ્તિક રહેવાના
જાણે છે ભીતર સુવાસ છે
મૃત્યુમાં ભાડું પૂરું થશે
ઘર મળ્યે પાછો નિવાસ છે
આપ-લે નું વ્યાકરણ સમજ
આ સંબંધો ખુદ સમાસ છે
દેવ પૂજો, પેટ પાળવા
એક પથ્થરનો ગરાસ છે.
માનતા પૂરી કરી શકે
તો જ દેવળનો વિકાસ છે
'કીર્તિ' છપ્પન ગજ ધજા થકી
ઊડવાનો મિથ્યા પ્રયાસ છે.

*કીર્તિકાન્ત પુરોહિત - વડોદરા*
*મો. ૯૮૭૯૧ ૧૪૨૯૮*

## એ વિચારીએ

ક્યાં થાય છે કદીય જાણ? એ વિચારીએ,
ચાલ્યા જશે પલકમાં પ્રાણ, એ વિચારીએ.

કેવું જીવ્યા? અગત્યનું છે, કેટલું નહીં,
ચમકાર વીજનો પ્રમાણ, એ વિચારીએ.

પસ્તાઇ કે અફસોસ કરી શું વળે પછી?
રોકી શક્યા ન વેણ-બાણ, એ વિચારીએ.

બગડી ગયો છે કાળ, બોલી ચાલશે નહીં,
હાથે કર્યાના છે એંધાણ, એ વિચારીએ.

જે ઢાળ ભાળી દોડી જાય એમાં શું નવું?
છે કેટલાં કપરાં ચઢાણ? એ વિચારીએ.

એ મૌન રહ્યાં એમાં નક્કી કૈંક ભેદ છે,
કોણે કર્યું હશે દબાણ? એ વિચારીએ.

જાણે બધુંય કેમકે કરનાર એ જ છે,
ને તે છતાં કેવો અજાણ? એ વિચારીએ.

*ડૉ. નટુભાઈ પ્ર. પંડ્યા - ભાવનગર*
*મો. ૯૪૨૭૫ ૫૮૦૫૩*

## વાંસળી

તારી વાંસળી સુણીને ભરમાણી
કાનુડા, હું તો, મનમાં ને મનમાં શરમાણી.
ઓલી વેરણના વ્હાલમાં ભીંજાણી,
કાનુડા તારી, વાંસળી સુણીને લોભાણી.
કાનુડા તારી વાંસળી...

વીંધેલી વાંસળીએ, વીંધ્યું આ તન મારું,
એની સુરાવલીએ મોયું આ મન મારું,
એના કામણથી કાળજે કોરાણી–
કાનુડા તારી વાંસળી...

ગોકુળની ગલીઓમાં, આવી તું મથુરાથી,
ઓળંગી પૂર, સૂર લાવી તું મથુરાથી,
તે'દિ ઉછળી'તી યમુના મહારાણી,
કાનુડા તારી વાંસળી...

વાસંતી વાયરે કે વૈશાખી વાયરે,
દલડામાં વેણું, એક પળના વિસરાય રે,
એને રોમ રોમ રાધા છલકાણી,
કાનુડા તારી વાંસળી...

આથમતા રંગની ને ઉડતા તરંગની,
તારી આ માયા ને છાયા કદંબની,
હું તો કાલિન્દી કાંઠે અટવાણી,
કાનુડા તારી વાંસળી...

*જયેશ ઠક્કર - વડોદરા*


## સ્વ-રૂપ જ્ઞાન

મુદતો સે પાલા હૈ મૈંને
"મૈં" કા ગુરૂર
ઉલઝતા ચલા હૂં મૈં
મૈં... મેરે... અપનોં મેં

માલિક બન બેઠા હૂં મૈં
જબ કી હૂં નહીં
જો ભરમ પાલ રખા હૈ સદિયોંસે
યે અભી નિકલા નહીં

સારે ભેદ મિટ જાયેં
સારે હી અપને હોં
સારે ભરમ તૂટ જાયેં
તબ હોં સ્વ-રૂપ જ્ઞાન!!

*મોહન રાઠોડ - ત્રિમંદિર, અડાલજ*
*મો. ૭૨૭૬૨ ૩૩૬૦૧*



પ્રાસંગિક

# 'ભારત છોડો આંદોલન'નો ઇતિહાસ



ડૉ. મિહિર એમ. વોરા

'ભારત છોડો આંદોલન'ને ૮૦મું વર્ષ બેસે છે ત્યારે આ લેખ ફરી વાંચવો જરૂરી છે. ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામના વખતમાં ૮મી ઓગસ્ટ, ૧૯૪૨ના દિને ગાંધીજી દ્વારા કરાયેલા આહવાન પર 'ભારત છોડો આંદોલન'નો આરંભ થયો હતો અને એ ચળવળ શરૂ થયાના પાંચ વર્ષમાં અંગ્રેજોના ૧૯૦ વર્ષના શાસનનો અંત આવ્યો હતો.

મિત્રો, આ લેખ માહિતી આધારિત છે. મેં વિવિધ સંદર્ભોનો ઉપયોગ કરીને આ લેખ લખ્યો છે, જેની નોંધ લેવા વિનંતી છે.

આ આંદોલન ભારત દેશના લોકોને તુરંત આઝાદ કરવા માટે અંગ્રેજી શાસન વિરુદ્ધ એક નાગરિક અવજ્ઞા આંદોલન હતું. ક્રિપ્સ મિશનમાં વિફળતા મળ્યા બાદ મહાત્મા ગાંધીએ બ્રિટીશ શાસન ખિલાફ પોતાનું ત્રીજું મોટું આંદોલન છેડવાનો ફેંસલો કર્યો હતો. **ઓગસ્ટ ૧૯૪૨માં શરૂ થયેલા આ આંદોલનને 'અંગ્રેજો ભારત છોડો' એવું નામ આપવામાં આવ્યું હતું.** જો કે ગાંધીજીને તત્કાળ ગિરફ્તાર કરી લેવામાં આવ્યા હતા. આમ છતાં દેશભરના યુવા કાર્યકર્તાઓ હડતાળો અને તોડફોડ જેવી કાર્યવાહીઓ કરીને આંદોલન ચલાવતા રહ્યા હતા. કોંગ્રેસ પક્ષમાં **જયપ્રકાશ નારાયણ** જેવા સમાજવાદી સદસ્ય ભૂમિગત પ્રતિરોધ ગતિવિધિઓમાં સૌથી વધારે સક્રિય રહ્યા હતા. પશ્ચિમ ભાગમાં સતારા અને પૂર્વ ભાગમાં મેદનીપુર જેવા કેટલાય જિલ્લાઓમાં સ્વતંત્ર સરકાર, પ્રતિ સરકારની સ્થાપના કરી દેવામાં આવી હતી. અંગ્રેજોએ આ આંદોલનના પ્રતિરોધમાં અત્યંત સખ્ત રવૈયો અપનાવ્યો હતો. આમ છતાં આ વિદ્રોહને ડામવા માટે સરકારને સાલભરથી પણ વધારે સમય લાગ્યો હતો. **ભારત છોડો આંદોલન હકીકતમાં એક લોક આંદોલન હતું, જેમાં લાખો સામાન્ય હિંદુસ્તાની લોકો સામેલ થયા હતા. આ આંદોલન દ્વારા યુવાઓ મોટી સંખ્યામાં આકર્ષિત થયા હતા.** આ યુવાઓએ પોતાની કોલેજના અભ્યાસને છોડી દઇને જેલ જવાનો રસ્તો અપનાવ્યો હતો. ૧૯૪૨ની ૮મી ઓગસ્ટે સમગ્ર ભારતમાં 'હિંદ છોડો'ની ચળવળ શરૂ થઇ હતી.

એક તરફ મહાત્મા ગાંધીના માર્ગે ચાલીને લોકો અહિંસક સત્યાગ્રહમાં જોડાયા હતા, તો બીજી તરફ સશસ્ત્ર ક્રાંતિમાં વિશ્વાસ ધરાવતા યુવાનોએ **ચંદ્રશેખર આઝાદ** અને **ભગતસિંહ**નો માર્ગ પકડ્યો હતો. આઝાદી માટે ઝઝુમતા યુવાનો માત્ર કામ નહીં, નામમાં પણ ચંદ્રશેખર આઝાદને અનુસર્યા હતા અને પોતાના નામમાંથી મૂળ અટક હટાવી દીધી હતી. ચંદ્રશેખર આઝાદની જેમ ગુજરાતના યુવાનોએ પણ દેશના સ્વાતંત્ર્ય આંદોલન માટે 'આઝાદ', 'કામદાર', 'બાદશાહ' જેવી અટકો અપનાવી હતી. ૧૯૪૨ની હિંદ છોડો ચળવળ વખતે ૮મી ઓગસ્ટ પછી દેશભરમાં ધરપકડનો દોર શરૂ થઇ ગયો હતો. ૧૯૪૨ની ૧૮ ઓગસ્ટની બપોર બાદ આગેવાનોની ધરપકડ કરવામાં આવી હતી અને સભા - સરઘસ પર પ્રતિબંધ લાદવામાં આવ્યા હતા. લાઠી અને બંદૂકધારી પોલીસના કાફલા પોળમાં અને રસ્તાઓ પર ખડકી દેવામાં આવ્યા હતા. જૂન ૧૯૪૪ના સમયમાં જ્યારે વિશ્વયુદ્ધ સમાપ્તિ તરફ હતું, ત્યારે ગાંધીજીને જેલમાંથી છોડવામાં આવ્યા હતા. જેલમાંથી બહાર નીકળ્યા બાદ એમણે કોંગ્રેસ અને લીગ વચ્ચેના ફાંસલાને મિટાવવા માટે **જિન્ના** સાથે કેટલીયવાર વાતચીતો કરી. ઈ.સ. ૧૯૪૫ના વર્ષમાં બ્રિટનમાં લેબર પાર્ટીની સરકાર બની હતી. આ સરકાર ભારતીય સ્વતંત્રતાના પક્ષમાં હતી. આ સમયમાં **વાઇસરોય લોર્ડ વાવેલ** તરફથી કોંગ્રેસ અને મુસ્લિમ લીગના પ્રતિનિધિઓ સાથે કેટલીય બેઠકોનું આયોજન કરવામાં આવ્યું હતું.

ઈ.સ. ૧૯૪૬ના વર્ષની શરૂઆતમાં પ્રાંતીય વિધાન મંડળો માટે નવેસરથી ચૂંટણીઓ કરાવવામાં આવી હતી. સામાન્ય શ્રેણીમાં કોંગ્રેસને ભારે સફળતા મળી હતી. મુસલમાનોને માટે આરક્ષિત બેઠકો પર મુસ્લિમ લીગને ભારે બહુમત પ્રાપ્ત થયો હતો. રાજનીતિક ધ્રુવીકરણ પૂર્ણ થઈ ચૂક્યું હતું. **ઇ.સ. ૧૯૪૬ના વર્ષમાં ઉનાળામાં કેબિનેટ મિશન ભારત આવ્યું હતું.** આ મિશન દ્વારા કોંગ્રેસ અને મુસ્લિમ લીગને એક એવી સંઘ વ્યવસ્થા પર રાજી કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો, જેમાં ભારતની અંદર વિભિન્ન પ્રાંતોને સીમિત સ્વાયત્તતા આપવાનું શક્ય બને તેમ હતું. કેબિનેટ મિશન દ્વારા કરવામાં આવેલો આ પ્રયાસ પણ વિફળ રહ્યો હતો. વાતચીતોનો દોર તૂટી ગયા બાદ જિન્નાએ પાકિસ્તાનની સ્થાપના કરવા માટે લીગની માંગના સમર્થનમાં એક પ્રત્યક્ષ કાર્યવાહી દિવસનું આહવાન કર્યું. આ કાર્ય માટે ઓગસ્ટ ૧૬, ૧૯૪૬નો દિવસ નક્કી કરવામાં આવ્યો હતો.


આ જ દિવસે કલકત્તા શહેરમાં ખૂની સંઘર્ષ શરૂ થઇ ગયો હતો. આ હિંસા કલકત્તા શહેરથી શરૂ થઈને ગ્રામીણ બંગાળ, બિહાર અને સંયુક્ત પ્રાંત તથા પંજાબ સુધી ફેલાઇ ગઈ. કેટલાંક સ્થાનો પર મુસલમાનોને તો કેટલાક અન્ય સ્થાનો પર હિંદુઓને નિશાન બનાવવામાં આવ્યા હતા. **ફેબ્રુઆરી ૧૯૪૭ના સમયમાં વાવેલની જગ્યા પર લોર્ડ માઉન્ટબેટનને વાઇસરોયગ નિયુક્ત કરવામાં આવ્યા.** એમણે વાર્તાલાપોના એક અંતિમ દોર માટે આહ્વાન કર્યું. જ્યારે સુલેહ કરવા માટે એમનો આ છેલ્લો પ્રયાસ પણ વિફળ થઈ ગયો, તો એમણે એલાન કરી દીધું કે બ્રિટીશ ભારતને સ્વતંત્રતા આપી દેવામાં આવશે. પરંતુ ભારતનું વિભાજન પણ થશે. **ઔપચારિક સત્તા હસ્તાંતરણ કરવા માટે પંદરમી ઓગસ્ટનો દિવસ નિયત કરવામાં આવ્યો હતો.** આ દિવસે ભારતના વિભિન્ન ભાગોમાં લોકોએ ભારે ખુશી મનાવી હતી. દિલ્હી ખાતે જ્યારે સંવિધાન સભાના અધ્યક્ષ દ્વારા મોહનદાસ કરમચંદ ગાંધીને રાષ્ટ્રપિતા તરીકે ઉપાધિ આપતાં સંવિધાન સભાની બેઠક શરૂ કરવામાં આવી, ત્યારે ઘણા સમય સુધી કરતલ ધ્વનિ થતો રહ્યો હતો. એસેમ્બલીની બહાર ભીડ **'મહાત્મા ગાંધીની જય'ના નારા લગાવી રહી હતી. ૧૫મી ઓગસ્ટ, ૧૯૪૭ના દિવસે ભારત દેશની રાજધાની દિલ્હી ખાતે થઇ રહેલા ઉત્સવોમાં મહાત્મા ગાંધી હાજર ન હતા.** આ સમયમાં તેઓ કલકત્તા શહેરમાં હતા પરંતુ એમણે ત્યાં પણ ન તો કોઈ કાર્યક્રમમાં હિસ્સો લીધો, કે ન તો ક્યાંય ઝંડા ફરકાવવાના કાર્યક્રમમાં ભાગ લીધો. ગાંધીજી આ દિવસે ૨૪ કલાક ઉપવાસ પર રહ્યા હતા. એમણે આટલા દિન સુધી સ્વતંત્રતા મેળવવા માટે જે સંઘર્ષ કર્યો હતો, તે એક અકલ્પનીય કિંમત પર એમને મળી હતી. એમનું રાષ્ટ્ર વિભાજિત હતું. હિંદુ - મુસલમાન એકબીજાની ગરદન પર સવાર હતા. એમની આત્મકથા (જીવની)ના લેખક ડી.જે. તેંદુલકર દ્વારા લખવામાં આવ્યું છે કે સપ્ટેમ્બર અને ઓક્ટોબર મહિના દરમિયાન ગાંધીજી રમખાણ પીડિતોને સાંત્વના આપવા માટે હોસ્પિટલો અને શરણાર્થી શિબિરોનાં ચક્કર લગાવી રહ્યા હતા. આ સમયે એમણે શીખો, હિંદુઓ અને મુસલમાનોને આહ્વાન કર્યું હતું કે તેઓ અતીતને ભૂલાવીને, પોતાની પીડા પર ધ્યાન આપવાને બદલે એકબીજાના પ્રતિ ભાઈચારા માટે આગળ હાથ કરે તથા શાંતિથી રહેવા માટેનો સંકલ્પ લે.

**ગાંધીજી** અને **જવાહરલાલ નહેરુ**ના આગ્રહના કારણે કોંગ્રેસ દ્વારા અલ્પ સંખ્યકોના અધિકારો પર એક પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો. કોંગ્રેસે બે રાષ્ટ્રના સિદ્ધાંતનો ક્યારેય સ્વીકાર કર્યો ન હતો. જ્યારે કોંગ્રેસે પોતાની ઇચ્છા વિરુદ્ધ ભારતના ભાગલા માટે મંજૂરી આપવી પડી છતાં પણ એનો દ્રઢ વિશ્વાસ હતો કે ભારત ઘણા બધા ધર્મો અને ઘણી બધી જાતિઓના લોકો વડે બનેલો દેશ છે અને એને એવો જ બનાવી રાખવો જોઈએ. પાકિસ્તાન ખાતે જે પણ હાલત રહે, ભારત એક લોકતાંત્રિક ધર્મનિરપેક્ષ રાષ્ટ્ર રહેશે, જેમાં તમામ નાગરિકોને પૂર્ણ અધિકાર પ્રાપ્ત થશે તથા ધર્મના આધાર પર ભેદભાવ રાખ્યા વિના બધાને રાજ્ય તરફથી સંરક્ષણનો અધિકાર પ્રાપ્ત થશે. **કોંગ્રેસ દ્વારા આશ્વાસન આપવામાં આવ્યું કે તે અલ્પ સંખ્યકોના નાગરિક અધિકારો પર કોઈપણ અતિક્રમણના વિરુદ્ધ દરેક શક્ય રક્ષણ આપવા પ્રયત્નશીલ રહેશે.** આમ, ખરેખર આ આંદોલનથી જ આપણી આઝાદીનો માર્ગ સરળ બન્યો હતો. આમાં અનેકના બલિદાનો છે, જેમાં ઘણા જાણીતા અને ઘણા અજાણ્યા શહીદોનો ફાળો છે. જેના ઉપર હજી પણ સંશોધન કરવાની જરૂર છે, એવો મારો મત છે.

*સંદર્ભ : વિકીપીડિયા, ભારતનો ઈતિહાસ, વિવિધ અખબારી અહેવાલો અને વિવિધ લેખકોના બ્લોગ અને લેખ આધારિત માહિતી.*

*"પરમેશ્વરી", પ્લોટ નંબર ૧૬૫, હોસ્પિટલ રોડ,*
*વિજયનગર એરિયા, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૪૨૮૦ ૭૭૨૯૫*





પ્રાસંગિક

# મહાદેવને પ્રિય એવા નાગફણી વાદ્યનું મહત્ત્વ અને અસ્તિત્વ વિનાશના આરે છે



ડૉ. પૂર્વી ગોસ્વામી

*"નાગફણી શિવ મંદિરમાં દશનામ ગોસ્વામી સમાજના લોકો દ્વારા શંખની માફક ફૂંકવામાં આવે છે. અખાડામાં પંચની હાજરીની પ્રતીતિ આપતું આ વાદ્ય ધર્મ અનુયાયીઓ પર થનારા આક્રમણ વખતે સંદેશાવાહક ગણાતું."*

રાજ્ય સરકારના સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ દ્વારા રાજ્યવ્યાપી સાંસ્કૃતિક કલાઓની સ્પર્ધાઓના સમૂહ કાર્યક્રમ તરીકે કલા મહાકુંભનું આયોજન નિયમિત ધોરણે કરવામાં આવે છે. માનવ દ્વારા રચાયેલાં ઇતિહાસના તળમાં રહેલી લોકસંસ્કૃતિ સાથે જોડાયેલાં રહે અને તેનું મહત્ત્વ સમજે તે ખૂબ જરૂરી છે તથા નવી પેઢી ઇતિહાસના સમૃદ્ધ એવા વિવિધ સાંસ્કૃતિક મૂલ્યોને જાણી શકે અને જાળવી શકે તે ઇરાદાથી તંત્ર દ્વારા 'કલા મહાકુંભ' યોજવાની પહેલ શરૂ કરી છે. છેલ્લાં વર્ષમાં ભવાઇ, લગ્નગીત, ફટાણા અને વિવિધ લોક સંગીતની સ્પર્ધાઓનો ઉમેરો પણ કરવામાં આવેલ. રાજ્ય કલા મહાકુંભના ગાયન વિભાગમાં સમૂહ લગ્નગીત, લગ્નના ફટાણાની સ્પર્ધા ઉમેરાઈ હતી, તો વાદન વિભાગમાં સરોદ (શાસ્ત્રીય રાગ), સારંગી (શાસ્ત્રીય રાગ), **જોડિયાપાવા (લોક સંગીત)**, રાવણહથ્થો (લોક સંગીત)ની સ્પર્ધાઓ ઉમેરાઈ હતી.

**ગુજરાતમાં લોક વાદ્યોની વિશાળ શ્રેણી છે. પાવરી, સુંદરી, સુરાંદો, રાવણહથ્થો, મોરચંગ, જોડિયા પાવા, ભૂંગળ જેવા ઘણા વાદ્યો છે, જે લુપ્ત થવાને આરે છે.** આ યાદીમાં નાગફણીનું નામ પણ અંકિત છે. નાગફણીનો આકાર નાગ જેવો હોવાથી તેને નાગફણી તરીકે ઓળખવામાં આવે છે અને તેને પિત્તળમાંથી બનાવવામાં આવે છે. **આજે કચ્છના શિવ મંદિરોમાં નાગફણી જોવા તો મળે છે, પરંતુ તેને વગાડનારા ખૂબ ઓછા!** મહાદેવ મંદિરના સંગીત સાધનાની હાજરીમાં અસ્તિત્વ ધરાવતું નાગફણી વાદ્યનું મહત્ત્વ ઘટી ગયું છે. રાજ્યનું સાંસ્કૃતિક વિભાગ પણ કચ્છના પ્રાચીન વાદ્ય નાગફણીને ભૂલી ગયો છે. ભૂલી જ જાય ને, યુવાઓને તો ઠીક, આધેડને પૂછો તો તેમની પાસે પણ આ વાદ્યની માહિતી મળી શકશે નહીં, એ બાબત ખેદજનક છે.


**નાગ જેવું દેખાતું અને મોઢેથી ફૂંકવામાં આવતું નાગફણી કચ્છનું પ્રાચીન વાદ્ય છે.** શિવ ભક્તિનું આ વાદ્ય ધાર્મિક પરંપરા સાથે સદીઓથી જોડાયેલ છે. એક સમયે આખાય ભારતમાં નાગફણી અને કમંડલ બનાવનારા **કંસારા જ્ઞાતિના કારીગરો માત્ર અંજારમાં હતા. ભુજના અમૃતગિરી ગોસ્વામી કહે છે કે, 'નાગફણી વાદ્યને ફૂંકવા ફેફસામાં જોર જોઈએ.** શરીરમાં ઊંડો શ્વાસ લીધા પછી શ્વાસના જોરે આ વાદ્ય ફૂંકવામાં આવે છે. જેમાં વિવિધ સ્વરો ફૂંકવામાં આવે છે. ભાતીગળ સમાજની અંદર સાધુ સમાજના ગુરુમુખે લખાયેલા ધાર્મિક પુસ્તકોમાં ઉલ્લેખ જોવા મળે છે કે નાગફણીની ધ્વની મહાદેવને અતિ પ્રિય છે અને એટલે જ માત્ર મહાદેવના મંદિરમાં નાગફણી વાદ્ય જોવા મળે છે.

જૂના સમયના ગામના મહાદેવ મંદિરમાં પૂજારી નાગફણી વગાડે એટલે ખબર પડતી કે આરતી શરૂ થવાની છે અને ગામના લોકો આ સંકેતથી આરતી માટે ભેગા થતા. અખાડા પરંપરાના ત્રણ વર્ષ દરમિયાન યોજાતી સહાયબી દરમિયાન અખાડાના રમતા પંચ અને બુઢા પંચના ધર્મ અનુયાયીઓ જ્યારે ધર્મ પ્રચાર અર્થે વિવિધ આશ્રમોમાં ભ્રમણ કરતાં, ત્યારે નાગફણી વાદ્ય સાથે રાખતા. જ્યારે અખાડાના મહંત કોઈ આશ્રમની બહાર પહોંચે ત્યારે કોટવાલ નાગફણી ફૂંકતા. જેથી તે આશ્રમના મહંત બારણે ઉભેલા મહેમાન મહંતનું સામૈયું લઇને વધાવવા જતા. આજે આ ચલણ મોબાઇલ દ્વારા ચાલે છે. **બીજી બાજુ, નાગફણી સાધુ સમાજનું રક્ષાવાદ્ય પણ ગણાતું હતું.** સાધુ સમાજે બનાવેલા આશ્રમ ગામની પાદરે બનાવવામાં આવતા ત્યારે આજુબાજુના ઓછી કે નહિંવત વસ્તીના કારણે સલામતીનો પ્રશ્ન રહેતો. આવા સમયે જ્યારે પણ ધર્મ કે આશ્રમ ઉપર આક્રમણ થતાં ત્યારે સાધુ કે મહંત દ્વારા ગામના લોકોને એકઠા કરવા નાગફણી ફૂંકતા. જેથી આશ્રમવાસીઓ અને ગામના લોકોની મદદથી સલામતી મેળવી શકાય. આમ, આસ્થા સાથે સલામતીના સંકેતરૂપ નાગફણીનું મહત્ત્વ વધારે હતું.

***કચ્છના શિવ મંદિરમાં નાગફણી જોવા તો મળે છે પરંતુ તેને વગાડનારા ખૂબ ઓછા :***
***– મહંત શ્રી ઇંદ્રભારતી બાપુ, જૂનાગઢ***

મૂળ કચ્છના અને હાલે જૂનાગઢ સ્થિત દશનામ અખાડાના ઉપાધ્યક્ષ મહંત ઇંદ્રભારતી બાપુ કહે છે કે, 'આજના આધુનિક

**(અનુસંધાન : જુઓ પાના નં. – ૨૨ ઉપર)**



પ્રાસંગિક

# શ્રીકૃષ્ણ – માનવજાતનાં પથદર્શક યુગપુરુષ



હરજીવન રંગપરિયા

જગતનાં મોટાભાગનાં ધર્મોમાં ઈશ્વર ધીર ગંભીર, વૈરાગી તથા તપસ્વી જીવન જીવેલા! આ ઈશ્વરે માનવજાતને, સંસારને અસાર ગણી, દુન્યવી કર્મોને ત્યજી, વિરક્તભાવે જીવવાનો ઉપદેશ આપ્યો. જ્યારે શ્રીકૃષ્ણ જ એવા ઈશ્વર છે, જે તેનાં ભાગે આવતાં સઘળાં કર્મો કરે છે. જન્મથી જ લીલા કરે છે. જેલમાં જન્મી, યમુનાનાં પાણી ઉતારી, ગોકુળમાં નંદનાં ઘરે ઉછરે છે. બાલ્યાવસ્થામાં ચોરી કરે છે, તોફાન-મસ્તી કરે છે, ગોપીઓ સાથે નાચે છે, રાસલીલા કરે છે, ગોવાળિયો થઇ ગાયો ચરાવે છે, બંસરી વગાડે છે, રાધાને પ્રેમ કરે છે, કાળી નાગને નાથે છે, કંસનો સંહાર કરે છે. યુવા તથા પુખ્તાવસ્થામાં પણ આ ક્રમ ચાલુ રહે છે. સંસારને અસાર ગણી, પોતાનાં કર્મો છોડી, અકર્મણિ બની જતા નથી.

શ્રીકૃષ્ણએ પોતાનાં ભાગે આવેલાં દરેક કર્મો બખૂબી કર્યા છે. તે માખણ ચોર કનૈયો છે, વાંસળી વગાડનાર મુરલીધર છે, ટચુકડી આંગળી પર પર્વત ધારણ કરનાર ગોવર્ધન છે, કંસ જેવા પાપાચારીનો નાશ કરનાર મહામાનવ છે, અર્જુનનાં સારથી છે, તો ગીતાનો ઉપદેશ આપનાર માનવજાતનાં પથદર્શક છે. **આમ, જીવનનાં બધા રંગ તે જીવ્યા છે, ને તેથી જ તેઓનાં સઘળાં સ્વરુપ મનભાવન છે.** તેનાં દરેક સ્વરૂપની માનવજાત દીવાની છે. તેની મધુર, પ્રેમાળ આંખો, ને નિર્મળ ચહેરાની સારીયે માનવજાત ચાહક છે. આજે પણ દરેક સ્વરૂપે તેઓ માનવ હૈયામાં બિરાજમાન છે.

શ્રીકૃષ્ણનું ખુદનું જીવન પારાવાર સમસ્યાઓ, મુશ્કેલીઓથી ભરેલું હતું. પરંતુ સામાન્ય મનુષ્યની જેમ પોતાની જાતને કોષવાને બદલે સર્વ સમસ્યાઓ તથા પડકારોનો હિંમત તથા કુનેહપૂર્વક સામનો કર્યો. તેઓને વારંવાર સ્થળાંતર કરવું પડ્યું. પૂતાના તથા કંસનો સામનો કરવો પડ્યો. ઘર્ષણ ટાળવા મથુરા છોડી દ્વારકા નવી નગરી વસાવવી પડી. યાદવોનો સંહાર જોવો પડ્યો. તેઓ ક્યારેય ભાંગી પડ્યા નથી. પોતાનું યુધ્ધ જાતે જ લડ્યા. તેથી જ શ્રીકૃષ્ણ યુગપુરુષ કહેવાયા. પોતાનાં કર્મો પૂરા કરવામાં કપટ, અસત્ય કે હિંસાનો સહારો લેવો પડે તો પણ અચકાતા નથી. કર્તવ્ય ભાવનાને શ્રેષ્ઠ ગણે છે. તેથી જ તેઓ યુધ્ધના મેદાનમાં લાગણીવશ અર્જુનને કાયરતા છોડી, આવી પડેલાં યુધ્ધને લડવા જ્ઞાન આપે છે.

આમ, બીજા ઈશ્વર કરતાં શ્રીકૃષ્ણ તદ્દન ભિન્ન છે. પોતાનાં કર્મો છોડી, સંસારમાંથી નાસી જવાની વાત તેઓને મંજૂર નથી. શ્રીકૃષ્ણએ પોતાનાં જીવનમાં કયો રોલ નથી ભજવ્યો તે જ પ્રશ્ન છે. જીવનનાં દરેક પાસાં, દરેક કર્તવ્ય તેઓએ બખૂબી ભજવ્યા છે. નીતિ-અનીતિ, સત્ય-અસત્ય, ધર્મ-અધર્મ – આ બધું તો પોતાનાં જીવનકાળમાં કરી ચૂક્યા છે. પાપાચારીઓનો નાશ કરવા તેઓ ગમે તે હદે જઈ શકે છે.

**આમ, તેઓનું વ્યક્તિત્વ તથા કર્તવ્ય અદ્‌ભુત છે. તેઓ જીવનને ભાર વગર, સહજતાથી તથા નીડરતાથી જીવવાનું શીખવે છે.** પૂર્ણ પુરુષોત્તમ હોવા છતાં સામાન્ય મનુષ્યની જેમ જ જીવે છે, વિચારે છે તથા વર્તે છે. નિસ્તેજ, શુષ્ક તથા કાયરતાપૂર્ણ જીવન તેઓને પસંદ નથી. જીવનનાં પડકારો, સમસ્યા તથા દુઃખમાંથી કેમ માર્ગ કાઢવો તે શીખવે છે. આમ, તેઓ ખરા અર્થમાં માનવજાતનાં પથદર્શક યુગપુરુષ છે. માનવજાતનાં કષ્ટભંજક, દુઃખહર્તા, જ્ઞાન દૃષ્ટા તથા માનવ જીવનનાં આધાર છે. બહુ થોડી વ્યક્તિ સર્વકાળમાં પ્રાસંગિક હોઈ શકે. તેઓ સમયનાં વહેણની સાથે જીવંત છે ને જીવંત રહેશે. વર્તમાનકાળમાં પણ માનવજાતનાં માર્ગદર્શક બની સર્વે દુઃખમાંથી ઉગારવા સક્ષમ છે. સર્વકાળનાં મનુષ્યો માટે ગીતાનો તેઓનો ઉપદેશ એટલો જ ઉપકારક રહેશે.

સંન્યાસી થઈ, કર્મરહિત જીવવાની વાત તેઓને મંજૂર નહોતી. માનવ જીવનનાં અસ્તિત્વ તથા સુખાકારી માટે કર્મની અનિવાર્યતા તેઓ જાણતા હતા. ફક્ત કર્મમાંથી મળતી નિષ્ફળતા તથા નિરાશા દૂર કરવી જરૂરી હતી. માનવજાતને કર્મ ફળની આસક્તિમાંથી મુક્ત કરવા તેઓએ કહ્યું, **"કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન."** જેથી કર્મની જરૂરિયાત પણ પૂરી થાય ને કર્મફળની આસક્તિ છૂટે. કર્મફળની આસક્તિ છૂટે તો નિષ્ફળતાથી મળતી નિરાશા પણ છૂટે. **કેવી મહાન ફિલોસોફી.** શ્રીકૃષ્ણનાં આ ઉપદેશે માનવજાતને પોતાનાં કર્મો કરવા પ્રેરણા આપી.

માનવજાતને સત્કર્મો કરવા પ્રેરિત કરવા તથા દુષ્કર્મોથી દૂર રાખવાનાં હેતુથી કહ્યું, **"મનુષ્યએ કર્મનાં ફળ ભોગવવા પડે છે. સત્કર્મનાં સારા તથા દુષ્કર્મનાં ખરાબ ફળ આ કે આવતા જન્મમાં અવશ્ય ભોગવવા પડે છે."** કર્મફળની આ ક્રાંતિકારી વિચારસરણીએ માનવજાત પર અદ્‌ભુત પ્રભાવ

પાડ્યો. માનવજાતને પાપકર્મો છોડાવી સત્કર્મો તરફ વાળી. પાપાચારીઓમાં દુષ્કર્મનાં ફળનો ભય પેદા થયો. આથી પાપાચારીઓનાં અત્યાચાર ઘટતાં નબળા તથા દુઃખીજનોનું શોષણ ઘટ્યું. સત્કર્મો વધતાં સુસંસ્કૃત સમાજના નિર્માણમાં આ વિચારસરણીએ મહત્ત્વની ભૂમિકા ભજવી.

નાસીપાસ, નિરાશા તથા શોષિત લોકોને કોઈ આશા તથા આધારની જરૂર હતી. જેથી નિરાશાનાં સમયમાં ઈશ્વરનાં શરણે જઇ શકે. તેથી જ શ્રીકૃષ્ણએ કહ્યું, **"યદા યદા હિ ધર્મસ્ય, ગ્લાનિર્ભવતિ ભારત. અભ્યુત્થાનમ્ અધર્મસ્ય તદાત્માનં સૃજામ્યહમ્."** અર્થાત્ જ્યારે જ્યારે ધર્મની હાનિ અને અધર્મની વૃદ્ધિ થાય છે ત્યારે ત્યારે હું આવા પાપીઓનો નાશ કરવા તથા ધર્મની વૃદ્ધિ કરવા યુગે યુગે જન્મ લઉં છું. શ્રીકૃષ્ણનાં આ વચનોએ દુઃખીજનોમાં આશા તથા વિશ્વાસ જન્માવ્યો. ઈશ્વર જન્મ લઇ પાપાચારીઓનાં ત્રાસથી બચાવશે તેવા આશાવાદે જીવનમાં ઉત્સાહ પેદા કર્યો. પોતાને દુઃખમાંથી દૂર કરનાર તારણહાર મળી ગયા. દુઃખી તથા શોષિતજનોને જીવવાનું બળ મળી ગયું. **ઇશ્વરનાં આધારથી માનવજાત ભય, ચિંતા તથા દુઃખમુક્ત બની.**

શ્રીકૃષ્ણએ મૃત્યુનાં ભયમાંથી મુક્ત કરવા કહ્યું, **"શરીર નાશવંત છે, આત્મા અમર છે. તેનું મૃત્યુ થતું નથી. આત્મા પુનર્જન્મ પામે છે પછી શરીરનાં મૃત્યુનો ભય શાને?"** શ્રીકૃષ્ણ ભગવાનના આ ઉપદેશે પૂરી માનવજાતને મૃત્યુના ભયમાંથી મુક્ત કરી દીધી. ભૌતિક વસ્તુ ગુમાવવાની થતી ગ્લાનિમાંથી છોડાવવા કહ્યું, **"સર્વ વસ્તુ નાશવંત છે. કશું તમારું નથી. ન તમે કંઈ લઇને આવેલા, ન કશું લઇને જશો. તેથી વસ્તુ મેળવવાનો કે ગુમાવવાનો મોહ શાને?"** આમ, માનવ જીવનને સ્પર્શતી દરેક સમસ્યાનું સમાધાન ભગવાન શ્રીકૃષ્ણએ ગીતામાં આપ્યું છે. કેવી મહાન ફિલોસોફી? એટલે જ ગીતાનો ઉપદેશ હિંદુ ધર્મનો પાયો છે.

ઈશ્વરને પ્રાપ્ત કરવાનો અધિકાર ફક્ત જ્ઞાનીજનોનો જ નથી. કર્મ તથા ભક્તિ કરનારને પણ ઈશ્વર પ્રાપ્તિનો એટલો જ અધિકાર છે તેવો સંદેશ આપવા શ્રીકૃષ્ણએ કર્મયોગ તથા ભક્તિમાર્ગને જ્ઞાનમાર્ગ જેટલો જ દરજ્જો આપ્યો. સર્વ પ્રકારનાં મનુષ્યો માટે ઈશ્વર પ્રાપ્તિનો માર્ગ સરળ બનાવ્યો. આમ, તેઓ માનવજાતનાં પથદર્શક છે. તેઓ પોતાનાં આ ઉપદેશ દ્વારા માનવ હૈયામાં સર્વદા જીવંત રહેશે. તેઓમાં રહેલાં આ સર્વ ગુણોને લીધે જ તેઓ પૂર્ણ પુરુષોત્તમ કહેવાયા. શ્રીકૃષ્ણનાં આવા ભવ્ય વ્યક્તિત્વનાં ગુણો અપરંપાર છે. ગમે તેટલું લખવા છતાં તેમનાં ગુણોનું વર્ણન શક્ય નથી.

આવા માનવજાતનાં પથદર્શક, પૂર્ણ પુરુષોત્તમ યુગ પુરુષનાં ચરણોમાં સાષ્ટાંગ વંદન સાથે આ લેખને પૂર્ણ કરીએ.

*"સિદ્ધિ વિનાયક", પ્લોટ નં. ૪૫/બી,*
*નટરાજ નગર, શેરી નં.-૧, ધોળકિયા સ્કૂલ સામે,*
*યુનિવર્સિટી રોડ, રાજકોટ. ● મો. ૮૯૦૫૦ ૮૮૭૨૭*

## મહાદેવને પ્રિય એવા નાગફણી વાદ્ય....

**(અનુસંધાન : પાના નં. – ૨૦ ઉપરથી ચાલુ)**

સમયમાં સલામતીના પ્રશ્નોને હલ કરવા ઘણા સાધનો આવી ગયા છે. એક ફોન કરતાં પોલીસ કે ગામના લોકોને ભેગા કરી શકાય છે. **મંદિરોમાં પણ તૈયાર આરતીઓ આવી ગઇ છે તો નાગફણી ફૂંકીને ગામના લોકોને ભેગા કરવાનું હવે રહ્યું નથી.** આ બધા કારણોસર નાગફણીનું મહત્ત્વ ઘટી ગયું છે. પરંતુ અખાડા પરંપરા હજુ નાગફણીના અસ્તિત્વને ટકાવી શક્યું છે. આજે પણ કુંભના મેળામાં એકઠા થતાં સાધુ પુરુષોના હાથમાં તમને નાગફણી જોવા મળશે.'

- **ભક્તિ સંદેશ :**

*આપો દૃષ્ટિમાં તેજ અનોખું, સારી સૃષ્ટિમાં શિવરૂપ દેખું*
*મારા મનમાં વસો, આવી હૈયે વસો, શાંતિ સ્થાપો*
*દયા કરી દર્શન શિવ આપો...*

*ગિરિરાજ એન્ટરપ્રાઇઝ, ન્યુ સ્ટેશન રોડ,*
*ભુજ, કચ્છ - ૩૭૦ ૦૦૧. ● મો. ૯૮૨૫૭ ૯૨૦૪૮*

## માણસ દેવ પણ બની શકે અને દાનવ પણ...

**(અનુસંધાન : પાના નં. – ૨૩ ઉપરથી ચાલુ)**

ભક્ત તુલસીદાસે આ રીતે વર્ણવ્યું છે :


*અનર્થ અનીતિ અનાચાર કા કભી ન રહત વંશ,*
*તુલસી ઈસકે પ્રમાણ હૈ કૌરવ, રાવણ ઓર કંસ.*

ટૂંકમાં, અધર્મથી સંપત્તિ અને સત્તા મેળવનાર અને ધન કે સત્તા મેળવ્યા પછી **અધર્મ અને અનીતિ કરનારના હાલ બહુ જ ખરાબ થાય છે.** વર્તમાન સમયમાં પણ ઈદી અમીન જેવા અનેક ઉદાહરણ આપી શકાય.

તો અનીતિનું જીવન જીવનાર પણ સાચો માર્ગ અપનાવે તો લૂંટારામાંથી મહર્ષિ વાલ્મીકિમાં પોતાની જાતને રૂપાંતરીત કરી શકે છે.

પોતાની વૃત્તિઓને કાબૂમાં ન રાખીને બેફામ વર્તનાર એના પરિણામો ભોગવવામાંથી બચી શકતો નથી. કર્મના સિદ્ધાંતમાં કોઇ અપવાદ નથી. ખરાબ હાલતને માટે ભગવાનને દોષ દેવાની જરૂર નથી. એને માટે માણસ પોતે જ જવાબદાર છે. **આપણા કર્મોથી આપણું ભાગ્ય આપણે પોતે લખીએ છીએ.** બીજાને (પછી તે માણસ હોય, પશુ હોય, પક્ષી હોય કે કુદરત) તકલીફ આપવાનું ફળ આપણે જ ભોગવવાનું છે તે ભૂલવા જેવું નથી.

*પોસ્ટ બોક્ષ નં.-૨૧, "સુદર્શન",*
*૯૨, એન.આર.આઈ. સોસાયટી,*
*આર.ટી.ઓ. રિલોકેશન સાઈટ પાસે, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૪૨૬૨ ૩૮૭૨૭*



કર્મ

# માણસ દેવ પણ બની શકે અને દાનવ પણ...



ડૉ. કાન્તિ ગોર 'કારણ'

રાજા ભર્તૃહરિ મહાન વિદ્વાન હતા. એમને સત્તા અને શાસનનો બહોળો અનુભવ હતો. પાછળથી એમણે સંન્યાસ ધારણ કર્યો. એમની વૈરાગ્યની કથા જાણીતી છે. એમણે ચાર શતક લખ્યા છે : નીતિ શતક, શૃંગાર શતક, વૈરાગ્ય શતક અને વિજ્ઞાન શતક. **શતક એટલે ૧૦૦ શ્લોકને સમાવતો શ્લોક સંગ્રહ.** એમના સમય અને જીવન અંગે અનેક દંતકથાઓ મળે છે પણ આજે એની વાત કરવી નથી. કાકાસાહેબ કાલેલકરે એમના શતકોને ભારતીય સંસ્કૃતિનો અમૂલ્ય વારસો ગણાવ્યો છે. એમના શતકોમાં માનવ સ્વભાવ અને વ્યવસ્થાપનની અનેક બાબતો સમાવિષ્ટ છે. એમણે માણસોનું સરસ વર્ગીકરણ કર્યું છે. આ વર્ગીકરણ માણસની માનસિકતા અને એના અન્ય સાથેના વ્યવહાર અને વર્તન સાથે સંબંધિત છે. માણસની ઓળખ આપતો એમનો એક શ્લોક નીચે પ્રમાણે છે :

*એતે સત્પુરુષાઃ પરાર્થઘટકા સ્વાર્થં પરિત્યજ્ય યે,*
*સામાન્યાસ્તુપરાર્થમુદ્યમભૃતઃ સ્વાર્થાવિરોધેન યે,*
*તેઽમી માનુષરાક્ષસાઃ પરહિતં સ્વાર્થાય્ વિઘ્નન્તિ યે,*
*યે તુ ઘ્નન્તિ પરહિતં નિરર્થકં તે કે ન જાનીમહે ॥*

*(નીતિ શતક)*

**પોતાના કોઈ પણ સ્વાર્થ વિના બીજાના કલ્યાણ માટે પ્રવૃત્તિશીલ રહેનારા માણસો સત્પુરુષો છે.** પોતાના સ્વાર્થને વાંધો ન આવતો હોય એટલે કે પોતાને કંઈ પણ નુકસાન ન થતું હોય તો બીજાને ઉપયોગી થનારા સામાન્ય માણસો છે. જે લોકો પોતાના સ્વાર્થ માટે બીજાને નુકસાન કરે છે, તે રાક્ષસો છે. પણ કોઈ કારણ વિના (પોતાને ફાયદો ન થતો હોય તો પણ) બીજાને નુકસાન કરનારાને શું કહેવું તે અમે જાણતા નથી.

ભર્તૃહરિએ માણસોનું સત્પુરુષો, સામાન્ય માણસો અને રાક્ષસો એવું વર્ગીકરણ કર્યું. પણ રાક્ષસોને પણ સારા કહેવડાવે એવા (રાક્ષસો તો પોતાની સત્તા ટકાવી રાખવા માટે, પોતાના સ્વાર્થ માટે બીજાને હણનારા છે એવું ભર્તૃહરિ મહારાજનું કથન છે), કોઈ કારણ વિના બીજાને તકલીફ પહોંચાડનારા, રાક્ષસોને પણ સારા કહેવડાવે, એવા લોકોને શું કહેવું તે અમે જાણતા નથી. એવું ભાષાવિદ્ અને અનેક શાસ્ત્રોનાં વિદ્વાન ભર્તૃહરિજી કહે છે. જો એમને પણ એવા લોકો માટે શબ્દ ન મળતો હોય, તો મારા જેવા અજ્ઞાનીનું શું ગજું?

આપણે બધા જ – પછી તે અધિકારીઓ હોઈએ કે સામાન્ય નાગરિકો **(અધિકારીઓ પણ સામાન્ય પ્રજાજનો જ છે, પણ એ વાત ઘણીવાર વિસરાઈ જાય છે)**, આ ચાર પ્રકારના વર્ગમાંથી કોઈ એક વર્ગમાં તો આવીએ જ છીએ. કયા પ્રકારમાં પોતાની જાતને મૂકી શકીએ તે તો દરેક માણસ પોતે જ નક્કી કરી શકે!

પણ એક હકીકત છે કે દરેક માણસ પોતાના સ્વભાવ પ્રમાણે પ્રવૃત્તિ કરે છે અને કોઈક બાબતથી પ્રેરાઈને દરેક માણસ ઉદ્યમ કરતો રહે છે. માણસને કઇ બાબતો વધારે અને વધારે પ્રવૃત્ત રહેવા પ્રેરે છે? કયા હેતુને માટે, શું પ્રાપ્ત કરવાને માટે માણસ સતત પ્રવૃત્તિમય રહે છે તે દર્શાવતો એક સંસ્કૃત શ્લોક યાદ આવે છે :

*ધનં ચ માનં ચ યશશ્ચ પુન્યં ભયાત્મુક્તિશ્ચ પરોપકારમ્ ।*
*નૈષ્કર્મ્યમાનન્દમનાવિલંચ વદન્તિ જન્તોશ્ચ ચરિતેતરાનિ ॥*

માણસને ઉદ્યમ કરવા પ્રેરનારી બાબતો : ધન, માન, યશ, પુણ્ય, ભયથી મુક્તિ, પરોપકાર, નિષ્કર્મતા, આનંદ અને નિષ્પાપતા. આ બાબતો મનુષ્ય માત્રને માટે પ્રવૃત્તિની પ્રેરક છે.


ધનપ્રાપ્તિ એ પ્રવૃત્તિનું ચાલક બળ છે. માણસ પોતાના જીવન નિર્વાહ માટે, પરિવારના નિભાવને માટે ધનપ્રાપ્તિ કરે છે તે સ્વાભાવિક છે. જીવન ટકાવી રાખવા માટે, ભોજન, નિવાસ સ્થાન વગેરે માટે, દૈનિક ક્રિયાઓને માટે ધન અનિવાર્ય છે. પણ તે ઈમાનદારીથી પ્રાપ્ત થયેલું હોવું જોઈએ. **રાક્ષસી વૃત્તિથી, અન્યને અન્યાય કરીને મેળવેલું ધન સર્વનાશને નોતરે છે.** આ શ્લોક યાદ રાખવા જેવો છે :

*અન્યાયોપાર્જિત દ્રવ્યં દશવર્ષાણિ તિષ્ઠતિ ।*
*પ્રાપ્તે ચૈકાદશે વર્ષેઃ સમુલં હિ વિનશ્યતિ ॥*

અન્યાયથી મેળવેલું ધન દસ વર્ષ ટકે છે. ૧૧મા વર્ષે તે મૂળ પામે છે. આ રીતે ધન પ્રાપ્તિના મૂળમાં માણસની શક્તિ, બુદ્ધિ, સત્તા વગેરે હોય છે અને અન્યાયનું ધન આ બધું સાથે લઈને જાય છે. માણસ થોડા સમયના જલસા (?) પછી બરબાદ થઈ જાય છે અને સાથ આપનાર સૌને સાથે લઈને ડૂબે છે.

અનીતિથી સત્તા કે ધન મેળવનારના શા હાલ થાય છે તે

(અનુસંધાન : જુઓ પાના નં. – ૨૨ ઉપર)



કથા વિશેષ

# માયાનું સામ્રાજ્ય



ડૉ. એમ.પી. કાકડિયા


નગરમાં વસતા કંજુસોનો સર્વે કરાય તો ચંપકલાલ પહેલા ક્રમે ભલે ન આવે પણ પ્રથમ દસમાં અવશ્ય મેદાન મારી જ જાય. કંજુસાઈ તો તેના લોહીમાં ભળી ગયેલ. વાત વાતમાં કંજુસાઈના નામે બચતની દુહાઈના ગાણા ગાય. બચત ક્યાં ક્યાંથી થઈ શકે એવા તમામ ક્ષેત્રોની માહિતી તેને હાથવગી. અને આથી કપડાં, ચંપલ, સેવિંગ બ્લેડ, ટુથબ્રશ કે એવી વપરાશની દરેક વસ્તુનો પૂરો કસ કાઢી લે. બચત અને કરકસરના હિમાયતી હોવાને કારણે ચંપકલાલને મોંઘી વસ્તુ પરવડે નહીં. બુટ કે ચંપલ તેને થોડા મોંઘા લાગે. એની તુલનાએ સ્લીપર સસ્તા! આ સ્લીપર જ તેનું રાષ્ટ્રીય પગરખું. તૂટે તૂટે તો તેની પટ્ટી તૂટે. એને તો બદલી કઢાય. તળિયાના આયુષ્ય સુધી તે સાથ આપે. એને જાણમાં હતું કે ચાલવામાં ધ્યાન રખાય તો તળિયાની વૃદ્ધાવસ્થાને દૂર હડસેલી શકાય. ચંપકલાલને આવું ગણિત તો મુખપાઠ. તેના અત્યારના હયાત સ્લીપરની આવરદા તો ક્યારની પૂરી થઈ ગઈ હતી. નવા ખરીદવાનું મન તો બનાવ્યું પણ આજકાલ કરતા પંદરેક દિવસ ખેંચી કાઢ્યા. આ તો ઘરવાળી અને દીકરાઓના ઠપકાને લીધે નવા સ્લીપર ખરીદવાનું મુહૂર્ત લેવું પડ્યું.

ચંપકલાલ નવા સ્લીપર ખરીદવા બજારમાં ગયા. બુટ - ચંપલની એક સારી દુકાન જોઇ તેમાં પ્રવેશ્યા. ઘરાકી ઓછી હતી એટલે દુકાનદારે ગ્રાહકને ભગવાન માની જાત જાતની કંપનીઓના સ્લીપરની જોડીઓ તેની સામે ધરી. એક પછી એકના ભાવ પૂછ્યા. મજબુત અને ટકાઉ હોવાના વચનો લીધા. છેલ્લે ચંપકલાલનું એક સસ્તા અને કહેવાતા સારા સ્લીપરમાં મન ઠર્યું. થોડી ભાવની રકઝક થઇ. પોતાને પોષાય એટલી કિંમત સુધી નીચે ઉતાર્યા. હવે ચંપકલાલને જોવાનું એ રહ્યું કે પસંદ કરેલા સ્લીપર મજબૂત છે કે નહીં. આજે લીધા ને કાલે તૂટી જાય તો પૈસા પાણીમાં. દુકાનદાર સમજી ગયો કે ગ્રાહકને સ્લીપરની મજબૂતાઈમાં ભરોસો બેઠો નથી. તેણે વિશ્વાસ ઊભો કરવા ચંપકલાલની નજર સામે સ્લીપરના તળિયાને બેન્ડ વાળ્યા. તેની પટ્ટી ખેંચીને ખાતરી કરાવી. પણ આ તો ચંપકલાલ! **બીજાના ભરોસે રહે એ બીજા. ખાતરી તો જાતે જ કરવી પડે.** દુકાનદાર તો યુક્તિ વાપરી મજબૂતાઇ બતાવે. એના ભરોસે ન રહેવાય. તેણે સ્વયં સ્લીપર હાથમાં લીધા. તળિયાને જેટલા બેન્ડ કરાય એટલા કર્યા. ચાલો, ચંપકલાલની કસોટીમાં તળિયા પાર ઉતર્યા. હવે વારો પટ્ટીનો. બળુકા ચંપકલાલે પૂરી તાકાતથી પટ્ટી ખેંચી જોઈ. તે પણ પાર ઉતરી. આમાં તાકાત કરતી વખતે તેના મનમાં એવું ખરું કે સ્લીપર તૂટી જાય તો પોતાને કેટલા ટકા! નુકસાન થશે તો દુકાનદારને! આવી ભાવના હોય એ કસોટીમાં ઉણો ઉતરે... પણ પણ સ્લીપર ખરેખર મજબૂત નીકળ્યા. ચંપકલાલે પેમેન્ટ કર્યું, બોક્સમાં મૂકાવ્યા અને ઘેર આવ્યા.

જૂના સ્લીપર પાંચ પંદર દિવસ ચલાવવાની ગણતરીએ બોક્સ સાચવીને પોર્ચના ખૂણામાં મૂક્યું. હવે બન્યું એવું કે તેના બેય દિકરાના ત્રણ ત્રણ ટાબરિયા. બોક્સ આવ્યું તોફાની બારકસોના હાથમાં. દાદા બોક્સમાં શું લાવ્યા, તે જાણવા અધીરા! બોક્સની થઈ ખેંચાખેંચી. બોક્સના તો રામ રમી ગયા. અંદરથી મળ્યા સ્લીપર. હું પહેરું... હું પહેરું... એવી ચાલુ હુંસાતુંસી. જેના હાથમાં સ્લીપરનો જે ભાગ આવ્યો, તેની થઈ ખેંચાખેંચી. સ્લીપર નરવા રહેવા સામે મોટો પડકાર. પોર્ચમાં શોરબકોર સાંભળી ચંપકલાલ બેઠકમાંથી આવ્યા ને જોયું કે મારણ ઉપર ગીધડા ઝળુંબે એમ ટાબરિયા સ્લીપર ઉપર તૂટી પડ્યા છે. એકાદ બે ને થપ્પડ ચડાવી દીધી. બાકીના ભાગી છૂટ્યા. સ્લીપરને પોતાના વશમાં કર્યા. પૂરી ચકાસણી કરી કે કાંઈ નુકસાન તો નથી કરી બેઠાને? હાશ! સ્લીપર બચી ગયા.


આ એ જ ચંપકલાલ છે કે જેણે દુકાનમાં સ્લીપર ખરીદતી વખતે છોકરાઓએ ખેંચાખેંચી કરી એના કરતાં વધુ બળ અજમાવ્યું હતું. પરંતુ ત્યારે એવો ભાવ હતો કે એ તો દુકાનવાળાના છે, મારા ક્યાં છે! તૂટી જાત તો મેલ પડતા. પોતાને ક્યાં કાંઈ નાવા નિચોવાનું છે! પણ ચંપકલાલે જેવું પેમેન્ટ કર્યું એટલે સ્લીપરમાં મારાપણું પ્રવેશી ગયું. હવે કોઈ અણછાજતી છેડછાડ કરે તે અસહ્ય. આ મારાપણું એ જ માયા. શું આવું મારાપણું કેવળ એકલા ચંપકલાલમાં જ હશે? ના, એવું નથી. આપણે સૌ માયાના શિકાર છીએ. માયાનું સામ્રાજ્ય એટલું વિસ્તિર્ણ છે કે ભાગ્યે જ કોઈ સંસારી તેનાથી અછૂતો રહી શકે.

*"માતરમ", ૧, શિવમ સોસાયટી,*
*સત્યમ કોલોની પાસે, જામનગર-૩૬૧ ૦૦૪.*
*મો. ૯૮૨૪૦ ૩૦૨૦૩*



નિબંધ

# સુખ એટલે સમજણ



ડૉ. મણિલાલ હ. પટેલ

મારે મતે સુખ તો એક ખ્યાલ છે. આપણા મનની ઝંખનાઓ... કલ્પનાઓ, અપેક્ષાઓ, આશા-એષણાઓનો તો પાર નથી... ક્ષણવાર લાગે કે ઇપ્સિતની પ્રાપ્તિ એ જ સુખ છે. પણ ના, સુખ તો એક ભાવ છે - વિભાવ છે - જે ખ્યાલરૂપે આપણા મનમાં હંમેશાં હાજર હોય છે. તનને ટાઢક થાય એવું કૈં પણ બને એ તો ઇન્દ્રિયરાગ છે... ઘણીવાર સામાન્ય માણસો જ નહીં, અસાધારણ વ્યક્તિઓ પણ તન-સુખને અર્થાત્ ઇન્દ્રિયોને પ્રાપ્ત થતી એમની ચૂંગીને જ સુખ સમજીને મનમાં મસ્ત રહે છે...

સુખ તો મનની ધારણાનો ધુમ્મસછાયો પ્રદેશ છે. ત્યાં તો વિષાદ પણ પીડારૂપે નહીં, પણ ઉદાસીની માધુરી રૂપે અનુભવાય છે. અપ્રાપ્તિ, હતાશા, એકલતા, ઉદાસી, વિરતિનો આ ધૂંધળો પ્રદેશ મનને એક વિશેષ અનુભવની સ્થિતિમાં મૂકતો હોય છે. **વેઠ્યાની વિશિષ્ટ અનુભૂતિ જે આનંદ અથવા શાણપણ જન્માવે છે તેનું નામ સુખ છે.** દુઃખોથી આરક્ષિત વેદનાજન્ય માધુરી તે જ મારું સુખ છે!! દુઃખની વાડ વિના સુખ સલામત નથી હોતું...

બીજી રીતે કહું તો દુઃખો તો વાસ્તવિક્તા છે — એ કાયાની માયા રૂપે પણ આપણને રંજાડતાં રહે છે. આપણું હોવાપણું જ આપણાં દુઃખોનું કારણ બલકે મૂળ છે. દુઃખો તો હાજરાહજૂર છે. જ્યારે સુખ આપણા હોવાપણાની ભીતર - દુઃખોની વચાળે એક ખ્યાલ રૂપે, ભાવ રૂપે વસે છે... જીવ માત્ર એ ખ્યાલનો નિત્ય સાક્ષાત્કાર કરવા મથે છે — માણસની તો એ નિત્યની ઝંખના છે... એટલે ઘણીવાર માણસ સગવડોને, સલામતીને, વૈભવોને, ઇન્દ્રિયજન્ય તૃપ્તિને, સફળતાઓને સુખ માનીને રાચતો રહે છે... પણ એ સુખનો પ્રદેશ નથી...

હવામાં ઠંડી લહેર ઊઠે છે ને શમી જાય છે... હવાની લહેરખી સૂતાં જળને જરાક જગવે છે ને જળ છલછલી ઊઠે છે — ઘડીકવાર સુખ પણ આમ અસ્થળવાસી મનમાં લહેરખી જેવું વિહરે છે કે જળ લહર જેવું છલછલીને શમી જાય છે? કદાચ, હા! કદાચ, ના! હા, સુખ છે આવો જ ખ્યાલ...! નિમિત્ત હોય પણ એ પ્રગટે ત્યારે અકારણ પ્રગટેલું લાગે... એની મસ્તી એવી નોખી હોય છે, દા.ત. પીપળાને ચૈત્રમાં નવાં પાંદડાં આવે છે. સવારે એ ઝાડને હું જાંબલી-કથ્થાઇ-પિંક-રતુંબડી કૂંપળોથી છલછલતું જોઉં છું ત્યારે મારા મનમાં સુખ સુખ ને સુખ છલકાઈ ઊઠે છે... એ હવાની લહેરખીઓમાં તાળીઓ લેતી કૂંપળો, એ રંગછટાઓ, તડકાની કુમાશ તે વેળાની ધન્યતા, કશીક મહેક — મને થાય કે લાવને હુંય કૂંપળ બની જાઉં... મીઠી કસક મને તળેઉપર કરે છે... ઘડીક લાગે કે હું જ હતો એ કૂંપળોમાં વિલસતો... ને ઘડીક એનાથી અળગા — આઘા હોવાની વેદના પજવે... એ પજવણીની માધુરી એનું નામ સુખ! એટલે મારા ગીતની પંક્તિમાં એ ક્ષણ પ્રગટી છે :

*ચૈતરમાં કૂંપળ ફૂટે તે મારી વેદના*
*બાકી તો, સૈ! બધી જૂઠી સંવેદના...*

મીઠી મીઠી વેદના એટલે સુખ...! પ્રિયજનની યાદ પજવે ને રડાવે... આંસુ આવે ને ધીમે ધીમે છાતીમાં ડૂમો ઓગળવા માંડે છે... કોઈનો ખભો કે કોઈનો ખોળો... ઘણીવાર તો આપણે જ આપણો આધાર... સુખની પળો તે આવી પીડારૂપે પ્રગટે છે. **પીડા એટલે જ પ્રીતિ અને પીડાજન્ય પ્રેમનું અવરનામ સુખ છે.** વેદના એ જ વહાલ... વહાલાંએ આપેલી વેદના એ જ મારું સુખ છે.

એક ફિલ્મી ગીત મને બહુ ગમે છે. ચોમાસાના દિવસો હોય, સાંજ પડી ગઈ હોય, બહાર આકાશ ને અંધકાર બેઉ ઝરમરતાં હોય, ઘરમાં આકારો માંડ માંડ કળાતા હોય એટલો ઝાંખો ઝાંખો અજવાસ હોય... ઉદાસી અને એકલતા વખતના પાત્રમાં ઘૂંટાતાં હોય... વસ્ત્રો અને માટીની સુગંધ ફરી વળી હોય. હૈયામાં કોઈ શલ્ય જાગતું હોય... કસક સાથે ઝંખના જોડાવા મથતી હોય ને ત્યારે એ ગીત વાગતું હોય... હું સાંભળતો હોઉં...

*'કભી તન્હાઈયોં મેં હમારી યાદ આયેગી*
*ન તું જી શકેગા ઔર ન તુજકો મૌત આયેગી...*
*અંધેરે છા રહે હોંગે ઔર બીજલી કટ જાયેગી*
*કભી તન્હાઈયોં મેં હમારી યાદ આયેગી...'*

આ ગીત મારામાં પીડાનો એક પ્રિયતમ વંટોળ જગવે છે જે મને આરપાર વીંધી નાખતું સુખ આપે છે... મારું સુખ તે આવું, પીડાઓની માધુરીનો પર્યાય!! **આપણને છોડીને ચાલ્યાં જનારાં કેટકેટલા પ્રિયજનો... ક્યારેક આંખમાં આંસુ બનીને પ્રગટે છે.** મારા સુખની આ વિરલ ક્ષણો મારા ગીતમાં આમ ઝીલાઈ છે :

*એકલતાઓ એમ વરસતી જાણે કે ચોમાસું...*
*સાંજ પડે જેમ દીવા પ્રગટે એમ પ્રગટતાં આંસુ...*

જેમને ચાહીનેય પોતાનાં નહીં બનાવી શક્યા, ને જેમને પોતાનાં બનાવી શક્યા એ આપણને ચાહી ન શક્યાં – આ બેઉ પીડાદાયક અનુભવોએ જે શાણપણ સંપડાવ્યું... એ શાણપણને પૂછીશું સુખનું સરનામું??

સુખ તો રજકણ જેવું. આપણને ખબરેય ન પડે તેમ ખભે આવીને બેસી જતા પતંગિયા જેવું... ઠરે ન ઠરે ને ઊડી જાય! આપણને હળવા રૂ જેવા કરી દે છે સુખ! પહાડોમાં ઊગતો સૂરજ, બપોરે સીમમાં વરસતો શ્રાવણી તડકો, દરિયામાં ડૂબી જતો સૂર્યગોળો, વૃક્ષોમાં રંગોની ઝાંય અને છટાઓ પાથરતી, ખરખર ખરી જતી અને ભરચક રંગછટાઓ સાથે ડાળીએ ડાળીએ છવાઈ જતી ઋતુઓ... રણમાં પવન પાડતો ભાત... આપણા પગ પખાળવા આવતાં તોફાની જળમોજાંઓ... ચહેરા પર છવાઈ જતાં રેશમી કેશવનો... પહેલા વરસાદે મહેકી ઊઠેલી માટી ને તોફાની વરસાદની વાછંટો... – આ બધુંય મને અકારણ પ્રસન્ન પ્રસન્ન કરી દે છે. પૃથ્વી પરની પ્રકૃતિ મારું સુખ છે.

*કિશોર વયમાં, એક નહીં ભૂલાય એવું ગીત સાંભળેલું :*

***રાહી મનુવા! દુ:ખ કી ચિંતા ક્યું સતાતી હૈ?***
***દુ:ખ તો અપના સાથી હૈ...***
***સુખ એક છાંવ ઢલતી ઢલતી આતી હૈ જાતી હૈ***
***દુ:ખ તો અપના સાથી હૈ...***

જીવન વગડાની એકાકી વાટ પર જતાં વળતાં ધોમ ધખતો રહે છે... પણ ક્યારેક ક્યાંકથી સાચું કહું કે શમણાંનું યા સ્મરણોનું એકાદ વાદળ ચઢી આવે છે. ક્ષણવાર વરસે છે, ભીંજવે છે ને ચાલી જાય છે. ત્યારે ઉનાળો ગામડે ગામડે રખડવામાં જતો... વડલા કે આંબારાયણની ઘટામાં પાણીની પરબ આવતી... માટલીનું ઠંડું પાણી કોઠો ઠારતું ને એ તરુઘટાની છાંયામાં ઊંઘી લેતા... બસ, વાટની આવી નિરપેક્ષ પળો એ જ મારું સુખ! ક્યાંક પીપળા નીચેની વાવમાં ઊતરતા... ને ઝાંઝર રણકાવતી પરી કે રાજકુમારીની વાર્તા યાદ આવતી... અમે એની વાટ જોતા... જીવનમાં એ પછી પણ દિવસો સુધી રાહ જોવાનું બન્યું છે. વાટ જોવાનું સુખ અદ્‌ભુત હોય છે... પછી મિલન વેળાએ તો બધું ઉમેરાતું ને વાત બગડી જતી... આજેય વાટ જોવાનું સુખ ગમે છે – જો મળે તો!

કદાચ, દેશળજી પરમારના સૉનેટની બે પંક્તિઓ બરાબર યાદ રહી ગઈ છે :

*"પીઠે બાંધ્યા મણ મણ તણા બોજ ને ચાલવાનું*
*વાંકાચૂંકા ચઢઊતરતા દીર્ઘ માર્ગો પરે હાં..."*

એવા માર્ગો પર ચાલ્યાની પીડાદાયક વેળાઓ આજે વહાલી લાગે છે! વ્યતીતમાં વેઠેલું પછીથી સુખકર લાગે છે...!


**સુખ તો ચકલીની ચીં ચીં જેટલું હોય છે. એનાં ગાડાં ન ભરાય.** સવારે ભળભાંખળે નિદ્રાવિયોગ થાય ન થાય ને બુલબુલ ગાતાં સંભળાય છે... ને પછી દૈયડના ટહુકા... તડકો થતામાં તો દરજીડાંને નાચણ તથા સક્કરખોર; બધાં ગાવા માંડે, મનમાં ખસૂસ થાય કે આ પંખીઓ તો મારે માટે ગાય છે... હાસ્તો, પેલો કંસારો એકધાર્યું બોલ્યા કરે છે... કોયલો પણ રમઝટ બોલાવે છે... હોલો સ્તુતિ રટે છે ને કબૂતરો તો પ્રેમમાં જ પાગલ હોય છે... કાબર, વૈયાં, લેલાં... કાગડાં... ને સીમમાં બોલતી વક્તીતીતી – બધાંને જોવાં-સાંભળવા એ નસીબની વાત છે... સુખ એવી ક્ષણોમાં સાવ નિરાળું... હળવું હવા જેવું!! લાંબી પૂંછડીવાળો ખેરખટ્ટો જોઉં... ઊડે ત્યારે પીંછાંની ભાતથી આભને ભરી દેતાં ચાસને ખાસ જોવા નીકળું છું – એ જોવા મળે તે દિવસે તો નર્યું નકરું સુખ સુખ હોય છે. **ક્યારેક સાંજ પડ્યે ગાડી લઇને વળતો હોઉં ને વનલાવરી, તેતર, નોળિયો, કાચિંડા, તીતીઘોડા જોવા મળે, ઊભો રહું... આ પળો એ જ સુખની પળો... બાકી તો જિંદગી કસોટી કર્યા કરે છે!!**

વેલ - છોડ - ફૂલ જોવામાંય ભીતરે દીવા થાય. ઝાડવાં તો વેળાવેળાએ અને ઋતુઋતુએ નોખાં ને નોખાં જ પમાય... નિત્ય જોઈએ તોય તાજાં ને નવાં લાગે... તડકામાં શાંત, ચાંદનીમાં નિજમાં નિમગ્ન, વરસાદે નહાતાં, પંખી અવાજોમાં પલળી જતાં... સવારના તડકે છંટાતાં ને સંધ્યાના રંગે રંગાતા : બસ જોયા જ કરીએ! એવું જ ખેતરે ખેતરે ઋતુ-મોસના મૉલનું પણ આકર્ષણ! ગજવે ઘાલવાનું નહીં છતાં ખૂટે નહીં એવું આ સુખ દરેકને મળતું નથી... કેમકે દરેક પાસે એવી સમજણ નથી! સુખ તો એક કેળવેલી સમજણ છે.

ક્યારેક ઘરથી દૂરસુદૂર જવા સારું પ્રાણ પછાડા નાખે છે... કોક સાદ પાડે છે... ચાલ્યો આવ, ચાલ્યો આવ... ને હું નીકળી પડું છું... આમ નીકળી પડવું એનું નામ સુખ છે... ન સગવડ ન સાહ્યબી. કેવળ પ્રકૃતિ અને આપણે! ક્યારે જીવ ઘેર પાછાં વળવા ઝૂરે છે; હા, પાછા વળવાનું સુખ હોય છે – પણ એ વાટમાં જ મળે છે... ઘેર પહોંચતાં બધું પૂરું થઈ જાય છે!!

**સર્જક છું... સર્જન કરવાનું સુખ મળે એમ બીજાનું સર્જન માણવાનુંય મળે...** કળાઓનો જીવન સાથેનો મુકાબલો માણસ જેવો હોય છે. ને વર્ગમાં ભણાવતાં ભણાવતાં કે ક્યાંક વક્તવ્ય આપતાં કશુંક નવું જ સૂઝે છે... ને એવી ક્ષણો સુખનો - અજાણ્યા સુખનો - અનેરો અનુભવ કરાવે છે... **પછી ઊડી જાય છે પંખીની જેમ... સુખ! મનમાં રહી જાય છે ખ્યાલો...** સુખ એક ખ્યાલ છે!!

*'સહજ' બંગલો, શાંતાબા બગીચા પાસે, શાસ્ત્રી રોડ,*
*ઑફ બાકરાલ રોડ, વલ્લભ વિદ્યાનગર-૩૮૮ ૧૨૦.*
*મો. ૯૪૨૬૮ ૬૧૭૫૭*



ધ્યેય

# ઉત્તરાવસ્થા એ જ ઉત્તમાવસ્થા



ડૉ. શીલાબેન વ્યાસ

*પીપળ પાન ખરંતાં, હસતી કૂંપળિયાં*
*મુજ વીતી તુજ વીતશે, ધીરી બાપુડિયા...*

પરિવર્તન સમાજનો નિયમ છે. શાશ્વત એક માત્ર છે સમય. જેની સાપેક્ષ આપણું જીવન વ્યતીત થાય છે. સમય જતાં જન્મથી જરા સુધી વિવિધ અવસ્થાઓ બદલાય છે. **શિશુ, બાળ, તરુણ, કિશોર, યુવા, પ્રૌઢ અને વૃદ્ધાવસ્થા. એ સર્વમાં ઉત્તરાવસ્થા જ ઉત્તમાવસ્થા છે.** બાળપણ એ આશીર્વાદ હોય તો વૃદ્ધત્વ અભિશાપ કેવી રીતે હોય? એ બંને અવસ્થા સ્વાભાવિક જ હોય. તેનો સૌએ સ્વીકાર કરવો જ રહ્યો. ઘડપણ આવે જ નહીં તેના કોઈ ઉપાયો ન હોય સિવાય આપણો આકસ્મિક અંત! પરંતુ “આયુષ્યમાન ભવ – ચિરંજીવી ભવ”ના આશિષ એટલે જ વૃદ્ધાવસ્થાનો સ્વીકાર. ત્યારે જ ગવાયું છે કે, **‘મનવા ભજી લે ને કિરતાર, આ તો સપનું છે સંસાર...!’** આ ઘડપણ કોણે મોકલ્યું રે...!

ગૃહસ્થ જીવનની સંયુક્ત જવાબદારી સુંદર રીતે નિભાવ્યા પછી વરિષ્ઠ નાગરિક તરીકે આ ઉંમરે પાયાની કેટલીક સમસ્યાઓ ઉદ્ભવે છે. જેવી કે, શારીરિક સ્વાસ્થ્ય ડગમગે તો? વયસ્કોની આર્થિક સમસ્યા સામે સમાજ, દેશ એના માટે શી મદદ કરી શકે? એમને કાયદાકીય રક્ષણ કેવી રીતે મળે? **લાચાર કે એકાકી વૃદ્ધો માટે જવાબદાર કોણ? પેઢી વચ્ચે કોમ્યુનિકેશન – જનરેશન ગેપ નિવારી શકાય?** વૃદ્ધાશ્રમ જ એક આખરી ઉપાય?

ચક્રવ્યૂહના સાત કોઠા સર કરવા જેટલા કઠિન કોયડાના ઉકેલો મેળવી શકીએ તો કદાચ સમાધાન શક્ય બને. માણસમાત્રની જિંદગી અંતે તો મૃત્યુ સુધીની ઝડપી કે ધીમી સફર છે. તેને મનભરી માણવા ‘પહેલું સુખ તે જાતે નર્યા’ એ સૂત્ર મુજબ સ્વાસ્થ્ય ટકાવવાના ઉપાયો યોજવા, ખાનપાનમાં કાળજી રાખવી અને પ્રવૃત્તિશીલ જીવનશૈલી અપનાવવી. ‘યોગ ભગાવે રોગ’ ‘યોગઃ કર્મસુ કૌશલમ્’ યોગ કાર્યકુશળતા વધારે. રોગમુક્ત તન-મન રહેશે તો પરિવારથી જલદી વિખૂટા પડવું નહીં પડે. નહિતર કાચા ઘડા જેવી દશા થાય.

*“આ તન કાચો કુંભ છે, લઈ ફરતા સાથ,*
*અથડાયો, ફૂટી ગયો, કાંઈ ન આવ્યું હાથ.”*

*આ તન તો આખું વન થયું, કર્મો થયાં કુહાડી,*
*ખુદ જ ખુદને કાપે, કહેત કબીર વિચારી.’*

બધી જ આવેશમય માંગણીઓ બીમારી છે. વૃત્તિના ઘોડા પર સમજપૂર્વકની સંયમરૂપી લગામ રાખવાથી સહજીવનનો રથ આનંદપૂર્વક ખેંચાશે.

કેટલાય વયસ્કો સંજોગવશાત્ તરછોડાય ત્યારે લાચાર, એકાકી જીવન વીતાવવું મુશ્કેલ બને. તેવી દશા માટે જવાબદાર કોણ? અનેક પરિબળો, પરિસ્થિતિઓ કે પછી પારિવારિક સંબંધોના વિખવાદ એમાં ભાગ ભજવે છે? કેમકે, **જીવનનું બીજું નામ સંઘર્ષ. ડગલે ને પગલે અનિશ્ચિત અને અસલામત ઘટનાઓનો સામનો કરવાની માનસિકતા કેળવાય તે જરૂરી છે.** એ માટે શક્તિનો સ્રોત અને હિંમતનો હોજ બને નિત્ય પ્રાર્થના!

*“મન મથુરા, દિલ દ્વારકા, કાયા કાશી જાણી,*
*દશ દ્વાર યુક્ત દેહરું, તેમાં જ્યોતિ પિછાણી.”*

અંતરાત્માના અવાજને અનુસરીએ તો મન સાથે મૈત્રી કેળવાય. જે આવી પડેલી મુસીબતોમાં માર્ગ ચીંધે. સંત મીરાંબાઈએ ગાયું જ છે :

*“જૂનું તો થયું રે દેવળ, જૂનું તો થયું,*
*મારો હંસલો નાનો દેવળ...”*

★

*“કોઈ દિન હાથી, કોઈ દિન ઘોડા,*
*કોઈ દિન પૈદલ ચલના જી...*
*કરના ફકિરી ફિર ક્યા દિલગીરી,*
*સદા મગનમેં રહેના જી...”*

જીવનમાં હંમેશાં બધા સંજોગો - સ્થિતિ સરખા હોતા નથી.

પરિવાર સમાજ નિર્માણનો પાયો છે. વૃદ્ધિ પામી, ગતિ-પ્રગતિ કરતાં સંતાનો વિશાળ જન સમુદાયના સંપર્કમાં આવે ત્યારે ઝડપથી બદલાતા વૈશ્વિકરણના ઝપાટામાં સપડાય, પણ શિક્ષણ સાથે સંસ્કારોના સિંચનથી, સદ્-અસદ્‌ના વિવેકથી કેળવાય તો વૈયક્તિક અને વૈશ્વિક સમસ્યા હલ કરી શકાય. એથી ઊલટું પણ બને. **એક કાકા, ભત્રીજા સાથે લિફ્ટ પાસે ઊભા**

**હતા. લિફ્ટમાં એક પ્રૌઢા ઉપર ગઈ. થોડીવાર પછી એમાંથી એક યુવતી નીકળી. કાકા બોલ્યા, 'આ લે, તારી કાકીને સાથે લાવ્યા હોત તો?'**

*"મારું-તારુંની સાંકળે બલિ બાંધ્યો સંસાર,*
*કુટુંબ, પુત્ર, નાર, સમિધ ઈંધણ નાખો વારંવાર."*

વડીલોના આર્થિક પ્રશ્નો ખરેખર ચિંત્ય હોય છે. **નિવૃત્તિ પછી જો પ્રવૃત્તિ ન હોય તો કુટુંબમાં ભારરૂપ થઇ પડે.** તેમાં મદદરૂપ થનારાં પરિબળો શોધી કાઢવાં જોઈએ. કોઈ મિત્ર, દાતા, સેવાભાવી સંસ્થા ટેકો કરે અથવા સરકારની કોઈ સહાયક યોજનાનો લાભ મળે તેવી જોગવાઈ હોવી જોઈએ.

એકાકી વરિષ્ઠ નાગરિકો માટે સમાજની ઘણી સેવાભાવી સંસ્થાઓ સધિયારો પૂરો પાડી શકે. જેમ કે, ગોરજ સ્થિતિ અનુબહેન સ્થાપિત મુનિ સેવા આશ્રમ, તો વિવિધ ક્ષેત્રમાંથી વયનિવૃત્તિ પામેલા વડીલોના અનુભવનો જબરો લાભ લઇ બદલામાં તેની શારીરિક સુરક્ષા, આર્થિક સલામતી અંગે વિશિષ્ટ કાળજી રાખી, વિકાસની દિશામાં આવશ્યક પરિવર્તન લાવી શકાય. **જ્યારે લોકો અને પરિસ્થિતિ તમારી પસંદગી મુજબ અનુકૂળ થશે, ત્યારે તમારા આનંદ - કદરમાં વધારો થશે.** આવું પરિવર્તન લાવવા જીવન સાથે વહેવાનું તથા સૌ સાથે વાણી-વર્તન-વ્યવહાર સુમેળભર્યા રાખવાનું થશે તો પરિવારના પ્રિય પ્રૌઢ બની રહેવાનો ચમત્કાર સર્જાશે.

હક્ક અને ફરજ કાયદાની બે પાંખો છે. ન્યાયના આકાશમાં મુક્ત રીતે ત્યારે જ ઊડી શકાય જ્યારે બંને પાંખ સહી-સલામત હોય, સમાન હોય, પણ આપણે ત્યાં વિપરીત સ્થિતિ છે. પુરુષપ્રધાન સમાજ રચનામાં પુરુષો દ્વારા જ નિયમો ઘડાય છે. પછી તેના દ્વારા જ તોડાય, પછી બદલાય છે. તેને જ તો સમાજનો વિકાસ મનાય છે! ત્યારે સ્ત્રીઓને ભાગે અત્યાચાર, અન્યાય સહન કરવાનો વારો આવે છે અને આવું માત્ર માનવ સમાજમાં જ પરંપરાથી ચાલ્યું આવે છે. અન્ય જીવસૃષ્ટિમાં નીતિ-નિયમો નથી. પ્રાકૃતિક જીવન જીવાય છે. કુદરતથી કદી વિરુદ્ધ જતા નથી. માટે પશુ-પંખી, પ્રાણીને કાયદો ઘડવા કે તોડવા પડતા નથી. જ્યારે મનુષ્ય વૃત્તિ સાથે વિચાર ઉમેરી, વિવેકભાન ગુમાવી, વિકૃતિમાં અટવાતો ને ફરીથી સંરક્ષણ, સલામતી, સુવિધા, સમાનતા, સુખાકારી એમ અનેકવિધ બાબતોનો અસંતોષ ભભૂકી ઊઠે... ધારાશાસ્ત્રીઓની સાચી-જૂઠી દલીલોથી ન્યાયાલય ગાજી ઊઠે ત્યારે માનવતાનો સૂર શરમજનક સ્થિતિમાં હણાઈ જાય. સંત કબીર કહે છે :

*"જાણી બૂજી સાચ તજે, કરે જૂઠને વ્હાલ;*
*તેની સોબત રામજી, સ્વપ્ને પણ ન આલ."*

**જ્યાં સુધી વ્યક્તિમાત્રમાં પરમાર્થની ભાવના ન કેળવાય ત્યાં સુધી સ્વાર્થી વૃત્તિ ખતમ નહીં થાય.** માનવમૂલ્યોને ઉજાગર કરે તેવા સંસ્કાર વારસાની 'જીવો અને જીવવા દો'ના સૂત્રને આત્મસાત્ કરવાની જરૂર છે.

તન-મન-ધન — એમ ત્રિવિધ દુઃખ માણસને ચેતવણી આપે છે. જે નવેસરથી વિચારવા પ્રેરે છે. સંવેદનશીલતા, સહનશીલતા વધારવા અંતરથી પરિવર્તન આવે ત્યારે મૌનનો સધિયારો જ સ્વજન જેવો લાગે. મૌન એટલે સંન્યાસ. સંસારમાં રહીને સઘળું કાર્ય કરતાં કરતાં અંતરંગ તટસ્થ થઇ મૌનમાં સમાઇ જાય તો ક્ષણ ક્ષણ પરમતત્ત્વની નજીક હોવાનો સાક્ષાત્કાર થાય.

*"કબીર દુનિયા દેહેરે, શિશ નમાવવા જાય;*
*હૃદયા ભીતર હરિ વસે, તેથી કરી લ્યો લગાવ."*

**પ્રાર્થના સત્ય તરફ જવાની પ્રેરણા છે. શિવ તરફ જવાની ગતિ છે અને સુંદરને પામવાની શક્તિ છે.** અહંકારના દુશ્ચક્રમાંથી મુક્તિ એટલે પ્રાર્થના. હૃદયમાંથી પ્રેમ કરુણાની સરવાણી ફૂટે ત્યારે ભક્તિનો શાંત રસ છલકાય... સત્યમ્ - શિવમ્ - સુન્દરમ્નો ત્રિવેણી સંગમ એ જ પ્રાર્થના.


*"આંખ ન મુંદો, કાન ન રુંધો, કાયા કષ્ટ ન ધારો*
*ખૂલે નયન સો હરિ હરિ દેખો, સુંદર રૂપ નિહારો."*

આવી અનુભૂતિ તો નિરાંતની પળોમાં, એટલે કે ઉત્તરાવસ્તામાં જ થાય. ત્યારે તો તે ઉત્તમાવસ્થા છે. સૌનું અંતે તો એક જ જીવન ધ્યેય છે, આનંદમ્ પરમ્ મંગલમ્!

*"સર્વ ઔષધ મેં કર્યા, હરિ સમ અવર ન કોઈ,*
*તલભર ઘટમાં જો સંચરે, સબ તન કંચન હોઈ."*

*"શિલ્પ", ૫૪, શાંતિનગર સોસાયટી,*
*ડાઇનિંગ હોલ રોડ, નાના બજાર,*
*મુ. વલ્લભવિદ્યાનગર-૩૮૮ ૧૨૦. ● મો. ૮૨૩૮૩ ૩૨૨૭૧*





પર્યાવરણ

# વેદોમાં પર્યાવરણ



ડૉ. કાલિન્દી પરીખ

પર્યાવરણ શબ્દ પરિ + આવરણ – આ બે શબ્દોથી બનેલો છે. પરિનો અર્થ પોતાની ચારે તરફ અને આવરણનો અર્થ આચ્છાદન છે. જેને આપણે વ્યાપક દૃષ્ટિથી કહી શકીએ કે, “આપણી ચારે તરફ જ નહીં પરંતુ સ્થાવર જંગમ સિવાય પણ સંપૂર્ણ બ્રહ્માંડને ચારે તરફથી આચ્છાદિત કરનાર તત્ત્વોનો સમૂહ પર્યાવરણ છે.”

પર્યાવરણની સુરક્ષા પર આજે સંપૂર્ણ વિશ્વમાં વિશેષ મહત્ત્વ આપવામાં આવી રહ્યું છે. આપણા પ્રાચીન ઋષિઓએ પર્યાવરણ - સંરક્ષણના જેટલા ઉપાયો પ્રદર્શિત કર્યા અને સ્વયં પર્યાવરણનું જેટલું સંરક્ષણ કર્યું એટલું આજે થયું હોય તેમ લાગતું નથી. વૈદિક કાળમાં પૃથ્વી, જળ, વાયુ, અગ્નિ અને વનસ્પતિને દેવતા માનીને, ભક્તિ ભાવનાથી ઓતપ્રોત થઈને ઋષિઓએ પ્રાકૃતિક સ્રોતોના રક્ષા કરી છે.


આપણી પ્રાચીન સંસ્કૃતિ તપોવન સંસ્કૃતિ હતી. પર્જન્ય, મરુત, વરુણ, ચંદ્ર અને સૂર્ય – આ પાંચ પર્યાવરણના રક્ષક હોવાથી તેઓ આપણા માટે પિતૃતુલ્ય છે. પર્જન્ય વૃષ્ટિ દ્વારા જળનું સિંચન કરી આપણું રક્ષણ કરે છે. મરુણ પ્રાણવાયુના રૂપમાં આપણો જીવનરક્ષક છે. વરુણ જળ પ્રદાન કરી આપણા જીવનને ગતિશીલ બનાવે છે. ચંદ્ર ઔષધિનો રાજા છે. એનાં કિરણો પૃથ્વી પર પ્રતિદિન આવીને પર્યાવરણની રક્ષા કરે છે કારણકે તેના કિરણો અમૃત સમા શીતળ છે. સૂર્યના કિરણોથી ઉર્જા પ્રાપ્ત કરી મનુષ્યના જીવનને શક્તિ મળે છે. દ્યુલોકમાં સ્થિર રહીને સૂર્ય પોતાની વિકસિત ઊર્જાનો પ્રભાવ પૃથ્વી પર ફેંકે છે. પૃથ્વી અને દ્યુલોકની વચ્ચે સ્થિત અંતરીક્ષ સૂર્યની ઉર્જાના પ્રભાવથી રહિત છે **કારણકે વિજ્ઞાનનો નિયમ છે કે વિકસિત કિરણો જ્યારે પૃથ્વી પર પડે છે ત્યારે પોતાની ઉર્જા તેને આપી દે છે.** આથી વચ્ચેના વાયુમંડળને પ્રભાવિત નથી કરતી. આ જ કારણે વચ્ચેનો આંતરિક લોક વધારે ઉર્જાથી અપ્રભાવિત રહે છે. અન્યથા વાયુમંડળ એટલું ગરમ થઈ જાત કે તેનો તાપ સહન કરવો અસંભવિત થઈ જાત. પ્રકૃતિનું આ અનુશાસન પર્યાવરણના નિયંત્રણ માટે છે. ઋગ્વેદમાં એટલા માટે જ અંતરીક્ષને યમનું દ્વાર કહ્યું છે.

વૈદિકકાળમાં પર્યાવરણ પ્રદૂષણની સમસ્યા ન હતી. પ્રકૃતિના અનુશાસનમાં કોઈપણ પ્રકારનું પરિવર્તન થવાથી તેનું સંતુલન બગડે છે. આજે આ સંતુલન બગડી રહ્યું છે. **ઔદ્યોગિકીકરણ તથા વસતી વધારાના કારણે વળી વનના કાપવાથી અને વન્ય જીવોના વિનાશથી ઋતુઓમાં અસંતુલન આવી ગયું છે.**

પર્યાવરણના તમામ ઘટકો જેવા કે માનવ, પશુ, વૃક્ષો, જીવજંતુઓ અને અન્ય જીવસૃષ્ટિ હવા, પાણી, પ્રકાશ, પૃથ્વી ઉપરનું આવરણ વગેરે એકબીજા સાથે અભિન્નપણે પરસ્પર ગાઢ સંબંધોથી જોડાયેલા છે. બધા ઘટકોની પ્રક્રિયા વચ્ચે નિશ્ચિત આંતરસંબંધો તેમજ સમતુલા હોય છે. કોઈ એક ઘટકની પ્રક્રિયામાં થતો ફેરફાર બીજા ઘટકોની પ્રક્રિયાને અસર કરે છે. આ ફેરફાર સાધારણ તેમજ થોડાંક સમય પૂરતો હોય તો તે બીજા ઘટકોની પ્રક્રિયા દ્વારા સંભાળી લેવાય છે. પરંતુ જો એક ઘટકની પ્રક્રિયામાં સતત ખલેલ પહોંચે તો પછી તે બધા જ ઘટકોની પ્રક્રિયાને અસર કરે છે અને પર્યાવરણના ઘટકોમાં અસંતુલન પેદા થાય છે. તેની અસર સમગ્ર જીવસૃષ્ટિ પર થાય છે.

ભારતમાં ઋષિ મુનિઓએ હજારો વર્ષો પૂર્વે મનુષ્ય જીવનના કલ્યાણ અર્થે પર્યાવરણનું મહત્ત્વ, તેનું રક્ષણ, પ્રકૃતિનું સાંનિધ્ય, રોગોનો ઉપચાર તેમજ સ્વાસ્થ્ય સંબંધી અનેક ઉપયોગી તત્ત્વો તારવ્યા હતા. વેદકાલીન સમાજમાં પર્યાવરણના દરેક પાસાંની ઉપયોગીતા ઉપરાંત પ્રત્યક્ષ તેમજ પરોક્ષરૂપે પર્યાવરણની રક્ષા કરી અને ઋષિઓએ સમગ્ર સમાજનું તે તરફ ધ્યાન દોર્યું છે. **તેઓ ભૂમિને ઇશ્વરનું રૂપ માનતા. પર્યાવરણની રક્ષા પૂજાનું એક અવિભાજ્ય અંગ હતું.** વેદાનુસાર પ્રકૃતિ અને પુરુષનો સંબંધ એકબીજા પર આધારિત છે. ઋગ્વેદમાં પ્રાકૃતિક જીવનને સુખ-શાંતિનો આધાર માનવામાં આવ્યો છે. ઋતુ અનુસાર રહેવું તેમજ આહાર, જળ, વાયુ વગેરેની શુધ્ધિ પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. વૈદિક ઋષિ પ્રકૃતિની વિનમ્રભાવે પ્રાર્થના કરતા. પ્રાકૃતિક તત્ત્વોની ઉપાસના અને આદર - સત્કાર કરતા હતા. વળી, ત્યારે ઔદ્યોગિક સમસ્યાઓ ન હતી. જનસંખ્યા પણ અલ્પ હતી. પરિણામે પ્રદૂષણ જેવી કોઈ સમસ્યાઓ ન હતી. પ્રકૃતિ પોતાના સર્વ સંસાધનોમાં પરિપૂર્ણ હતી.

*૩, દેના બેન્ક સોસાયટી, અમરેલી-૩૬૫ ૬૦૧.*
*મો. ૯૪૨૯૧ ૩૯૧૪૫*



ગુલશન

# "દિલની જબાન"

## ગઝલકાર : મુસાફિર પાલનપુરી : મણકો-૯



ચંદ્રકાંત પટેલ 'સરલ'



**મુસાફિર પાલનપુરી**
"સુકૂન", જૂના ડાયરા,
સલીમપુરા પાસે,
પાલનપુર, જિ. બનાસકાંઠા
(ઉત્તર ગુજરાત) પીન : ૩૮૫ ૦૦૧.
**મો. ૮૮૬૬૨ ૩૬૪૨૧**

*'ચિત્કાર', 'આગવી ઊર્મિઓ', 'અવિરામ', 'ઢાઈ અક્ષર', 'ગાંધીથી દિલ્હી સુધી', 'સાંનિધ્ય સરી જતું ક્ષણોનું', 'મારી પ્રથમ ગઝલયાત્રા', 'હર લમ્હા ઈક તાજમહાલ', 'અહીં જ ક્યાંક આપ છો', 'લૂંટી લે ભાઈ', '૧૫૧ – હીરા ગઝલના શ્રેષ્ઠ શે'રો', 'પાલનપુરી બોલી કા બગીચા' તથા 'પાલનપુરની ગઈકાલ અને આજ' વગેરેનું સાહિત્ય સર્જન તેમજ 'અર્પણ', 'ફૂલ ધરી દો એકબીજાને', 'શૂન્યનું તત્ત્વચિંતન', 'દરબાર શૂન્યનો' અને 'સાક્ષાત' વગેરે સાહિત્ય સંગ્રહનું સંપાદન કરનાર જાણીતા શાયર મુસાફિર પાલનપુરીનું નામ ગઝલના બાદશાહ તરીકે જાણીતું છે.*

*૨૧ જૂન, ૧૯૪૩ના રોજ બનાસકાંઠા જિલ્લાના પાલનપુરમાં જન્મેલા શાયર સિંધી અમીરમહંમદ દીનમહંમદ એટલે મુસાફિર પાલનપુરી. 'મુસાફિર' એ શાયરનું તખલ્લુસ (ઉપનામ) છે.*

*શાયર મુસાફિરે ૧૯૭૪માં **PTC** કર્યું, ને ૧૯૮૮માં કવિને 'રાષ્ટ્રભાષા રત્ન'થી નવાજાયા. શાયરનો ગઝલ સંગ્રહ "ઢાઈ અક્ષર"ને ૨૦૦૧થી ૨૦૦૪ દરમિયાન ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના **T.Y.B.A.**ના અભ્યાસક્રમમાં સ્થાન અપાયું હતું.*

*કવિ શાયર મુસાફિરને ૧૯૯૯માં શ્રેષ્ઠ શિક્ષક તરીકેનો રાષ્ટ્રપતિ પુરસ્કાર, સને ૨૦૦૫માં ઈન્ટરનેશનલ એસોસિએશન એજ્યુકેટર ફોર વર્લ્ડ પીસ સંસ્થા દ્વારા ઉર્દુ ગઝલો માટે 'મીરઝા ગાલિબ' ઈન્ટરનેશનલ પુરસ્કાર, ૨૦૦૪માં હ્યુમન સોસાયટી ઓફ ઈન્ડિયા-નડિયાદ તરફથી 'કવિ ઉમાશંકર જોષી પુરસ્કાર' આપવામાં આવ્યા છે.*

*સને ૨૦૦૬માં સાહિત્યિક સેવા બદલ મુખ્યમંત્રી દ્વારા આ કવિનું ૨૦૦૬ તથા ૨૦૦૮માં એમ બે વખત સન્માન કરવામાં આવ્યું છે. તો 'ગુજરાત સાહિત્ય ઉર્દુ અકાદમી' – ગાંધીનગર દ્વારા વર્ષ ૨૦૧૪નો ગૌરવ પુરસ્કાર, તત્કાલિન મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના હસ્તક આપવામાં આવ્યો હતો. જેમાં રૂા. ૧ લાખનો ચેક તથા સન્માનપત્ર આપવામાં આવેલ.*

*કવિએ ૧૯૯૭માં ઈંગ્લેન્ડનો ત્રણ સપ્તાહનો પ્રવાસ કર્યો હતો. ત્યારબાદ કવિ આદિલ મન્સુરી સાથે ૨૦૦૬માં પણ તેઓ ઈંગ્લેન્ડના પ્રવાસે ગયા હતા.*

*કવિએ 'ગુજરાતી ગઝલ'ને ફાંકડી બનાવી છે. સને ૨૦૦૧થી તેઓ શિક્ષક સેવામાંથી નિવૃત્ત થયા પછી પણ ગઝલ સાથે ઓતપ્રોત રહ્યા છે. 'પાલનપુરી ધરતીના કવિરત્નો' નામનો લેખન - સંશોધન - સંકલન સંગ્રહ તેમણે આપ્યો છે.*

*૨૦૧૯માં આ શાયરની સાહિત્યિક સેવા બદલ ૭૦મા પ્રજાસત્તાક પર્વ પ્રસંગે ગુજરાતના રાજ્યપાલ શ્રી કોહલી તથા મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણી દ્વારા પાલનપુર ખાતે બહુમાન - સન્માન કરવામાં આવ્યું હતું.*

***– તંત્રી મંડળ***

*ગુણૈર ઉત્તુન્ગતાં યાતિ નૌ ઉચૈરાશન સંસ્થિતઃ*
*પ્રાસાદ શિખરસ્થોપિ કાકઃ કિં ગરુડાયતે.*
***– રાજા ભર્તૃહરિ***

બાણું લાખ માળવાના ધણી એવા રાજા ભર્તૃહરિએ લખેલું 'વૈરાગ્ય શતક'નું આ સૂત્ર છે. ભર્તૃહરિ કહે છે કે – નાણાં મેળવવાથી શ્રીમંત નથી થવાતું, ઊંચા આસને બિરાજમાન થવાથી

કાંઈ વેદવ્યાસ નથી બની શકાતું, કાગડો રાજમહેલના ઊંચા શિખર પર બેસે તેથી તે ગરુડ ન બની શકે. ગરુડ થવા માટે ગરુડનાં લક્ષણ કેળવવા પડે, પ્રતિભા હાંસલ કરવી પડે.

**એવી રીતે કવિ બનવા માટે પણ પ્રતિભા કેળવવી પડે.** જો પ્રતિભા જ ન હોય તો કવિ બની શકાતું નથી. શબ્દ, અર્થ, ગુણ અને અલંકારનું જે વડે પ્રતિભાન થાય છે તે પ્રતિભા.

આવા પ્રતિભાશાળી શાયર - કવિ એટલે 'મુસાફિર' પાલનપુરી. ગુજરાતી ગઝલમાં મુસાફિર પાલનપુરીનું અદકેરું સ્થાન છે, મોટું નામ છે. કવિને ઊર્મિના પ્રવાહ પર, અર્થના આંદોલિત થતા ભાવો પર ને અભિવ્યક્તિ સાથે, છંદ વિષયક અને ભાષા વિષયક ઉપર પૂર્ણ શ્રદ્ધા છે. અર્થાત્ કાવ્યના તમામ ઘટક તત્ત્વો પર કવિને ભરોસો છે, ને તેમણે તે ઘટક તત્ત્વો સચેતન કરી બળુકી ગઝલો સમાજને ચરણે ધરી છે.

**મુશાયરાના કવિ તરીકે 'મુસાફિર'નું નામ જાણીતું છે.** મુશાયરામાં જો 'મુસાફિર' પાલનપુરી ન હોય તો એ મુશાયરો ફિક્કો લાગે છે. કવિ ખુદ આ વાત સ્વીકારે છે ને લખે છે :

***પ્રેમનું જેને ઘેન રહે છે, માત્ર ગઝલ એને જ સુણાવો,***
***સાવ નિરસ લાગે છે મ્હેફિલ, જાવ મુસાફિરને બોલાવો.***

અહીં કવિએ પોતાની પ્રશંસા નથી કરી, એક વાસ્તવિક્તાનું દર્શન પણ કરાવ્યું છે. મુસાફિર, ખલીલ ધનતેજવી વગર મુશાયરા જામતા જ નથી. આ બંને શાયરો વધારે દાદ મેળવે છે.

લક્ષ્ય અને સાધ્ય એક હોવા છતાં તેને સિધ્ધ કરવાની જટીલ પ્રક્રિયાઓને આ શાયરે સરળ બનાવી છે અને તેમની પ્રત્યેક તામીરોને પ્રાણવંતી બનાવી છે. તેમનું મંથન દરેક શે'રને ધબકાવી રહ્યું છે. શાયરે ખડું કરેલું ભાવવિશ્વ લાજવાબ છે, ઘૂંટે ઘૂંટે પીવા જેવું છે. મુસાફિરની ગઝલમાં ઉભરાતી લહેરો તેને અન્ય કવિઓથી જુદા પાડે છે. તેમની અભિવ્યક્તિમાં નવીનતા છલકાતી જોવા મળે છે.

***પ્રેમની એક અસલ ચિનગારી, એ જ મીરાં, એ જ મુરારિ,***
***હોય છે કેવો શબ્દનો જાદુ, જોઈ લો અમને ધારી-ધારી.***

શાયરનું ભાષાકર્મ નિકહત (સુગંધ) પ્રગટાવે છે, કશિશ અયાં કરે છે. શબ્દો પુરજુબાં બને છે, છતાં ગઝલ ખુલ્લી થતી નથી. શાયરે પોતાની રચનાઓમાં ભલે શબ્દોનો પરિષ્કાર નથી કર્યો, તેમ છતાં તેમા આપમેળે જ શણગારી ભાવોના આંદોલનો અભિવ્યક્તિ પામી રહ્યા છે.

*કવિનો એક શે'ર જુઓ :*

***મન એક વીરડી મીઠી સદા સંતૃપ્ત રાખે છે,***
***પછી દરિયાને દરવાજે ટકોરા કેમ હું મારું?***

આ શે'ર ઘણા ભાવોમાં તહરીર થયો છે. તેના અનેક અર્થો નીકળે છે. શૃંગારિક અર્થ પણ આ શે'ર વ્યક્ત કરે છે અને સંતોષની ઝલક દેખાડે છે. કેવા ભાવથી તેને મૂલવવો એ ભાવક પર નિર્ધારીત છે.

માનવનું ચિત્ત હંમેશ દશ્ય વિષયમાં જ ગળાડૂબ રહેલું છે. દશ્ય - વિષયમાંથી નિવૃત્ત થયેલું ચિત્ત જ આત્માના ચિતચિદ્ સ્વરૂપનું દર્શન કરાવે છે, ને ખુદ કરી શકે છે. અને એ કામ આપણા સંતોએ જ કર્યું છે. તત્ત્વદર્શી સાચા સંતોની વાણી શુદ્ધ હોય છે. એના શબ્દો સત્ય હોય છે. હૈયે હોય તેવું જ તે હોઠે લાવે છે. એટલે જ આપણા શાયર કવિ મુસાફિર કહે છે :

***હૈયે એવું હોઠે બોલે,***
***ગણજો એને સંતની તોલે.***

મીરાંબાઈએ કૃષ્ણભક્તિમાં કાળી કામળી ઓઢી લીધી હતી. કાળા રંગ પર બીજો કોઈ રંગ ચઢતો નથી. એકવાર ઈશ્વર - અલ્લાહની તલબ લાગી જાય છે પછી બીજું કંઈ સુઝતું નથી. તેના કદમ ઈશ્વરના ધામ તરફ ઈશ્વરના બેસણાં તરફ જ ચાલ્યા કરતા હોય છે. ઈશ્વરના નામનો ઘૂંટ પીધાં પછી જીવને તરસ જ લાગતી નથી અને કાળી કામળી ઓઢ્યા પછી સંસારના કાળા રંગો તેના ઉપર ચઢતા નથી. કવિએ આવી વાત પોતાના શે'રમાં કરી છે તે જુઓ :

***ઓઢી જે ઘેલી મીરાંએ, એ ચાદર ઓઢાડો અમને,***
***પ્યાસ પછી ક્યારેય ન લાગે, એવું કંઈક પીવાડો અમને.***

ઈશ્વરની જેને લગની લાગી છે એ ઈશ્વર - ખુદા તરફ જ મુખ રાખી પ્રાર્થના, બંદગી કરે છે. દારૂડિયો કાંઈ મંદિરે જતો નથી. એ દારૂખાનું મતલબ કે મયખાનું જ શોધતો હોય છે. મુસાફિરની આ ગઝલનો શે'ર વાંચતા મને ઉર્દૂ શાયર 'અસદ ભોપાલી'નો એક શે'ર યાદ આવે છે :

***તલબ હો જીસે મય કી, મયખાનેં કી ઔર જાતે,***
***હમારા કદમ તો મસીદો મેં હી રૂક જાતે.***

કવિ - ગઝલકાર **જયંતી જોશી 'શબાબ'** પણ કહે છે કે – શબ્દના મૂળમાં ધ્વનિ અને ચિત્રાત્મક્તા હોય છે. વારંવારની પુનરોક્તિ કે સમાજ વ્યવહારને કારણે તેને ઘસારો પહોંચે છે. શબ્દ પોતાની ચિત્રાત્મક્તા ખોઈ બેસે છે. કવિ જ એવો છે, જેનો શબ્દ ન કેવળ તાજો કે સતેજ રહે છે પરંતુ સમૃદ્ધતર થતો જાય છે.

કવિને જે અભિપ્રેત છે તે જ ગઝલમાં આવિર્ભુત કર્યું છે. તેથી તેમની રચનાઓ દમદાર બની છે. જોઈએ વધારે એક શે'ર :

***ઘણી વેળા તો એવા દંભથી વર્તે છે આ દુનિયા,***
***મળે છે શ્વાસ પણ જાણે કે એની મ્હેરબાનીથી.***

માનવધર્મમાં સત્ય, જીવદયાનું મહાત્મ્ય ખૂબ મોટું છે. પરંતુ આજે દંભ અને કૃત્રિમ જીવન વધતું જાય છે અને આ કૃત્રિમતાએ

જ માણસને અનેક રૂપમાં રૂપાંતરિત કરી વિવિધ મહોરાં પહેરાવી દીધાં છે. પરિણામે માણસ ઘમંડી બની ગયો છે અને આખું વિશ્વ જાણે છે કે પોતાની જ મહેરબાનીથી ચાલે છે એવું મહેસૂસ કરી રહ્યો છે અને હવામાં ઉડી રહ્યો છે.

આ દંભી લોકો કે જે ગુમાનમાં ફરે છે, જૂઠનાં આવરણ નીચે શ્વાસ ભરે છે અને ખુદને જ સર્વસ્વ માને છે એવી વાત કવિએ કરી છે. કવિ પોતાની બીજી એક ગઝલના શે'રમાં આવા ખાબોચિયાં પર વેધક કટાક્ષ કરતા લખે છે :

***કરાવી દે ઓ સૂરજ એમના અસ્તિત્વનું દર્શન,***
***ઘણા ખાબોચિયાં ખુદને સમંદર જેમ માને છે.***

આવા દંભી, અભિમાની અને અહમથી છલકાતા માણસો વિશે આપણા ઉર્દુના શાયર 'અર્શી ભોપાલી' તેમના આગિયા જેવા ગણે છે ને ખાખ થઈ જતા બતાવતાં લખે છે :

***જબ પતંગે નિકલે થે ખુર બનને કે લિયે,***
***બન સકા ન શમ્સ વો, ખુદ કો જલા દિયા.***

એક દિવસ બધા આગિયાઓ (જૂગ્નુઓ) એકઠા થયા ને વિચાર્યું કે આપણામાં પણ પ્રકાશ પ્રગટાવવાની શક્તિ છે. તો પછી આ સૂરજનું શું કામ? ચાલો, આપણે જ સૂરજ બની જઈએ. ને બધા ઉડ્યા. પણ સૂરજની ગરમી સહન ન થતાં અધવચાળે જ બળીને ખાખ થઈ ગયા.

**આ જાલીમ જમાનામાં સરળ, સીધા-સાદા માણસોનું કામ નથી.** આવા સરળ હૃદયના ને ભોળા લોકોને આ જગત અળગા જ રાખે છે. એવી વાત મુસાફિર પોતાની ગઝલના શે'રમાં કરે છે. જુઓ :

***ખટકું છું પથ્થરોની આંખમાં એ જ કારણ,***
***ફૂલોનો હું સમર્થક વર્ષો સુધી રહ્યો છું.***

*વળી પાછા કવિ શે'રમાં શું કહે છે તે પણ જુઓ :*

***પોંખાઉં છું બધે હું એનું છે ખાસ કારણ,***
***હું સાવ પારદર્શક વર્ષો સુધી રહ્યો છું.***

સંસારી માનવીઓ દોષથી તરબતર થયેલા જીવો છે. તે પોતાની જાતને શુદ્ધ કરી શકતા નથી. જીવ સ્વભાવથી જ દુષ્ટ છે, સ્વરૂપથી દુષ્ટ નથી. જીવ સ્વભાવથી ઉપર ઊઠી સ્વરૂપમાં સ્થિર થાય તો તે પોતાના સ્વરૂપને જ જોવા લાગે છે, સ્વભાવને નહીં. આવી વાત કરતા કવિ મુસાફિર લખે છે :

***વિચાર્યું હતું કે દઈ દઉં ઈંટનો ઉત્તર હું પથ્થરથી,***
***પરંતુ મુજને મારી ખાનદાની યાદ આવી ગઈ.***

કવિ કહે છે કે મારી પીઠ પાછળ ઘા કરનારાઓને જોઈને મને થયું કે આ લોકોને હું બતાવી દઉં કે તું શેર છે તો હું ક્યાં અધશેર છું? ઈંટનો જવાબ પથ્થરથી દેતા મને આવડે છે. પણ મેં ખાનદાનીની ગળથૂથી પીધી છે. મારી ખાનદાની મને એ પાયરી પર જતા રોકે છે. અહીં જીવ સ્વભાવનું નહીં પણ પોતાના સ્વરૂપનું દર્શન કરે છે એમ કવિ કહેવા માંગે છે. જીવ જ્યારે પોતાના સ્વરૂપનું દર્શન કરે છે ત્યારે તેને બધા લોકો - બધું જ સમરસ લાગવા માંડે છે.

*કવિનો આવો જ બીજો એક શે'ર જુઓ :*

***હરીફો એટલે મારી તરફ કાદવ ઉછાળે છે –***
***ખબર છે એમને કે ફૂલ પણ સામે નહીં મારું.***

આપણા મોટા ગજાના ગુજરાતી કવિ-વિવેચક **જમિયત પંડ્યા** કહે છે કે – જે કાવ્ય ભાવકને વ્યંજના સુધી પહોંચાડવાની શક્તિ ન ધરાવતું હોય તે ગમે તેવો શણગાર સજેલ હોય છતાં અસરકારક નહીં બની શકે. અર્થનિષ્પત્તિને માત્ર વાણી પરનો કાબૂ સાર્થક નહીં કરી શકે. **કાવ્ય વાંચતાં જ એનો પ્રથમાર્થ તો સમજમાં આવવો જોઈએ,** તે પછી વ્યંજના સુધી પહોંચવનો પરિશ્રમ આનંદમય બની શકશે. માત્ર પરાપૂર્વના સંબંધોને સાંકળવાથી નિરર્થકતાની શંકા જન્મશે, અને એ પ્રકારની પંક્તિઓનું આયોજન કાવ્ય માટે ઉત્તમ નથી કે ઉત્તમ ન ગણી શકાય.

સરહદે લડતાં લડતાં શહીદ થયેલા જવાનની લાશને ત્રિરંગામાં વિંટાળીને પોતાના વતનમાં લઈ આવે છે ત્યારે કવિનો રાષ્ટ્રપ્રેમ ઉછળી પડે છે. કવિ લખે છે :

***દૂર હિમાલયને ખોળેથી, આવી લાશ, ત્રિરંગો ઓઢી,***
***મરવું હોય તો આમ જ મરજો, મારી તમને એ જ અરજ છે.***


અંતે કવિ મુસાફિર પાલનપુરીએ કરેલી સંસારી - સંન્યાસની વાત જોઈએ :

***કલમનો સંગ લીધો, અક્ષરી અજવાસ લઈ લીધો,***
***અમે સંસારમાં રહીને પરમ સંન્યાસ લઈ લીધો.***

*"સંસ્કૃતિ દર્શન" કાર્યાલય,*
*રતનપરા શેરી નં.-૧, નીલકંઠ બંગલાની સામે,*
*બાગ દરવાજા, માણાવદર-૩૬૨ ૬૩૦. (જિ. જૂનાગઢ)*
*મો. ૮૭૩૫૯ ૦૨૪૨૪*

## અમદાવાદ : કોટ વિસ્તાર

અમદાવાદમાં અત્યારે જે કોટ દેખાય છે તે મહેમૂદ બેગડાએ બનાવ્યો હતો. પૂરને કારણે તેમજ અનેક હુમલાઓને કારણે નુકસાન થવાથી કોટની મરામત કરાવવાની અનેકવાર ફરજ પડી હતી. કોટને આશરે ૧૮ દરવાજા હતા. જેમાં પાંચકુવા દરવાજો અને પ્રેમ દરવાજો રેલવે આવ્યા પછી પાડવામાં આવેલા.



આધાર

# ચુકાદો



વાસુદેવ સોઢા

અડધી રાત વીતી ચૂકી હતી. સેવાદાસની આંખોમાં ઊંઘ ન હતી. મંદિરના શિખર પર ધજા ફરફરી રહી હતી. તેની માફક સેવાદાસના હૃદયમાં પણ ફફડાટ હતો.

આવતીકાલે અદાલતનો ચુકાદો આવવાનો છે. એ ચુકાદો અદાલત પોતાની ભાવના કે લાગણીને લક્ષમાં લઇને નહીં આપે. ત્યાં વકીલોની જોરદાર દલીલો, સાબિતીઓ અને સાક્ષીઓને સાંભળીને ચુકાદો આપશે.

પોતાનો સાક્ષી તો માત્ર આ મંદિરમાં વિરાજતા ઠાકોરજી છે. પોતાના દિલમાં રહેલી મમતા, એ જ તેના પક્ષકાર હતા. અદાલતમાં દલીલો હતી, પણ મારી હૈયાની સાચી જુબાની છે. મમતાનો મુકદ્દમો હતો, પ્યારની પરખ હતી. વહાલ એ જ વકીલ હતો. બસ, સેવાદાસના પક્ષે આ બધું હતું.

સેવાદાસ ધ્રુજતા અંગે ઉભા થયા. સફેદ દાઢી પર હાથ ફેરવ્યો. માથાના રૂપેરી વાળની જટાની લટો ખભાને ઢાંકતી હતી. શરીર પર પિતાંબર સરખું વસ્ત્ર હતું.

એ મંદિરના પછવાડે આવેલા ઓરડા તરફ આગળ વધ્યા. ઓરડાના બારણાંને હળવો ધક્કો માર્યો. બારણું ખાલી વાસેલું જ હતું. ઓરડામાં પિતાંબર સરખો પીળો પ્રકાશ રેલાઈ રહ્યો હતો. એ પ્રકાશમાં બે યુવતીઓના ચહેરા ચમકી રહ્યા હતા.

એક જ પલંગમાં પડેલી બંને બહેનો. એકનો પગ બીજીની કેડ પર પડ્યો હતો, બીજીનો હાથ પેલીની પીઠને વીંટળાયેલો હતો.

સેવાદાસ આ દૃશ્ય જોઈ રહ્યા. તેના મોં પર મલકાટ આવીને અદૃશ્ય થઇ ગયો. કાલે કદાચ આવું દૃશ્ય તેની નજરે ન પડે. કદાચ આ છેલ્લી વાર હું જોતો હોઈશ...!!

અને ધીરે રહીને પલંગની પાસે આવ્યા. પલંગ પરથી નીચે પડી રહેલી રજાઈ એણે ઉંચકી. બંનેને સરખી ઓઢાડી. બંનેના ચહેરા પર મૃદુ હાથ ફેરવ્યા. છતાં બંનેમાંથી કોઈની ઊંઘ ઉડી નહીં. કેટલી નિર્ભય થઈને ઊંઘતી હતી, બંને બહેનો...!!

સેવાદાસને યાદ આવ્યું. બંને સાવ નાની હતી ત્યારથી જ પોતાની પાસે સુવા ટેવાયેલી હતી. હેમલતા અને તેનો પુત્ર રજનીકાંત તો તેના ઓરડામાં જઇને સૂઈ જતા, પણ આ બંને દાદાજીના પડખા વિના સૂતી જ નહીં. બંને છોકરીઓ બંને પડખામાં સૂતી. સેવાદાસ જરા આ તરફ જોતા, તો નાની બોલી ઉઠતી, “દાદાજી, તમે માલી બાજુ ફલો...” ને દાદાજી તે તરફ ફરતા, તો મોટી મરડાતી, “નહીં દાદાજી, તમે માલા તલફ ફલો...!” દાદાજી આમથી તેમ મોં ફેરવતા રહે, બંને ન સુએ ત્યાં સુધી પડખા ઘસતા.

સવારે વહેલા ઉઠી, નાહી-ધોઇને મંદિરમાં ભગવાનની આરતી ઉતારે ત્યારે ટંકોરીના અવાજે બંને જાગીને મંદિરના ચોકમાં આવીને બેસી જતી. દાદાજીના હાથમાં રહેલી આરતી અને ટંકોરીનો રણકાર સાંભળતી. સેવાદાસ મનોમન કશીક સ્તુતિ ગણગણતા. તે ભાવવિભોર થઇને જોઈ રહી હતી.

ત્યારથી માંડીને આજ સુધી, એણે દાદાજીનો છેડો છોડ્યો નથી.

...ને સેવાદાસનું ગળું રૂંધાવા લાગ્યું. કદાચ આવતીકાલે હેમલતાને બંને પૌત્રીઓનો કબજો સોંપી દે. સેવાદાસજીના જીવનમાં આ આઘાતનો પ્રસંગ બન્યો.

પુત્રવધૂ છોકરીઓનો કબજો મેળવવા માટે કોર્ટે ચડી હતી. સેવાદાસની સમાજમાં એક સંત તરીકેની છાપને કલંક લાગ્યું હતું. છતાં સમાજ તો પુત્રવધૂની જ નિંદા કરતો હતો, – સંત જેવા સસરાને કોર્ટે ચડાવ્યા...! તેથી હેમલતા તરફ જ સમાજ આંગળી ચિંધતો હતો. સેવાદાસ જેવો દરિયાદિલનો માણસ. આ જન્મમાં મળવો મુશ્કેલ હતો. એણે તો હેમલતા માટે, પોતાના દીકરાની વહુ માટે કેટલાય કડવા ઘૂંટ ગળે ઉતારી દીધા હતા.

રજનીકાંત સેવાદાસનો દીકરો હતો. તેણે કહેલું, “બાપુ, તમને મંદિરની ગાદી અને મહંતોનો મોહ છે. તમે સંસારમાં રહીને પણ વિરક્ત રહી શકો. હું તમારી પરંપરા નહીં નિભાવું. હું હેમલતા નામની છોકરીને પ્રેમ કરું છું. તેને પરણીશ અને પછી કોઈ શહેરમાં જઇને સંસાર વસાવીશ.”

સેવાદાસે હસીને રજનીકાંતને છૂટ આપેલી. બંને માટે સંસાર ચલાવવા આર્થિક જોગવાઈ પણ કરી આપેલી. પરંતુ ઈશ્વરને મંજૂર ન હોય તેમ હેમલતાને બે પુત્રીઓનો જન્મ થયો, ને એક અકસ્માતમાં રજનીકાંતનું મૃત્યુ થયું.

વિધવા પુત્રવધૂને સેવાદાસ પોતાની પાસે લઈ આવેલા. નાની બંને બાળકીને પ્રેમથી ઉછેરવા લાગ્યા. પણ હેમલતાની યુવાની જોઈ, સેવાદાસે સામેથી જ પ્રસ્તાવ મૂકેલો, "બેટા, હેમા... તું બીજા લગ્ન કરી લે...!"

"ના બાપુ, હવે તમારી સેવા એ જ મારું ધ્યેય...! બંને બાળકી મોટી થઈ જશે. **મંદિરના પ્રાંગણમાં સંસ્કાર મળશે, પણ શિક્ષણ તો શાળામાં મળશે ને...!**" એવું હેમલતાએ કહેલ. સેવાદાસે બાળકીઓ અને હેમલતાને શહેરમાં રહેવા માટેની સગવડ પણ કરી આપી.

પણ ત્યાં સેવાદાસને સહી ન શકાય તેવી ઘટનાનો સામનો કરવાનો આવ્યો.

હેમાને તેની બાજુમાં રહેતા એક લુચ્ચા અને પરીણિત માણસ જોડે આંખ લડી. યુવાની હતી. ભૂખ હતી. તે સેવાદાસ સમજતા હતા. પણ હેમલતાએ જે વ્યક્તિની પસંદગી કરી, તેથી નારાજ હતા. સેવાદાસે વહુને ઘણી સમજાવી.

**"બેટા, તું કોઈ લાયક માણસ સાથે લગ્ન કરી લે, તો હું સાથ આપું. પણ આ રીતે કલંકિત જીવન તો ન જીવાય ને...!"**

હેમલતા માની નહીં. એક દિવસ છોકરીઓને છોડીને પેલા લુચ્ચા માણસ સાથે પલાયન થઈ ગઈ.

– બસ, ત્યાર પછી સેવાદાસ બંને પુત્રીઓને ઘરે લાવ્યા. તેમનું લાલન પાલન અને શિક્ષણ બંને સંભાળી લીધું. બંને પુત્રીઓને માનું જરાય ઓછું ન આવવા દીધું. તેમને નવડાવવા, ખવડાવવા, રસોઈ કરવી, તેમના કપડાં પહેરવાની જવાબદારી સેવાદાસે સંભાળવી, તેમની નાની મોટી જરૂરિયાત, તેમના વાળ ધોઈ દેવા, તેમના વાળ ઓળી દેવા...! તમામ કામ સેવાદાસ, મમતાથી કરતા.

એક મધુર સ્વપ્ન આવીને ઉડી ગયું તેવું સેવાદાસે માની લીધું. ભૂતકાળને જાણે ભીતરમાં ભંડારી દીધો. અને પૌત્રીઓ પણ એટલી જ સમજદાર નીકળી. વય વધવાની સાથે તેમની સમજણ વિકસવા લાગી હતી.

આજે બંને પૌત્રીઓ યુવાનીના ઉંબરે આવી પહોંચી. તેમણે ક્યારેય પોતાની મા વિશે સવાલ જ નહોતો પૂછ્યો. એટલી મમતા, એટલું વાત્સલ્ય તેમના દાદા પાસેથી મળ્યું હતું.

**નિરંતર એક રાગમાં, એક સૂરમાં અને એક તાલમાં વાગતું જીવનનું સંગીત પણ ક્યારેક ખરાબ થઇ જવાથી ખળભળી ઉઠે છે.** એકાદો બેસૂરો તાલ વાગી જાય, ત્યારે સંગીત બેસૂરું બની જાય છે.

સેવાદાસના જીવન સંગીતમાં ફરી વિક્ષેપ ઉભો થયો હતો. પુત્રવધૂ હેમલતાને પેલો લુચ્ચો છોડીને ચાલ્યો ગયો. તેની પાસે રહેલું ધન અને યૌવન આથમી ગયા, એટલે પેલો ચાલ્યો ગયો.

હેમલતા પાછી આવી. આટલા વર્ષે આવી. દીકરીઓને લેવા આવી. દીકરીઓને મનાવી, પોતાની પાસે રાખવા માટે સમજાવવા આવી.

પણ સેવાદાસે હેમાને સ્પષ્ટ જણાવી દીધું. દીકરીઓ તારી સાથે નહીં રહે.

હેમલતા કોર્ટે ચડી. આજે ચુકાદો છે... હા... ચુકાદો...!! શું આવશે? જે આવે તે... પણ પોતાના જીવનમાં આવા આવા રંગો આવશે એની તો સેવાદાસે કલ્પના પણ નહોતી કરી.

બીજા દિવસે દીકરીઓને લઈને સેવાદાસ કોર્ટમાં હાજર થયા. જજ સાહેબ કયો ચુકાદો આપે છે, તેની સૌ રાહ જોતા બેઠા હતા.

હેમલતા પોતાની બંને દીકરીઓ પાસે આવી. તેમને સમજાવવા લાગી – "કદાચ કોર્ટ કહે કે તમે દાદા સાથે રહી શકો, તો તમે શું કરશો?"

"કોર્ટ ચુકાદો કંઈ પણ આપે, પણ અમે દાદાજીને નહીં છોડીએ...!" બંને બોલી ઉઠી.

"પણ, દાદાજી કેટલા દિવસ? એ તો વૃદ્ધ થયા છે. પછી તમારો આધાર કોણ?"

**"અત્યારે દાદાજીને આધારની જરૂર છે. અમે દાદાજીના આધાર છીએ, જેમણે નાનપણથી અમને આધાર આપ્યો. તેમને છોડીને ચાલી જઈએ...? એ ના બને...** મમ્મી. ના...! અમે તારા જેવા સ્વાર્થી નથી. તારે કોર્ટનો ચુકાદો સાંભળવો હોય તો સાંભળ, પણ અમારો ચુકાદો એ છે કે અમે દાદાજી સાથે જ રહીશું...! તેમની સેવા કરશું...!" બંને બહેનો બોલી.


મોટી બોલી, "સાંભળી લીધો તેં ચુકાદો...?"

– હેમલતા ત્યાંથી સડસડાટ કોર્ટની બહાર નીકળી ગઈ!!

*૨૪, આદર્શ નગર,*
*ચક્કરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧.*

## અમદાવાદની વાવ

**અમદાવાદની ત્રણ વાવ જાણીતી છે : અડાલજની વાવ, દાદા હરિની વાવ અને માતર ભવાનીની વાવ. એ સિવાય પણ અમદાવાદમાં અનેક વાવો હતી જેમાં ઈસનપુરની વાવ, જેઠાભાઈની વાવ તેમજ શાહીબાગમાં સ્ટેશન ઉપર મીઠાખળી પાસે અને મણિનગરમાં પણ વાવનું બાંધકામ થયેલું જોવા મળે છે.**



સૃષ્ટિ

# નારી તારાં નવલાં રૂપ



ડૉ. નવીનચંદ્ર ત્રિવેદી

નારીનું અસ્તિત્વ બ્રહ્માંડના ઉત્પત્તિકાળથી જ છે. સમગ્ર વિશ્વમાં જ્યારે શૂન્યાવકાશ હતો ત્યારે પ્રથમ બ્રહ્માનું પ્રાગટ્ય થયું. પછીના સમયમાં વિશ્વના વિકાસ માટે સૃષ્ટિનું અવતરણ કરવામાં આવ્યું. આ સૃષ્ટિ, એ જ બ્રહ્માએ સર્જેલી પ્રકૃતિ, જેને આ વિશ્વનું મૂળ નારી રૂપ ગણી શકાય. **બ્રહ્મા અને સૃષ્ટિના સાયુજ્યથી વિશ્વમાં અગણિત પ્રાણી જગતનું નિર્માણ થયું.** ભૂચર, જળચર, ખેચર અને પછી પશુ-પક્ષી જેવા વિવિધ રૂપોના અંતે માનવ જગત પ્રગટ્યું. આ માનવ જગતના સુખ અને વિકાસ માટે બ્રહ્માએ સ્ત્રી પુરુષનું સાયુજ્ય સર્જ્યું. આમ, આ પૃથ્વી પર નારીનું અવતરણ થયું.

ભારતીય સંસ્કૃતિમાં આદિકાળથી શાસ્ત્રો અને પરંપરામાં નારીના અસ્તિત્વની સ્વીકૃતિ પૂરા સન્માન, પૂજા અને ગૌરવ સાથે થઈ છે. **નારીને આદ્ય શક્તિ રૂપે પૂજવા એને નવરૂપધારીણી 'નવદુર્ગા' ગણવામાં આવી છે.** સમાજમાં એનું સન્માન વધારતાં નારીને દેવી રૂપે ધર્મકાર્યમાં સ્થાપિત કરી છે. એટલે જ મનુ સ્મૃતિમાં **'યત્ર નાર્યસ્તુ પૂજ્યતે'** કહીને, નારી પૂજાથી દેવો પણ પ્રસન્ન થાય છે એમ કહેવાયું છે. હા, આ વાત શાસ્ત્ર સમજતા શિક્ષિત અને સાત્ત્વિક વૃત્તિવાળા સમાજ પૂરતી જ મર્યાદિત રહી, જેનું વરવું પરિણામ આવ્યું.


ભૂતકાળમાં શિક્ષણ અને ધર્મ સંસ્કારોથી વંચિત અભણ અને જડ સમાજમાં નારીનું અસ્તિત્વ જોખમાયું. પુરુષોએ નારીને હડધૂત કરી. પગની જૂતી, વાસનાપૂર્તિનું રમકડું, કઠપૂતળી ગણી. એટલું જ નહીં, 'પશુ ઔર નારી, તાડનકે અધિકારી' ગણવાની નીચતા અને ધૃષ્ટતા દર્શાવી. તેને માત્ર ઘરકામ કરનારી નોકરડી ગણી એના પર અત્યાચાર, શોષણ અને તિરસ્કાર વરસાવવા માંડ્યો. આમ, ધાર્મિક સાંસ્કારિક પરંપરાથી વિપરીત સમાજમાં નારીની દુર્દશાએ માઝા મૂકી.

પરંતુ 'સમય સમય બલવાન હૈ' કહેતી (કહેવત) અનુસાર શિક્ષણનો વ્યાપ વિસ્તરતાં, ધીમે ધીમે સમાજમાં નારી પ્રત્યે સમાજની સમજ અને દૃષ્ટિ તો બદલાઈ જ, સાથે સાથે શિક્ષિત થઇ રહેલી આજની નારી પોતાના અસ્તિત્વ અને આત્મસન્માન પ્રત્યે વધુ જાગૃત પણ થઇ ગઈ છે. પહેલાં નારી શિક્ષણ હતું જ નહીં, હવે નારી શિક્ષણ વધતાં સ્ત્રીસમાજ પોતાના સન્માનનો અધિકાર અને શોષણ - તિરસ્કારના વિરોધ માટે જાગૃત થયો છે. એ આજે પુરુષપ્રધાન સમાજ સામે લડી લેવા મેદાને પડ્યો છે. એનું સારું પરિણામ જોઈ શકાય છે. ઘરકામની મર્યાદામાંથી બહાર નીકળી આજની નારીએ વ્યાપાર, રાજકારણ, રમતગમત, પર્વતારોહણથી માંડી કલ્પના ચાવલાની જેમ અવકાશ યાત્રી બનવા સુધીની પાત્રતા કેળવી લીધી છે. **આ પુરવાર કરે છે કે શિક્ષણની ઝળહળતી જ્યોતના તેજમાં નારીનું અસલ રૂપ પુનઃ પ્રતિષ્ઠિત થવા લાગ્યું છે.**

દેહ રૂપે નારી તો એક જ આકૃતિમાં જોવા મળે છે, છતાં તેનાં કાર્ય, પ્રેમ, સંવેદના અને ભાવના પ્રમાણે તે કેટકેટલા રૂપોમાં પ્રગટે છે. દીકરી, ભગિની, પત્ની, માતા જેવા પારિવારીક રૂપ ઉપરાંત શક્તિ, પ્રેરણા, ક્ષમાધરિત્રી જેવા એના ભાવનાત્મક રૂપો પણ જોવા મળે છે. **પરિવાર અને સમાજની પરિસ્થિતિ મુજબ નારી પોતાના જીવનને સહજ અને સરળ રીતે ઢાળી દે છે.** ઈશ્વરે આપેલી એક અનોખી કોઠાસૂઝ અને શક્તિથી જ નારી આવા નવલા - નોખા રૂપે સમાજમાં જોવા મળે છે.

પુરુષ અને સ્ત્રી એક જ માનવ અસ્તિત્વમાં બે ભિન્ન દેખાતાં રૂપ છે. બેઉ સમાન છે. બળ, બુદ્ધિ, સમજ અને સંવેદનામાં કોઈ ઉતરતું કે ચડિયાતું નથી. અલબત્ત, આદિકાળથી પરંપરામાં પુરુષપ્રધાન વલણ સ્થાયી થયું, સ્વીકારાયું અને તે ગતાનુગતિક ચાલતું રહ્યું. પરિણામે દુનિયાના દરેક દેશમાં જાહેરજીવન, સમાજ અને પરિવારમાં પુરુષની મહત્તા વધતી ગઇ ને સ્ત્રીનું પ્રાધાન્ય ઘટતું ગયું. પરંતુ આ પ્રાકૃતિક નહીં, માનવીય ભેદ અને ભૂલ છે. હિંદીના ઉત્તમ **કવિ સુમિત્રાનંદન પંતે** એમના એક કાવ્યમાં નારીના બેઉ પાસાં વિવેકયુક્ત અને સુંદર શબ્દોમાં વર્ણવ્યા છે : "યદી કહીં હૈ સ્વર્ગ, તો વહ હૈ નારી કે ઉર કે ભીતર" પંક્તિથી શરૂ થતા કાવ્યના પૂર્વાર્ધમાં કવિએ નારીના ઉત્તમ ગુણો, તત્ત્વોનો પરિચય આપ્યો છે. એ પછી ઉત્તરાર્ધમાં "યદી કહીં હૈ નર્ક, તો વહ ભી હૈ નારી કે ભીતર" કહી નારીના દુર્ગુણોને પણ દર્શાવ્યા છે. અંતે કવિ સૂચવે છે કે, નારી તરફની તમારી સંવેદના, વિચારધારા, અપેક્ષા જ એનું રૂપ તમારી સામે

(અનુસંધાન : જુઓ પાના નં. – ૩૮ ઉપર)



નારી ગૌરવગાથા – ૫

# સિંધુતાઈ સપકલ : હજારો અનાથ બાળકોની માતા



અશોક સરિયા



**સિંધુતાઈ સપકલ**
**"(૧૦૪૨ બાળકોની માતા)"**
**મો. ૯૩૨૬૫ ૩૫૨૨૪, ૯૩૭૧૦ ૭૪૨૫૬**

*હારના ભી નહીં, મરના ભી નહીં,*
*ડરના ભી નહીં, પીછે મુડના ભી નહીં.*

★

*કરુણાની અપાર શક્તિ, પહાડો કરતાં પણ મોટો સંઘર્ષ,*
*છતાં પણ ક્યારેય જિંદગીમાં હાર ન માની.*

★

*સ્મશાનમાં સળગતી ચિતા ઉપર મરનારને અર્પણ કરેલો પીંડ શેકીને ખાધો. ભીખ માંગીને પોતાનું પેટ ભર્યું. આજે સેંકડો આવા અસહાય અને અનાથ બાળકોની મા બની ગયા છે. એટલું જ નહીં દાદી પણ બની ગયા છે. સેંકડો લોકોની જિંદગીના ઉધ્ધારક બની ગયા છે.*

ભારત વિશ્વનો બીજા નંબરનો સૌથી વધુ વસતી ધરાવતો દેશ છે અને તેમાં પણ બાળકોનું પ્રમાણ નોંધપાત્ર છે. તેમાંના ઘણા બાળકો એવા છે કે જે અનાથ છે અથવા તો તેમના મા-બાપ દ્વારા ત્યજી દેવાયા છે. સાથે સાથે સમાજમાં પણ તેમનો અસ્વીકાર થઈ રહ્યો છે. અને આથી તેઓ ગરીબીમાં પોતાનું જીવન વ્યતીત કરવા મજબૂર બનીને કંઈ કેટલીય તકલીફો સહન કરીને પોતાનું જીવન વિતાવતા હોય છે.

સ્માર્ટ ફોન, ટેબલેટ્સ અને વિવિધ ટેકનોલોજીકલ ગેઝેટ્સના આ આધુનિક યુગમાં એક વસ્તુ બચી ગઈ હોય તો તે માતાનો અપ્રતિમ પ્રેમ છે. આપણામાંથી મોટાભાગના લોકોને એ વાતનો ખ્યાલ નથી હોતો કે તેનું મહત્ત્વ કેટલું છે. એના મહત્ત્વને તો સુપેરે એ જ જાણી શકે છે કે જેને માતાના પ્રેમની હૂંફ ક્યારેય સાંપડી ન હોય. જ્યારે આપણે ક્યાંય કોઈ અનાથ બાળકને જોઈએ છીએ કે તેના વિશે સાંભળીએ છીએ ત્યારે આપણે શું કરીએ છીએ? તેના વિશે થોડી મિનિટો દુઃખની લાગણી અનુભવીએ છીએ, તેના સારા જીવન માટે પ્રાર્થના કરીએ છીએ અને તેને મદદ કરવાની વાતને આપણે પોસ્ટપોન્ડ કરીએ છીએ કારણકે આપણે તેને લાંબા સમય સુધીનો લાભ થઈ શકે એવું કંઈ પણ કરી શકતા નથી. ત્યારે આપણે સિંધુતાઈ સપકલ વિશે જાણવાનું વધુ મહત્ત્વનું બની રહેશે, જે ૧૨૦૦થી વધુ બાળકોની મા છે અને ૧૦૫૦થી વધુ બાળકોની દાદી છે. જો આ સંખ્યા તમને અચંબિત કરતી હોય તો આ કહાની વાંચીને તમારા શ્વાસ થંભી જશે.

સિંધુતાઈ સપકલનો જન્મ ૧૯૪૮માં મહારાષ્ટ્રના વર્ધા જિલ્લાના પીંપરી મેઘે ગામમાં પશુપાલન સાથે સંકળાયેલા એક કુટુંબમાં થયો હતો. તેઓ એક વણજોઈતું બાળક હતું જેને 'ચિન્ધી' (કપડાંનો તૂટેલો લીરો – ગાભો) નામ આપવામાં આવ્યું હતું. જે તેમને ક્યારેય ગમતું ન હતું. તેમને એક છોકરી હોવાને લીધે શિક્ષણ, સ્વાસ્થ્ય જેવી બાબતોમાં બહુ બધી પ્રતિકૂળતાઓનો સામનો કરવો પડ્યો. તેમના પિતાનું નામ અભિમનજી સાઠે. તેઓ તેને ભણાવવા માંગતા હતા પરંતુ તેની માતાને તેના શિક્ષણમાં કોઈ રસ હતો નહીં. એટલે તેનો વિરોધ કરતા. આથી તેઓ માત્ર ૪ ધોરણ સુધીનો જ અભ્યાસ કરી શક્યા અને ત્યારબાદ માત્ર ૧૦ વર્ષની નવજાત ઉંમરે તેના ૩૦ વર્ષના એક વ્યક્તિ સાથે લગ્ન કરી દેવામાં આવ્યા.

આવી કેટલીય અગવડતાઓ છતાં પણ સિંધુતાઈ તેના વર્તમાનમાં પીસાતા રહ્યા પરંતુ મનમાં એક એવી અખંડ આશા હતી કે ભવિષ્યમાં જરૂર કાંઈક સારું થશે. લગ્ન પછી તેઓ વર્ધા જિલ્લાના

જ નવરગાંવમાં ગયા. જેમ મિણબત્તી પોતે સળગીને બીજાને પ્રકાશ આપે છે, તેમ સિંધુતાઈનો સ્વભાવ પણ હંમેશાં અન્યોને મદદરૂપ થવાનો રહ્યો છે. પોતે ઘણી તકલીફોમાં જીવ્યા છે એટલે લોકોની તકલીફ તેઓ સારી રીતે જાણતા હતા. સિંધુતાઈના પતિ અને ગામના લોકો પશુપાલન સાથે સંકળાયેલા હતા અને સ્ત્રીઓ આ પશુઓના છાણને રસ્તામાંથી ઉપાડવાનું કામ કરતી હતી.

વર્ષ ૧૯૭૨માં વર્ધામાં **શ્રી રંગનાથન** કલેક્ટર હતા. તેમની સામે સિંધુતાઈએ રજૂઆત કરી કે તમે રસ્તાઓને સાફ રાખવા માટે મજૂરોને મહેનતાણું આપો છો. અમે અહીં પશુઓના છાણ વીણીને રસ્તાઓ સાફ રાખવાનું કામ કરીએ છીએ, તો અમને પણ તેની મજૂરી આપો. શરૂઆતમાં આ વાતને ધ્યાને ન લેવાઈ પરંતુ સિંધુતાઈએ ન્યાય માટે લડત કરી અને આખરે ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ દ્વારા આ વિસ્તારની છાણ ઉપાડવાનું કામ કરતી મહિલાઓને મહેનતાણું આપવાનું શરૂ કરવામાં આવ્યું. જેનાથી ગામની મહિલાઓને સહારો મળ્યો. આ વખતે સિંધુતાઈ સગર્ભા હતા.

મહિલાઓને મહેનતાણાની વાત ગામના અમુક લોકોને ન ગમી. સિંધુતાઈના આ પ્રયત્નથી આ વિસ્તારની ઘણી મહિલાઓને લાભ થયો પરંતુ આનાથી કોઈકને તો ગેરલાભ થયાની ગ્લાનિ થઈ હશે એટલે એક ટીખળખોર વ્યક્તિએ ગામમાં એવી અફવા ફેલાવી અને સિંધુતાઈના પતિને કહ્યું કે એના પેટમાં જે બાળક ઉછરી રહ્યું છે તે મારું છે! આ વાતથી છંછેડાઈને તેના પતિએ તેનો બહિષ્કાર કર્યો. એટલું જ નહીં, તેને માર માર્યો અને મરવા માટે પશુઓના તબેલામાં ઢસડીને મૂકી દીધી. તેને એમ, કે તે મરી ગઈ છે પરંતુ તેને પશુઓએ મારી છે એવું દેખાઈ આવે એટલે પશુઓને છૂટા કરી મૂક્યા. જેથી અકસ્માતે મૃત્યુ થયું હોય એવું લાગે. આ દરમિયાન સિંધુતાઈ બેહોશ બની ગયા હતા. બેહોશીમાં જ તેમણે એક બાળકીને જન્મ આપ્યો. ગાયો તેમની આસપાસ દોડી રહી હતી. પરંતુ **રામ રાખે તેને કોણ ચાખે.** એક ગાય અહીં સિંધુતાઈ પાસે ઊભી રહીને અન્ય ગાયોને અહીંથી દૂર ભગાડી રહી હતી અને સિંધુતાઈનું રક્ષણ કરી રહી હતી. ભાંભરીને સિંધુતાઈને જગાડવાનો પ્રયત્ન કરી રહી હતી.

સિંધુતાઈ જાગ્યા ત્યારે તેમને ખ્યાલ આવ્યો અને આ બાળકની નાળ તેમણે પથ્થર દ્વારા કાપી. નાળ કાપવા માટે તેમને પથ્થરના ૧૬ જેટલા ઘાવ કરવા પડ્યા. ખૂબ દર્દ સાથે તેમણે આ કાર્ય કર્યું. ગાયે મા બનીને તેમની રક્ષા કરી એટલે સિંધુતાઈ તેને ભેટીને ખૂબ રડ્યા અને તેને જિંદગીભર એના જેવી જ પ્રેમાળ મા બની રહેવાનું વચન આપી દીધું. તરછોડાયેલી આ મહિલા તેના પિયરમાં આશરા માટે ગઈ પરંતુ ત્યાંથી પણ તેને જાકારો મળ્યો. આખરે તેમણે આત્મહત્યા કરવાનું વિચાર્યું અને ટ્રેનના પાટા ઉપર જઈને બેસી ગયા. પરંતુ ખોળામાં રહેલ બાળક સામે જોતાં તેમનો જીવ ન ચાલ્યો અને તેમણે કુદરત જે પરિસ્થિતિમાં જીવાડે એ પરિસ્થિતિમાં જીવન જીવવાનો સંકલ્પ કર્યો.

હવે ભૂખ પણ ખૂબ લાગી હતી. એટલે તેઓ નજીકના સ્મશાનમાં લોકો અંતિમ સંસ્કાર કરીને તેના માટે જે પિંડ મૂકે તેને સળગતી ચિતાની અગ્નિમાં શેકીને પોતાનું પેટ ભર્યું. ત્યારબાદ સ્ટેશન ઉપર અન્ય ભીખારીઓને ભીખ માંગતા જોઈ, તે પણ તેમની સાથે બેસી ગયા અને જે મળ્યું તેમાંથી પણ બેસેલા ભીખારીઓ સાથે મળીને પેટનો ખાડો પૂરવા માટે તેમણે સંઘર્ષ કરવો પડ્યો. ત્યારબાદ તેમણે શેરીઓમાં અને ટ્રેનમાં ગીતો ગાઈને લોકોનું મનોરંજન કરીને ભોજન મેળવવા માટે પ્રયત્નો કર્યા.

આ દરમિયાન તેમને અનુભવ થયો કે આવા તો કેટલાય અસહાય લોકો અને અનાથ બાળકો છે, જે ગરીબી અને સામાજિક તિરસ્કારનો ભોગ બનેલા છે. એટલે તેમણે આવા લોકોને સાથે લઈને તેમના માટે પણ ભોજન પાણીની વ્યવસ્થા માટે પ્રયત્નો કરવાની શરૂઆત કરી. લોકો પાસે જઈને તેમને ભાષણ આપીને રાશન એકત્ર કરવાની શરૂઆત કરી. તેઓ લોકોને કહેતા કે **અનાથ બાળકો છે એ પણ તમારા બાળક જેવા જ છે.** તો તમારાથી થઈ શકે એટલી મદદ આવા બાળકો માટે કરો. અને આ રીતે મહારાષ્ટ્રના ચીકલદરામાં સિંધુતાઈ દ્વારા **"સન્મતિ બાલ નિકેતન આશ્રમ"**ની સ્થાપના થઈ અને હજારો અનાથ અને ત્યજાયેલા બાળકોને અહીં સહારો અને આશરો મળ્યો.

**આજે આ આશ્રમમાં ૧૨૦૦ જેટલા અનાથ બાળકોને આશ્રય મળ્યો છે** અને તેમની તમામ જરૂરિયાતોની પૂર્તિ થઈ રહી છે, એ માત્ર ને માત્ર સિંધુતાઈના પ્રયાસો અને હાર માન્યા વગર અને અણનમ આશા સાથે કરવામાં આવેલા પ્રયત્નોને જ આભારી છે. એટલું જ નહીં, અહીં ઉછરેલા એવા બાળકો કે જેનું સર્વસ્વ સિંધુતાઈ છે એવા ૨૫૦થી વધુ તેમના જમાઈઓ છે, ૫૦ જેટલી વહુઓ છે અને એમના પણ બાળકો છે. એટલે અસહાય લોકોની મા અને દાદી તરીકે પણ સિંધુતાઈએ ખૂબ પ્રેરણાદાયી કાર્ય કરીને પોતાના જીવનને સાર્થક કરી બતાવ્યું છે.

સિંધુતાઈએ અપનાવેલા અને દત્તક લીધેલા આવા કેટલાય બાળકો અહીં રહીને અભ્યાસ કરીને આજે સારી જગ્યાએ સેટલ થયા છે અને આશ્રમને તેમની પણ મદદ સતત મળતી રહે છે. અહીં રહેતા તમામ બાળકોમાં સિંધુતાઈએ સંસ્કાર માણસાઈના ગુણોનું સિંચન કર્યું છે. માણસાઈ તો એવી કે સિંધુતાઈને જે પતિએ જાકારો આપ્યો હતો, તેમને ધુત્કારીને કાઢી મૂકી હતી, એ જ પતિને તેમણે વર્ષો પછી તેની હાલત ખરાબ થતાં, તેને પણ તેમણે સહારો આપ્યો. તેના એ કૃત્ય બદલ તેને માફ કરી દીધા અને તેને પોતાની સાથે રહેવા માટે બોલાવી લીધા. પરંતુ શરત એ રાખી કે હવે હું માત્ર મા છું. તો અહીં અન્ય અનાથ બાળકોની જેમ જ તેમની સાથે રહો. હવે હું તમારી પત્ની નહીં પરંતુ ફક્ત મા છું અને આમ સિંધુતાઈ મમતાની મૂર્તિ, અનંત

સ્નેહ અને દયાની દેવી સમાન બની ગયા છે.

સિંધુ તાઈને ભારતના રાષ્ટ્રપતિ અબ્દુલ કલામ, પ્રતિભા પાટીલ, પ્રણવ મુખર્જી અને રામનાથ કોવિંદ દ્વારા આપવામાં આવેલા ચાર રાષ્ટ્રપતિ પુરસ્કાર, મધર ટેરેસા ઍવોર્ડ, નેશનલ ઍવોર્ડ ફોર આઈકોનિક મધર, અહમદિયા મુસ્લિમ પીસ પ્રાઇઝ ઍવોર્ડ, અહલ્યાબાઈ હોલકર ઍવોર્ડ, સહ્યાદ્રિ હીરાકણી ઍવોર્ડ, રજાઈ ઍવોર્ડ, શિવલીલા મહિલા ગૌરવ ઍવોર્ડ સહિત **૭૦૦ જેટલા નેશનલ અને ઇન્ટરનેશનલ એવોર્ડ મળેલા છે.** તેમના જીવન ઉપર વર્ષ ૨૦૧૦માં અનંત મહાદેવન દ્વારા દિગ્દર્શિત એક મરાઠી ફિલ્મ 'મી સિંધુતાઈ સપકલ' પણ બની છે. **આજે ૭૦ વર્ષની ઉંમરે પણ તેઓ સતત આવા તરછોડાયેલા અને અનાથ બાળકોની ચિંતા કરીને તેમના માટેની શિક્ષણ અને સવલતની તમામ વ્યવસ્થા બની રહે એવા સંઘર્ષભર્યા પ્રયત્નોમાં સતત કાર્યરત છે.**

આવા ત્યજાયેલા બાળકોને સહારો આપીને સિંધુતાઈ આજે હજારો બાળકોની મા બની ચૂક્યા છે. તેમને સરકાર દ્વારા ઘણા સન્માન મળ્યા છે પરંતુ કોઈ સહાય મળી નથી. આજે પણ તેઓને આશ્રમના બાળકોની ભૂખ સંતોષવા માટે અલગ અલગ જગ્યાઓએ જઈને લોકો પાસેથી સહકારની માંગણી કરવી પડે છે અને એ લોકોના સહકાર દ્વારા જ આશ્રમના બાળકોનું પેટ ભરાય છે. ઘણી વખત તો આગળના ટાણાના ભોજનની પણ અનિશ્ચિતતા હોય છે છતાં પણ તેઓ હિંમત હાર્યા વગર જ તમામ પ્રયત્નો કરી રહ્યા છે અને આ રીતે તેઓ મહારાષ્ટ્રમાં એક રીયલ હીરો તરીકે ઉભરી આવ્યા છે. મહારાષ્ટ્રના કોઈ પણ વિસ્તારમાં કોઈ વ્યક્તિ સિંધુતાઈને ઓળખતી ન હોય એવું ન બને.

સિંધુતાઈએ તેના 'સન્મતિ બાલ નિકેતન સંસ્થા'ની સાથે સાથે અન્ય સામાજિક સંસ્થાઓ જેવી કે વનવાસી ગોપાલકૃષ્ણ એજ્યુકેશન એન્ડ સ્પોર્ટસ બ્રોડકાસ્ટ ચીકલદરા, સપ્તસિંધુ મહિલાધર અની બાલસંગોપન ટીચિંગ ઇન્સ્ટિટ્યૂટ હડપસર પૂણે, મમતા બાલ સદન કુંભાર વાલન સાસવડ પૂણે, અભિમાન બાલભવન વર્ધા, ગોપીકા ગાયરક્ષણ કેન્દ્ર નવરગાઉ, સાવિત્રીબાઈ ફૂલે ગર્લ્સ હાઈસ્કૂલ ચીકલદરા વગેરે સાથે પણ સંકળાયેલા છે, કે જે આવા અસહાય લોકોને સહારો પૂરો પાડતા હોય.

*સન્મતિ બાલનિકેતન આશ્રમ : એ.એમ. કોલેજ રોડ,*
*બેલ્હેકર વસતી, મંજરી બી.કે.,*
*વસંતદાદા સુગર ઈન્સ્ટિટ્યૂટની બાજુમાં, પૂણે-૪૧૨ ૩૦૭.*
*ફોન : (૦૨૦) ૨૬૯૯૯૫૪૧, ૯૩૨૬૫ ૩૫૨૨૪,*
*૯૩૭૧૦ ૭૪૨૫૬, ૯૮૮૧૩ ૩૭૯૧૪*

*ડોક્ટર કેમ્પસ, ફિલ્ડમેન એગ્રોએન્જિનિયર્સ પ્રા.લિ.,*
*પ્લોટ નં. સી-૧બી-૨૬૮/એ, આજી જી.આઈ.ડી.સી. ફેઝ-૨,*
*આજી જી.આઈ.ડી.સી. મેઇન રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૩.*
*મો. ૯૯૦૪૮ ૯૦૪૧૭*

## નારી તારાં નવલાં રૂપ

**(અનુસંધાન : પાના નં. – ૩૫ ઉપરથી ચાલુ)**


પ્રગટ કરે છે! મૂળ તો નારી એના એક જ રૂપે છે, આપણો તેના પ્રત્યેનો દૃષ્ટિભેદ જ પાયામાં રહેલો હોય છે.

અંતમાં નારી વિશે જગતના મહાપુરુષોએ પોતાના જ્ઞાન, અનુભવ અને ચિંતન રૂપે આપેલા વિધાનોમાં પ્રગટતા નારીનાં નવલા રૂપોની ઝલક જોઈએ. કવિ મિલ્ટનના શબ્દોમાં : **"સ્ત્રી, એ પુરુષનો પોષાક છે અને પુરુષ, એ સ્ત્રીનો શણગાર છે."** તો બેકનના મતે "સ્ત્રી યુવાવસ્થામાં ગૃહલક્ષ્મી, પ્રૌઢાવસ્થામાં જીવનસંગિની અને વૃદ્ધાવસ્થામાં પરિચારિકા હોય છે." આ વાત જરા જુદી રીતે ડૉ. રાધાકૃષ્ણન કહે છે, "સ્ત્રી પુરુષની સહભાગી, તેના ધર્મની રક્ષક, તેની ગૃહલક્ષ્મી અને તેને દેવત્વ સુધી પહોંચાડનારી સાધિકા છે." મનુ સ્મૃતિએ પણ નોંધ્યું છે : "સુયોગ્ય પત્ની, પરિવારની શોભા છે અને ગૃહલક્ષ્મી છે." એમર્સન સુંદર શબ્દોમાં, નારીને આમ વર્ણવે છે : "સ્ત્રીનું મન એટલે સુંદર ફળદ્રુપ જમીન! સંભાળપૂર્વક એકવાર એમાં આદરનાં મૂળ ફૂટે એટલે જોતજોતામાં તો ઘટાદાર વૃક્ષ બની પ્રેમના ફળ આપવા માંડે!"

આ બધા વિચારકો સૂચવે છે તેમ **આ જગતમાં નારી દરેક દેશકાળમાં, દરેક સમાજમાં માનવજાતનું એક અવિભાજ્ય રૂપ છે.** નારીનું માતૃત્વ એનું પરિપૂર્ણ રૂપ લેખાય છે. માતૃત્વ વિનાની નારી અપૂર્ણ લાગશે. માતૃત્વ જ નારીના ભીતરમાં રહેલા પ્રેમ, સંવેદના, સમજ અને સહનશીલતાને જગત સમક્ષ પ્રગટ કરી આપે છે. એટલે જ ધર્મક્ષેત્રે નારીને માતાનું રૂપ પૂજ્ય ગણાયું ને સ્વીકારાયું છે. નારીનું સર્વોત્તમ રૂપ એક માતા જ છે. આ રૂપ જ નારીને આદર, સન્માન અને પૂજાની અધિકારી ઠરાવે છે.

*૧૫-એ, મહાવીર નગર, એન્જલ સ્કૂલ પાસે,*
*આણંદ-૩૮૮ ૦૦૧. મો. ૯૪૨૭૮ ૫૬૧૫૫*

*સાગરનો ઘુઘવાટ આપણને ગમે છે. સાગરમાં મસ્તી ભરી છે એવી વાતો કરીએ છીએ, પણ એ સાગર પોતાની એવી મસ્તી ટકાવી રાખવા માટે ચોવીસે કલાક ગતિમાન રહે છે એ વાત આપણે ભૂલી જઈએ છીએ. આપણે આપણા શરીરનું લોહી વહેતું રહે એ માટે શું કરીએ છીએ? જાણીએ છીએ કે થોડી કસરત કરવી જોઈએ, હરવું ફરવું જોઈએ પણ આપણામાંથી કેટલા એવું કરી શકે છે?*



સંતોષ

# સારથિયા : ધ વોરિયર્સ



ગોપાલકુમાર જે. ધકાણ

'સારથિયા' શબ્દ શહેરીજનો માટે નવો હશે પણ ગ્રામ્ય જીવનની મજા લીધી હશે એના ચહેરા પર તો આ શબ્દ વાંચી ચોક્કસથી સ્મિત ફરી વળ્યું હશે. ગામડાંમાં લગ્ન પ્રસંગે રસોડાથી માંડી જાન કે મહેમાનોને જમાડવા સુધીની વ્યવસ્થાઓમાં સારથિયાઓનો સિંહફાળો રહેતો. આજકાલ જેમ કેટરર્સવાળાનો સ્ટાફ હોય છે તેમ ગામના જ કેટલાક યુવાનો અને કેટલાક ધરાર જાહેર થયેલા યુવાનો રસોડાનું કામ ઉપાડી લેતા, ત્યારે પંગત પાડીને મહેમાનને પીરસવા જતા યુવાનો એટલે "સારથિયા." **સારથિયા એટલે ઘરધણી અને રસોયા વચ્ચેનો સેતુબંધ.** એક સમયે તો ઘરધણીને ત્યાં આવેલ સારથિયાની સંખ્યા પરથી એમની રખાવટ અને સામાજિક સંબંધોનો ખ્યાલ આવી જતો.

આજકાલના જમણવારમાં પહેલા જેવી મજા નથી કારણકે થાળીથી માંડીને પાણી સુધી તમામ વસ્તુઓ માંગવાની! વળી થાળી લઈને રાહતકામનાં ફોર્મ ભરતા હોઈએ એ રીતે લાઇનમાં ઉભું રહેવાનું. એમાંય કેટલાક અમીરો એટલા ઉતાવળા હોય કે કોઈ આગળ થઈ ગયો હોય તો રીતસર ઘૂર્યા કરે અને ભોજન માટે ઝૂર્યા કરે. આજકાલના લગ્નપ્રસંગો દુષ્કાળ જેવા છે. જેમ હોનારત પછી કેટલીક સેવાભાવી સંસ્થાઓ **ફૂડ પેકેટનું વિતરણ કરતી હોય એમ કેટરર્સ કન્યાઓ ભોજન પીરસતી હોય છે** અથવા જેલમાં કેદીઓને જે રીતે લાઇનમાં ઉભા રાખીને ભોજનની મર્યાદિત માત્રામાં ભૂખ સંતોષવાની હોય એવું આપણને લાગે. જેલમાં બત્રીસ ભોજન આપવામાં આવે તોય અંતે તો હેત વગરના જ ને!

આવા જમણવારમાં પરીણિત પુરુષોની દશા અતિ દયનીય હોય. **એક તો પોતાનું બૈરું હદ કરતા વધુ મેકઅપ ચોપડેલ હોવાથી પોતે જ ઓળખી શકતો ન હોય.** એમાં બીજી સ્ત્રીઓ સામે પોતાની ઘરવાળી છે એમ સમજીને ટગર ટગર જોતો હોવાથી સ્ત્રીવર્ગની ખુસર પુસરમાં નામાંકિત થાય. વધુમાં એક હાથે છોકરું તેડ્યું હોય અને બીજા હાથમાં થાળી હોય. એક છોકરું પાછળ ઢસડાતું આવતું હોય. ઉપરથી કેટરર્સ કન્યા એવું મોઢું કરતી હોય, જાણે થોડીવાર પહેલા જ મૃત્યુ પામીને ફરી જીવતી થઈ હોય. આવી પરિસ્થિતિ વચ્ચે ભૂખ્યા માણસની ભૂખ મરી ન જાય તો શું કરે?!

આ બધી પરિસ્થિતિથી ઉલટું, એટલે આપણા સારથિયા. ખરેખર તો જમણવાર નામના યુદ્ધના સારથી. એટલે એમાં ભગવાન શ્રીકૃષ્ણના દર્શન થાય. જેમ ભગવાને અર્જુનનો રથ હાંક્યો, એમ આ સારથિયા ઘરધણીનું ખળભળી ગયેલું ગાડું હંકારી જાણે અને જ્યારે ભોજન પીરસતા હોય ત્યારે તો જાણે શબરી અને અન્નપૂર્ણાનો અંશાવતાર પુરુષ સ્વરૂપ ધારણ કરીને આવ્યો હોય એવા હેતાળ! લાંબી ઓસરીમાં પંગત પડી હોય. એમાં પણ કેટલાક લોકો ડોકા કાઢીને રસોડા તરફથી આવતી સુગંધની દિશામાં આંખને થાય એટલું જોર આપીને થાળીમાં આવનારી વાનગી માટે ભૂખ પ્રજ્વલિત કરતા હોય. પંગતમાં પીરસવું એટલે સારથિયા બનવા માટેની જાણે પ્રેક્ટિકલ એક્ઝામ. રસોડામાં આપેલ માહિતીને કૌશલ્યમાં બદલવાનો અવસર. દરેકને પોતાની આવડત મુજબ વાનગીઓ ફાળવવામાં આવે અને બધાએ પોતાની જાતને સાબિત કરવાની! સૌપ્રથમ મેદાનમાં આવે મીઠાઈવાળો. એક હાથમાં ત્રણ લાડુડી જોઇને પંગતમાં બેઠેલાને એમ લાગે કે ઓણનું વરસ ધાર્યા કરતાં આ પંથકમાં વધુ સારું થયું છે, ત્યાં પેલો ત્રણ લાડુડીમાંથી એક લાડુડીને થાળીમાં રમતી મૂકી ચાલતી પકડે. **લાડુડી થાળીમાં એમ ફરતી હોય જાણે મુથૈયા મુરલીધરને નાંખેલો ઓફ સ્પિન બોલ ફરતો હોય.** લાડુડી ફીરકી ખાઇને થાળીની કોર પાસે આવે ત્યાં સુધીમાં તો ગાંઠિયાવાળો હુંકાર ભણતો હાજર થઇ ગયો હોય. કપાસના ઉભા પાકને યુરિયા ખાતર દેતો હોય એમ એક મુઠ્ઠી ગાંઠિયા મૂકી આગળ વધે. રોટલીવાળો એકી બેકીની સમસ્યામાં જાણે આંકડામાં ગુંચવાયેલ જુગારી જેવો થઈ ગયો હોય. રોટલીનાં સારથિયા ઘણીવાર ઓછું સાંભળે છે એવું નાટક કરીને પણ પોતે ધાર્યું હોય એવું જ કામ કરે. શાકવાળો સારથિયો એટલે જાણે પ્રજાવત્સલ રાજવી. એક તો એની પાસે મહત્ત્વની વાનગી અને ઉપરથી બધા એની પાસે લાડકાયું કરે – 'રસો ઝાઝો નહીં, બે ફોડવા નાખો', 'લાલો તો બટેકું જ ખાશે', 'અરે રે, આખી થાળીમાં ફેલાવી દીધું' વગેરે સંવાદો સર્જાય. પરંતુ જેમ કોઇ વૈરાગી ગમે ત્યાંથી પસાર થાય પણ એનું મન ક્યાંય ચોંટે નહીં એમ શાકવાળો હોઠ નીચે દબાવેલ સુરેશ તમ્બાકુ સિવાય ક્યાંય પણ મોહિત થયા વિના પોતાનું કર્તવ્ય નિભાવી પસાર થઈ જાય. **દાળ અને છાશના સારથિયા ગજગતિ ચાલ ચાલે.** બધામાં સૌથી જુનિયર અથવા બિનઅનુભવી વ્યક્તિને

સંભારો સોંપવામાં આવે છે. પરંતુ ઘણીવાર વધુ અનુભવી વ્યક્તિ કામચોર કર્મચારીની જેમ પોતાના પૂર્વાનુભવોને આધારે સંભારાનો સહર્ષ સ્વીકાર કરી લે. જેમ દર્દીને એમ્બ્યુલન્સમાં ચડાવતી વખતે માથા બાજુ ન રહેવાય તેમ આવા લોકો લગ્ન પ્રસંગે એવી વાનગીની જ કાથરોટ ઉપાડતા હોય, કે જેમાં વહેલા નવરા થવાય. વળી સંભારો લેનાર બીજા કરતાં ઓછો આંખે થાય છે કારણકે એક તો ઓછું વજન ઉપાડવાનું અને ઉપરથી લેણદાર પણ ઓછા! આમ, સૌથી લુચ્ચો સારથિયો સંભારો સંભાળી, સૌથી પહેલા નવરો થઇ જાય અને બાકીનાં સારથિયાઓ વિશે ખૂણામાં ઉભો ઉભો કોમેન્ટ્રી કરે.

**સારથિયાઓ એક રાઉન્ડ પૂરો કરે કે જાણે ટેસ્ટ મેચનો એક દાવ પૂરો થયા પછી જે માહોલ સર્જાય એવો હોય.** અંદરોઅંદર એકબીજા પોતપોતાના પરફોર્મન્સની આછી સમીક્ષા કરે. ત્યારબાદ કેપ્ટન જેમ બેટિંગ ઓર્ડરમાં જરૂરી ફેરફાર કરે, એવી રીતે સારથિયાનો એક પરાણે પ્રસ્થાપિત કેપ્ટન જરૂરી ફેરફાર કરીને 'ચલાવ'નો આદેશ કરે એટલે બીજો રાઉન્ડ શરૂ થાય. પહેલા રાઉન્ડના અંતે જ સારથિયાઓએ પંગતમાં બેઠેલા ઘટોત્કચના સહોદર જેવા મહેમાનને ઓળખી લીધા હોવાથી બીજા રાઉન્ડમાં એની સાથે અલગ રણનીતિ સાથે મેદાનમાં ઉતરે. આવા લોકોએ જમણવારમાંથી 'મણ' શબ્દને ગંભીરતાથી લઈ લીધો હોય છે. જો કે એમની આ પ્રવૃત્તિની નોંધ 'જમ' ગંભીરતાથી ચોક્કસ લેતા હશે.

રસોઇની કઈ સામગ્રી કેટલી છે અને કેટલી થઈ રહેશે તેનો અંદાજ રસોઇયાને બદલે સારથિયા ગ્રુપનો એક પ્રવક્તા જેમ સરકારી કાર્યક્રમના આંકડા જાહેર કરતો હોય એમ અમુક અમુક સમયે જાહેર કરતો રહે. પ્રવક્તાના શબ્દોને ધ્યાને લઇને કેપ્ટન સારથિયો મીઠાઈની અમુક ડોલને બાકાત રાખીને જે આઈટમ વધમાં હોય એને ઉપરા ઉપરી મોકલીને મહેમાનોને ગુપ્ત સંદેશો પાઠવે છે કે હવે આબરૂ સાથે ઉભું થઈ જવું જ હિતાવહ છે. જો કેપ્ટનને કોઇ રાજકીય નેતાનો દુસંગ લાગેલ હોય તો તે પોતાના સાગરિત સમા એક સારથિયાને કહીને પોતાની ટીમને આરામથી જમાડી શકાય એટલી સામગ્રી સગેવગે કરાવી દે.

જો સારથિયા ગ્રુપમાં કોઈ યુવાની વટાવી ચૂકેલો યુવાન હોય તો જાનમાં આવેલી સ્ત્રીઓની તે વિશેષ સંભાળ લે. જો પોતાની જ જ્ઞાતિની કન્યા હોય તો એંઠી થાળી પણ ઉપાડી લે. છાશનો મસાલો બીજા કોઇને મળે કે ન મળે, પણ પેલી માટે વ્યવસ્થા કરી આપે. જો કે તેને પોતાના નસીબ ઉપર પાક્કો ભરોસો હોય છે કે આ બે કલાકના ફિલ્મનો અંત શું છે! જેમ સવારે ખીલેલા ફૂલ સાંજે કરમાય છે તોય સારો માળી એની દેખભાળ કરે છે, એમ આવો સારથિયો અલગથી સર્વિસ આપીને આત્મસંતોષ મેળવે છે અને છેવટે એમ વિચારે છે કે ચાલો, આપણે પ્રયત્ન તો કર્યો!

ઘણીવાર સારથિયાના પરાક્રમોથી અમુક ઘરધણી અગાઉથી પરીચિત હોવાથી અથવા પોતે સારથિયા થઇને ક્યાંય ગયા હોય અને કોઈ કાંડ કરેલ હોય એવા સંજોગોમાં પોતે ક્યાંક આવા પરાક્રમનો શિકાર ના બને એ માટે પોતાના ઘરના સભ્યો કે આવેલ મહેમાનમાંથી સાવ અંગત ગણી શકાય એવા બે-ચાર વ્યક્તિની સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ બનાવીને તપાસ કામગીરી સોંપે. વળી આ ટીમના સદસ્યો પેટા કોન્ટ્રાક્ટના ભાગરૂપે અમુક લબરમૂછિયાઓને જાસુસ તરીકે સારથિયા ગ્રુપમાં મોકલે. આવા જાસુસો એકાદ રાઉન્ડમાં સારથિયાના રોલમાં આવી જઈને જમવા બેઠેલા દરેકને ત્રણ વાર પૂછે, આપું...? આનાથી ઉલટું, **સારથિયો પોતે જ ઉતાવળો હોય તો હજી આપણે 'આપો' બોલીએ ત્યાં આપણી સામે મીઠાઈની બદલે શાક આવી ગયું હોય.**

આમ, સારથિયા ખરા અર્થમાં સૈનિકો હતા. માવા, પાન, તમાકુ, બીડી, ચા – એમનો દારૂગોળો હતો. આખું યુદ્ધ પૂરું થયા પછી સૈનિકો પાસે માત્ર એમનો જીવ અને સંતોષ – બે જ ચીજ વધી હોય એમ સારથિયા પણ પ્રસંગના અંતે સંતોષ લઇને ઘરે જતા. **બીજાના રૂડા પ્રસંગે સંતોષ માનનારા આવા સજ્જન લોકો હવે ક્યાં મળે?** ઉપરથી આજકાલ થતી દેખાદેખીને લીધે હવેની પેઢીને તો ટપાલપેટી બનીને આવેલ હાવભાવથી પૂર્ણ રીતે મુક્ત કરી શકાય એવી પૂતળી જેવી કેટરર્સ કન્યાના કચકચિયા જીવે પીરસેલું ભોજન જમવાનું છે.

*હરિરાજ ચેરિટેબલ ટ્રસ્ટની સામે,*
*મોહન નગર, હનુમાન પરા રોડ,*
*અમરેલી - ૩૬૫ ૬૦૧. ● મો. ૯૪૨૮૬ ૧૬૮૩૦*

## ગુલમહોર

★ *પરમાત્માના ચરણે ફૂલો મૂકવા મંદિરે ન જાઓ,*
*પહેલાં તમારા પોતાના ઘરને પ્રેમની સુગંધથી ભરી દો.*


★ *પરમાત્માની સમક્ષ દીપ-ધૂપ કરવા મંદિરે ન જાઓ,*
*પહેલાં તમારા પોતાના હૃદયમાંથી અપરાધનો અંધકાર દૂર કરો.*

★ *પ્રાર્થનામય ભાવે પરમાત્મા સમક્ષ તમારું શીશ ઝુકાવવા માટે મંદિરે ન જાઓ,*
*પહેલાં તમારા બાંધવો સમક્ષ નમ્રતાથી શીશ ઝુકાવતાં શીખો.*

★ *ઘુંટણિયે પડીને પ્રાર્થના કરવા માટે મંદિરે ન જાઓ,*
*પહેલાં વંચિત અને તરછોડાયેલા છે*
*તેમને ઉપર ઉઠાવવા માટે થોડા નીચા નમો.*


★ *તમારા અપરાધો બદલ ક્ષમા માગવા મંદિરે ન જાઓ,*
*પહેલાં જેમણે તમારો અપરાધ કર્યો છે તેઓને ખુલ્લા દિલે માફ કરો.*

*– રવીન્દ્રનાથ ટાગોર*



કચ્છ

# કચ્છી નવું વરે – અષાઢી બીજ



પ્રતાપ નારાણજી દંડ

દુનિયાભરમાં વસતા કચ્છીઓ વર્ષોથી, અષાઢી બીજના દિવસે કચ્છી નવું વર્ષ ઉજવે છે... જેને હાલારી સંવત પણ કહે છે.

જગન્નાથજીની રથયાત્રાની જેમ કચ્છી નવું વર્ષ ક્યારથી મનાવાય છે, એ પણ નિશ્ચિત રીતે જાણી શકાયું નથી.

કચ્છના ઈતિહાસમાં જામ ફુલના પુત્ર, લાખા ફુલાણી તરીકે ઓળખાય છે. લોકવાયકા મુજબ કોઈ વખતે... રંગોત્સવ દરમિયાન સાવકી મા ની ઈર્ષ્યાવશ કાન ભંભેરણી અને મિથ્યા કથનના કારણે રાજવી જામફુલ પોતે જ પુત્ર લાખા ફુલાણીને દેશવટો આપે છે. રાજાના આ કૃત્યને, રાજ્યની પ્રજાને મન તો ઘણું ખોટું થયું હોવાનું લાગે છે. લાખા ફુલાણી દેશ નિકાલની સજા સ્વિકારીને અણહિલવાડ પાટણમાં જાય છે અને ત્યાં સામંતસિંહ ચાવડાના રાજકાર્યમાં આપસી ખટપટ નિવારી, સુચારૂ રૂપથી રાજ્ય વ્યવસ્થા ચાલતી કરી આપવાનું મહત્ત્વનું કાર્ય કરે છે.

બીજી બાજુ, કચ્છમાંથી લાખા ફુલાણીનો દેશ નિકાલ થયા બાદ કુદરતી હોનારતો થતી રહે છે અને પ્રજા પાયમાલ બને છે. પ્રજાનો એક પ્રતિનિધિ લાખા ફુલાણીને આ વૃત્તાંત પાટણ જઈને સંભળાવે છે. લાખા ફુલાણીનો વતનપ્રેમ ચરમસીમાએ પહોંચે છે અને એ પુનઃ કચ્છ તરફ દોટ મૂકે છે. લાખા ફુલાણીના આગમનનો એ દિવસ અષાઢ સુદ એકમનો હોય છે અને વતન પ્રવેશ થતાં જ બારેય મેઘ ખાંગા થાય છે. આથી બીજા દિવસે અષાઢી બીજને હરખની હેલી જેવું નવું વર્ષ મનાવાય છે.

લાખા ફુલાણી કચ્છની સત્તા સંભાળે છે. લાખા ફુલાણીનો અશ્વ પ્રેમ, હંજ પક્ષી પ્રેમ, શિવભક્તિ અને પ્રજાની સુખાકારી માટેની કૂવા બાંધવાની તત્પરતા જાણીતી છે.

કહેવાય છે કે, કચ્છ અને ગુજરાતમાં બાજરીને આહાર તરીકેનું મહત્ત્વ સ્થાપનાર લાખા ફુલાણી છે. આજે મૂળ કચ્છી પ્રજા બાજરીને 'લાખા જો ધાન' કહે છે. લાખા ફુલાણીના સ્વદેશ પુનઃ આગમનના વર્ષથી દર વર્ષે અષાઢી બીજને કચ્છી-નવ વર્ષ તરીકે ઉજવવાનો સીલસીલો ચાલુ છે. આ દિવસે કચ્છી નવા ચલણી સિક્કા બહાર પડાતાં અને રાજકીય ઉત્સવો મનાવવામાં આવતા હતા. ચારણી સાહિત્ય મુજબ શક સંવત ૯૦૧માં કારતક સુદ આઠમના રોજ લાખા ફુલાણી યુદ્ધમાં મૂળરાજ સોલંકીના હાથે આટકોટ મુકામે વીરગતિને પામે છે (એટલે કે ઈ.સ. ૯૭૯માં).


જો કે બ્રિટીશ ગેઝેટિયરના મતે આ ઘટના ઈ.સ. ૧૩૪૦માં થયેલ છે. લાખા ફુલાણીને દેશ નિકાલની સજા સામંતસિંહ ચાવડાના રાજ્યકાળમાં થાય છે, જે સને ૯૪૨ પહેલાની ઘટના હતી. મૃત્યુનું નિમિત્ત મૂળરાજ સોલંકી બને છે, જેનો શાસનકાળ સને ૯૪૨થી સને ૯૯૭ હતો. આથી લાખા ફુલાણીનો સમયકાળ ૧૦મી સદી જ હોઈ શકે. આથી અષાઢી બીજે કચ્છી નવ વર્ષની ઉજવણી સને ૯૨૫થી પણ પહેલાથી થતી આવતી હોય તેવું અનુમાની શકાય છે. **કચ્છી બોલીમાં "અસાં" શબ્દ પોતીકુપણું - આત્મીયતા સૂચક છે.** આથી વર્ષ દરમિયાનની તમામ બીજ પૈકી અષાઢની બીજને "અસાંજી બીજ" કહે છે.

*મીંયડા વસ તું મોજ સે, વતન અસાંજો કચ્છ*
*ન્યાલ કરી ડે કચ્છ કે, અષાઢી બીજ જો અચ.*
*ભાંભરે ત્યું ગોયું મૈયું, વછેરા ને વચ્છ*
*મોરલા પ મલાર કરીંતા, મુંધ તે વેલા અચ*
*વાર ન લગાઈજા, વહેલો અચી વસ*
*વાલા તોજી વાટ નેરે તો, પાંજો કચ્છ.*

પ્રાચીન સમયમાં વહાણવટાથી દરિયાપાર વ્યાપાર કરતાં કચ્છી માડુઓ, અષાઢની બીજ પહેલાં કચ્છમાં પરત આવતા. રંગેચંગે નવ વર્ષની ઉજવણી કરતા. પુનઃ ધંધાર્થે નારિયેળી એટલે કે શ્રાવણની પૂનમ પછી વતનની બહાર જતાં. કચ્છી બનાવટના વહાણોની ખાસિયત એ હતી કે સામા પવનની ચાલમાં દુનિયાના અન્ય જહાજોની સાપેક્ષે વધારે તેજ ચાલતા.


વર્ષો પહેલાં કચ્છ પછાત પ્રદેશ ગણાતો હતો. કચ્છમાં વરસાદ ખૂબ જ ઓછો થતો હતો. ૩૦/૪૦ વર્ષ પહેલાં કચ્છમાં ક્યારેક સળંગ ૨ કે ૩ વર્ષ દુષ્કાળ પડતા હતા. ત્યારે કચ્છમાં કેનાલ કે કૂવા ન હતા. કદાચ કચ્છના પાતાળમાં પાણી ઓછું હતું. તેથી વરસાદ આધારિત ખેતી જ થતી હતી. પીવાનાં પાણી માટે પણ તળાવનાં પાણીનો ઉપયોગ કરવો પડતો હતો. કચ્છનાં દરેક ગામડાઓમાં તે સમયે નાના મોટા તળાવો હતા, જે પ્રજા માટે જીવાદોરી સમાન હતા. એટલે લોકવાયકા એવી પણ છે કે **કચ્છમાં અષાઢી બીજના દિવસે વરસાદ આવે એટલે લોકો બીજથી જ ખેતરો વાવે (પોખ કરે). એટલે કે નવા વરસ માટેનાં અન્ન અને પાણીની શરૂઆત તે દિવસથી થાય.** એટલે કદાચ કચ્છી નવું વરસ અષાઢી બીજથી ઉજવાતો આવ્યો છે અને તેથીજ કહેવાય છે કે અન્ન વધે, ધન વધે.

*અમદાવાદ • મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯*



કચ્છ

# કચ્છી ચલણ અંગે જર્મન પ્રકાશન



બાબુલાલ ગોર

ભારત દેશ આઝાદ થયો તે પહેલાંના રાજાશાહી યુગ દરમિયાન કચ્છ રાજયને પોતાનું સ્વતંત્ર અલાયદું ચલણ હતું. ભારતમાં આ પ્રકારના રાજયો બહુ ઓછા હતા, કે જેમને પોતાનું સ્વતંત્ર ચલણ બહાર પાડવાનો વિશેષ અધિકાર હોય. કચ્છના માજી રાજવી શ્રી ખેંગારજી પહેલાએ તાંબાનો દોકડો અને ઢીંગલા બહાર પાડ્યા હતા. ત્યારબાદ મહારાવ શ્રી ભારમલજીએ ઇ.સ. ૧૬૧૭માં મોગલ બાદશાહ જહાંગીર પાસેથી કચ્છી કોરી છાપવાનો અધિકાર મેળવતા, સૌપ્રથમ "જહાંગીરી કોરી" છાપવાની શરૂઆત થઇ હતી.

આમ, મહારાવ શ્રી ખેંગારજી પહેલાએ કચ્છી ચલણ છાપવાની શરૂઆત કરી હતી. તે પરંપરા કચ્છનું ભારત વર્ષમાં વિલીનીકરણ થયું ત્યાં સુધી કચ્છના માજી મહારાવ શ્રી મદનસિંહજીએ ચાલુ રાખી હતી. કચ્છી ચલણમાં સિક્કા છાપવા માટે ખાસ કરીને સોનું, ચાંદી અને તાંબુ વપરાતા હતા. રાવશ્રી ખેંગારજી પહેલા (ઇ.સ. ૧૫૧૦ - ૧૫૮૮)થી ૧૯૪૮ સુધી કોરી, દોકડો, ત્રાંબીઓ, ઢીંગલી, પાયલો, આધીયો, ઢબુ અને રૂપિયા જેવા સિક્કા છપાયા હતા. કચ્છી હસ્તકલા, લોક સંસ્કૃતિ, લોકજીવન આજે વિશ્વભરમાં ઉચ્ચ નામના મેળવતી થઈ છે. તે સાથે કચ્છી ચલણ અને સિક્કા પણ એટલા જ નામાંકિત થયા છે અને તેનો અભ્યાસ કરવા અવારનવાર દેશ-વિદેશના લોકો કચ્છમાં આવતા હોય છે. આમ, કચ્છમાં પ્રવાસન પ્રવૃત્તિને વેગ આપવા માટે કચ્છી સંસ્કૃતિ, કલા-કારીગરી સાથે કચ્છી ચલણ પણ એક અગત્યનું માધ્યમ છે.

છેલ્લા કેટલાંક વર્ષો દરમિયાન નોબર્ટ બાર્ટોનિસ્ક નામના એક જર્મન પ્રવાસીએ કચ્છની અનેક વખત મુલાકાત લીધી હતી. તેમણે કચ્છી સિક્કા પર ઊંડો અભ્યાસ કરીને "DAS GEID VON KUTCH" (THE MONEY OF KUTCH) નામનું જર્મન ભાષામાં એક પુસ્તક પ્રકાશિત કર્યું છે.

કચ્છી ચલણ - સિક્કા પર જર્મન ભાષામાં પુસ્તક પ્રગટ થયું હોય તેવો આ પ્રથમ કિસ્સો છે. વ્યવસાયે ઇજનેર એવા બાર્ટોનિસ્કનો જન્મ ૧૯૩૪માં પોલેન્ડના સિસોશિયા શહેરમાં થયો હતો. ૧૯૫૧થી જર્મનીના સ્ટોલબર્ગ નામના શહેરમાં સ્થાયી થયા છે. તેઓ છેલ્લા ૨૫ વર્ષથી ભારતીય સિક્કાઓનો અભ્યાસ કરી રહ્યા છે.

આ પુસ્તકના પ્રારંભમાં કચ્છનો ઇતિહાસ, ભૌગોલિક સ્થાન, કચ્છી લોકો, તેમનું રોજિંદુ જીવન, કચ્છી લોક સંસ્કૃતિ, કચ્છના જાડેજા વંશનો ઇતિહાસ અને તેમણે કચ્છી ચલણ - સિક્કાઓ છાપવા માટે જે રસ લીધો હતો, તેની વિગતવાર માહિતી, સિક્કાની ડિઝાઈન, સંજ્ઞા, પ્રતીકો, માપ, વજન, ધાતુ વગેરેની સંપૂર્ણ માહિતી જર્મન ભાષામાં પ્રગટ કરી છે. ત્યારબાદ ચલણી નોટના ફોટોગ્રાફસ તેમજ કોર્ટ ફી સ્ટેમ્પના ફોટોગ્રાફસ પણ તેમાં પ્રકાશિત કર્યા છે. આ ઉપરાંત માજી મહારાવશ્રી મદનસિંહજી સુધીના રાજવીઓએ કચ્છી ચલણ અને સિક્કા છાપ્યા છે, તેવા તેર રાજવીઓના ફોટોગ્રાફસ પણ પ્રગટ કર્યા છે.

**કચ્છ વિશે અન્ય ઉપયોગી માહિતી પણ આ પુસ્તકમાં આપી છે. એટલું જ નહીં, પરંતુ કચ્છી ચલણ પર વિશેષ માહિતી આપતું એક કેટલોગ પણ તેમાં આપ્યું છે.** જર્મનીના આ અભ્યાસી નોબર્ટ બાર્ટોનિસ્કને કચ્છી ચલણ - સિક્કા વિશે જરૂરી માહિતી અને માર્ગદર્શન માટે દિલીપ વૈદ્ય, આર.આર. ગોસ્વામી, ઉમેશ પી. જડિયા, રાજવી પરિવારના ભૂપતસિંહજી એમ. જાડેજા, માહિતી ખાતું (ગાંધીનગર)ના એ.ડી. દેસાઈ તેમજ ઓફિસ ઑફ ધ હાઉસહોલ્ડ કોન્ટ્રાક્ટરે સાથ સહકાર આપ્યો હતો, એવું તે પુસ્તકમાં ઉલ્લેખ છે.

*૬૫, ભાનુશાળી નગર,*
*કર્મભૂમિ એપાર્ટમેન્ટની સામે, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૬૩૫૧૭ ૨૬૭૬૭*

## સીદી સૈયદની મસ્જિદ - અમદાવાદ

*બેનમૂન નકશીકામથી વિશ્વભરમાં જાણીતી થયેલી સીદી સૈયદની મસ્જિદને સીદી સૈયદે ઇ.સ. ૧૫૭૨માં બંધાવી હતી. જ્યારે મુગલ સમ્રાટ અકબર ગુજરાતમાં પ્રવેશ્યો તે અરસામાં ભદ્રના કિલ્લાના એક ખુણા તરફ પથ્થરની ઈમારત બંધાવેલ અને તે આગળ જતાં સીદી સૈયદની મસ્જિદ નામથી જાણીતી થયેલી. સીદી સૈયદની જાળી જોવા વિશ્વભરમાંથી અહીં વર્ષે હજારો લોકો આવે છે.*

# કચ્છી નવું વર્ષ – અષાઢી બીજ નિમિત્તે

## પ્રહલાદનગર ખાતે ટિમ્બર પોઇન્ટ - ગાર્ડનમાં કચ્છી લોકોનાં મેળાવડાનું આયોજન થયું

અમદાવાદમાં ઘણા સમયથી કેટલાક કચ્છી ભાઈ-બહેનોનું એક ગ્રુપ વોટ્સએપ પર કાર્યરત છે. આ ગ્રુપનું સંચાલન શ્રી કચ્છી સમાજ - અમદાવાદના ટ્રસ્ટી શ્રી ભરતભાઈ ઓઝા (મો. ૯૮૨૫૭ ૧૪૮૩૩) કરી રહ્યા છે.



પ્રહલાદ નગર સ્થિત ટિમ્બર પોઇન્ટવાળા નરશીભાઈ પટેલ અને તેમના પરિવારે પોતાની તીવ્ર ઇચ્છા વ્યક્ત કરતા અષાઢી બીજ - કચ્છી નવા વર્ષ નિમિત્તે ઉપરોક્ત ગ્રુપના સર્વે કચ્છી દંપતીજનોના એક મેળાવડાનું સુંદર આયોજન તા. ૧૦-૭-૨૦૨૧ના રોજ ટિમ્બર પોઇન્ટના વિશાળ ગાર્ડનમાં કરવામાં આવ્યું હતું. જેમાં કચ્છી વિવિધ ઘટક સમાજોના લગભગ ૪૦ જેટલા દંપતીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમના યજમાન હતા શ્રી નરશીભાઈ પટેલ અને તેમનો પરિવાર. દરેક દંપતીઓને પોતાના નિવાસ સ્થાને આવકાર આપીને નરસિંહભાઈએ કચ્છી નવા વર્ષની વધાઈ દરેકને આપી હતી. તેમણે વધુમાં કહ્યું કે, અમદાવાદ ખાતેના કચ્છીજનો અષાઢી બીજના ઉમંગભર્યા પ્રસંગે સૌ મળે અને પોતાની આગવી ઓળખ સાથે પરસ્પર વિચારોનું આદાનપ્રદાન કરે તે ઉચિત થશે, તેવો એક વિચાર આ મેળાવડા પાછળ રહેલો છે. તેમણે વધુમાં કહ્યું હતું કે, કચ્છી નવા વર્ષે વિવિધ કચ્છી ઘટક સમાજોનો મિત્રગણ અમૂલ્ય રત્નોની જેમ અત્રે બિરાજમાન છે. તેમની ઉપસ્થિતિ અમારા પરિવારજન માટે હર્ષનું કારણ છે. અંતમાં તેમણે જણાવ્યું કે, કચ્છી નવું વર્ષ કોરોનાના સંકટના સમયને દૂર કરીને સૌને આરોગ્યપ્રદ અને આનંદમય રહે તેવી અપેક્ષા સેવું છું.

ત્યારબાદ ઉપસ્થિત સૌ દંપતીજનોએ પોતાનો પરિચય આપીને પોતાની ગતિવિધિથી અવગત કરાવતાં દરેક સભ્યોએ આનંદ વ્યક્ત કર્યો હતો. આ મેળાવડામાં અમદાવાદ ખાતેના શ્રી કચ્છી જૈન સમાજ, શ્રી કચ્છી સમાજ, કચ્છી લેઉઆ પટેલ સમાજ, કચ્છી લોહાણા સમાજ, કચ્છી મારૂ કંસારા સોની સમાજ, કચ્છી નાગર મંડળ, કચ્છ કડવા પાટીદાર સમાજ – નરોડા - ગીતામંદિર - ઓઢવ તેમજ અન્ય કચ્છી ઘટક સમાજોના દંપતીજનોની ઉપસ્થિતિથી ટિમ્બર પોઇન્ટના ગાર્ડનમાં વિવિધ પ્રકારનાં સુગંધીદાર પુષ્પો ખિલ્યા હોય તેવું જણાતું હતું. આ અવસરે ભરતભાઈ ઓઝાએ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. કાર્યક્રમ દરમિયાન યજમાન નરશીભાઈ પટેલનું ઉચિત સન્માન પણ કરવામાં આવ્યું હતું. અલ્પાબેન શાહે કાર્યક્રમની આભારવિધિ કરી હતી. અષાઢી બીજ - કચ્છી નવા વર્ષના શુભ અવસરે જે.આર.જે. ફૂડ્સ પ્રા.લિ.ના જગદીશભાઈ અનમ તરફથી દરેક પરિવારને એક આકર્ષક ગિફ્ટનું વિતરણ થયું હતું. કાર્યક્રમના અંતે સૌએ સ્વાદિષ્ટ ભોજનને ન્યાય આપીને સૌજન્યદાતા શ્રી નરશીભાઈ પટેલ પરિવાર પ્રત્યે ખાસ આભારની લાગણી વ્યક્ત કરી હતી.

*"ધ્રૂજતી ધરાના કારમા ઘા સહીને પણ*
*વણથંભી વિકાસયાત્રા કરી જાણે એ... કચ્છી માડુ!"*

***પ્રસ્તુતિ : દિનેશ આર. મહેતા***

---


*જિંદગી મળવી એ નસીબની વાત છે.*

*મૃત્યુ મળવું એ સમયની વાત છે.*

*પણ મૃત્યુ પછી પણ કોઈના હૃદયમાં જીવતા રહેવું એ જિંદગીમાં કરેલા કર્મની વાત છે...*

*પોતાના વગર દુનિયા અટકી પડશે એવું માનનારાઓથી કબરો ભરેલી છે. કોણ કહે છે, ભગવાનના ઘરે અંધેર છે.*


*સુખ અને દુઃખ તો ઈશ્વરની પ્રસાદી છે. બાકી તો માનવીની સમજ સમજમાં ફેર છે.*



યાદગીરી

# સુમિરે.... બલબીરા

## (સ્મૃતિપટ પર સંભારણાં)



સંપાદક :
બલવીરસિંહ જાડેજા

*(કોઈપણ વાચક પોતાના જીવનના સંભારણાંની વિગત આ વિભાગમાં મોકલાવી શકે છે.)*

### મહેમાનગતિ

*"કાઠિયાવાડમાં કોક દી, ભૂલો પડ્ય ભગવાન...*
*તને સરગ ભૂલાવું શામળા."*

આ જાણીતા દોહાનો પ્રત્યક્ષ અનુભવ મારા બે મિત્રોને થયો છે, જેની વાત એમના જ શબ્દોમાં....

***સૌજન્ય :*** શ્રી યતિન વ્યાસ, સર ભાવસિંહજી પોલિટેકનિકના સહ અધ્યાય (આ પ્રસંગમાં આવતા બધા નામ બદલ્યા છે.)

એ વખતે હું નવો નવો એન્જિનિયર બની, ભાવનગરમાં મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાના ટ્રેક્ટર ડિલરને ત્યાં સેલ્સ ઓફિસર તરીકે જોડાયો હતો. ટ્રેક્ટરના વેચાણ માટે એ વખતે હરીફાઈ ખૂબ રહેતી. અમારી પાસે એ વખતે ભાવનગર અને અમરેલી જિલ્લાની ડિલરશિપ હતી. એક પણ ખેડૂત, ટ્રેક્ટર લેવા માંગે છે, એવી માહિતી મળે, એટલે ટ્રેક્ટરના ડિલરના સેલ્સમેનો, કાળી રાતે પણ એ ખેડૂતનો સંપર્ક કરવા દોડી જતા. મને મારા મિકેનિકે, જે ભાવનગર જિલ્લાના બગસરા પાસે અમારા ટ્રેક્ટરની, વેચાણ પછીની ફ્રી સર્વિસ કરવા ગયો હતો અને પાછો આવ્યો ત્યારે જાણ કરી કે, 'સાહેબ, બગસરા અને કૂકાવાવની વચ્ચે એક ફલાણા ગામના (ગામનું નામ ખાનગી રાખ્યું છે) એક પટેલને ટ્રેક્ટર લેવું છે, એવી પાકી માહિતી મળી છે.' બપોર થઇ ગઈ હતી. ઓફિસમાં સૌ લંચ બોક્સ ખોલવાની તૈયારી કરતા હતા. મને વિચાર આવ્યો કે, કાલે તો બીજા બધા ટ્રેક્ટરવાળા આ ખેડૂતના ઘરે પહોંચી જશે, ને જો પટેલ એકવાર બીજું કોઈ મોડેલ કે બીજી બ્રાન્ડનું ટ્રેક્ટર લેવાનું નક્કી કરી લેશે તો પછી મારું ટ્રેક્ટર નહીં ખરીદે. હવે...!

મેં મનોમન નક્કી કરી, મારી બાઈકમાં ફૂલ ટાંકી પેટ્રોલ ભરાવી, ઘરે ફોન કરીને કહી દીધું કે, 'મારે એકાએક બહારગામ જવાનું થયું છે એટલે આજે રાત્રે ઘરે આવીશ નહીં.' આમ પણ ઘરના સભ્યો, મારા સેલ્સ અને માર્કેટિંગના કામથી પરીચિત તો હતા જ. હંમેશાં હું એક જોડી કપડાં, ટોવેલ, નેપકીન વગેરે બાઈકની ડેકીમાં સાથે જ રાખતો હતો. મેં મારી સાથે આવવા માટે મિકેનિક, બીજા હેલ્પર કે અન્ય સ્ટાફ મેમ્બર્સને વાત કરી. પણ વરસાદની ઋતુ હતી, ને આટલે દૂર જવાનું હોવાથી, સૌની પાસે, મારી સાથે નહીં આવવાના પોતાના કારણો કે બહાના હતા. મેં એકલાએ જ જવાનું નક્કી કરી, બાઈક મારી મૂકી. વહેલું આવે અમરેલી ને પછી બગસરા.

બગસરા પહોંચતા જ વરસાદ તૂટી પડ્યો. વરસાદ બંધ થવાની રાહ જોતા જ સાંજ પડી ગઈ. થોડો ધીમો થયો એટલે હવે નહીં આવે એમ સમજી મેં ભીંજાતા - ભીંજાતા, એ ગામ, જેનું નામ મને મળેલું, એ રસ્તે બાઈક જવા દીધી. રોડ પર એક મોટું ગામ આવતા પાદરમાં બેઠેલા કોઈને પૂછ્યું કે, 'ફલાણા ગામ (ગામનું નામ) કઈ રીતે જવાય?' 'આ સામે મેડી દેખાય એજ ગામ. પણ કાચો રસ્તો છે ને નેળિયામાં પાણી ભરાયા હશે. એટલે બાઈક નહીં ચાલે. દોરીને લઈ જવી પડશે.' 'કાંઈ વાંધો નહીં' કહીને મેં 'પડશે એવા દેવાશે. આટલા સુધી પહોંચ્યો છું, તો હવે પાછું થોડું જવાય?' એમ વિચારી, ધીમે ધીમે બાઇક જવા દીધી. એકાદ માઈલ દૂર ગામ હશે ત્યાં જ નેળિયું આવ્યું. થોડું પાણી હતું એટલે ખબર પડી નહીં કે કેટલું ઊંડું હશે. વળી અંધારું પણ થઈ ગયું હતું. બાઈકની લાઇટના અજવાળે, મેં તો ઈષ્ટદેવનું સ્મરણ કરી, બાઈક ચલાવી. થોડો દૂર ગયો અને એકાએક, બાઇકનું ચાલવાનું અટકી ગયું. એન્જિન ચાલુ હતું પણ બાઈક કેમે કરીને આગળ ખસે નહીં. હવે...? એક્સિલેટર આપું તો વ્હીલ ત્યાં ને ત્યાં, એક જ જગ્યાએ ફરવા લાગ્યા પણ બાઈક જરા પણ ખસ્યું નહીં. થોડીવારમાં કંટાળીને બાઈક બંધ કર્યું. ઉતરીને ખેંચવા પ્રયત્ન કર્યો. ખૂબ જોર લગાવ્યું, તોય બાઇક ખસ્યું નહીં. પાણીમાં હું ઉભો હતો ત્યાં ગારો હતો. મારી ધારણા સાચી પડી કે વ્હીલ ફરવાથી ગારા રૂપે માટી મડગાર્ડમાં ચોંટી ગઈ હતી. હવે...? અજાણ્યો વિસ્તાર, રાતનો સમય. શું કરવું કાંઈ સુઝતું નહોતું. ત્યાં જ એક ખેડૂત જેવા ભાઈ દેખાયા. એ પણ આ ગામ બાજુ જઈ રહ્યા હતા. મને પરસેવો લૂછતો જોઈ પૂછ્યું, 'શું થયું?' મેં વિગત સમજાવી. અમે બંનેએ જોર કરી બાઇકને ખેંચીને બહાર કાઢવા પ્રયત્ન કર્યો પણ બાઈક જરા પણ ખસ્યું નહીં. હવે? મને

એમણે પૂછ્યું, ક્યાં જવું છે? મેં મારી ઓળખાણ આપી, આ ગામના તેજા પટેલને ટ્રેક્ટર લેવાનું હોવાથી મળવા જવું છે એમ બધી વિગત જણાવી. એ ભાઈએ કહ્યું, 'તમે અહીં જ રહેજો. હું તેજા પટેલને જઇને વાત કરું છું.'

થોડીવાર, મારી ઉતાવળ અને આવા સમયે નીકળવાની મૂર્ખાઈ ઉપર વિચાર કરતો, રાત અહીં જ, આવી રીતે જ ગાળવી પડશે, એવું વિચારતો હતો, ત્યાં જ... દૂરથી બે જણા વાતો કરતા નજીક આવતા હોય એમ લાગ્યું. થોડીવારમાં હાથમાં બત્તીનો પ્રકાશ દેખાયો. નજીક આવી એક ભાઈએ પૂછ્યું, 'તમે જ તેજા પટેલના ઘરે આવતા હતા?' મેં કહ્યું, 'હા.' 'હું એમનો દીકરો નરશી છું. તમે એમ કરો, આ ભાઈની સાથે, અમારા ઘરે જાવ. આ મારો ભાઈબંધ હિંમત છે. હું અહિયા ઉભો છું.' 'પણ આ બાઈક?' 'એની ચંત્યા કરવાની જરૂર નથી. બધું થઈ પડશે. વરસાદનું ટાણું છે. જલ્દી ઘર ભેગા થવું જોવે.' કહી મને નરશીએ હિંમત સાથે ગામમાં રવાના કર્યો.

અમે ઘરે પહોંચ્યા, ત્યાં તો તેજા પટેલ મારી રાહ જ જોતા હતા. 'એ આવો આવો મહેમાન, ખરા કટાણે પોગ્યા ને શું! કાંઈ વાંધો નહીં બાપલા, ચંત્યા કરતા નહીં. હવે ઠેકાણે પુગ્યા છો. ભલે આવ્યા. અમારે આંગણે મે'માન ક્યાંથી! ગરમ પાણી મૂક્યુ શે, હાથ મોઢું ધોવો, ને ક્યો, પેલા ચા પીવી શે, કે, સીધા વાળુ કરવા બેહવું શે?' 'ના, ના. પેલા મારી બાઈક...?' 'અરે ભાઈ, શું નામ કીધું તું ઓલ્યા મગને?' 'યતિન વ્યાસ.' 'હા, તો વ્યાસ ભાઈ, હમણાં તમારી બાઈક આવી જાસે. હિંમત બે જણાને લઇને ગાડું જોડીને નરશી પાહેં પૂગીને બાઇકને ગાડામાં ચડાવી અબઘડીયે લઇ આવસે, ચંત્યા કરો મા. હાલો, ઉનું પાણીયે, થઈ ગયું. હાથ મોઢું ધોઈ લો.' એમ કહીને મને ધોયેલી પછેડી આપી, ને આંગણામાં ચોકડી બતાવી, હાથ મોં ધોઈ ને ઓસરીમાં ઢાળેલા ખાટલામાં નવી નક્કોર રજાઈ પાથરેલી હતી તેના પર હજી તો બેઠો, ત્યાં જ ગરમા ગરમ ચા આવી ગઈ. 'વ્યાસભાઈ, કાંઈ સંકોચ રાખસો મા હોં. નિરાંતે ચા પીવો. વહુ દીકરા મારા હાટુ પણ ચા લાવજો. હુંયે વ્યાસભાઈ, ભેગો, અડાળી ક પીસ, મેમાનને એકલું નો લાગે.'

હું વાતની શરૂઆત કરવા જતો હતો કે, 'હું મહિન્દ્રા ટ્રેક્ટરના ડિલર...' ત્યાં જ મારી વાત અધવચ્ચે કાપીને તેજાભાઈ બોલ્યા, 'એ બધી વાત પછી વ્યાસભાઈ. પેલા વાળુ કરી લઈએ. પછી નિરાંતે વાત કરીએ. નરશી ને હિંમત આવે એટલે થાળી પીરસો.'


થોડીવારમાં ગાડે ચડાવીને મારું બાઈક આવી ગયું. ડેલી બહાર ઉતારી, ડેલીમાં બે-ત્રણ જણા ઢસડી લાવ્યા. મને મનોમન હાશકારો થયો. બાજરાના ગરમા ગરમ રોટલા, ઉપર ઘરની ભેંસનું ચોખ્ખું ઘી, રીંગણાનું શાક, ખીચડી, કઢી ને આથેલા મરચા, દૂધ ને ભેગો ગરમ શીરો (મેમાનને લાપસી કે શીરો ખવડાવ્યા વિના મેમાનગતિ અધૂરી ગણાય!) આગ્રહ કરીને પેટ ભરીને જમાડ્યા પછી, ખાટલે બેસાડી, તેજા પટેલ બોલ્યા, 'હવે જે વાત કરવી હોય એ વાત કરો વ્યાસભાઈ.' મેં મારી પૂરી ઓળખાણ સાથે, આવવાનું પ્રયોજન, અમારા ટ્રેક્ટરની વિશેષતા સાથે, એની ખૂબીઓ અને બીજા ટ્રેક્ટર કરતાં અમારું ટ્રેક્ટર કઇ રીતે ચડિયાતું વગેરે વિસ્તારથી સમજાવ્યું. પછી થોડીવાર વિચાર કરીને તેજા પટેલ બોલ્યા, 'આટલી સમજણ સાથે, તમારી કંપની, જેનું નામ દુનિયામાં જાણીતું છે, એ તો હું ને ઘરના બધા જાણીએ છીએ. છતાં ઠેઠ ભાવનગરથી, આવા ટાણે તમે આયાં આવવા દાખડો કર્યો, ઈ જ બહુ મોટી વાત છે, ને અમારા મેમાન બન્યા ઈ પણ અમારા માટે, અહોભાગ્ય કેવાય! મહિન્દ્રાનું ટ્રેક્ટર તો સારું છે ને હશે જ. પણ તમે એક ઘરાક હારુ આટલી તકલીફ લઇને આવ્યા છો, એટલે અમે તમારું જ ટ્રેક્ટર લેવાના ઈ વાત પાકી. તમારો ફેરો ફોગટ નહીં જાય, બસ.' આ સાંભળીને જાણે મને શેર લોહી ચડ્યું. પછી તો મોડી રાત સુધી વાતો કરતા રહ્યા, ને મારા ટ્રેક્ટરની ડિલિવરી લીધી ત્યારે, ફરી આગ્રહ કરી મને બોલાવ્યો અને મારા બીજા સ્ટાફની સાથે, લાડુ, દાળ-ભાતની મિજબાની પણ આપી.

પછી તો અમારા સંબંધ, ખાલી ગ્રાહકના નહીં રહેતા કૌટુંબિક બની ગયા અને મારા ઘણા ટ્રેક્ટર તેજા પટેલની ભલામણથી વેચાયા. હજુ નિવૃત્તિ પછી પણ, મારા અને તેજા પટેલના સંબંધ પહેલા જેવા જ બનેલા છે, ને તેજા પટેલની મહેમાનગતિ આજે પણ યાદ કરીને અહોભાવ અનુભવું છું.

***<u>સંપાદકનું સરનામું</u> : ૧૨, ઘરઆંગણ ફ્લેટ્સ, પ્રોફેસર્સ કોલોની સામે, વિજય ચાર રસ્તા પાસે, નવરંગપુરા, અમદાવાદ-૯. મો. ૯૮૨૫૭ ૦૦૦૯૬***

## ૧૫ ઓગસ્ટ : ગૌરવનો અનુભવ કરાવતો દિવસ

ભારત દેશના નાગરિક તરીકે ગૌરવ લેવાનો દિવસ એટલે આપણો સ્વતંત્રતા દિવસ. ૨૦૦ વર્ષોની ગુલામી અને જોહુકમીની સાંકળમાંથી મહામહેનતે વિવિધ પ્રકારના પ્રયત્નો અને જુલ્મો સહન કરી સ્વતંત્રતા સેનાનીઓએ ભારત દેશને ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ના રોજ આઝાદી અપાવી અને આવતી પેઢીને ગુલામીના પંજામાંથી છુટકારો અપાવ્યો. પણ એના માટે સ્વતંત્રતા સેનાનીઓ અને ક્રાંતિકારીઓએ ઘણી મોટી કિંમત ચૂકવી જેનો ખ્યાલ ભારતના દરેક નાગરિકને છે અને તેઓ આ બાબતમાં હંમેશાં ગૌરવ અનુભવે છે. ભારત દેશના નાગરિક માટે આખા વર્ષમાં સૌથી મહત્ત્વનો તહેવાર આ દિવસ કહી શકાય.



કારકિર્દી

# એક ઇન્ટરવ્યૂથી ડેપ્યુટી સેક્રેટરી બનાવતી યુપીએસસીની લેટરલ રિક્રુટમેન્ટ સિસ્ટમ



હીરેન દવે


ભારતમાં સરકારી ઉચ્ચ અમલદાર તરીકે કારકિર્દીની સુવર્ણ તક આપતી સનદી સેવા ભરતી પરીક્ષા યુ.પી.એસ.સી. દ્વારા આયોજિત કરવામાં આવે છે. જેમાં ઉત્તીર્ણ થનારા ઉમેદવારોએ આઈ.એ.એસ., આઇ.પી.એસ. જેવી હેવનબોર્ન સર્વિસીસમાં પ્રવેશી શકાય છે. પરંતુ ૨૦૧૮માં ભારત સરકાર દ્વારા ૪૦ વર્ષથી વધુ વયના લાયક ઉમેદવારો માટે ૩ વર્ષના કાર્યકાળ માટે ભારત સરકારના સંયુક્ત સચિવ (જોઇન્ટ સેક્રેટરી) બનવા માટે 'લેટરલ એન્ટ્રી સિસ્ટમ'ની જાહેરાત કરવામાં આવી અને વર્ષ ૨૦૧૯માં યુ.પી.એસ.સી. દ્વારા ભરતી પ્રક્રિયા પૂર્ણ કરીને ૧૦ સફળ ઉમેદવારોની જાહેરાત કરવામાં આવી. જેઓ પૈકી ૯ ઉમેદવારો ભારત સરકારના વિવિધ મંત્રાલયોની સેવામાં જોડાયા. આ સફળ પ્રયોગ બાદ ભારત સરકારના કર્મચારી ગણ અને તાલીમ ખાતા (ડિ.ઓ.પી.ટી.)ના મંત્રી દ્વારા સંસદમાં જાહેર કરવામાં આવેલ છે કે ભારત સરકાર લેટરલ એન્ટ્રી સિસ્ટમ અંતર્ગત વધુ ૪૦ ઉમેદવારોની નિમણુંક કરશે! આમ, હવે ભારત સરકારે આ પ્રકારની ભરતી દર વર્ષે નિયમિતપણે શરૂ કરી છે.

તાજેતરમાં યુ.પી.એસ.સી.એ જાહેરાત ક્રમાંક-૫૨ અંતર્ગત ભારત સરકારના વિવિધ મંત્રાલયોમાં સીધા ડેપ્યુટી સેક્રેટરી બનવાની સીધી ભરતી બહાર પાડી છે. જેમને આ ભરતી પ્રક્રિયામાં ભાગ લેવાની ઇચ્છા હોય તેઓ 'UPSConlinenic.in' પર જઇ, ઓનલાઇન ફોર્મ ભરી આ ભરતી પ્રક્રિયામાં ઉમેદવારી નોંધાવી શકે છે. પ્રાઇવેટ નોકરીનો અનુભવ ધરાવતા, રાજ્ય સરકારમાં કાર્ય કરતા તેમજ સરકારી કંપનીઓમાં કાર્ય કરતા અનુભવી ૩૨થી ૪૦ વર્ષની વય ધરાવનાર લોકો આ પોસ્ટ માટે એપ્લાય કરી શકશે! કેન્દ્ર સરકારના કર્મચારીઓ આ ભરતી પ્રક્રિયામાં ભાગ લઇ શકશે નહીં. શોર્ટ લિસ્ટ પામનારા ઉમેદવારોને માત્ર એક ઇન્ટરવ્યૂના આધારે પસંદ કરવામાં આવશે. જેઓ પસંદ થશે તેઓને માસિક રૂા. ૧,૧૯,૦૦૦/-ના પગારે ૩ થી ૫ વર્ષ માટે કામગીરી આપવામાં આવશે.

ભારતમાં પ્રશાસનની બાગડોર બ્રિટીશ સમયથી 'સ્ટીલ ફ્રેમ ઑફ નેશન' ગણાતી આઈ.એ.એસ.ના હાથમાં છે. જેને વિશ્વની સૌથી વ્યાપક જનરાલિસ્ટ સર્વિસ ગણવામાં આવે છે. આ સેવા ભારત સરકારના લગભગ તમામ ક્ષેત્રો જમીન મહેસૂલ, કાયદો અને વ્યવસ્થા, શિક્ષણ, કૃષિ, વન અને પર્યાવરણ, પરિવહન, નાણાં, ઉદ્યોગ વગેરે તમામ ક્ષેત્રે સચિવાલયમાં પોલિસી-મેકિંગ ક્ષેત્રે કાર્યરત છે. આ વ્યવસ્થા બ્રિટીશ સમયમાં ચાલુ કરવામાં આવી, જ્યારે વિજ્ઞાન અને ટેકનોલોજી આટલા વિકસેલા ન હતા. હાલમાં પરિસ્થિતિ બદલાઈ છે. પ્રત્યેક ક્ષેત્રે વિશેષજ્ઞતા (સ્પેશિયલાઇઝેશન) અને સંકુલતા (કોમ્પ્લેક્સિટી) દિન પ્રતિદિન વધતી જાય છે. વિશ્વમાં તમામ દેશોમાં જ્યાં પોલિસી - મેકિંગ કરવામાં આવતી હોય ત્યાં સ્પેશિયાલિસ્ટ ચાવીરૂપ ભૂમિકા ભજવે છે; જ્યારે ભારતમાં આઈ.એ.એસ. જ્યારથી ભરતી થાય છે ત્યારથી જિલ્લા વિકાસ અધિકારી, કલેક્ટર જેવી ફિલ્ડ એડમિનિસ્ટ્રેશનની ભૂમિકા ભજવે છે. ત્યારબાદ ક્યારેક આરોગ્ય વિભાગ, નાણાં વિભાગ, શિક્ષણ વિભાગ એમ અનેક ક્ષેત્રે ભૂમિકાઓ ભજવે છે પરંતુ કોઈ એક ક્ષેત્રે 'ડોમેઇન નોલેજ' મર્યાદિત હોય છે! છતાં તમામ વિભાગો અને મંત્રાલયોમાં ઉચ્ચ સ્તરે આઈ.એ.એસ. અધિકારીઓ જ હોય છે. પરંતુ બદલાતા સમય સાથે કદમ મિલાવવા ભારત સરકારે આ અનોખી પહેલ કરીને જોઇન્ટ સેક્રેટરી સ્તરે ૩ થી ૫ વર્ષ માટે ખાનગી ક્ષેત્રે જે તે વિષય પર સમકક્ષ સ્તરે ખાનગી સંગઠનોમાં ભૂમિકા ભજવતા ૧૦ ઉમેદવારોની યુ.પી.એસ.સી. થકી ભરતી કરીને નવો ચીલો ચાતર્યો છે.

લેટરલ એન્ટ્રી સિસ્ટમ મુળભૂત રીતે અમેરિકી પદ્ધતિ છે. ત્યાં સરકારમાં ઉચ્ચ પદો પર ખાનગી નિષ્ણાતો ૩ થી ૫ વર્ષના સમય માટે સેવા પ્રદાન કરે છે અને ત્યારબાદ પોતાના ક્ષેત્રે પરત ફરે છે. ભારતમાં લેટરલ એન્ટ્રી સિસ્ટમ શરૂ થતાં ઉચ્ચ પદો, એ કોઇ એક સેવાનો ઇજારો નહીં રહે! **ખાનગી તજજ્ઞતાનો લાભ સરકારને મળશે. હાલમાં ખાનગી સંસ્થાઓ પણ ખૂબ જ સારું મેનેજમેન્ટ (સંચાલન) ધરાવે છે.** તેમાંથી નવા જ્ઞાન અને અનુભવોનું ભાથું સરકારને મળશે. સરકારમાં નવો દૃષ્ટિકોણ આવશે.

આમ, આવનારા સમયમાં અનેક ક્ષેત્રના અનુભવી નિષ્ણાતોને સરકારમાં ઉચ્ચ આઈ.એ.એસ. સમકક્ષ આવા જોઇન્ટ સેક્રેટરી કે ડેપ્યુટી સેક્રેટરી તરીકે કામકાજની તકો ઉપલબ્ધ થશે. આમ, **જે લોકોને ખાનગી ક્ષેત્રે જોડાયા પછી પણ આઈ.એ.એસ. ન બની શકવાનો વસવસો રહી ગયો હોય તેના માટે આ સિસ્ટમ નવી આશાનો સંચાર કરે છે.**



નોલેજ બેંક

# ગુજરાતી સાહિત્ય નોલેજ બેંક – (૩)

**(વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઉપયોગી)**




રમેશ પટેલ

- સી.સી. અને ચાંદામામાના હુલામણા નામથી ઓળખાતા કવિ કોણ? (ચંદ્રવદન ચીમનલાલ મહેતા)
- સત્ય શોધક સભા - સુરત દ્વારા પ્રગટ થતું માસિક કયું છે? (સત્યાન્વેષણ)
- ગુજરાતનું પાક્ષિક વિચારપત્ર 'નિરીક્ષક'ના તંત્રી કોણ? (પ્રકાશ ન. શાહ)
- કુસુમ માળા, હૃદયવીણા, નૂપુરઝંકાર, સ્મરણ સંહિતા... જેવા કાવ્ય સંગ્રહોના કવિ કોણ? (નરસિંહરાવ દિવેટિયા)
- 'અલી ડોસા'નું પાત્ર કયા લેખકે સર્જ્યું છે? (ગૌરીશંકર જોષી – 'ધૂમકેતુ')
- 'સોપાન' તખલ્લુસ કયા લેખકનું છે? (મોહનલાલ મહેતા)
- જાણીતા કવિ ચંદ્રકાંત પટેલનું ઉપનામ કયું છે? ('સરલ')
- ગુજરાતી ભાષાની પ્રથમ આત્મકથા કઈ? (મારી હકીકત (નર્મદ))
- 'ગુજરાતનો નાથ' પુસ્તકના લેખક કોણ? (કનૈયાલાલ મુનશી)
- 'શબ્દસૃષ્ટિ', 'સૌમર્ધ્ય', 'વિરહ વ્યવસ્થા'... જેવા કાવ્ય સંગ્રહોના કવિ કોણ? (બુલાખી રામ)
- ગુજરાતી ભાષાના રાષ્ટ્રીય શાયર કોણ? (ઝવેરચંદ મેઘાણી)
- 'સંસારિકા' અને 'અનુભવિકા' કાવ્ય સંગ્રહના કવિ કોણ? (બહેરામજી મલબારી)
- 'એક જ દે ચિનગારી મહાનલ!'... કાવ્ય પંક્તિ કયા કવિની છે? (હરિહર ભટ્ટ)
- કાફિયા નગર, શબ્દ મારા સ્વભાવમાં જ નથી. આમ લખવું કરાવે અલકની સફર... જેવા ગઝલ સંગ્રહોના ગઝલકાર કોણ? (રઈસ મણિયાર)
- ગુજરાતી સાહિત્યમાં પ્રથમ બારમાસી કાવ્ય કયું છે? (નેમિનાથ ચતુષ્પાદિકા)
- 'સરસ્વતીચંદ્ર : ભાગ ૧ થી ૪' નવલકથાના લેખક કોણ? (ગોવર્ધનરામ ત્રિપાઠી)
- 'કુંવરબાઈનું મામેરું' આખ્યાન કૃતિ રચનાર કવિ કોણ? (મહાકવિ પ્રેમાનંદ)
- 'પાન લીલું જોયું ને તમે યાદ આવ્યા...' જેવું લોકપ્રિય ગીતના કવિ કોણ? (હરીન્દ્ર દવે)
- 'તારી આંખનો અફીણી, તારા બોલનો બંધાણી...' કાવ્ય પંક્તિ કયા કવિની છે? (વેણીભાઈ પુરોહિત)
- બગસરાથી પ્રગટ થતા માસિક 'તમન્ના'ના આદ્ય સ્થાપક ગઝલકાર કોણ? (કુતુબ 'આઝાદ')
- 'રાઈનો પર્વત'ના લેખક કોણ? (રમણભાઈ નીલકંઠ)
- ગુજરાતી નાટ્ય સાહિત્યના પિતા કોણ ગણાય છે? (રણછોડભાઈ ઉદયરામ મહેતા)
- પ્રસિધ્ધ સર્જક બાલાભાઈ વી. દેસાઈ કયા ઉપનામથી જાણીતા હતા? (પ્રિયદર્શી)
- 'જીવન અંજલિ થાજો' ગીતના ગીત કવિ કોણ? (કરસનદાસ માણેક)
- 'આકાશ', 'વમળના વન' અને 'મોન્ટાકોલાજ'... જેવા કાવ્ય સંગ્રહોના કવિ કોણ? (જગદીશ જોશી)
- ગુજરાતી ભાષામાં સૌથી વધુ મુક્તકો લખનારા કવિ કોણ? (ડૉ. દિલીપ મોદી)
- 'અચાનક', 'અટકળ' અને 'અંજની'... વગેરે કાવ્ય સંગ્રહોના સર્જક કોણ? (મનોજ ખંડેરિયા)
- ગુજરાતી ભાષામાં પ્રશ્નોત્તર - કાવ્ય લખનારા પ્રથમ કવિ કોણ? (શામળ ભટ્ટ)
- 'પ્રભુજી તુમ ચંદન હમ પાની...' કયા કવિની છે? (સંત રૈદાસ (મીરાંના ગુરુ))


*'પ્રાંજલ', ૩૦, આનંદ વાટીકા સોસાયટી, સરદાર પુલ પાસે, અડાજણ રોડ, સુરત-૩૯૫ ૦૦૯. ● મો. ૯૮૨૫૧ ૦૦૨૫૫*

*મુશ્કેલીના આવરણથી જરા પણ શક્તિ ન ગુમાવવી, એ જ સાચું જીવન છે.*



વ્યક્તિ વિશેષ

# ધન્ય ધન્ય વીર મેઘાણી



મહેન્દ્રભાઈ જોષી

*મલક બધાને ધમરોળ્યો, અમી ઝરતી વાણી;*
*ઝેરનો કટોરો પાવા સારું આવ્ય આવ્ય મેઘાણી.*

બહુરત્ના વસુંધરા એ ન્યાયે પૃથ્વી પર અવતરતા તમામ તેજસ્વી વીરલાઓની પાછળ તેની ગુરુ પરંપરાનો એક ઉજળો ઇતિહાસ પડેલો હોય છે. તેવા ભારતમાતાના મોંઘેરા સપૂત મેઘાણીભાઈને જન્મદિને સ્મરી, શ્રદ્ધાંજલિ અર્પવી છે.

*“નર કેસરી શાયર રાષ્ટ્ર તણો થયો સૌરાષ્ટ્રની આ ભોમ પરે*
*તને આજે વંદીને અભિનંદુ, તને ધન્ય ધન્ય વીર મેઘાણી.”*

મેઘાણીજીએ આપેલ એક પ્રસંગ પૂર્વજોના ગૌરવની વાત કહી જાય છે. પ્રેમજી મેઘાણી ભાયાણી કાઠીઓના કામદાર હતા. એકવાર તેઓ ધાનાણી કાઠીઓના લાખાપાદર ગામની બજારમાં ચાલ્યા જતા હતા. બંને કાઠી ભાયાતો ધાનાણી અને ભાયાણી એકબીજાના હરીફ હતા. ચાલતા ચાલતા રસ્તા વચ્ચે પ્રેમજી મેઘાણીની આંગળીમાંથી સોનાનો વેઢ રસ્તાની ધૂળમાં પડી જાય છે. પ્રેમજીને જાણ હોવા છતાં તેની ખેવના કરતાં નથી. કોઈએ સાદ કરીને કહ્યું, ‘કામદાર, તમારો કિંમતી વેઢ પડી ગયો છે.’ તેણે ઊભા રહી કહ્યું, ‘જાણું છું વેઢ પડી ગયો છે પરંતુ હું ભાયાણીનો કામદાર છું. ધાનાણીની ધૂળમાં હાથ ન નાખું.’ આ તેજસ્વિતા લઈને જન્મેલા ઝવેરચંદ પણ જ્યાં સૌરાષ્ટ્ર કે ફૂલછાબ જેવા સમાચાર પત્રોના પ્રવેશ પર પ્રતિબંધ હોય ત્યાં રજવાડાઓના આગ્રહભર્યા આમંત્રણો સામું પણ ન જોતા. આવા રાજ્યોના નિમંત્રણ કે તેમના તરફથી મળતા માન મોભાની દરકાર ન હતી. સ્વમાની સ્વભાવ, પ્રકૃતિનો જ એક ભાગ હતો. ઓગસ્ટ માસથી ખીલેલ પ્રકૃતિની ભીનાશ હરિયાળીભર્યા સૌંદર્ય લઈને અવતરેલા કવિ ઉન્નત મસ્તકે સ્વમાન અને ગૌરવભેર સદા જીવ્યા.

કથપર ગામની એક સંવેદના પ્રગટ થતો પ્રસંગ જાણ્યા મુજબ એક માજી લોકગીતોના ભંડાર સમા છે તેવું મેઘાણીભાઈએ સાંભળ્યું ત્યારે તો અત્યાર જેવી ઝડપી વાહન વ્યવહારની સગવડ નહીં. મુશ્કેલીથી દરિયાકાંઠાના ગામ પહોંચ્યા. પાદરમાં બેઠેલાને ડોશીમાના વાવડ પૂછતા, એક યુવાન ઘર બતાવવા સાથે ગયો. તેમની ઝુંપડીએ સાંકળ વાસેલી. માજી મજૂરીએ ગયેલ, ત્યાં બધા ગયા. ૮૦ વર્ષના માજી માથે ટોપલો અને ચહેરા પર થાક અને પસીનો જોઈ મેઘાણીભાઈને દર્દ થયું. આખા દિવસનું મહેનતાણું આપી, માજી પાસે ગીતો સાંભળ્યા, નોંધ્યા. થોડી વાતો કરી જાણ્યું કે તેમનો એકનો એક પુત્ર મહુવાના વૈષ્ણવ શેઠ સુખી સંપન્નના વહાણમાં કામ કરતો. કાળની કોઈ ગોઝારી ક્ષણે દરિયાના અણધાર્યા તોફાનમાં તે વહાણ ડૂબ્યું. માજીના દીકરાએ પણ દરિયાના ખોળે કાયમી વિશ્રામ લીધો. માજીના જીવનમાં અચાનક પાનખર બેઠી. એની જીવન મૂડી જોતજોતામાં છીનવાઈ ગઈ. માજી કહે, હવે બે ટંકના રોટલા માટે શેઠની મજૂરી કરું છું. મેઘાણીજીના દ્રવી ઉઠેલા હ્રદયે માજીને પ્રશ્ન કર્યો કે, તમે આજીવિકા માટે શેઠ પાસે વળતર માંગવા કેમ ન ગયા? ડોશીમાનો આભથી ઉંચેરી ખાનદાની તથા આ ઉંમરે ખમીરવાળો જવાબ મેઘાણીભાઈને ઢંઢોળી ગયો. માજીએ કહ્યું, ‘ભાઈ, શેઠનું વહાણ મારા દીકરાના હાથે ડૂબ્યું. હું શું મોઢું લઈ શેઠની પાસે વળતર માંગવા જાઉં?’ ડોશીમા તો ડગુમગુ ચાલતા ત્યાંથી ગયા પરંતુ મેઘાણીભાઈ છાતી પકડીને બેસી ગયા. તેની આંખમાંથી અશ્રુધારા છૂટી. રડતાં રડતાં સ્વને કહે, આમાં સાચો વૈષ્ણવ કોણ? માછીમાર મહિલા કે વહાણના માલિક શેઠ? દુભાયેલા અને દબાયેલા માનવીની વેદના સાથે ક્ષણ માત્રમાં ઐક્ય અનુભવી શકે એવા આ રાષ્ટ્રીય શાયરની કલમે જ આ શબ્દો પ્રગટી શકે :

*“પીડિતની આંસુડા ધારે, હાહાકારે રેલ્યો કસુંબીનો રંગ,*
*શહીદોના ધગધગતા નિશ્વાસે નિશ્વાસે સળગ્યો કસુંબીનો રંગ.”*

આવી ઉત્તમ વર્ષાઋતુમાં ખીલેલ પ્રકૃતિમાં શ્રાવણી ભીનાશના વાતાવરણમાં જન્મ લેનાર અને આ ભીનાશને કાયમી પોતાના હ્રદયમાં સંઘરી રાખનાર **આ કવિનો જન્મ દિવસ ૨૮ ઓગસ્ટ, ૧૮૯૬ છે. આજે ૧૨૫ વર્ષનો આ દિવસ કવિની શૂરવીરતા, ગાયકી, નીડરતા, લોક સાહિત્યની ટબુરેલી વાતોને શ્રદ્ધાંજલિ આપવાનો દિવસ છે.** આ કવિએ પોતાની આગવી શૈલીમાં પોતાના સર્જનોથી આપણી મીઠી ભાષાને રળિયાત કર્યા છે. તેણે છેવાડાના આદમીને નજર સમક્ષ રાખ્યા છે. સૃષ્ટિના અનેક રંગોને ઝીલી, રંગોળી પૂરનાર મેઘાણીભાઈની નખશીખ સંવેદનશીલતા અદ્‌ભુત અને બેનમૂન હતી. કોઈ મહા પુરુષનું વિધાન આ તકે યાદ આવે છે કે ગાંધીજીએ ભણેલા

લોકોને લોકાભિમુખ થવા પ્રેરણા આપી તો મેઘાણીભાઈએ લોકની ખાનદાની અને ખુમારીને ઉજાગર કરી સુખી સંપન્ન તથા શિક્ષિત વર્ગ અને લોક તરીકે ઓળખાતા વિશાળ જનસમુદાય વચ્ચે સેતુબંધ રચી આપ્યો. આ કવિએ ગાંધી વિચારના પૂરક બળ તરીકે કામ કર્યું છે.

*“ભેદની ભીતુને આજ મારે ભાંગવી,*
*મનડાની આખરી ઉમેદ.”*

કવિ ઉમાશંકર જોષી લખે છે કે, ડિસેમ્બર ૧૯૨૯માં અમદાવાદ ખાતે ભરાયેલી યુવાનોની પરિષદમાં ગરદન સુધીના વાંકડિયા કાળા વાળ અને સહેજ મોટી રતાશવાળી આંખોવાળા કવિએ હાથ ઊંચો કરી ગીત ઉપાડ્યું :

*“જાગો જગતા ક્ષુધાને, જાગો દુર્બલ અશક્ત*
*ઈન્સાફી તખ્ત પર, કરાળ કાળ જાગે.”*

એના અવાજમાં રહેલા આરજુ અને ખુમારી સાથે રેલાયેલા હુંકારના આ શબ્દોની સભાને ચોટ લાગી ગઈ હતી.

ગાંધી યુગના કવિઓ પર ગાંધી વિચારે અસર કરી છે. ગાંધી વિચારમાં દેશની સ્વાધીનતા માટેની ઝંખના તો છે જ સાથે સાથે વ્યવસ્થા બદલવા તરફ પણ એટલું જ ધ્યાન આપે છે. **સંઘર્ષ સાથે પુનઃ નિર્માણનો સંકલ્પ છે. સત્તા બદલે પરંતુ વ્યવસ્થા ન બદલે તો ઘાતક પરિણામો આવે છે.** આ નૂતન વ્યવસ્થા પાંચ-સાત શૂરાના જયકાર કરી સંતોષ માનવાનો નથી. અહીં હળ અને દાતરડાના પરિશ્રમનો તથા દૂધ અને ઘોડિયા તરફ નજર રાખવાની વાત મહત્ત્વની છે. એટલે જ મેઘાણીજીએ *“ઘણ બોલે ને એરણ સાંભળે”* બહેન ભાઈ આંખ ઉઘાડતા સંવાદમાં વાત રજૂ કરી છે. મનુબેન ગાંધીએ એક નોંધ કરી છે કે બાપુ ઘણીવાર મેઘાણીને યાદ કરીને કહેતા કે અજ્ઞાની પ્રજામાં કવિએ ગુણ, ભક્તિ અને નેકદિલી જોયા છે. કમભાગ્યે આવા સાહિત્યકારને આપણે સમજી શક્યા નથી. એની ઝંખના અધૂરી રહી જાય છે.

*“છંદા ગીતા ને સોરઠા, વળી દેશી જે દુહા*
*એટલા મેઘાણી મુવા, વટાણ કરશે વાણિયા.*

*છંદા ગીતાને સોરઠ, સોરઠ સરવાણી,*
*રોયા રાતા પાણીએ, મરતા મેઘાણી.”*

*“સાંઇકૃપા”, ગોપાલનગર-૧,*
*અમરેલી. • મો. ૯૪૨૬૪ ૫૭૩૫૬*

મુશ્કિલ રાહેં ભી આસાન હો જાતી હૈં,
હર રાહ પર પહેચાન હો જાતી હૈં.
જો લોગ મુસ્કુરાકે કરતે હૈં સામના,
કિસ્મત ઉનકી ગુલામ હો જાતી હૈં.

## લઘુ કથા



*યોગેશ ન. જોશી*

### ચરણ

‘તમે પપ્પાને સમજાવો જરા. પછી હું બોલીશ તો એમને...’

‘શું થયું? પાછું શું કર્યું?’ સુધીર જમવા બેઠો હતો અને સરોજ પીરસી રહી હતી.

‘જુઓને, કોઈ ભાન જ નથી. સોફા પર પગ ચડાવીને બેઠા હોય છે. કોઈ આવી ચડે તો કેટલું ખરાબ લાગે? ને સોફાના કવર મેલા થાય એ વધારામાં. ધોઇ ધોઇને મારા હાથ દુઃખી જાય છે, પણ એમને શું?’

‘હં...’ જમીને સુધીર પિતાના રૂમમાં ગયો.

‘પપ્પા, તમે કેમ આવું કરો છો?’

‘કેવું, બેટા?’ વામનરાય સમજી ગયા કે પુત્રવધૂ દ્વારા કોઈ નવું આરોપનામું ઘડવામાં આવ્યું લાગે છે.

‘તમે સોફા પર ગંદા પગ ચડાવીને બેસો એ ઠીક ન કહેવાય’ નીચું જોઈ એ બોલ્યો.

‘ક્યારે બેટા? મને તો યાદ પણ નથી. હમણાં હમણાં ડાયાબિટીસને લીધે પિંડીઓ...’ વામનરાય વાક્ય પૂરું કરે એ પહેલાં સુધીર ત્યાંથી ચાલ્યો ગયો હતો.

એક દિવસ વામનરાયે ઘરમાં દોડધામ થતી જોઈ. ‘શું છે આજે બેટા?’ એમણે સુધીરને પૂછી લીધું.


‘પપ્પા, ગામમાં ચાલતી ભાગવત કથાના વક્તા પૂજ્ય રામ શાસ્ત્રીજીની સાંજે આપણે ત્યાં પધરામણી થવાની છે. બહુ મોટું નામ છે એમનું. તમને કહેવાનું જ હતું કે એ આવે ત્યારે જરા મેનરથી...’ વાક્ય અધૂરું છોડી સુધીર કામે લાગી ગયો. ઘર શણગારાયું. સુવાસિત દ્રવ્યો અને ગંગાજળનો છંટકાવ થયો. પ્રસાદની મીઠી સુગંધ પણ એમાં ભળી. પડોશીઓ આવ્યા અને સુધીરના મિત્રોય આવ્યા.

શાસ્ત્રીજી પધાર્યા. એમની ચાલમાં સ્ફૂર્તિ હતી. બગલાની પાંખ જેવા સફેદ વસ્ત્રથી આચ્છાદિત સોફા પર એમણે બેઠક લીધી. બધાએ પ્રણામ કર્યા, વામનરાયે પણ.

‘આ મારા પિતાશ્રી છે. અમારા સંસ્કારદાતા. રામાયણ - મહાભારતના પ્રખર અભ્યાસુ ને ગીતાના મર્મજ્ઞ. અમારા પૂજ્ય ચરણ.’ સુધીરે શાસ્ત્રીજીને પિતાનો પરિચય આપ્યો.

શાસ્ત્રીજીએ એક પગ સોફા પર ચડાવી અડધી પલાંઠી લગાવી. નીચે થાળીમાં રહેલા એમના બીજા પગને સુધીર શ્રદ્ધાથી પખાળવા લાગ્યો. વામનરાય ટગરટગર જોઈ રહ્યા. **એમની આંખ છલકાઈ ગઈ. કળતી પિંડીઓ પર ટપકી રહેલાં આંસુ જોઈ લોકો એમની આસ્થાને વંદી રહ્યા.**

*‘શ્રીશૈલ’ બંસી ડુપ્લેક્સ, યમુનાવાડી પાસે,*
*ઝાંઝરડા રોડ, જૂનાગઢ-૩૬૨ ૦૧૫. • મો. ૯૮૨૪૨ ૮૮૦૯૨*



સ્વાસ્થ્ય

# મને વારંવાર માથાનો દુઃખાવો (માઇગ્રેન) થાય છે




ડૉ. મણિલાલ ગડા (સિનિયર મનોચિકિત્સક)



ડૉ. દીપ્તિ શાહ (ગડા) (બાળકો તથા પુખ્તવય માટેના મનોચિકિત્સક)


- **કેસ સ્ટડી :**

૪૮ વર્ષના તપનને (નામ બદલ્યું છે) છેલ્લા આઠેક વર્ષથી વારંવાર માથાનો દુઃખાવો થતો હતો. શરૂઆતમાં માથાનો દુઃખાવો થોડોક સમય રહેતો. દર્દનાશક દવાથી (Pain killers) મટી જતો હતો. ત્યારબાદ તપન નોર્મલ થતો. બે-ત્રણ મહિના બાદ ફરીથી માથાનો દુઃખાવો થતો. સારવાર બાદ તપન નોર્મલ થતો. માથાના દુઃખાવાના દિવસે તપન કામ પર ન જતો અથવા ઘણીવાર કામ પરથી અધવચ્ચે પાછો આવી જતો. બીજા દિવસે નોર્મલ થતાં તપન ફરીથી કામ પર જતો.

*છેલ્લા ત્રણેક વર્ષથી –*

૧. માથાના દુઃખાવાનું પ્રમાણ વધ્યું હતું (Severity)
૨. માથાનો દુઃખાવો વધારે સમય રહેતો હતો (Duration)
૩. દર્દનાશક દવાઓ વધારે લેવી પડતી હતી (Medicine dose is increased).

દોઢેક વર્ષથી માથાના દુઃખાવાનું પ્રમાણ ખૂબ જ વધ્યું હતું. સહન ન થાય એટલું વધ્યું હતું. દવાથી પણ રાહત નજીવી મળતી હતી.

**સાથે ગરદન તથા ખભામાં પણ દુઃખાવો શરૂ થયો હતો.** સવારના ઉઠતાની સાથે જ માથાનો દુઃખાવો શરૂ થઈ જતો. માથાના દુઃખાવાના લીધે રાત્રે ઊંઘમાં ખલેલ પહોંચતી. કામ પર અનિયમિત જવાતું. **નાની નજીવી બાબતમાં તપન ગુસ્સે થઇ જતો,** જે એનો સ્વભાવ ન હતો.

- **વૈદકીય તપાસ :**

ફેમિલી ડૉક્ટરની વૈદ્યકીય તપાસ (બ્લડ પ્રેસર, ધબકારા, હૃદય, ફેફસા વગેરેની તપાસ) નોર્મલ હતી.

- **એક્સ-રે, લેબોરેટરી તથા અન્ય તપાસ (Investigations) :**

લોહીની તપાસ તથા કોલેસ્ટેરોલ, થાઈરોઈડ, ડાયાબિટીસ માટેની તપાસ નોર્મલ હતી. માથાનો સી.ટી. સ્કેન તથા એમ.આર.આઈ. સ્કેન પણ નોર્મલ હતા.

- **ન્યુરોલોજિસ્ટનો અભિપ્રાય :**

ન્યુરોલોજિકલ તપાસ પણ નોર્મલ આવી. ન્યુરોલોજિસ્ટે માઈગ્રેનનું નિદાન કર્યું. સારવારથી થોડોક સમય સારું રહ્યું પરંતુ ફરીથી સારવાર ચાલુ હોવા છતાં દુઃખાવો વધ્યો. સ્પેશિયાલિટી હોસ્પિટલમાં દાખલ કર્યા.

ફરીથી હોસ્પિટલમાં કરેલ માથાના સી.ટી. સ્કેન, એમ.આર.આઈ. સ્કેન નોર્મલ આવ્યા. દવાના ફેરફાર બાદ થોડી રાહત મળી. ઇ.એન.ટી. સ્પેશિયાલિસ્ટ, આંખના સ્પેશિયાલિસ્ટનો અભિપ્રાય લીધો. એમની તપાસ પણ નોર્મલ હતી.

છેલ્લા વર્ષથી માથાનો દુઃખાવો વધતાં બીજા ન્યુરોલોજિસ્ટનો અભિપ્રાય લઇ સારવાર કરી. થોડી રાહત મળી.

**ત્રીજા ન્યુરોલોજિસ્ટે મનોચિકિત્સકનો અભિપ્રાય લેવા તપન તથા કુટુંબીજનોને સમજાવ્યા.**

- **માથાના દુઃખાવાને લીધે તપનના જીવન પરની નકારાત્મક અસરો :**

૧. વારંવાર થતાં માથાના દુઃખાવાને લીધે તપનને ઓફિસમાં વારંવાર રજા લેવી પડતી. આથી એના કામ પર નકારાત્મક અસર થઇ અને ઓફિસમાં અનિયમિત ઓફિસર તરીકેની છાપ પડી.
૨. પત્નીને તપનની ખૂબ જ ચિંતા થતી હતી. 'ગંભીર અસાધ્ય બીમારી છે' એવી સતત ચિંતા રહેતી હતી. આ સ્ટ્રેસને લીધે એને એસિડિટી થઈ આવી હતી તથા ડાયાબિટીસમાં વધઘટ થતી હતી.
૩. ઓફિસમાં ઓછા દિવસની હાજરીને લીધે પગાર ઓછો મળતો હતો. આથી નાણાંકીય તકલીફ રહેતી હતી.
૪. મોટા દીકરાને પપ્પાની તબિયતની ચિંતા રહેતી હતી. સ્ટ્રેસને લીધે પુત્ર અભ્યાસમાં ધ્યાન આપી શકતો ન હતો અને અભ્યાસમાં પાછળ રહેવા લાગ્યો.

- **મનોવૈજ્ઞાનિક તપાસ :**

ત્રીજા ન્યુરોલોજિસ્ટની સલાહ બાદ દોઢેક મહિના બાદ તપન

લેખકના અભિપ્રાય માટે આવ્યા. ઊંડાણમાં વૈજ્ઞાનિક પદ્ધતિથી મનોવિશ્લેષણ કર્યું તથા મનોવૈજ્ઞાનિક પદ્ધતિથી મનની તપાસ (Mental Status Examination – MSE) કરી.

- **મનની તપાસ :**

*નીચે પ્રમાણેની મહત્વની જાણકારી મળી.*

**મનના લક્ષણો :** તપનને છેલ્લા ચારેક વર્ષથી (માથાના દુ:ખાવાનું પ્રમાણ વધ્યા એની પહેલાથી) – (૧) રાત્રે ઊંઘ મોડેથી આવતી હતી. (૨) સવારમાં સ્ફુર્તિ ઓછી રહેતી હતી. (૩) પરાણે ઉઠી, તૈયાર થઈ, નછુટકે ઓફિસે જતો હતો. (૪) કામમાં મન ઓછું લાગતું હતું. (૫) ઓફિસમાં કોફી પીવાનું પ્રમાણ વધી ગયું હતું. (૬) શાંત સ્વભાવના તપનને નજીવી બાબતમાં વારંવાર ગુસ્સો ચડી જતો હતો. પાછળથી તપનને પસ્તાવો થતો હતો. (૭) કામની ખૂબ જ ચિંતા રહેતી હતી. 'સમયસર કામ પૂર્ણ થશે કે નહીં?' જોકે અત્યાર સુધી બધું જ કામ બરોબર તથા સમયસર પૂર્ણ થયું હતું. (૮) નકારાત્મક વિચારો સતાવતા હતા. (૯) ભૂખ ઓછી થઈ ગઈ હતી. (૧૦) નબળાઈ રહેતી હતી. (૧૧) વજન ચારેક કિલો ઓછું થઈ ગયું હતું. (૧૨) રજાના દિવસે તપન ઘરમાં જ પડ્યો રહેતો હતો. બહાર ક્યાંય જવાનું મન થતું ન હતું.

ચારેક વર્ષ પહેલાં એક સહ કર્મચારીનું અચાનક હાર્ટ ઍટેકથી ઓફિસમાં મરણ થયું હતું. ત્યારબાદથી લક્ષણો ચાલુ થયા હતા. ઓફિસમાં વારંવાર એની યાદ આવતી હતી.

- **ઘટનાક્રમ :**

ઉપરોક્ત મનના લક્ષણો તથા માથાનો દુ:ખાવો વધ્યો, એ પહેલાથી હતા. **મનના આ લક્ષણો પર ધ્યાન આપવામાં આવ્યું ન હતું.**

મનના લક્ષણો તથા મનની બીમારી દરમિયાન માનસિક સ્ટ્રેસ વધતાં માથાનો દુ:ખાવો વધ્યો હતો, નહીં કે માથાના દુ:ખાવાનો વધારો થતાં મનના લક્ષણો શરૂ થયા છે.

- **મનોવિશ્લેષણ :**

છેલ્લા ચાર વર્ષ દરમિયાન તપનના જીવનમાં નીચે પ્રમાણેના મહત્ત્વના નકારાત્મક પ્રસંગો બન્યા હતા. જેની ઊંડી અસર એના સંવેદનશીલ મન પર થયેલ.

૧. **કામનો બોજો :** ચાર વર્ષ પહેલાં તપનને નોકરીમાં પ્રમોશન મળ્યું હતું, પગાર વધ્યો હતો પરંતુ સાથે કામ તથા જવાબદારી પણ વધ્યા હતા. સાંજના મોડેથી ઓફિસમાં બેસીને કામ કરવું પડતું હતું. તપનને ઘણી વખત થતું કે આના કરતાં પ્રમોશન માટે 'ના' પાડી હોત તો આ સ્ટ્રેસ ન આવત.

૨. **બોસનું રાજીનામું :** તપનને જે બોસ જોડે સારું બનતું હતું એણે ઓચિંતું કંપનીમાં રાજીનામું આપી બીજી કંપનીમાં જોડાઈ ગયા. લાગણીશીલ તપનના મન પર આ બનાવની ઊંડી નકારાત્મક અસર થઈ. સ્ટ્રેસ વધ્યું હતું.

૩. **ડેડ લાઇન ટાર્ગેટ ડેટ્સ :** સમયસર કામ પૂરું કરવાનું સ્ટ્રેસ : કામ સમયસર (ટાર્ગેટ ડેટ્સ) પૂરું કરવાનું સ્ટ્રેસ રહેતું હતું. જો કામ સમયસર પૂરું ન થાય તો કંપનીને નુકસાની (પેનલ્ટી) ભરવી પડે. આથી શનિવાર, રવિવારે ઓફિસમાં રજા હોવા છતાં કામ કરવું પડતું. આથી સ્ટ્રેસ નિર્માણ થતું હતું.

૪. **દીકરાનું અકસ્માત તથા ફ્રેક્ચર :** એકના એક દીકરાનો અકસ્માત થયેલ. પગમાં ફ્રેક્ચર થયેલ. હોસ્પિટલમાં દાખલ કરી, ઈમરજન્સીમાં ઓપરેશન કરાવવું પડેલ.

ઉપરોક્ત નકારાત્મક પ્રસંગોની તપનના સંવેદનશીલ, લાગણીશીલ મન પર ઊંડી અસર થયેલ. આ પ્રસંગો બાદ માથાનો દુ:ખાવો વધી ગયેલ તથા માથાનો દુ:ખાવો સતત રહેતો હતો.

- **નિદાન :**

(૧) મનના તથા શારીરિક લક્ષણો, (૨) વૈદ્યકીય તપાસ, (૩) મનની વૈજ્ઞાનિક તપાસ (MSE), (૪) લેબોરેટરી, એક્સ-રે, સી.ટી. સ્કેન તથા એમ.આર.આઈ. સ્કેન પરથી યોગ્ય નિદાન થયું. તપનને સ્ટ્રેસ ડિસઓર્ડર વિથ શારીરિક લક્ષણ (Somatic Symptom)ની બીમારી હતી.


તપનના કિસ્સામાં માથાના દુ:ખાવાનું કારણ માનસિક સ્ટ્રેસને કારણે હતું. બધી શારીરિક તપાસ આથી નોર્મલ આવતી હતી અને દર્દનાશક દવાઓથી પણ અપેક્ષિત રાહત મળતી ન હતી.

***સારવારમાં માનસિક સ્ટ્રેસ ઓછો કરવા માટે દવાઓ તથા કાઉન્સેલિંગની જરૂરત હતી.***

દર્દીમાં શારીરિક લક્ષણો હોય, વૈદ્યકીય તપાસ, લેબોરેટરી તપાસ, એક્સ-રે, સોનોગ્રાફી, સી.ટી. સ્કેન, એમ.આર.આઈ. સ્કેન બધું જ નોર્મલ હોય ત્યારે શારીરિક તપાસ જોડે મનની વૈજ્ઞાનિક તપાસ મનોચિકિત્સક પાસે કરાવવી અગત્યની છે. વિચારો, લાગણી, કાર્ય, એકાગ્રતા, ગ્રહણ શક્તિ, સ્મરણ શક્તિ, વર્તણૂક વિશેના લક્ષણોની યોગ્ય જાણકારી મેળવી, યોગ્ય તપાસ કરી, યોગ્ય નિદાન કરવું જરૂરી છે. જેથી સારવાર કરી દર્દીને રાહત મળે તથા દર્દી ગુણવત્તાસભર જીવન જીવી શકે.

***(ક્રમશ:)***

*લાકડામાંથી અગ્નિ ત્યારે જ પ્રગટ થાય છે કે જ્યારે લાકડું પોતાની જાતને બાળી નાખે છે! અગરબત્તીમાંથી સુવાસ ત્યારે જ પ્રગટે છે કે જ્યારે પોતાપણું ભૂલવાનું શરૂ કરે છે.*



તરંગ

# હાસ્ય વ્યંગ : યક્ષને માનવપ્રશ્ન



ડૉ. અમૃત કાંજિયા

મહાભારતકાળની એ જ તલાવડી હશે કે ખબર નહીં પણ યક્ષ તો એ જ હતો. મહાભારતની સિરિઅલમાં બહુ નજીકથી જોયેલો એટલે એને ઓળખતા વાર ન લાગી. કદાચ એ યુધિષ્ઠિરની રાહ જોતો હશે પણ હજુ અહીં મૂર્છિત થયેલા એકેય પાંડવો નહોતા એટલે હમણાં યુધિષ્ઠિર આવે એવા કોઈ સંકેતો નહોતા. હું તો બસ, પાસેના રસ્તેથી ફક્ત પસાર જ થઇ રહ્યો હતો અને એ પણ મારા માર્ગે. યક્ષને કદાચ પ્રશ્નો પૂછવાની તાલાવેલી લાગી હશે એટલે એણે યુધિષ્ઠિર કે પાંડવોની પ્રતીક્ષા કરતાં કરતાં મને જ હાકલ પાડી.

**પહેલી હાકલ સાંભળવા છતાં સામે ન જ જોવું એવી અંતઃપ્રેરણા પરણ્યાના પાંચ વર્ષમાં જ થઇ ગઈ હતી.** અને એ મારા આત્માનો અવાજ હતો. એટલે પ્રથમ એને ન્યાય આપવાનો આત્માનો બીજો અવાજ પણ ત્યારે જ સાંભળેલો. યક્ષને ઉતાવળ હશે એટલે એક સાથે બીજી બે બૂમ પાડી. હવે હું એમના માનને ખાતર જ નહીં, મારા આ મનખાદેહને ખાતર પણ વણસાંભળી ન કરી શક્યો. મેં એની સામે જોયું. તેણે હાથનો ઈશારો કરી મને નજીક બોલાવ્યો.

હું એ તલાવડીના કાંઠે પહોંચ્યો. તેણે મને પૂછ્યું : "તું મારા પ્રશ્નોના ઉત્તર આપ્યા વગર આ તળાવનું પાણી ન પીતો..." "યક્ષરાજ! પાણી તો આઘું રહ્યું... હું તો અહીં આવવા પણ માંગતો નહોતો. હું તો મારા રસ્તે જ ચાલ્યો જતો હતો, **તમે મને બોલાવ્યો છે. તમારું કદ અને દેખાવ જોઇને મને તમારું અપમાન કરવું યોગ્ય ન લાગ્યું.** બાકી હું ઘેરથી ગરમ પાણી પીને જ નીકળ્યો છું. વળી એ પણ જાણું છું કે હાલમાં કોઈ જળસ્રોતોના પાણી પીવાલાયક નથી રહ્યાં. કમળો ન થાય તો કંઈ નહીં પણ ડાયેરિયામાંથી તો ન જ જાય... મારા એકધારા વાક્સ્રોતથી યક્ષ પણ મુંઝાવા લાગ્યો હોય એમ લાગવાથી મેં અડધેથી જ વાત આટોપી લીધી.

તે બાઘાની જેમ ઘડીભર તો મારી સામે તાકી જ રહ્યો. મને એના ચહેરા પરથી ખાતરી થઈ ગઈ કે એ જે પૂછવા માંગતો હતો એ પ્રશ્નો જ ભૂલાઈ ગયા હશે. મારે જ ચાલું કરવું પડ્યું : 'હં... યક્ષ અંકલ, તમે કંઈ કહેવા માંગતા હતા કે શું?'

'હા, હું તને પ્રશ્નો પૂછવા માગું છું.'

'કંઈ વાંધો નહીં, પૂછોને... પણ હા, યુધિષ્ઠિરને પૂછેલા એ જ પ્રશ્નો યુનિવર્સિટીની જેમ વારંવાર નહીં પૂછતા કેમકે એ સવાલ જવાબ મહાત્મા વ્યાસની મહાભારતરૂપી પાઠ્ય પુસ્તકમાં તૈયાર મળે છે.'

યક્ષની પાસે યુનિ.ના પેપર સેટરની જેમ એ જ પ્રશ્નો હતા. બીજા પ્રશ્નો પૂછવા માટે કોર્ષની તો ખબર હોવી જોઈએને? નહિતર થાય એવું પેપર આપી દીધા પછી બહાર આવીને વિદ્યાર્થીઓ હોબાળો કરે ત્યારે ખબર પડે કે આ S.Y.ના જૂના કોર્ષના પ્રશ્નો T.Y. માં ધબેડી દીધા છે! યક્ષ આ અવઢવમાં હતો. છતાં પૂરાં આત્મવિશ્વાસના અભાવ સાથે એણે પહેલો પ્રશ્ન પૂછ્યો : 'ધરતી પર મનુષ્યનું દેવોએ નિશ્ચિત કરેલું આયુષ્ય કેટલું છે?'

'મહારાજ યક્ષ! મનુષ્યનું દેવોએ નિશ્ચિત કરેલું આયુષ્ય શાસ્ત્રો મુજબ સો વર્ષનું કહેવાયું છે પરંતુ ભાગ્યે જ કોઈ સો વર્ષની જિંદગી જીવે છે. બની શકે, આમાં કંઈ પાછળથી સુધારો પણ થયેલો હોય અને એનો સુધારા પરિપત્ર અહીં ન પહોંચ્યો હોય.'

મારી વાતથી યક્ષ અવઢવમાં આવી ગયા. એને મને પૂછવા માટે બીજું કંઈ યાદ આવે ત્યાં સુધી મારે મૌન રહેવું એ તો એમના અપમાન જેવું લાગે. એટલે મેં જ આગળ વધાર્યું... આમ તો પૂરી કાળજી લે છે એ પણ આઠમા દાયકામાં તો સ્વધામગમન કરી જાય છે અને હાલમાં તો કોરોનાના નામે દેવે બધા જ નીતિનિયમો નેવે મૂકી દીધા છે. સ્વયં યમરાજે જમડાંઓને ટાર્ગેટ જ આપી દીધો લાગે છે અને એ બધા પણ ટાર્ગેટ શીઘ્ર પૂરો કરીને પ્રમોશન મેળવવાની લહાયમાં નાનાં મોટાં, માંદા-સાજા ને સ્ત્રી-પુરુષ જે અડફેટે ચડે એને ઉપાડી રહ્યા છે...'


યક્ષ કન્ફ્યુઝ જણાતો હતો. છતાં એણે મૌખિક પરીક્ષાનો દોર સાધ્યો... 'તો શું હવે મનુષ્યનું આયુષ્ય ઘટી ગયું છે એવું તું કહે છે?'

'નિઃશંક મહારાજ, નિઃશંક... મનુષ્યનું આયુષ્ય ઘટી ગયું છે. એટલું જ નહીં... હજુયે વધારે ઘટાડી નાખવાની યોજનાઓ પરલોકમાં થઈ રહી હોય એમ સ્પષ્ટ લાગે છે...'

'તું ઉપરના સત્તાવાળાઓ માટે આવો આક્ષેપ કેમ કરે છે? શું તું ત્યાં લોકશાહી સમજે છે?' યક્ષરાજ કરડાકી સાથે બોલ્યા.

'ક્ષમા કરો મહારાજ! હું તો ક્યાંય લોકશાહી સમજતો નથી. આ કોરોના નામનો દૈત્ય બધાને ગળે પડીને નામશેષ કરી

(અનુસંધાન : જુઓ પાના નં. – ૫૩ ઉપર)



ગેમ્સ ગેલેરી

# શબ્દોના અર્થમાં મહિલાઓના નામ શોધો...



ભાવના એ. ઝવેરી

*નીચે આપેલા શબ્દોના અર્થમાં મહિલાઓના નામ છુપાયેલા છે. તે નામ શોધવા પ્રયત્ન કરશો....*

*દા.ત.* : પથ્થર – શીલા

| | | |
|---|---|---|
| (૧) પથ્થર | (૨) મૂર્તિ | (૩) પ્રતિબિંબ |
| (૪) ઘટના | (૫) કાવ્ય | (૬) નજર |
| (૭) ઝાંઝર | (૮) મહેંદી | (૯) લાઇન |
| (૧૦) મેશ | (૧૧) નદી | (૧૨) દોસ્તી |
| (૧૩) પ્રકાશ | (૧૪) બુદ્ધિ | (૧૫) તપ |
| (૧૬) સુગંધ | (૧૭) રીતરિવાજ | (૧૮) સરસ્વતી |
| (૧૯) નાજુક | (૨૦) હદ | (૨૧) ઠંડક |
| (૨૨) અવાજ | (૨૩) લાગણી | (૨૪) વિનય |
| (૨૫) વેલ | (૨૬) રાત | (૨૭) ક્રિયા |
| (૨૮) જમીન | (૨૯) નામના | (૩૦) મેઘ |
| (૩૧) ફૂલ | (૩૨) ઇચ્છા | (૩૩) કનૈયા |
| (૩૪) જાદુ | (૩૫) જાણવાની ઇચ્છા | |

## ગેમ્સ ગેલેરી : જવાબો

(૧) શીલા, (૨) પ્રતિમા, (૩) છાયા, (૪) બીના, (૫) કવિતા, (૬) નયના, દૃષ્ટિ, (૭) પાયલ, (૮) હીના, (૯) રેખા, (૧૦) કાજલ, (૧૧) સરિતા, (૧૨) મૈત્રી, (૧૩) રોશની, (૧૪) પ્રજ્ઞા, (૧૫) સાધના, તાપસી, (૧૬) ખુશ્બૂ, ફોરમ, (૧૭) રીતિ, પ્રણાલી, (૧૮) વિદ્યા, શારદા, (૧૯) કોમલ, (૨૦) સીમા, (૨૧) શીતલ, (૨૨) ધ્વનિ, (૨૩) ભાવના, મમતા, પ્રીતિ, હેત, (૨૪) નમ્રતા, (૨૫) લતા, (૨૬) નિશા, રજની, (૨૭) નિયતિ, શૈલી, (૨૮) ધરા, (૨૯) ખ્યાતિ, કીર્તિ, (૩૦) બરખા, વર્ષા, (૩૧) સુમન, (૩૨) મનિષા, (૩૩) કૃષ્ણા, (૩૪) કરિશ્મા, (૩૫) જિજ્ઞાસા, તમન્ના.

*(નોંધ : ગેમમાં આપેલા શબ્દના અલગ અલગ અને એકથી વધારે અર્થ - નામ હોઈ શકે છે.)*

## રક્ષાબંધન સંબંધી ફિલ્મી ગીતોની એક ઝલક...

૧. ભૈયા મેરે રાખી કે બંધન કો નિભાના... *(છોટી બહન)*
૨. રંગબીરંગી રાખી લેકર... *(અનપઢ)*
૩. હમ બહેનો કે લિયે, મેરે ભૈયા આતા હૈ એક દિન સાલમેં... *(અનજાના)*
૪. યે રાખી બંધન હૈ ઐસા જૈસે ચંદા ઔર કિરણ... *(બેઈમાન)*
૫. ચંદા રે મેરે ભૈયા સે કહેના રે બહેના યાદ કરે... *(ચંબલ કી કસમ)*
૬. ફૂલોં કા તારોં કા સબકા કહેના હૈ... *(હરે રામ હરે કૃષ્ણ)*
૭. બહેનાને ભાઈ કી કલાઈ સે પ્યાર બાંધા હૈ... *(રેશમ કી ડોર)*
૮. ગુડિયા જૈસી બહના *(મેરી અદાલત)*
૯. ઈસે સમજીયો ના રેશમ કા તાર ભૈયા *(તિરંગા)*
૧૦. અબ કે બરસ ભેજ ભૈયા કો... *(બંદિની)*
૧૧. મેરી રાખી કી રખીયો *(નયા કાનુન)*
૧૨. ભાઈ બહેન કા પ્યાર હૈ, સબસે પ્યારા ઈસ સંસાર મેં... *(ફરિશ્તે)*
૧૩. મેરી છોટી સી બહેના *(તુફાન ઔર દિયા)*
૧૪. મેરે ભૈયા, મેરે ચાંદા મેરે અનમોલ રતન *(કાજલ)*

***નોંધ : આ સિવાય અન્ય ગીતો પણ સામેલ કરી શકાય છે.***

## હાસ્ય વ્યંગ : યક્ષને માનવપ્રશ્ન


(અનુસંધાન : પાના નં. – પર ઉપરથી ચાલુ)

રહ્યો છે ને કેટલાયને ખોખરા કરી રહ્યો છે. શું આ આયુષ્ય વધારવાનો પ્રયોગ છે?' મેં ખુલાસો કર્યો.

હવે યક્ષ ખરેખર વિચારમાં પડી ગયો. એમને વિચારમુક્ત કરવા મારે જ આગળ ચલાવવું પડ્યું... 'માણસને ૬૫થી ૭૦ વર્ષનું આયુષ્ય મળે તો પણ સંતોષ છે. પણ જે મળે એ નિરામય હોય એ જરૂરી છે. **આમ પણ મોંઘવારી સાથે સતત સંઘર્ષ કરતો માણસ વધારે ખેંચી શકે એવો રહેતોય નથી.'**

આટલી વારે મેં પહેલી વખત યક્ષના કપાળ પર પ્રસ્વેદબિંદુ ઉભરાતું જોયું. યક્ષે આજુબાજુ નજર ફેરવી. કદાચ એને એમ થયું હશે કે જો યુધિષ્ઠિર આવે તો મને આ માણસ નામની બલાથી છોડાવે....

*'પ્રેમસદન', શિવપાર્ક,*
*કેનાલ પાસે, રવાપર રોડ, મોરબી.* • *મો. ૯૮૭૯૮ ૭૯૯૦૦*



તારે જમીં પે

# બાળ વાર્તા : કોન્ટ્રાક્ટર સુઘરીબેન



ધ્રુવી અમૃતિયા

એક દિવસ જમીન - મકાનનો બિઝનેસ કરતા મોનુભાઈ કોન્ટ્રાક્ટર સુંદર વનમાં આવ્યા. મોનુભાઈ વનના રાજા શેરસિંહને મળ્યા.

શેરસિંહને અગાઉથી સમાચાર મળ્યા હોવાથી બધા પ્રતિનિધિઓ સાથે દરબાર ભરીને જ બેઠા હતા. મોનુભાઈ બધા પ્રાણીઓથી થોડે દૂર બેઠા.

મોનુભાઈને દૂર બેઠેલા જોઈને મંત્રી સાબરે કહ્યું, 'મોનુભાઈ ગભરાશો નહીં. આ બધા પ્રાણીઓ છે, માણસો નહીં. વનની શાળામાં મહેમાન પર હુમલો કરવાનું શીખવવામાં આવતું નથી.'

સાબરની વાત સાંભળી મોનુભાઈને થોડી હાશ થઈ. તેઓ શેરસિંહની સામે જઈને બેઠા.

શેરસિંહે ઈશારો કર્યો એટલે સેનાપતિ વાઘે દરબારની કાર્યવાહી શરૂ કરી. વાઘે કહ્યું, 'શહેરમાંથી કોન્ટ્રાક્ટર વનના પશુ-પક્ષીઓને ફાયદો થાય એવો પ્રસ્તાવ લઈને આવ્યા છે.'

શેરસિંહે જમણા પગનો પંજો ઊંચો કરીને કોન્ટ્રાક્ટરને પોતાની વાત કહેવા જણાવ્યું.

મોનુભાઈએ થેલામાંથી કેટલીક ફાઈલ કાઢી. પોતાની વાત આગળ ચલાવતા કહ્યું, 'હું શહેરમાં માણસો માટે સુંદર મકાનો બનાવું છું. મને થયું કે મારી આવડતનો લાભ વનનાં પશુ-પક્ષીઓને પણ મળવો જોઈએ. આ વિશે, રાજાજી તમારું શું કહેવું છે?'

કોન્ટ્રાક્ટરની વાત સાંભળી અધીરું સસલું કંઈ કહેવા જતું હતું. પરંતુ શેરસિંહે આંખના ઈશારાથી તેને ચૂપ રહેવા જણાવ્યું. શેરસિંહે મંત્રી સામે જોયું. મંત્રી સાબર શાનમાં સમજી ગયું.

સાબરે મોનુભાઈને પૂછ્યું, 'તમે પશુ-પક્ષીના રહેઠાણ બનાવી આપવાના બદલામાં શેની અપેક્ષા રાખો છો?'

પોતાનો પ્રસ્તાવ સફળ થતો જોઈને મોનુભાઈ ખુશ થઈ ગયા અને કહેવા લાગ્યા, **'તમારી પાસેથી મને વધારે કંઇ અપેક્ષા નથી. પરંતુ આ વનમાં કિંમતી લાકડાના ઝાડ ઘણા છે. એક રહેઠાણના બદલામાં ફક્ત એક ઝાડ આપશો તો ચાલશે!'**

મોનુભાઈની વાત સાંભળીને વનના પશુઓ લાલ-પીળા થઈ ગયા. તેઓ મોનુભાઈની વાત સમજી ગયા. પરંતુ રાજાજીનો હુકમ થયા વગર તેઓ કંઈ બોલી શકે તેમ ન હતા.

શેરસિંહે જ વાત કરવાની શરૂઆત કરી. 'તમારો પ્રસ્તાવ અમને મંજૂર છે, પણ અમારી એક શર્ત છે.'

શેરસિંહની શર્ત સાંભળવા મોનુભાઈની સાથે બધા પ્રાણીઓ પણ કાન ઉંચા કરીને બેઠા.

શેરસિંહે કહ્યું, 'કિંમતી ઝાડ તમને ત્યારે જ મળે જયારે તમે બનાવેલું રહેઠાણ પશુ-પક્ષીને રહેવા માટે અનુકૂળ આવે. અને જો આવું નહીં બને તો સજાના રૂપે તમારે એક ઝાડ વનમાં ઉછેરવું પડશે.'

શેરસિંહની શર્ત મોનુભાઈને થોડી વિચિત્ર લાગી. પરંતુ તેમને પોતાના કામ પર વિશ્વાસ હતો. ઝડપથી ધનવાન બનવા માટે તેઓને બધી જ શર્ત મંજૂર હતી. વનના પ્રાણીઓ શેરસિંહની વાત સમજી ગયા હતા.

મોનુભાઈ તો ખુશ થતાં થતાં શહેરમાં જવા નીકળ્યા.

બધા પ્રાણીઓ પણ પોતપોતાના કામે લાગી ગયા.

મોનુભાઈ બીજા જ દિવસે પોતાના સરસામાન સાથે સુંદરવનમાં હાજર થઇ ગયા. તેમની સાથે બીજા પણ કેટલાંક મજૂરો આવ્યા.

સૌથી પહેલા મોનુભાઈએ કબૂતરનો માળો બનાવવાનું નક્કી કર્યું. સાંજ થતા પહેલા તો મોનુભાઈએ સુંદર મજાનો માળો તૈયાર કરી દીધો. સાંજે તો કબૂતર માળામાં ગોઠવાઈ પણ ગયા. શર્ત મુજબ મોનુભાઈ વનમાંથી એક કિંમતી ઝાડ કાપી ગયા.

બીજા દિવસે મોનુભાઈ કોયલબેનનો માળો બનાવી બીજું ઝાડ કાપી ગયા. ત્રીજા દિવસે વાંદરાનું ઘર બનાવીને ત્રીજું કિંમતી ઝાડ કાપી ગયા.

વનના પ્રાણીઓને ચિંતા થવા લાગી. સુંદર રહેઠાણની સામે વનમાંથી એક પછી એક ઝાડ કપાવા લાગ્યા. પરંતુ બધાને રાજા પર વિશ્વાસ હતો.

ચોથા દિવસે મોનુભાઈએ વાઘનું રહેઠાણ બનાવવાનું નક્કી કર્યું. સાંજ થતા સુધીમાં તો તૈયાર પણ થઇ ગયું. વાઘ ઘરમાં જઈને તરત પાછો આવ્યો.

શેરસિંહે કારણ પૂછતાં વાઘે જવાબ આપ્યો, 'આ રહેઠાણ એટલું નાનું છે કે જમ્યા પછી હું ફરી પણ ના શકું!'

વાઘની વાત સાંભળી મોનુભાઈનું મોઢું પડી ગયું. તેમને શર્ત પ્રમાણે એક ઝાડ રોપવું પડ્યું.

મોનુભાઈએ વિચાર્યું કે આવતીકાલે હું પક્ષીનો માળો જ પહેલા બનાવીશ. બનાવવામાં પણ વાર નહીં અને સંકડાસનો પણ પ્રશ્ન નહીં.

મોનુભાઈએ આવતાવેંત સુઘરીનો માળો બનાવવાનું શરૂ કરી દીધું. સાંજે માળો તૈયાર. પરંતુ આ તો સુઘરી. માળો બનાવવામાં હોંશિયાર. માળાને જોઈને જ અંદર જવાની ના પાડી દીધી.

ફરી એક ઝાડ રોપવું પડશે એમ વિચારી મોનુભાઈ નિરાશ થઈ ગયા.

ત્યારબાદ મોનુભાઈએ દરજીડા, બુલબુલ, ચકલીના માળા બનાવ્યા. પરંતુ તેના બદલામાં તેમને કિંમતી ઝાડના બદલે એક એક વૃક્ષ રોપવાનો જ વારો આવ્યો.

ત્યારબાદ મોનુભાઈએ સાપ અને ઉંદરનું દર બનાવ્યું. તેમાં પણ તેઓ નિષ્ફળ નીવડ્યા. બાદમાં મોનુભાઈએ મધમાખીનો મધપૂડો અને ઉધઈનો રાફડો બનાવ્યો અને છેલ્લે શેરસિંહની ગુફા બનાવી.

પરંતુ મોનુભાઈની હોંશિયારી સુંદરવનમાં કામ ન આવી. હવે તો મોનુભાઈ કિંમતી લાકડાના બદલામાં એક - એક વૃક્ષ રોપીને થાકી ગયા.

હારેલા - થાકેલા મોનુભાઈએ શેરસિંહની માફી માંગી અને વનમાંથી જવા માટે રજા માંગી.

શેરસિંહે મોનુભાઈને રજા આપી દીધી.

મોનુભાઈએ જતાં જતાં શેરસિંહને પૂછ્યું, 'કબુતર, કોયલ, વાંદરાને અમારા રહેઠાણ પસંદ પડ્યા. પરંતુ બીજા પશુ-પક્ષીઓને કેમ પસંદ ના પડ્યા?'

શેરસિંહે હસતાં હસતાં કહ્યું, 'આ માટે અમે સૌ નાનકડા સુઘરીબેનના આભારી છીએ. તેણે અમને સૌને અમારા શરીર અને સ્વભાવની ખાસિયત પ્રમાણે રહેઠાણ બનાવતા શીખવ્યા પરંતુ આળસુ કોયલ, બાઘુ કબુતર અને તોફાની વાંદરો — આ બધા સુઘરીબેનના ક્લાસમાં ન આવ્યા. પરિણામે રહેઠાણ બનાવતા ન શીખ્યા.'

મોનુભાઈ શેરસિંહની વાત પૂરી થાય એ પહેલાં જ ત્યાંથી ભાગી ગયા.

મોનુભાઈ તો ભાગી ગયા પરંતુ તેમણે રોપેલા વૃક્ષોને ઉછેરવાની જવાબદારી પશુ-પંખીઓએ જાતે જ લઈ લીધી!

*૩૯૮, મંગલેશ્વર, પો.બો. નં.-૧૭,*
*આદિપુર, કચ્છ. ● મો. ૯૩૭૭૫ ૫૯૧૯૪*

## રજાની મજા

ચાલને મમ્મી આપણ હવે નાની ઘિરે જઈએ,
હેતભર્યાં ત્યાં મામા મામી ખેતર પાદર જઈએ,
મીઠડી મમ્મી ચાલ રજાની, મોજને માણી લઈએ.
ગામઠી બોલી, ગામના છોરા,
સૌનો સાદો વેશ, સૌની હારે ટેકરો ચડતા,
છોને વાગે ઠેસ, ટહુકો કોયલ મોરનો સુણી,
ગીતડા ગાતા જઈએ.
ચાલને મમ્મી આપણ હવે...
વેલડે બેસી વાડીએ જાવું,
તડકા લાગે આકરા,
વડલા હેઠે ટીંચકા ખાસું,
આઘા કરશું ઝાંખરા,
પાછા ફરતા આંબલી રાયણ,
થેલી ભરતા જઈએ.
ચાલને મમ્મી આપણ હવે...
નાના લાવે કેસર કાચી,
ફોરમ મીઠી આવશે,
ને તું તારી, મમ્મી હારે,
વાતું છાની કરશે,
રસભરી ત્યાં ચોપાટુંની,
રમતું માંડવા જઈએ.
ચાલને મમ્મી આપણ હવે...

*જયેશ ઠક્કર - વડોદરા*
*મો. ૯૮૨૪૮ ૭૭૫૮૫*

*નિષ્ફળતાઓની ચિંતા કરશો નહીં. તેઓ તદ્દન સ્વાભાવિક છે, જીવનમાં સૌંદર્યરૂપ છે. એમના વગરનું જીવન કેવું હોય? જો સંઘર્ષો ન હોય તો જીવનની પ્રાપ્તિનું પણ કશું જ મૂલ્ય નથી. એમના વિના જીવનનું કાવ્ય પણ ક્યાં હોય? સંઘર્ષોની, ભૂલોની પરવા કરશો નહીં. મેં કોઈ ગાયને જૂઠું બોલતી કદાપિ સાંભળી નથી, પણ એ તો ગાયની કોટિ થઈ, માણસની નહીં. એટલે આ નાની નાની નિષ્ફળતાઓની, નાનાં નાનાં સ્ખલનોની, પરવા કરશો નહીં. તમારા આદર્શને હજારવાર ઊંચો ધરી રાખો અને જો હજારવાર નિષ્ફળતા સાંપડે તો વધુ વખત પ્રયત્નો ચાલુ રાખશો.*

*— સ્વામી વિવેકાનંદ*

*સૌજન્ય : 'શક્તિદાયી વિચાર'*

# માહિતી

## આંખની અદ્ભુત શક્તિ

પ્રાણી-પક્ષીઓ અને જળચરોની આંખ અદ્ભુત અવયવ છે. વિવિધ પ્રાણી પક્ષીઓની આંખની રચના પણ જુદી જુદી અને જરૂરિયાત મુજબની હોય છે. **મનુષ્યની આંખમાં લાખો રંગના શેડ પારખવાની અદ્ભુત શક્તિ છે.** આંખનો લેન્સ કઇ રીતે કામ કરે છે તે જાણીતી વાત છે. રેટિના પર પ્રતિબિંબ પડે છે, તેનો મગજને સંદેશ મળે છે. મનુષ્યના રેટિનાની રચના કમાલની છે. જે વિવિધ રંગોને જુદા પાડી મગજને સંદેશો મોકલે છે. ૧૯મી સદીમાં થોમસ યંગ અને હેમોલ્ટ્ઝ નામના વિજ્ઞાનીઓએ આંખના રંગ ઓળખવાના જટિલ કામની થોડી સમજ આપી હતી. તેને ‘યંગ હેમોલ્ટ્ઝ’ થિયરી કહે છે. તે અનુસાર રેટિના પર રહેલા કોન આકારના કોષો લાલ, લીલો અને ભૂરો તેમજ તેની વિરુદ્ધના રંગો તેમજ તેના મિશ્રણને પારખી શકે છે. કોન, એ સુરક્ષિત કોષો છે. તેના ત્રણ પ્રકાર હોય છે. તે ટૂંકી, મધ્યમ અને લાંબી તરંગ લંબાઇના કિરણોને જુદા પાડી ઓળખે છે. રેટિના મગજને સંદેશો આપે એટલે મગજના પાછલા ભાગમાં રહેલું ‘વિઝ્યુઅલ કોટેક્ષ’ તેનું વિશ્લેષણ કરીને દશ્ય ઊભું કરે છે. જુદી જુદી વ્યક્તિમાં રંગ પારખવાની શક્તિ જુદી જુદી હોય છે.

## સનમાઇકા શું છે?

જાતજાતના રંગો અને સુંવાળી સપાટીવાળી સનમાઈકાના પાટિયાનો ઉપયોગ જાણીતો છે. **સનમાઇકા વોટરપ્રૂફ છે અને તેમાં ઉધઈ પણ લાગતી નથી.** એટલે લાંબો સમય ટકે છે.

સનમાઈકા શું છે તે જાણો છો? લાકડું તો નથી જ. ફોર્માલ્ડિહાઇડ અને મેલામાઇન નામના રસાયણોને ગરમ કરી, ઠારીને ઘટ્ટ બનાવવાથી સનમાઇકા બને છે. તેની સપાટી સુંવાળી હોય છે. આ પાટિયાને સનમાઇકા અને ફોરમાઇકા જેવા નામ તેની ઉત્પાદક કંપનીએ આપેલા છે. તેમાં ઉપયોગી ફોર્માલ્ડિહાઇડ ઉધઇ અને કીડીનાશક છે. લેટિન ભાષામાં ઉધઈ, કીડી જેવા કીટકોને ફોરમાઇકા કહે છે. માઇકા, એ ચળકતી સપાટીવાળું ખનિજ છે. તે સિલિકેટનો એક પ્રકાર છે. તેને અબરખ પણ કહે છે.

## ઓક્સિજનની અસરોનો શોધક : એન્ટોઇન લેવોઇઝિયર

પૃથ્વીના વાતાવરણમાં ઓક્સિજન વાયુ છે એટલે જ સજીવ સૃષ્ટિનો વિકાસ થયો છે. **ઓક્સિજનને પ્રાણવાયુ પણ કહે છે કેમકે તે જીવનનો આધાર છે.** આ ઉપરાંત ઓક્સિજનની વિવિધ અસરો અને ઉપયોગ જાણીતા છે. ધાતુઓ પર કાટ લાગવાની ક્રિયા પણ ઓક્સિજનની અસર છે. કોઈ પણ વસ્તુ સળગે ત્યારે ઓક્સિજનની જરૂર પડે છે. એટલે **ઉર્જા પેદા કરવા પણ ઓક્સિજન જરૂરી છે.** આ બધી જ શોધો એન્ટોઇન લેવોઇઝિયર નામના વિજ્ઞાનીએ કરી હતી. લેવોઇઝિયરે વિજ્ઞાન ક્ષેત્રે રસાયણ શાસ્ત્રનો પાયો નાખ્યો હતો.

એન્ટોઇન લેવોઇઝિયરનો જન્મ ઈ.સ. ૧૭૪૩ના ઓગસ્ટની ૨૬ તારીખે પેરિસના એક સમૃદ્ધ પરિવારમાં થયો હતો. પેરિસની માઝારીન કોલેજમાં રસાયણશાસ્ત્ર, વનસ્પતિશાસ્ત્ર, ખગોળશાસ્ત્ર અને ગણિતનો અભ્યાસ કર્યો હતો. ઈ.સ. ૧૭૬૮માં તેણે ફ્રેન્ચ એકેડેમિ ઓફ સાયન્સમાં સ્થાન મેળવ્યું હતું.

લેવોઇઝિયરે ઓક્સિજન વાયુની અસરોની શોધો કરી હતી. લેવોઇઝિયર વિજ્ઞાન ઉપરાંત રાજકારણ અને અર્થશાસ્ત્રનો પણ અભ્યાસુ હતો. રાજકીય પ્રવૃત્તિમાં તે ભાગ લેતો હતો.ઈ.સ. ૧૭૯૪માં ફ્રાન્સમાં થયેલા બળવામાં તે બળવાખોર સાબિત થતાં તેને ફાંસીની સજા થઇ હતી. ઈ.સ. ૧૭૯૪ના મે માસની ૮ તારીખે તેને ફાંસી અપાઈ હતી. આમ, એક મહાન વિજ્ઞાનીનો દુ:ખદ અંત આવેલો.

## વૃક્ષો આપણા માટે શું શું કરે છે?

વનસ્પતિ આપણા ખોરાકનો મુખ્ય સ્રોત છે. મોટાં વૃક્ષો આપણને ફળો આપે છે તે ઉપરાંત લાકડું પણ આપે અને વનસ્પતિ ઔષધ તરીકે પણ કામ આવે. આમ વનસ્પતિ માનવજાત માટે આશીર્વાદરૂપ છે. પણ આ ઉપરાંત વૃક્ષો આપણા માટે ઘણું બધું કરે છે તે પણ જાણવા જેવું છે.

- એક વૃક્ષ લગભગ વર્ષે ૧૨૦ કિલોગ્રામ ઑક્સિજન આપણા માટે પેદા કરે છે.
- એક વૃક્ષ તેના જીવનભર વાતાવરણમાંથી એક ટકો કાર્બન ડાયોક્સાઇડનું શોષણ કરી હવાને શુદ્ધ કરે છે.
- વૃક્ષોના મૂળ જમીનનું પાણીથી થતું ધોવાણ અટકાવે છે.
- વૃક્ષો મનુષ્ય જાતિના સાચા મિત્ર છે. જંગલની પરમ શાંતિ અને સૌંદર્ય વૃક્ષોને આભારી છે.
- વૃક્ષોનું જંગલ વધુ વરસાદને આકર્ષે છે અને ધરતીને વધુ હરિયાળી રાખે છે.
- વૃક્ષો પવનની ગતિને અવરોધીને વાવાઝોડા દરમિયાન રક્ષણ આપે છે.
- વૃક્ષોના પાન ખરી પડે ત્યારે તે જમીનમાં ઉતરી તેને વધુ ફળદ્રુપ બનાવે છે.

# SOME GOLDEN THOUGHTS....

*A beautiful understanding about life:
Our problem is
never really our problem,
our reaction to the problem
is really our problem.*

*It is very easy to say 'Busy'
when someone needs you!!
But it is very painful to
hear 'Busy'
when you need someone.*

*A contradictory yet wonderful line:
"All pains in this world
are not hurting...
Like all smiles in the world
are not comforting."*

*People are made to be loved
and Money is made to be used!
The confusion in the world is,
People are being used
and money is loved!*

*Perfect Meaning of Maturity:
"When a person hurts you and you
try to understand their situation
and don't hurt them back."*

*3 Things to learn from a CHILD:
To be happy for no reason.
To be always busy doing something and
To know how to Demand small things
without Ego!!*

*Short but Nice Line :
"Almost all times
people don't notice...
what we do for them,
until we stop doing it."*

*Relationship doesn't need
Powerful eyes, a cute voice,
a lovely face. It always needs
a beautiful responsible
Heart with Trust...!*

*Nobody in this world can have
a crystal clear heart
because everyone's heart has
some beautiful scratches
made by their dearest ones.*

*Our beautiful heart is better
than thousand beautiful faces.
One honest wish of
sweet relationship is stronger than
thousand god's blessings.*

*Small minds discuss people,
average minds discuss facts,
great minds discuss ideas,
the greatest minds act in silence.*

*Something we have
it's better than
everything we don't have.*

***Presentation : Dinesh R. Mehta***

# એરાઉન્ડ ધ વર્લ્ડ : સમાચાર દર્શન (સંક્ષિપ્તમાં)

● સંકલન - આલેખન : દિનેશ આર. મહેતા ●

## આજ પુરાની રાહોં સે કોઈ મુઝે આવાઝ ન દે... હિંદી સિને જગતના કોહીનૂર દિલીપ કુમારની અલવિદા

૯૮ વર્ષીય હિંદી સિને જગતના અદાકાર-એ-આઝમ દિલીપકુમારે ૭મી જુલાઈ, ૨૦૨૧ના રોજ મુંબઈ ખાતેની ખારની એક હોસ્પિટલમાં સવારે ૭.૩૦ વાગે અંતિમ શ્વાસ લીધા હતા. તેમની અંતિમ ક્રિયા સાંતાક્રુઝ કબ્રસ્તાનમાં સાંજના પાંચ વાગે પૂરા રાજકીય સન્માનથી કરવામાં આવી હતી. આ સાથે જ તેમના અને અદાકારા સાયરાબાનોના ૫૫ વરસના લગ્ન જીવનનો અંત આવી ગયો હતો. તેમને હિંદી સિનેમામાં પોતાના યોગદાન માટે પદ્મભૂષણ અને પદ્મ વિભૂષણ જેવા એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમના અવસાનના સમાચારથી બોલીવુડમાં માતમ છવાઈ ગયો હતો. બોલીવુડ અને રાજકીય જગતના અનેક લોકોએ તેમને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ આપી હતી.

દિલીપકુમારનો જન્મ ૧૯૨૨માં પેશાવરમાં થયો હતો. તેઓ ૧૨ ભાઈ-બહેન હતા. તેમનું મૂળ નામ યુસુફખાન હતું. સાલ ૨૦૦૦થી ૨૦૦૬ સુધી તેઓ કોંગ્રેસના સાંસદ હતા. દિલીપકુમાર તેમની કારકિર્દી ફિલ્મ જ્વારભાટા ૧૯૪૪થી શરૂ કરી હતી. તેમણે પોતાના કરતા ૨૨ વર્ષ નાની સાયરાબાનો સાથે ૧૯૬૬માં લગ્ન કર્યા હતા. દિલીપકુમાર નાસિકના દેવલાલીમાં બાન્સ સ્કૂલમાં ભણતા હતા. જ્યાં તેમની સાથે રાજકપૂર પણ ભણતા હતા. દિલીપકુમાર પ્રતિષ્ઠિત ફિલ્મ નિર્માણ સંસ્થા બોમ્બે ટોકિઝ દ્વારા લોન્ચ કરવામાં આવ્યા હતા. જ્યાં દેવિકારાનીએ તેમને નામ અને કામ બંને આપ્યા હતા. દિલીપકુમારની યાદગાર ફિલ્મો જોઈએ તો... ૧૯૪૪ - જ્વારભાટા, ૧૯૪૭ - જુગનુ, ૧૯૫૨ - દાગ, ૧૯૫૭ - નયા દૌર, ૧૯૬૦ — મુગલ-એ-આઝમ, ૧૯૭૦ - ગોપી, ૧૯૮૧ - ક્રાંતિ, ૧૯૮૨ - શક્તિ, ૧૯૮૬ - કર્મા વગેરે. બાળપણના મિત્ર રાજકપૂર અને નરગીસ સાથેની ફિલ્મ અંદાઝ પણ ભારે સફળ રહી હતી.

## બાયોલોજી વિદ્યાર્થી માટે ગણિતનો બ્રિજ કોર્સ ફરજિયાત

ઈજનેરીમાં બાયોલોજી વિષય સાથે ૧૨ ધોરણ પાસ કરનાર વિદ્યાર્થીએ સરકારે જાહેર કરેલા નિયમો મુજબ દરેક યુનિવર્સિટીએ આવા વિદ્યાર્થીને પ્રવેશ બાદ ગણિત, ભૌતિકશાસ્ત્ર અને એન્જિનિયરિંગ ડ્રોઈંગનો બ્રિજ કોર્સ ફરજિયાત કરાવવાનો રહેશે. બાયોલોજીના વિદ્યાર્થી મેથ્સ ભણ્યા જ નથી હોતા અને એન્જિનિયરિંગમાં મેથ્સ જ જરૂરી હોય છે ત્યારે મેથ્સનો બ્રિજ કોર્સ દરેક યુનિવર્સિટીએ કોલેજો માટે ફરજિયાત લાગુ કરવો પડશે.

## પાકતી મુદત પછી બેન્કમાં પડી રહેલી ડિપોઝીટ પર બચત ખાતાનું જ વ્યાજ મળશે

બેન્કમાં મૂકવામાં આવેલી થાપણો અગર તેની પાકતી મુદત પછીય તેનો ઉપાડ કરવામાં ન આવે તો સેવિંગ બેન્ક ખાતામાં પડી રહેલા નાણાં પર આપવામાં આવતા પોણા ત્રણથી સાડા ત્રણ ટકા સુધીનું જ વ્યાજ આપવાની સુચના રિઝર્વ બેન્કે બીજી જુલાઈએ જાહેર કરેલા પરિપત્રમાં દરેક ક્ષેત્રની બેન્કોને આપી છે. બેન્કના ખાતામાં દસ વર્ષથી વધુ સમયથી ઉપાડ જ ન થયો હોય અને નાણાં પડ્યા રહ્યા હોય તેવા નાણાં અંદાજે રૂા. ૩૩,૧૧૪ કરોડ છે.

## અમદાવાદમાં ૧૪૪મી રથયાત્રા, પ્રતિબંધ સાથે પરંપરા - પરિક્રમા

જીવનને સાર્થક કરવું હોય અને મન મંદિરના પ્રભુને બિરાજમાન કરવા હોય તો રથયાત્રા જેવો રૂડો અવસર બીજો એકેય નથી અને **એટલે જ અષાઢી બીજનું ભારતીય સમાજમાં અનેરું મહત્ત્વ છે.** તહેવારો તો ઘણાં હોય છે પણ એ બધામાં રથયાત્રાનું પાવન પર્વ ભગવાન અને ભક્તોના મિલાપનો સુવર્ણ અવસર ગણાય છે. તા. ૧૨ જુલાઈ, ૨૦૨૧ના રોજ અમદાવાદમાં ૧૪૪મી પરંપરાગત રથયાત્રા નીકળી ત્યારે દર વર્ષની માફક લાખો ભક્તો પ્રભુના દર્શન કરીને પાવન થઈ ગયા. ફરક માત્ર એટલો હતો કે આ વખતે કોરોના મહામારીના હિસાબે સરકારી ગાઈડલાઈન્સના કારણે કેટલાક પ્રતિબંધો હોવાથી ભક્તો બહાર ન નીકળી શક્યા. ઘરની અગાસી કે બારી-બારણે ઊભા રહીને દૂરથી જ પ્રભુને નિહાળવા પડ્યા. જગન્નાથ મંદિરથી સવારે **જગન્નાથજી, બહેન સુભદ્રાજી અને બલરામજી**ના રથ બહાર નીકળ્યા ત્યારથી પોલીસ કાફલો તેની સાથે ને સાથે જ હતો. હાથી સવારી, ભજન મંડળીઓ, અખાડા, પ્રસાદ વિતરણ કરતી ટ્રકો વગેરે ગાયબ હતા. રથયાત્રાનો ૧૯ કિલોમીટરનો

રૂટ પૂર્ણ થવામાં સામાન્ય રીતે ૧૨ કલાકથી વધુનો સમય લાગતો હોય છે. જેના સ્થાને આ વખતે ૩.૪૮ કલાકમાં જ રથયાત્રા સંપન્ન થઈ હતી.

## જગન્નાથપુરીમાં ભક્તો વિના રથયાત્રા

વિશ્વવિખ્યાત પુરીમાં ગગનચુંબી શંખનાદ અને જયજયકાર વચ્ચે ભગવાન જગન્નાથની રથયાત્રા ૧૨ જુલાઈ, ૨૦૨૧ના રોજ નીકળી હતી. આ રથયાત્રા કોવિડ-૧૯ના પ્રોટોકોલની સાથે નીકળી હતી અને રથયાત્રાના પગલે સમગ્ર શહેરને કરફ્યુ હેઠળ મૂકી દેવાયું હતું.

## આર.ટી.ઓ.નું ભારણ ઘટાડવા ગુજરાતમાં ડ્રાઇવિંગ સ્કૂલ લાઇસન્સ આપી શકશે પરંતુ તે માટે સરકારની કઠિન શરતો....

ગુજરાતમાં હવે આર.ટી.ઓ. ઉપરાંત રાજ્યની ખાનગી ડ્રાઈવિંગ સ્કૂલો પણ વાહનચાલકોને ડ્રાઈવિંગ લાઈસન્સ આપી શકશે. આવી જાહેરાત રાજ્ય વાહન વ્યવહાર વિભાગે કરી છે પરંતુ તેમાં જે શરતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે શરતો ભાગ્યે જ કોઈ ડ્રાઈવિંગ સ્કૂલ પાળી શકે તેમ છે. તેથી આ નિર્ણયનો અમલ થવો મુશ્કેલ જણાય છે. ડ્રાઈવિંગ સ્કૂલો માટેની શરતો આ પ્રમાણે જણાવવામાં આવી છે :

- ભારે વાહનોની તાલીમ માટે સંસ્થા પાસે બે એકર જમીન જરૂરી છે.
- જો કે પહાડી જિલ્લામાં એક એકર જમીન મિનિમમ હોવી જોઈએ.
- ઓછામાં ઓછા બે ટેકનિકલ રૂમ હોવા જોઈશે.
- ટ્રેનર પાસે ઓછામાં ઓછો પાંચ વર્ષનો અનુભવ પણ જોઈશે.
- સરકારી સંસ્થા પાસેથી મિકેનિકલ એન્જિનિયરિંગ ક્ષેત્રનું પ્રમાણપત્ર જોઈશે.
- તાલીમ સ્કૂલ પાસે ઉમેદવારની બાયોમેટ્રિક વિગતો ફરજિયાત છે.
- ફર્સ્ટ એઈડ તેમજ મિકેનિકલ તાલીમનો પણ સમાવેશ કરવો પડશે.
- હેવી વાહનો માટે નાઈટ ડ્રાઈવિંગ ટ્રેનિંગ જરૂરી છે.
- લાઈટ મોટર વ્હીકલ માટે સ્કૂલમાં સપ્તાહની તાલીમ લેવી જરૂરી.

## ધોરણ-૧૦ માં હવે સ્ટાન્ડર્ડ અને બેઝિક ગણિત સાથે બે અલગ-અલગ પેપરોની પરંપરા

સી.બી.એસ.ઇ. દ્વારા ધોરણ-૧૦માં બે વર્ષ પહેલા સ્ટાન્ડર્ડ અને બેઝિક ગણિત એમ બે વિકલ્પ લાગુ કરી દેવામાં આવ્યા છે. સી.બી.એસ.ઈ. બાદ ગુજરાત સરકારે પણ આ પદ્ધતિનો અમલ શરૂ કરવા માટે એક એક્સપર્ટ કમિટી રચી હતી અને આ મુદ્દે બોર્ડની શિક્ષણ સમિતિમાં પણ ચર્ચા કરવામાં આવી હતી. ભલામણોના પગલે સરકારે હવે ગુજરાત બોર્ડમાં પણ ધોરણ-૧૦માં ગણિતના બે પેપરોની પદ્ધતિ લાગુ કરવાનો નિર્ણય કર્યો છે. બે ગણિતની પદ્ધતિમાં પાઠ્યપુસ્તક એક જ રહેશે. બોર્ડ પરીક્ષાના ફોર્મમાં બંને પેપરના વિકલ્પ આપશે. જે વિદ્યાર્થી ધોરણ-૧૦ માં ગણિત સ્ટાન્ડર્ડ રાખશે તે વિદ્યાર્થી ધોરણ-૧૧ સાયન્સમાં અથવા સામાન્ય પ્રવાહમાં પ્રવેશ મેળવી શકશે. જ્યારે બેઝિક ગણિત રાખશે તે સાયન્સમાં પ્રવેશ મેળવી શકશે નહીં.

## માત્ર સોગંદનામાના આધારે જમીનમાંથી દીકરીનો હક્ક રદ કરી શકાય નહીં

ગુજરાત હાઈકોર્ટે તાજેતરમાં એક ચુકાદામાં નોંધ્યું હતું કે સંમતિ આપતા સોગંદનામાના આધારે વારસાગત જમીનમાંથી દીકરીનો હક્ક રદબાત્તલ કરી શકાય નહીં. દીકરીએ હક્ક જતો કરવાની સંમતિ આપતા સોગંદનામાને ત્યાગ સોદો ગણી શકાય નહીં. હક્ક જતો કરવાની પ્રક્રિયા માટે ગુજરાત લેન્ડ રેવન્યુ કોડ હેઠળ નોટિસ જારી કરવા સહિતની પ્રક્રિયા થવી જરૂરી છે.

## હોસ્ટેલ રૂમમાં બે થી વધુ વિદ્યાર્થીને પ્રવેશ નહીં

ગુજરાત સરકારની ગાઈડ લાઈન્સ મુજબ યુનિવર્સિટીઓ અને કોલેજોમાં યુજી-પીજીના ઑફલાઈન વર્ગો સાથે હોસ્ટેલો પણ શરૂ થનાર છે. જો કે હોસ્ટેલના દરેક રૂમમાં બેથી વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકાશે નહીં. હોસ્ટેલમાં ક્યાંય પણ ૩થી ૪ વિદ્યાર્થીઓ એક સાથે ભેગા થઈને ગ્રુપમાં બેસી પણ નહીં શકે. સ્વચ્છતાથી માંડી તમામ બાળકોની ખાસ તકેદારી રાખવાની રહેશે.

## ટોકિયો ઓલિમ્પિક : ઇતિહાસમાં પ્રથમવાર વિજેતા ખેલાડીઓ જાતે જ મેડલ પહેરશે

આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિના પ્રમુખ થોમસ બાચે

તાજેતરમાં કહ્યું કે, ટોકિયો ઓલિમ્પિક દરમિયાન મેડલ સેરેમનીમાં વિજેતાઓએ માસ્ક પહેરી રાખવા પડશે. તેઓ કોઈની સાથે હાથ મિલાવી નહીં શકે. જે વ્યક્તિ મેડલ ટ્રે માં મૂકશે તેણે ડિસઈન્ફેક્ટેડ ગ્લોઝ પહેર્યા હશે અને દરેકે માસ્ક પહેર્યા હશે.

## ટોકિયો - જાપાનમાં એક જ દિવસમાં ૧૧૪૯ કેસ : છેલ્લા ૬ મહિનામાં સૌથી વધુ

ટોકિયો ઓલિમ્પિક પ્રારંભને આડે હવે થોડા જ દિવસ બાકી રહ્યા છે ત્યારે ઓલિમ્પિકની યજમાની ધરાવતી જાપાનની રાજધાનીમાં કોરોનાનો વિસ્ફોટ થયો હોય તેવી સ્થિતિ સર્જાઇ છે. ત્યાં ૧૪ જુલાઈ, ૨૦૨૧ના – એક જ દિવસમાં કોરોનાના ૧૧૪૯ કેસ નોંધાયા હતા. બીજી તરફ, જાપાનમાં ૧ થી ૧૩મી જુલાઈ સુધી આવેલા ૮ હજારથી વધુ ઓલિમ્પિક સ્પર્ધકોના એરપોર્ટ પર ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જે પૈકી માત્ર ત્રણના જ કોરોના-૧૯ ટેસ્ટ પોઝિટિવ આવ્યા હતા.

## ડોજ કોઇન : એક મીમ ઉપરથી ક્રિપ્ટો કરન્સી બની અને અત્યારે ધૂમ મચાવે છે

૨૦૧૩માં સોશિયલ મીડિયામાં એક ડોગનું મીમ વાઈરલ બન્યું હતું. બિલી માર્કસ નામના સોફ્ટવેર એન્જિનિયર અને જેક્સન પામર નામના માર્કેટરને રમત ખાતર એ મીમનો ઉપયોગ કરીને ક્રિપ્ટો કરન્સી વહેતી મૂકી. નામ રાખ્યું ડોજ કોઈન. ને આજે એ જ ડોજ કોઇનની માર્કેટ કેપિટલ છે, ૧૨૯,૦૦,૦૦,૦૦૦ ડોલર (૧૨૯ અબજ ડોલર). **બોલો, ક્રિપ્ટોની દુનિયામાં આ ચોથા ક્રમની સૌથી લોકપ્રિય કરન્સી છે.** વિશ્વના ટોચના અબજપતિ ઇલોન મસ્કે બે વખત ટ્વિટ કરીને તેને પ્રમોટ કરી. મસ્કની એક ટ્વીટે ડોજ કોઈનની કિંમત ૫૦ ટકા વધારી દીધી. **વિશ્વાસ એ જ સાચો પૈસો છે. કોઈ પણ ચીજની વેલ્યુ ક્યારે છે? જ્યારે લોકોને એમ લાગે છે કે આ ચીજ વેલ્યુએબલ છે ત્યારે. કોઈ પણ ચીજની જ્યારે લાવલાવ થવા માંડે એટલે તેના ભાવ વધવા માંડે.** કારણકે તેની સપ્લાય નિશ્ચિત છે અને ડિમાન્ડને સપ્લાયની સમકક્ષ લાવવા ભાવ વધારવા પડે. રેડિટ પર લોકો મજાક-મજાકમાં એકબીજાને ડોજ કોઇન ગિફ્ટ કરતા હતા. કોઈ પોસ્ટ સારી લાગે તો પાંચ ડોજ કોઇન આપી દે. કોઈની કોમેન્ટ ગમી જાય તો તેને ટીપ રૂપે થોડા ડોજ કોઇન આપી દે. આજે ડોજ કોઇનની કિંમત ૬૦ સેન્ટ છે. અડધા ડોલર કરતા વધારે. કાલે ખબર નહીં તે ક્યાં હશે!

## ફાર્માસ્યુટિકલ ક્ષેત્રમાં દેશની પ્રથમ ઘટના પાંચ ફાર્મા કંપનીઓ ભેગી મળી કોરોનાની દવા વિકસાવી રહી છે

કોરોનાની દવા માટે વિવિધ કંપનીઓ દિવસ-રાત કામ કરી રહી છે. સામાન્ય સંજોગોમાં એકબીજા સાથે હરીફાઈ કરતી કંપનીઓ પણ કોરોનાના કેસમાં એક છત્ર નીચે આવીને વિશ્વના હિતમાં કામ કરી રહી છે. ગુજરાતની બે મોટી ફાર્મા કંપની ટોરેન્ટ ફાર્મા અને સન ફાર્મા અન્ય ત્રણ કંપનીઓ સાથે મળીને કોરોનાની એન્ટિ વાઇરલ દવાની ક્લિનિકલ ટ્રાયલ કરવા જઈ રહી છે.

પાંચ કંપનીઓ દ્વારા સંયુક્ત રીતે મોલનુફિરાવીર દવાના ટ્રાયલ માટે ડ્રગ્સ કન્ટ્રોલ ઓથોરિટી ઓફ ઇન્ડિયાને અરજી કરવામાં આવી છે. તેને મંજૂરી મળશે એટલે જુલાઈથી સપ્ટેમ્બર દરમિયાન આખા દેશમાં ટ્રાયલ - પરીક્ષણ કરવામાં આવશે. લગભગ ૧૨૦૦ અલગ અલગ ઉંમરના, અલગ અલગ લક્ષણો ધરાવતા દર્દી પર પરીક્ષણ થશે. જો આ દવાને મંજૂરી મળશે તો કોરોનાની સારવારમાં ઘણી રાહત થશે.

આ દવા અંગે માહિતી આપતા ટોરેન્ટના હેતલ પરીખે જણાવ્યું હતું કે આ દવા પહેલેથી જ ૧૦૦થી વધારે ઓછી-મધ્યમ આવક ધરાવતા દેશોમાં વપરાય છે. આ દવા વ્યાપક છે અને સસ્તી પણ છે. પરંતુ કોરોનાની સારવાર માટે તેનો વપરાશ થતો નથી. હવે એ સારવારમાં વપરાશ થઈ શકે એ માટે પાંચેય કંપનીઓ પ્રયત્નશીલ થઈ છે.

આ દવા એક પ્રકારની એન્ટિ-વાઇરલ ઓરલ ટેબલેટ છે. એ દવા વાઇરસનું બંધારણ તોડી નાખી તેનો વિકાસ અટકાવી નાખે છે. ભારત બહાર કેટલાક દેશોમાં તેનું પરીક્ષણ થયું છે અને ત્યાં તેના હકારાત્મક પરિણામો મળ્યા છે. આ દવા મુળભૂત રીતે ઇન્ફ્લુએન્ઝાની સારવાર માટે જ વિકસાવાયેલી છે. સૌ પ્રથમવાર અમેરિકાના એટલાન્ટામાં આવેલી એમોરી યુનિવર્સિટીએ આ દવાની ફોર્મ્યુલા વિકસાવી હતી. કોરોના વકર્યા પછી જુલાઈ ૨૦૨૦થી જ અમેરિકામાં કેટલીક કંપનીઓ દવાના ઉપયોગ માટે પ્રયત્નશીલ છે.

### આ કંપનીઓ દવા વિકસાવી રહી છે

આ પાંચ કંપનીઓમાં ગુજરાતી કંપનીઓ ટોરેન્ટ અને સન ફાર્મા ઉપરાંત ડૉક્ટર રેડ્ડીઝ લેબોરેટરી, એમક્યોર ફાર્મા અને સિપ્લાનો સમાવેશ થાય છે. કોઈ દવા માટે એક સાથે પાંચ કંપનીઓએ જોડાણ કર્યું હોય એવી આ દેશના ઇતિહાસની પ્રથમ ઘટના છે.

## કચ્છમાં વરસાદી માહોલ

તા. ૨૪-૭-૨૦૨૧ના રોજ ગાંધીધામ - આદિપુર - વરસામેડી સહિતના વિસ્તારોમાં વરસાદી માહોલ છવાઈ ગયો હતો અને ધીમી ધારે વરસાદ થયો હતો. તે અગાઉ ખાવડા, નખત્રાણા પાવરપટ્ટીના ગામડાંઓ, ભચાઉ અને અંજાર તાલુકાઓના ગામડાંઓમાં પણ સાધારણ વરસાદ થયો હતો.

## નાના લાયજા કાંઠે ચરસના ૨૦ પેકેટ મળ્યા

કચ્છમાં નાના લાયજા ગામના સાગરકાંઠેથી તાજેતરમાં પોલીસ અને સાગર રક્ષક દળની ટુકડીના સંયુક્ત પેટ્રોલિંગ દરમિયાન કેફી દ્રવ્ય ચરસના ૨૦ પેકેટ બિનવારસી મળ્યા હતા.

## રાજ્યમાં ધોરણ ૯ થી ૧૧ના વર્ગો શરૂ

કોરોનાના કેસ ઘટતાં ગુજરાત સરકારે સ્કૂલો ખોલવાને લઈને મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો હતો. રાજ્યની શાળાઓમાં ધોરણ ૯ થી ૧૧ના વર્ગો ૨૬ જુલાઈ, ૨૦૨૧થી શરૂ કરવામાં આવશે.

## લોકગાયિકા ગીતા રબારીને હાઈકોર્ટમાંથી મળી રાહત

ભુજના રેલડી ગામે કેટલાક સમય અગાઉ લોક ડાયરાનું આયોજન થતાં ગીતા રબારી સામે ફરિયાદ નોંધવામાં આવી હતી. ગીતા રબારીએ ફરિયાદ રદ કરવા હાઈકોર્ટમાં અરજી કરી હતી. તે અરજી અન્વયે હાઈકોર્ટે ગીતા રબારી સામે કાર્યવાહી કરવા મુદ્દે વચગાળાનો મનાઇ હુકમ આપ્યો છે.

## કચ્છમાં ભારાપર નજીકથી બેઝ ઓઇલ ઝડપાયું

કચ્છમાં ભારાપર ગામ નજીક સાલ કંપનીની સામે ઉભેલા ટેન્કરમાંથી ૧૧,૦૦૦ લીટર બેઝ ઓઇલ કંડલા પોલીસે તાજેતરમાં પકડી પાડ્યું હતું. ગેરકાયદેસર રીતે આ જ્વલનશીલ પ્રવાહી રાખવા બાબતે બે શખ્સો વિરુધ્ધ ગુનો નોંધાયો હતો.

## STOP PRESS

### કચ્છી નવું વર્ષ અને ૧૫મી ઓગસ્ટની ઉજવણીના સમયે કચ્છની યશ કલગીમાં વધુ એક પીંછુ ઉમેરાયું

## યુનેસ્કો દ્વારા કચ્છના ધોળાવીરાનો વર્લ્ડ હેરિટેજ (ધરોહર)ના લિસ્ટમાં સમાવેશ



ભારત સરકાર દ્વારા ગત વર્ષે ધોળાવીરાને વર્લ્ડ હેરિટેજ (ધરોહર)ની સાઈટમાં સમાવેશ કરવા યુનેસ્કોને તે માટેનું જરૂરી ડૉઝિયર મોકલવામાં આવ્યું હતું. ત્યારબાદ વૈશ્વિક સંસ્થા યુનેસ્કોની હેરિટેજ સમિતિની એક બેઠક તાજેતરમાં મળી હતી. જેમાં વિશ્વની કેટલીક નવી સાઇટોને સત્તાવાર રીતે હેરિટેજનો દરજ્જો આપવામાં આવ્યો છે. જેમાં કચ્છના – ધોળાવીરાનો પણ સમાવેશ થયો છે. જે કચ્છ, કચ્છીઓ અને સમગ્ર દેશ માટે આનંદના સમાચાર છે. પ્રવાસનના ક્ષેત્રે વિકાસની હરણફાળ ભરી રહેલા કચ્છની યશ કલગીમાં આ કારણે વધુ એક પીંછુ ઉમેરાયું છે. કચ્છના સફેદ રણ બાદ આ ધોળાવીરા સાઇટના હિસાબે દેશ-વિદેશના પ્રવાસીઓ હવે કચ્છની મુલાકાત માટે આકર્ષાશે. ધોળાવીરાને હેરિટેજનો દરજ્જો મળતાં તેની આસપાસની જગ્યાનો પણ વિકાસ થશે અને સ્થાનિકોને રોજગારીની વધુ તક પ્રાપ્ત થશે. ભુજથી ૨૦૦ કિ.મી.ના અંતરે ઉત્તરમાં ખડીર બેટ આવેલું છે. ત્યાં આ ધોળાવીરા ગામ વિકસ્યું છે. ડૉ. આર.એન. બિસ્ટ દ્વારા ૧૯૯૧ અને ૧૯૯૨માં ધોળાવીરામાં સંશોધન કાર્ય કરાયું હતું.

# પરિચય

**ઉમેશ જોશી કૃત તાન્કા કાવ્ય સંગ્રહ "હથેળીમાં કૂંપળ" પૈકી મનપસંદ રચનાઓનો આસ્વાદ**



*– તુષાર દેસાઇ*

★ *ભળી જાય છે*
*સરિતા સાગરમાં*
*અહં વગર*
*એમ કેમ ન મળું*
*તને સહજતાથી.*

સરિતા સાગરને મળવા દોડી જાય છે અને સાગરમાં ભળી જાય છે. આ આખીયે પ્રક્રિયા સરિતા અહં વિના પાર પાડે છે. જો સરિતામાં અહં હોત તો એ સાગરમાં ભળવાનો વિચાર છોડી દેત. પણ નદી જે સહજતાથી સાગરને મળી એમાં ભળે છે, **બરાબર તેવી જ સહજતાથી એક પ્રેમી બીજા પ્રેમીને મળે તો એ પ્રેમનો રંગ મહેંકી જાય છે અને એને દિશા મળે છે** અને ઉભય બંને પ્રેમીને મંઝિલ મળ્યાનો આનંદ થાય છે.

★ *માણસનેય*
*સરખાવી શકાય*
*વૃક્ષની સાથે*
*કિંતુ એકસરખા*
*ક્યાં મળે લીલાછમ્મ.*

જ્યારે વરસાદ પડે છે ત્યારે બધા જ વૃક્ષો મ્હોરી ઉઠે છે અને લીલાછમ બની જાય છે. પણ મનુષ્યોની બાબતમાં આ લક્ષણ સો ટકા સાચું નથી હોતું. એકસરખા વાતાવરણમાં ઊછરેલા મનુષ્યો વચ્ચે પણ સમાનતા હોતી નથી. કોઈ કોમળ છે તો કોઈ રૂક્ષ! **કોમળ હોવું એ લીલાશની નિશાની છે, વસંતની નિશાની છે. જ્યારે રૂક્ષ હોવું એ પાનખરની નિશાની છે.** કેટલીક વ્યક્તિઓ વસંત જેવી હોય છે જે હંમેશાં મ્હોરેલી હોય છે. જ્યારે કેટલીક વ્યક્તિ પાનખર જેવી. જેનામાં લીલાશ કે ભીનાશ કંઈ જ હોતું નથી અને જે ધીરે ધીરે પીળી પડીને અંતે કાળાશમાં પરિવર્તિત થઈ જાય છે. વર્ષાઋતુમાં બધા વૃક્ષો એકસરખાં લીલાછમ થાય છે, જ્યારે મનુષ્યોની લીલાશ-ભીનાશમાં ફરક જોવા મળે છે. શાંત મનુષ્યો એકદમ લીલા કાચ જેવા હોય છે. જેમનું હૃદય નિર્મળ અને નીતર્યું હોય છે. તો કોઈ માનવો અર્ધ-લીલા એટલે થોડા શાંત, થોડા ગુસ્સાવાળા હોય છે. એટલે જ કવિ લખે છે, 'કિંતુ એકસરખા ક્યાં મળે લીલાછમ્મ?'

★ *મોટરબોટે*
*ડી.વી.ડી.માં સાંભળે*
*ખારવા આજે*
*દરિયાના ગીતને*
*પોતાના રાગ ભૂલી.*

આધુનિકતાનો કેટલો પ્રભાવ દરેક વ્યવસાયમાં વ્યાપી ગયો છે તે આ તાન્કામાં દેખાય છે. અભણ એવા ખારવાઓ પણ દરિયાલાલનાં ગીતો પોતાની રીતે ગાવાને બદલે ડી.વી.ડી.માં સાંભળે છે. **જાતે ગાવાની એક મજા છે, આનંદ છે.** સમૂહમાં બધા ખારવા ભેગા મળી દરિયાને ખોળે ગાય અને જે વાતાવરણ ઊભું થાય તે વાતાવરણ ડી.વી.ડી. સાંભળવાથી ઊભું થતું નથી. હવે ખારવાઓને જાતે ગાઈ ગળું દુઃખાડવું નથી. ડી.વી.ડી.માં તો ગીત વાગે અને તેય પાછું સંગીત સાથે! પણ આ સિસ્ટમમાં ખારવાઓનો પોતાનો નૈસર્ગિક રાગ લય અને તાલ તેઓ જે ગીત ગાતી વખતે ઉપયોગ કરતા હતા તે ભૂલાઈ જાય છે. ખારવો દરિયે જાય ત્યારે પોતાનો કુટુંબ-કબીલો, મિત્રો, સગાવહાલાં સૌને ગામમાં મૂકી વહાણના કઠેડા પર પગ મૂકે છે. એ બધાની યાદો ભૂલવા અને દુઃખ હળવું કરવા દરિયાનાં ગીત ગાય છે. **ડી.વી.ડી. એ યંત્ર છે, પણ એમાં નૈસર્ગિકતા નથી, કુદરતી મીઠાશ નથી અને પોતાપણું પણ નથી.**

★ *છુપાવ્યું હતું*
*જે વરસો પહેલાં*
*મેં તારું નામ*
*ધૂળની ઢગલીમાં*
*એ હજીય ખોળું છું.*

વરસો પછી ગામમાં આવી અતીતની યાદો તાજી થાય છે. નાનપણના વર્ષોમાં, એ વેળાએ કરેલી ધૂળની ઢગલીમાં છુપાવ્યું હતું મનગમતું નામ ને પછી તો એના પર માટી પણ વાળી દીધેલી. પણ અંતરની માટી પર તો તે હજી પણ એવું જ કોતરાયેલું છે. **એ નામની યાદ આજે વર્ષો પછી ફળિયામાં પગ મૂકતાં તાજી થાય છે.** યાદ આવે છે એટલું જ નહીં, પણ શક્ય હોય તો તેને નિહાળીને, તેની સાથે વાત કરવાની તલબ છે. બની શકે કે એ આ ગામમાં જ ન હોય, બીજા રાજ્યમાં કે પરદેશમાં પણ હોય. પણ એને નજરે જોવાની વાત કરવાનું મન તો છે જ.

★ *પાળિયા પર*
*કોતરાયું છે નામ*
*ધ્રુજતા હાથે*

*પ્રગટે છે દીવડો*
*રતુમડાં ટેરવાં.*

પાળિયા પર નામ કોનું કોતરાય? જે શહીદ થયા હોય – વતન માટે, પોતાના ગામ માટે, એવા શહીદોની મૃત્યુતિથિએ ઘરનાં સભ્યો, મિત્રો, પાડોશીઓ, અન્ય સંબંધીઓ શહીદ નરના પાળિયા કે ખાંભી પર જઈ, ફૂલહાર કરી, દીવડો પ્રગટાવી, એ વીર સપૂતને શ્રદ્ધાંજલિ અર્પે છે. વર્ષો પહેલાં શહીદ થયેલ પુત્ર કે પતિ, એ મા ના સ્મરણમાં સદૈવ રહે છે અને વળી તિથિને દિવસે અચૂક યાદ આવે છે. એ વેળાએ એ વૃદ્ધ સ્ત્રીના હાથ જરીક ધ્રુજતા હોય છે. એટલે કે ધ્રુજતા હાથે અને બલિદાનના પ્રસંગને યાદ કરીને એનો જુસ્સો તેનામાં આવે છે કે તેનાથી એની આંગળીના ટેરવાં રતુમડાં (લાલ) થઈ જાય છે. એટલે 'ધ્રુજતા હાથે' અને રતુમડાં ટેરવે એ દીવો પ્રગટાવે છે. શહીદની યુવાન પત્ની દીવડો પ્રગટાવા આવે તો યુવાન સ્ત્રીનાં આંગળીનાં ટેરવાં તો રતુમડાં જ હોય છે પણ દીવો પ્રગટાવવાની વેળા પતિને યાદ કરી એના હાથ પણ ધ્રુજી જતા હોય છે. એટલે આ સંદર્ભમાં પણ આ તાન્કા યથાયોગ્ય છે.

★ *રોજ સવારે*
*કુમળા તડકામાં*
*બેસે પરિન્દુ*
*નગરની પાંપણે*
*વતનની યાદનું.*

હજારો માઈલ દૂર રહ્યે પણ જેને વતનની યાદ સતાવતી હોય તેને ઉદ્દેશીને લખાયેલું આ તાન્કા છે. પોતાના વતનમાં પણ રોજ સવારે આવો જ કૂણો, કુમળો તડકો રેલાતો હશે અને એ તડકામાં બેસીને નાના-નાના પરિન્દુ (પક્ષીઓ) તડકાની મજા લેતા હશે એ યાદ કરીને પક્ષીઓની સાથે પોતાના વતનને પણ યાદ કરવાનો પ્રયાસ કવિએ આ તાન્કામાં કર્યો છે. **'નગરની પાંપણે, વતનની યાદનું, બેસે પરિન્દુ' એ કલ્પના જ કેટલી રોચક છે!**

★ *સપનું આંજી*
*હાલરડું ગાઈને*
*ઘોડિયે બાંધી*
*દોરીએ, હીંચોળતી*
*માયાળુ માના હાથ.*

માના વાત્સલ્યનું આલેખન રજૂ કરતું આ 'તાન્કા' કાવ્ય છે. એ તો જગજાહેર ઉક્તિ છે કે, **'મા તે મા, બીજા બધા વગડાના વા.'** એક શ્રમજીવી મહિલા બપોરે મજૂરીના કામમાંથી પોરો ખાઈ લેવા બાળક પાસે આવે છે. બાળક ઝાડની ડાળીએ ઘોડિયામાં સૂતું છે. બાળક માનો પગરવ સાંભળી જાગી જાય છે અને રડે છે. એને રડતું જોઈ મા ઘોડિયું ઝડપથી હિંચોળી હાલરડું ગાય છે. બાળક માનું હાલરડું સાંભળી હાશની નીંદરમાં સરી પડે છે. માના પ્રેમની આ તાકાત છે. **મા ભલે મજૂરી કામે જાય છે, પણ એની આંખોમાં બાળકને મોટો માણસ બનાવવાનું સપનું છે.**

★ *સોનેરી સાંજ*
*ધરાની કોર પર*
*નમીને બેઠી*
*લાંબા પથરાયેલા*
*કિરણોને ગૂંથતી.*

એક સુંદર પ્રકૃતિ-ચિત્ર અહીં ઉપસી આવે છે અને આપણા મનોજગત સમક્ષ વિવરણ કરે છે. સૂર્યાસ્ત સમયની 'સોનેરી સાંજ, ધરાની કોર પર, નમીને બેઠી' કલ્પના બહુ જ સુંદર છે. **સાંજ જ્યારે ક્ષિતિજને મળે છે ત્યારે થોડી નમીને બેસે છે.** નહીં તો સાંજના ભારથી ક્ષિતિજ નમે તો પૃથ્વીવાસીઓને જે સાંજનું સૌંદર્ય જોવા મળે છે તેમાં ઓછપ આવી જાય! સાંજના નમવાનું બીજું કારણ એ છે કે મા જેમ દીકરીનો ચોટલો ગૂંથવા નમીને બેસે છે, તો જ તેને ચોટલો ગૂંથતા ફાવે, તેમ સમી સાંજને પણ લાંબા, ક્ષિતિજે પથરાયેલાં કિરણો ગૂંથતી વેળા નમવું જરૂરી છે.

***એ-૧૬/૫, ગોદાવરી ફ્લેટ-૧,***
***ઔડા ફ્લેટ સામે, વાસણા, અમદાવાદ-૩૮૦ ૦૦૭.***
***મો. ૯૪૨૭૪ ૫૪૫૧૮***

## ભારતના બંધારણની કેટલીક માહિતી....

- બંધારણ ઘડવાની શરૂઆત : તા. ૯-૧૨-૧૯૪૬ (ઝંડા દિવસ)
- બંધારણ ઘડવાની પ્રક્રિયા પૂર્ણ : તા. ૨૬-૧૧-૧૯૪૯ (કાયદા દિવસ)
- ઝંડા અંગીકાર દિવસ : તા. ૨૨-૭-૧૯૪૭
- બંધારણનો અમલ : તા. ૨૬-૧-૧૯૫૦
- બંધારણ ઘડવાનો સમય : ૨ વર્ષ ૧૧ મહિના ૧૮ દિવસ
- બંધારણ ઘડવાનો ખર્ચ : રૂપિયા ૬૪ લાખ
- કુલ કેટલી બેઠકો બોલાવી : ૧૬૬
- કેટલા દિવસ ચાલી : ૨૬૬ દિવસ
- કેટલા પાનાનું બંધારણ : ૫૨૦
- કેટલા દેશોનું બંધારણ ધ્યાને લીધેલ : ૬૦
- કેટલા દેશોમાંથી મુદ્દાઓ લીધા : ૧૦

*વિશ્વમાં ભારતનું બંધારણ સૌથી મોટું છે.*

## તાત્કાલિક સારવાર માટે દવાની માહિતી...

| દર્દનું નામ | દવાનું નામ | દવાનો ડોઝ |
|---|---|---|
| ★ ઝીણો તાવ અને માથાના દુઃખાવા માટે | પેરાસિટામોલ, મેટાસિન, ક્રોસિન | ૧ – ૧ – ૧ |
| ★ ઠંડી લાગે અને તાવ આવે ત્યારે | ક્લોરક્વિન, લેરિયાગો | સવારે – રાત્રે (જમીને) |
| ★ શરદી માટે | વિકોરીલ, કોલ્ડવેલ | ૧ – ૧ – ૧ |
| ★ ખાંસી માટે | કોરેક્ષ કફ સિરપ | ૧ – ૧ – ૧ |
| ★ છાતીમાં બળતરા, એસીડિટી | ડાઈજીન | ૨ – ૨ – ૨ |
| ★ છાતીમાં વધારે બળતરા, વધારે એસીડિટી | એસિલોક, વોલોઝ-ડી, રેનિટિડીન | સવારે – રાત્રે |
| ★ ઊલટી બંધ કરવા માટે | ડોમસ્ટાલ, એવોમાઇન | સવારે – રાત્રે |
| ★ પેટના દુઃખાવા માટે | સાયક્લોપામ, એનાફોર્ટાન | સવારે – રાત્રે |
| ★ ઝાડા બંધ કરવા માટે | લોપામાઇડ | સવારે – રાત્રે |
| ★ શરીરના દુખાવા માટે, વાગ્યા પછી આવેલ સોજો | કોમ્બિફ્લેમ, હાઇફિનેક-પી | સવારે – રાત્રે |
| ★ એલર્જી માટે | સેટ્રિજીન, એવિલ ૨૫ મિ.ગ્રા. | ૧ – ૧ – ૧ |
| ★ દમ - અસ્થમા માટે | સાલબ્યુટામોલ ડેરીફાઈલીન | ૧ – ૧ – ૧ |
| ★ ગભરામણ – છાતીમાં દુખાવો | સોરબિટ્રેટ (જીભની નીચે મૂકવી)<br>ડીરુપન (પાણીમાં ઓગાળીને પીવી) | |

*નોંધ : ઉપરોક્ત વિગતો તાત્કાલિક ઉપચાર તરીકે આપી છે. આમ છતાં ડૉક્ટરની સલાહ લેવી જરૂરી છે.*

## જૈન સમાજના અગ્રણી નૌતમભાઈ વકીલ લિખિત પુસ્તકનું વિમોચન




ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અને જૈન સમાજના અગ્રણી અમદાવાદ સ્થિત શ્રી નૌતમભાઈ વકીલ દ્વારા લેખિત **"બોધકથા"** પુસ્તકનું વિમોચન ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે તાજેતરમાં કરવામાં આવ્યું હતું. આ પુસ્તકમાં નાની વાર્તાઓના માધ્યમથી જીવનમાં ઉતારવા જેવા ગુણોની ખૂબ જ સચોટ અને સ્પષ્ટ રીતે રજૂઆત કરવામાં આવી છે. આત્મિક સુખ પ્રાપ્તિ માટે **'મનને શાંત રાખો'** નામક તેઓશ્રીનું એક અન્ય પુસ્તક આ અગાઉ પ્રકાશિત થયેલું છે.

***જીવનનાં આટલા વરસોના અનુભવોએ મને એક વાત બરાબર સમજાવી દીધી છે કે અનિષ્ટને કાલ કરતા આજે છોડી દેવું વધારે સરળ છે અને ઈષ્ટને આજ કરતાં આવતીકાલે કરવું વધુ કઠિન છે. આમ છતાં કોણ જાણે કેમ, મન સતત એમ જ સમજાવતું રહે છે કે અનિષ્ટ હું આવતીકાલે છોડી જ દઈશ અને ઈષ્ટના સેવન માટે તો આખી જિંદગી પડી છે! શું કરું આ ચાલબાજ મનનું?***

## NanoNine® શબ્દ રમત-૧૭૩

*સંકલન : રજનીકાંત પારેખ*



શબ્દ રમત ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મો. ____________________

*આપશ્રીના જવાબો તા. ૩૧-૦૮-૨૦૨૧ સુધીમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલાવવા વિનંતી.*

### આડી ચાવીઓ

૧. સોળ વર્ષની નવયૌવના (૩)
૪. છૂપી રીતે શત્રુની બાતમી જાણી લાવનાર (૩)
૬. સીતાજી, પૃથ્વીની પુત્રી (૩)
૯. આંખની કીકી (૩)
૧૧. સુંદર સ્ત્રી (૩)
૧૨. ગાલ (૩)
૧૩. ટપાલ (૨)
૧૪. અતિની _____ નહીં (૨)
૧૫. હેતુ, કારણ (૩)
૧૭. બંધી, નિષેધ (૨)
૧૯. સો (૨)
૨૦. તેજીએ _____ અને ગધેડાને ડફણાં (૩)
૨૨. એક પાંડુ પુત્ર (૩)
૨૪. દૈત્ય (૩)
૨૫. વીજળી (૩)
૨૭. અંતઃકરણ, દિલ, ઇચ્છા, મરજી (૨)
૩૦. _____ રચવો = છટકું માંડવું (આંટો, વળ, પ્રપંચ) (૨)
૩૨. છંદોબદ્ધ પ્રસ્તુતિ (૨)
૩૩. પેટ, હોજરી (૩)
૩૫. શારીરિક હાનિ (૨)
૩૬. બાગ બગીચા (૩)
૩૭. આભાસ, ભ્રાંતિ (૨)
૩૯. જાત્રા, યાત્રા (૩)
૪૦. ગાય, ઇન્દ્રિય, વાણી (૧)
૪૧. સ્વામિ, શિવ (૨)
૪૩. ધીરતા, (૩)
૪૪. મેશ (૩)

### ઊભી ચાવીઓ

૨. બીકણ (૪)
૩. ઠંડું (૩)
૫. ચહેરો, મુખાકૃતિ (૩)
૭. મેળાપ, મુલાકાત (૩)
૮. માછલાં અને પક્ષી પકડવાની જાળી (૨)
૧૦. નિર્ધન, રંક (૨)
૧૨. માથાકુટ (૪)
૧૪. વીતી ગયેલું (૨)
૧૫. સરખું (૩)
૧૬. કાછિયો (૩)
૧૮. માતા મહિ (૨)
૧૯. બાણ, તીર (૨)
૨૧. લોહી, ખુન્નસ, હત્યા (૨)
૨૩. રામનો પુત્ર (૨)
૨૪. પ્રપંચ, છળકપટ (૪)
૨૫. રાજાઓના રાજા, શહેનશાહ (૩)
૨૬. ચોર (૩)
૨૮. નવું જન્મેલું (૪)
૨૯. માર્ગ (૨)
૩૧. _____ વગર નમસ્કાર નહીં (૪)
૩૪. છેતરપિંડી (૩)
૩૮. કમળ (૩)
૪૨. વહેમ, શંકા, સંવત (૨)

*તમારી પાસે કશુંક શુભ કે સત્ય હોય તો સાચવી કે છુપાવવાની, ચૂપ બેસી રહેવાની જરૂર નથી. લોકો સુધી એ શુભ કે સત્યને પહોંચાડવા માટે સતત પ્રયત્નશીલ રહેવું જોઈએ, કેમકે તમારા એક નાનકડા પ્રયત્નથી કોઈના માટે સત્ય કે શુભનું દ્વાર ખૂલતું હોય, કોઈની આંખ ઊઘડતી હોય કે કોઈના જીવનમાં સત્ય, શિવ અને સુંદરનું એક નાનકડું કિરણ પણ પ્રવેશતું હોય તો એ પ્રયત્ન કરવા જેવો છે.*

**– વત્સલ વસાણી**

*સૌજન્ય : "તાણાવાણા – ૧૨"*

# ચાલવાની મજા

આજકાલ ચાલવા જેવી કોઈ મજા જ નથી... શ્રેષ્ઠ કસરત છે. સસ્તી અને સારી દવા છે.

તબીબો પણ હવે એક જ સલાહ વારંવાર આપે છે કે બસ ચાલો... દિવસમાં ચાલશો ૫૦૦૦ ડગલા કે ૪૦૦૦ ડગલા તો ફાયદો જ થશે... થોડું પણ ચાલવાનું અવશ્ય રાખશો.

બ્લડ પ્રેશરની દવા એટલે ચાલવું...

પગના દુખાવા કે સાંધાના દુખાવાથી બચવા પણ ચાલો...

મોર્નિંગ વૉક એ શ્રેષ્ઠ વિટામિન છે...

તબિયતની સાવ મફતની દવા છે... ચાલવું...

બસ ચાલો, અને સ્વસ્થ રહો... મસ્ત રહો... ચાલશો તો તન અને મન બંને મસ્ત રહેશે અને સ્વસ્થ રહેશે.

આપણે ત્યાં હમણાં વોક-વે બની રહ્યા છે... ગાર્ડનમાં વોકર્સ માટે પણ વોક-વે બન્યા છે... વિદેશોમાં તો આવા રસ્તા વરસોથી છે... યુરોપ અમેરિકા જેવા દેશોમાં જેટલું ચલાય છે તેટલું આપણે ત્યાં લોકો ચાલતા નથી. વળી બાઈક અને સ્કૂટરના નામે તો લોકોએ ચાલવાનું જ જાણે બંધ કરી દીધું છે. જ્યાં ત્યાં બસ આ બાઈક અને સ્કૂટર લઈને પહોંચી જાઓ... નાની ગલીમાં પણ અને પોળોમાં પણ... રીવરફ્રન્ટ હોય કે સુરતની ચોપાટી... કાંકરિયાનું લેક હોય કે રાજકોટ કે જામનગર કે વડોદરાના બાગબગીચા કે ભુજના હમીરસર તળાવની આસપાસની ફૂટપાથ હોય; પછી મુંબઈની ચોપાટી કે અન્ય રસ્તાઓ... વોકર્સ સવારના અને સાંજના પણ હવે તો આનો લાભ ઉઠાવે છે...

આજકાલ ચાલવાનો મહિમા સમજાયો છે. પહેલા તો ચાલવું એ રોજિંદી ક્રિયાનો એક ભાગ હતું. ચાલવાનું આરોગ્ય માટે આવશ્યક્તા થઈ ગઈ છે. ચાલવા જેવી આરોગ્ય માટે કોઈ સારી અને સસ્તી સાવ મફત કોઈ દવા નથી. એટલું યાદ રાખો અને ચાલવાને નિત્યક્રમ બનાવો. એમાં પણ મોર્નિંગ વોક તો સૌથી ઉત્તમ દવા છે. શરીર અને મનને તરોતાજા રાખવા કંઈ પણ ખાધા વગર સવારના સૂર્ય ઉગતા પૂર્વે અડધો કલાક ચાલવાનું રાખો. મોર્નિંગ વોક તમારા સ્વાસ્થ્યને ઉત્તમ ટોનિક પૂરું પાડશે.

જો નોકરી કે કોઈ કારણસર સવારના ચાલવાનો સમય ન મળે તો સાંજના પણ ચાલી શકાય છે. શરત એટલી કે જમ્યા પછી લાંબું કે ઝડપથી ન ચાલવું જોઈએ. ચાલતી વખતે ધ્યાન રહે કે દોડવા કે ઝડપથી ચાલવા કરતાં મધ્યમ ચાલે ચાલવું વિશેષ યોગ્ય છે. ચંપલ કરતા સેન્ડલ કે શૂઝ પહેરીને ચાલો. વધારે ટાઈટ કપડા ચાલતી વખતે ન પહેરો. ચાલવાના નિયમોને અનુસરો. તો જ તેના ફાયદા મેળવી શકાશે.

જિંદગીનો જે આનંદ ચાલવામાં છે તે બીજે ક્યાંયથી નહીં મળે તમને... તેમાં પણ મોર્નિંગ વોક શ્રેષ્ઠ છે. કારણ, શુદ્ધ ઓક્સિજન સવારે જ મળે છે.

ચાલવાના પણ કેટલાક નિયમો છે. ચાલતી વખતે વાત ન કરો... કે બીજું કંઈ ન કરો. તેમજ બહુ ઝડપથી ન ચાલો. સાધારણ ચાલે જ ચાલો. ૨૦ કે ૩૦ મિનિટનો વોક પૂરતો છે. અતિશય ચાલવાનો પ્રયાસ ન કરો. પરેસવો બહુ થાય કે હાંફી જવાય તો વિશ્રામ લો. ચાલવાથી રીલેક્સ ફીલ થવું જોઈએ. એટલે કે ફિલ ગુડ થવું જોઈએ. ટેન્શન કે થાક ન લાગવો જોઈએ.

ચાલતી વખતે કંઈ ખાવું કે પીવું નહીં. પાણી પણ નહીં. ચાલ્યા પછી પણ ૨૦ મિનિટ બાદ જ પાણી પીવું, બીજા પીણા લેવા કે કશું ખાવું. સાદા ચંપલ કરતાં સ્પોર્ટસ શૂઝ પહેરીને ચાલવું સારું છે. કપડા પણ ખૂલતા કે વધુ ટાઈટ નહીં તેવા પહેરવા.

સૂર્ય માથે હોય ત્યારે ન ચાલવું જોઈએ. સવારનો વોક જ ફાયદાકાર છે.

પાર્કમાં કે એવી રીવરફ્રન્ટ જેવી જગ્યાએ જ ચાલો. કે સીધા રસ્તા ઉપર. ઉબડખાબડ રસ્તાઓ પર ન ચાલશો.

ચાલતી વખતે હાસ્ય સાથે સારા વિચારો કે ખાલી મગજ રાખીને જ ચાલશો તો ફાયદો થશે.

***– ચૌલા કુરૂવા***

***સૌજન્ય : "એવરગ્રીન રહો"***

## NanoNine® શબ્દ રમત-૧૭૨નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| હૈ | દ | રા | બા | દ | ■ | અ | ■ | ■ | ચ | ક | લી |
| દ | ર | ■ | હો | ડ | ■ | બ | ■ | મા | ળ | ■ | રો |
| ર | દી | ■ | શ | મ | શે | ર | ■ | લ | વ | ણ | ■ |
| અ | ■ | ખો | ■ | જ | ર | ખ | ■ | દા | ળ | ■ | હો |
| લી | ન | ■ | ખી | લ | ડો | | જ | ર | ■ | હો | જ |
| ■ | ■ | ■ | ■ | ■ | ■ | કા | ગ | ■ | કા | ■ | રી |
| ■ | મ | ન | ગ | મ | તું | ■ | ત | લ | વ | ટ | ■ |
| વિ | નો | દી | ■ | સ | ■ | કા | ■ | લા | ડ | ■ | મા |
| ■ | હ | ■ | ક | ■ | ઝ | ટ | પ | ટ | ■ | રા | વ |
| ભા | ર | ■ | ફ | ળ | ■ | ■ | રા | ■ | સ | મ | જ |
| ર | ■ | સ | ન | ■ | ગ | તા | ગ | મ | ■ | રા | ત |
| ત | ■ | ચિ | ■ | રા | જ | ■ | ■ | મ | ગ | જ | ■ |

## સંન્યાસ

"હાલમાં લોકો સંન્યાસ શબ્દનો અર્થ જ ખોટો સમજી બેઠા છે. તેઓ સમજે છે કે 'સંન્યાસ' એટલે સમાજનો પરિત્યાગ. પણ વાસ્તવમાં સંન્યાસનો અર્થ છે સમાજમય થઈ જવું. વૃક્ષ પોતે કોઈ ફળનું સેવન કરતું નથી, તે નિરપેક્ષ રહીને ફળ-ફૂલને પલ્લવિત કરે છે એનું નામ સંન્યાસ.

પરંતુ આજે તો સંન્યાસીનો અર્થ થઈ ગયો છે કે સમાજ તરફથી ભોજન મેળવનાર તથા સમાજની કંઈ પણ સેવા ન કરનાર. આજની માન્યતા અનુસાર સંન્યાસી માત્ર ભિક્ષા માગવા માટે લોકોની પાસે જશે, પણ શરીરથી કોઈ કામ નહીં કરે. તમે એ કલ્પના કરી જ નથી શકતા કે કોઈ સંન્યાસી ખેતરમાં ખેડ કરી રહ્યો છે, અથવા તે કોઈ ગાયની સેવા કરી રહ્યો છે, અથવા કોઈને ઘેર જઈને એક-બે કિલો અનાજ દળી દેતો હોય ત્યાર પછી જ ખાતો હોય, કોઈ ગામમાં ગંદકી જોઈને ઝાડુ કાઢીને સફાઈ કરતો હોય. ઉલટું તમારી સામે તો એવું જ ચિત્ર આવે છે કે તે લોકોનો પરિત્યાગ કરીને એકાંતમાં રહે છે અને માત્ર ભિક્ષા માગવા પૂરતું જ લોકો પાસે જાય છે અને ક્યારેક મોકો મળે છે તો બોધ આપશે. એવું માન્યું છે કે સંન્યાસી કોઈની સેવા પોતે નહીં કરે પણ સહુની સેવા લેશે. સંન્યાસનો આવો વિપરીત અર્થ આજે સમાજમાં થઈ બેઠો છે. વાસ્તવમાં સંન્યાસ એટલે કેવળ સેવામય જીવન."

*– વિનોબા ભાવે*

*(ભૂમિપુત્રમાંથી સાભાર)*

## NanoNine® Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

*સુડોકુ ક્રમાંક-૧૧૩૧અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૩૧-૦૮-૨૦૨૧ સુધીમાં મોકલી આપવા વિનંતી.*

સુડોકુ ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મોબાઈલ : ____________________

### ક્રમાંક - ૧૧૩૧

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 1 | 7 | | | | | 2 |
| | 7 | 2 | | | 9 | | | 4 |
| | | | | 3 | | | 8 | 7 |
| | 6 | 9 | 3 | | | | 1 | |
| 2 | | | | 5 | | | | 6 |
| | 1 | | | | 8 | 7 | 2 | |
| 7 | 5 | | | 8 | | | | |
| 3 | | | 5 | | | 8 | 7 | |
| 1 | | | | | 2 | 6 | | |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | | 9 | | | 3 | | | 4 |
| 3 | | | | | 6 | 9 | 2 | |
| | 5 | | 9 | | 2 | | 7 | |
| | | | | 7 | | 1 | 3 | |
| 7 | | | | 9 | | | | 2 |
| | 6 | 8 | | 3 | | | | |
| | 3 | | 8 | | 7 | | 5 | |
| | 7 | 2 | 1 | | | | | 8 |
| 9 | | | 3 | | | 6 | | 7 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | | | 2 | | 8 | | | 5 |
| | 6 | 1 | | 3 | | | | |
| 7 | | | | | 9 | 2 | 3 | |
| | | 2 | 9 | | | 6 | | 7 |
| | 7 | | | 4 | | | 5 | |
| 6 | | 4 | | | 2 | 3 | | |
| | 4 | 6 | 3 | | | | | 8 |
| | | | | 1 | | 4 | 7 | |
| 5 | | | 8 | | 4 | | | 6 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 9 | | | 1 | | | 4 | | |
| | 5 | | | 9 | | | | |
| | | 1 | 4 | | | 6 | | 7 |
| 6 | | 9 | 5 | | | | 7 | |
| 8 | | | | 7 | | | | 9 |
| | | | | | | 1 | | 3 |
| 5 | | 2 | | | 9 | 7 | | |
| | | | | 5 | | | 4 | |
| | | 7 | | | 2 | | | 1 |

### ઉકેલ : ક્રમાંક - ૧૧૩૦

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 7 | 9 | 2 | 1 | 6 | 4 | 8 | 5 | 3 |
| 3 | 1 | 8 | 7 | 2 | 5 | 9 | 6 | 4 |
| 6 | 5 | 4 | 9 | 8 | 3 | 7 | 2 | 1 |
| 5 | 6 | 3 | 8 | 1 | 7 | 4 | 9 | 2 |
| 2 | 8 | 1 | 4 | 9 | 6 | 5 | 3 | 7 |
| 4 | 7 | 9 | 5 | 3 | 2 | 1 | 8 | 6 |
| 1 | 2 | 5 | 6 | 4 | 8 | 3 | 7 | 9 |
| 9 | 3 | 7 | 2 | 5 | 1 | 6 | 4 | 8 |
| 8 | 4 | 6 | 3 | 7 | 9 | 2 | 1 | 5 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 8 | 2 | 5 | 1 | 3 | 6 | 9 | 7 |
| 1 | 6 | 3 | 9 | 7 | 8 | 5 | 2 | 4 |
| 7 | 5 | 9 | 2 | 4 | 6 | 8 | 1 | 3 |
| 8 | 4 | 1 | 6 | 3 | 5 | 2 | 7 | 9 |
| 3 | 2 | 6 | 7 | 9 | 1 | 4 | 5 | 8 |
| 9 | 7 | 5 | 4 | 8 | 2 | 3 | 6 | 1 |
| 2 | 9 | 4 | 8 | 6 | 7 | 1 | 3 | 5 |
| 6 | 1 | 7 | 3 | 5 | 4 | 9 | 8 | 2 |
| 5 | 3 | 8 | 1 | 2 | 9 | 7 | 4 | 6 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | 9 | 6 | 7 | 8 | 2 | 3 | 4 | 1 |
| 3 | 1 | 7 | 6 | 4 | 9 | 8 | 2 | 5 |
| 4 | 2 | 8 | 1 | 3 | 5 | 6 | 7 | 9 |
| 6 | 3 | 4 | 5 | 2 | 1 | 9 | 8 | 7 |
| 2 | 7 | 5 | 8 | 9 | 3 | 1 | 6 | 4 |
| 1 | 8 | 9 | 4 | 7 | 6 | 5 | 3 | 2 |
| 7 | 4 | 1 | 9 | 6 | 8 | 2 | 5 | 3 |
| 8 | 5 | 3 | 2 | 1 | 7 | 4 | 9 | 6 |
| 9 | 6 | 2 | 3 | 5 | 4 | 7 | 1 | 8 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | 8 | 7 | 1 | 2 | 4 | 9 | 3 | 5 |
| 3 | 4 | 2 | 5 | 9 | 7 | 8 | 6 | 1 |
| 5 | 1 | 9 | 8 | 6 | 3 | 4 | 7 | 2 |
| 7 | 6 | 4 | 2 | 5 | 8 | 1 | 9 | 3 |
| 9 | 3 | 5 | 7 | 1 | 6 | 2 | 8 | 4 |
| 1 | 2 | 8 | 4 | 3 | 9 | 7 | 5 | 6 |
| 4 | 9 | 6 | 3 | 8 | 2 | 5 | 1 | 7 |
| 2 | 5 | 3 | 9 | 7 | 1 | 6 | 4 | 8 |
| 8 | 7 | 1 | 6 | 4 | 5 | 3 | 2 | 9 |

Nano 9® kitchenware in new avatar

NanoNine® INNOVATIVE KITCHENWARE Bana De Life Aasaan!

Mfg By: Shree Balaji Metal Industries, Vasai.
: (+91) 88792 99950 | E: care@nanonine.in | W: www.nanonine.in

AHMEDABAD: Authorised Distributors: Devam Enterprises : M. 96385 21024, 97245 00513
MUMBAI: Authorised Distributors: Vasant Marketing: (+91) 98206 72501 / KK Associates: (+91) 93234 04736



# બાલુડેં જ્યું ગાલિયું

સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : પાંજે સામે જે ફ્લેટવારે જો નંઢો છોરો પેંઢજે ભાઈબંધે કે ભેરા કે મોબાઈલ વતાયને ચેંતે ક અજતા મુંજે મોબાઈલ મેં ભેદી સંદેશ આવ્યો વો. ને પોય તેરંઇ ફોન બંધ થે વ્યો... છોરો બોરો ગભરાજે વ્યો આય. સે જરા તપાસ ત કર, એડો કેડો સંદેશો આવ્યો વો સે છોરો ગભરાજે વ્યો આય?

બચુડો : (તપાસ કરે ને ચેં) અધા અનમેં ગભરાજે જેડી કોઈ ગાલ નાય. છોરે જે મોબાઈલમેં સંદેશો આવ્યો વો – બેટરી લૉ – ને પોય તેરંઇ ફોન બંધ થે વ્યો. અતરે છોરો ગભરાજે વ્યો વો – સમજાય પુઆ હાણે ભરાભર આય.

## ખિલજા મ ભલા

જસુ : (હોટલમાં) મારે એક ડબલ બેડવાળો રૂમ જોઈએ છે.

રીસેપ્સનિસ્ટ : સાહેબ, તમે એકલા છો તો પછી ડબલ બેડવાળો રૂમ કેમ જોઈએ છે? કોઈ પરીણિત વ્યક્તિ આવે તો અમે તેને આપી શકીએ ને...

જસુ : હું પણ પરીણિત જ છું. પણ આજે મારે રાત્રે બેડમાં બીજી તરફ શાંતિ હોય એનો આનંદ લેવો છે.

☺ ☺ ☺ ☺ ☺

મોહન : જ્યારે પણ કોઈ મોટો નિર્ણય લેવો હોય ત્યારે ત્રણ વાતોનું ધ્યાન રાખો.

સોહન : કઈ કઈ વાત?

મોહન : પહેલા દિલની વાત સાંભળો.
પછી દિમાગની વાત સાંભળો.
અને છેલ્લે એ જ કરો જે પત્ની કહેતી હોય...

☺ ☺ ☺ ☺ ☺

મનુ : કોરોનાની અસર ઓછી થયા પછી બે વર્ષે તમે અમારા ઘરે આવ્યા. ખૂબ ગમ્યું. હવે અમે તમને ચા-કોફી, કોલ્ડ્રિક્સ, કેક, પેસ્ટ્રી, આઈસ્ક્રીમ, ગુલાબજાંબુ, કાજુ કતરી.....

મનુ : બસ... બસ... ઘણું થશે.

કનુ : આ કાંઈ તમને આપવાના નથી પણ એનાથી થતા નુકસાન વિશે તમને સમજાવવાના છીએ.

☺ ☺ ☺ ☺ ☺

દેવ : આ ઉંમરમાં પણ શ્રી અમિતાભ બચ્ચનની કેરિયરમાં મંદી કેમ નથી આવતી?

પર્વ : કારણકે એ તેજી (તેજી બચ્ચન)નો દીકરો છે.

☺ ☺ ☺ ☺ ☺

જોની : માત્ર છોકરાઓ જ બિન્દાસ હોય છે.

મોની : એવું કઈ રીતે કહી શકો?

જોની : એમની અટક જિંદગીભર એક જ રહે છે. એમને પ્રેગ્નન્ટ થવું પડતું નથી. ફોન પર ૩૦ સેકન્ડમાં વાત પૂરી કરી શકે છે. પંદર દિવસના વેકેશનમાં એક બેગ કપડાં પૂરતા હોય છે. એક જ હેર સ્ટાઈલ વર્ષો સુધી ચાલે છે. માત્ર ગાલ અને ગળા ઉપર જ શેવિંગ કરવું પડે છે. કોઈ મિત્ર બે મહિના સુધી ફોન ના કરે તો પણ ફ્રેન્ડ જ રહે છે. એક્ઝામમાં કેટલા માર્ક આવ્યા તે છુપાવવું પડતું નથી. પોતાનું પાકીટ પોતાની જીન્સના ખિસ્સા કરતાં કદી મોટું હોતું નથી.

☺ ☺ ☺ ☺ ☺

જુગલ : યાર, આજકાલ તું બહુ ચિંતામાં દેખાય છે. કંઈ નવું સંશોધન કરવા માંગે છે કે શું?

કિશોર : હું અદ્‌ભુત શોધ કરવા માગું છું. જેવી કે – વોટરપ્રૂફ ટુવાલ, સૂર્યના અજવાળાથી ચાલતી ટોર્ચ, પેડલ મારીને ચલાવવાની વ્હીલચેર, વરસાદ પડે છે કે નહીં તે જોવા માટે કાણાવાળી છત્રી, ભેંસ કરતા મોટી અક્કલ....

☺ ☺ ☺ ☺ ☺

સમીર : કોઈ નવી વાત...?

જમીર : દારૂ વેચનારને ક્યાંય જવું પડતું નથી અને દૂધ વેચનારો રોજ ઘેરઘેર ભટકે છે.

☺ ☺ ☺ ☺ ☺

ડ્રાઈવર : (ટેક્ષી ધીમી કરીને) સાહેબ, આપણી ટેક્ષીની બ્રેક ફેઈલ થઈ ગઈ છે.

મુસાફર : બહુ ચિંતા નહીં કરવાની... મહેનત કરશો તો આગલા વર્ષે જરૂર પાસ થઈ જશે.

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંતનગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

***શુભ ભાવના અને સારા વિચારોનું સેવન માણસના તન અને મન ઉપર સચોટ અસર કરે છે.***

**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ *અને* શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ *ના ઉપક્રમે***

# અષાઢી બીજનો ઓનલાઇન કાર્યક્રમ

અષાઢી બીજ નિમિત્તે રંગારંગ કાર્યક્રમ કરવાની વર્ષો જૂની પરંપરા મુજબ આ વર્ષે કોરોનાની પરિસ્થિતિ જરાક હળવી થતાં જ આ બંને સંસ્થાઓએ ઓનલાઇન કાર્યક્રમનું કોમ્બિનેશન કરીને એક અદ્‌ભુત કાર્યક્રમનું આયોજન કર્યું હતું. રવિવાર, તા. ૧૧-૦૭-૨૦૨૧ના રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે આ નવતર પ્રયોગ હતો. કેટલાક કલાકારો અહીં હાજર રહી તેમની કળાનો પરચો આપતા હતા અને કેટલાક પોતાનાં ઘરે બેઠાં.

અરે ફેસબુક લાઇવ અને યુ-ટ્યુબ લાઇવ દ્વારા સેંકડો લોકોએ આ કાર્યક્રમ લાઇવ અને પછીથી રેકોર્ડેડ પણ માણ્યો. ઓનલાઇનના ફાયદા ઘણા છે. સોશિયલ ડિસ્ટન્સ - સર્વે ઘરે બેસીને કાર્યક્રમ માણી શકો અને વર્ષો સુધી વારંવાર જોઈ પણ શકો - કેમકે ફેસબુક અને યુ-ટ્યુબ ઉપર તે વર્ષો સુધી રહેશે.

બંને સમાજના પ્રમુખ શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા અને શ્રી પ્રતાપ નારાણજી દંડએ સ્વાગત પ્રવચન આપ્યા પછી 'પ્રભુ વંદના' થઇ અને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના કલાકારોની નાની-મોટી સ્ટ્રીક્સ (ડ્રામા) ખૂબ હસાવી ગઈ. શ્રી કચ્છી સમાજના મહામંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરની રસભરી કોમેન્ટ્રી અને વળી શ્રી પ્રફુલભાઈ ભાનુશાળીનું 'કરાઓકે' (KARAOKE) ઉપર ગાયેલું 'મોર બની થનગનાટ કરે...' ગીત ગજાવી ગયું. ભાનુશાળી સમાજની જ બહેનોએ તૈયાર કરેલ, હાથમાં દીવા સાથેનું રાજસ્થાની 'ઘૂમર' તો આપણને ડોલાવી ગયું. તો શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનાં કલાકારોનું 'વેસ્ટર્ન ડાન્સ' સાથેનું કોવિડ-૧૯માં ધ્યાન રાખવાની બાબતો સમજાવતું નૃત્ય પણ બેમિસાલ હતા.

શ્રી કચ્છી નાગર મંડળે ઘરેથી અપલોડ કરેલી લીંક દ્વારા ગવાયેલ કચ્છી ગીત-સંગીત અષાઢી બીજને ખૂબ જ સાર્થક કરી ગયા.

અને હા, કોરોના દરમિયાન વિશેષ કામગીરી કરનારા વિવિધ જ્ઞાતિ મંડળો અને વિવિધ સંસ્થાઓનું બહુમાન પણ ઓનલાઇન થયા અને તેમાંથી ઘણા મહાનુભાવોના પ્રતિભાવો પણ ઓનલાઇન વીડિયોમાં જોયા.

આભારવિધિ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના માનદ્ મંત્રી શ્રી પ્રદીપ સૂરજલાલ મહેતાએ કરી અને સમગ્ર કાર્યક્રમનાં સંચાલનના પડદા પાછળની વ્યક્તિઓ (નમ્રતા દોશી, હીરેન શાહ અને દેવી વોરા)નો પણ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. પછી બધા જમીને છૂટા પડતાં પહેલાં એક સવાલ મૂકતા ગયા... હવે ફરી ક્યારે ભેગા થવાશે?

## • કલાકારોના નામની યાદી •

### શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

| | | |
|---|---|---|
| ૧. નેહા શાહ | ૧૦. ચાર્મિ દેઢિયા | ૧૯. માધવી વોરા |
| ૨. મોક્ષા દેઢિયા | ૧૧. બીનોય ગોગરી | ૨૦. મીનલ દેઢિયા |
| ૩. રીયા મસાલિયા | ૧૨. હેત મારુ | ૨૧. નયના ગોગરી |
| ૪. યેશા મહેતા | ૧૩. દૃષ્ટિ મહેતા | ૨૨. ધનરાજ દેઢિયા |
| ૫. ફેરી નાગડા | ૧૪. નીલય ગડા | ૨૩. મનીષા છાડવા |
| ૬. પ્રસન્ન દોશી | ૧૫. વૈભવી નાગડા | ૨૪. ઇલા છાડવા |
| ૭. વેનીસા શાહ | ૧૬. ચૈતન્ય રાંભિયા | ૨૫. પંકિની શિયાડ |
| ૮. તપસ્વી શાહ | ૧૭. કૃપાલી રાંભિયા | ૨૬. બીજલ શાહ |
| ૯. શુભ શાહ | ૧૮. ઈશિતા મારુ | |

### શ્રી કચ્છી ગૂર્જર ક્ષત્રિય સમાજ

૧. મિત્તલ અલ્પેશ વારુ
૨. આંચલ રીતેશ યાદવ
૩. હીરવા ભાનુશાળી

### શ્રી કચ્છી મારુ કંસારા સોની સમાજ

૧. રાશિ રવિન્દ્ર પરમાર

### શ્રી કચ્છી વડનગરા નાગર મંડળ સમાજ

| | |
|---|---|
| ૧. હસીતભાઈ અંજારિયા | ૪. રોહન અંજારિયા |
| ૨. કવિતાબેન અંજારિયા | ૫. નિમેષ પરમાર |
| ૩. ભુવન અંજારિયા | ૬. જુહી ધોળકિયા પરમાર |

### શ્રી કચ્છી ભાનુશાળી સમાજ

૧. પ્રફુલભાઈ ભાનુશાળી

# સાભાર સ્વીકાર

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાકીય યોજનાઓ માટે નીચે મુજબ દાતાશ્રીઓ તરફથી દાન / ભેટ પ્રાપ્ત થયેલ છે.*

### તબીબી સહાય ખાતે

રૂા. ૧,૦૦૦/- શ્રી પૃથ્વી શાહ - ગાંધીનગર

### જલારામ અન્નક્ષેત્ર ખાતે

રૂા. ૨,૫૦૦/- **સ્વ. શ્રી સૂરજલાલ મોતીલાલ મહેતાની જન્મતિથિ નિમિત્તે હ. પ્રભાબેન સૂરજલાલ મહેતા પરિવાર**

*દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર.*

# ઓર્ગેનિક ખોરાક વિશે

*શ્રેયા* : અરે રોશની, બહુ દિવસે દેખાઈ?

*રોશની* : શું કહું... મંજુબાને કેન્સર થયું છે ત્યારથી દોડાદોડી વધી ગઈ છે.

*શ્રેયા* : પણ બાને તો કોઈ વ્યસન ન હતું. હંમેશાં ઘરનો રાંધેલો સાત્ત્વિક ખોરાક જ લેતા હતા.

*રોશની* : છેક ત્રીજા સ્ટેજમાં ખબર પડી. તું એમની ક્યાં વાત કરે છે. ધારિણીને માત્ર ૨૦ વર્ષની ઉંમરે કેન્સરનું નિદાન થયું અને સલાઈવા કાઢી નાખવી પડી.

*શ્રેયા* : ઓ બાપરે. હું તો એમ સમજતી હતી કે તમાકુ ખાવાથી કે સિગારેટ પીવાથી જ કેન્સર થાય.

*રોશની* : પરદેશમાં આની ઉપર ઘણાં સંશોધન થયા ત્યારે ખબર પડી કે આમાંનું એક કારણ આપણે રોજ સાદો કહેવાતો ખોરાક લઈએ છીએ, તે પણ હોઈ શકે.

*શ્રેયા* : એ તો કેવી રીતે બની શકે?

*રોશની* : આપણે જે અનાજ, મસાલા, ફળ, શાકભાજી વગેરે રોજિંદા ખોરાકમાં વાપરીએ છીએ, તે ખેતરમાં ઉગાડતી વખતે વધુ માત્રામાં પાક લેવા માટે રાસાયણિક ખાતરનો વપરાશ કરવામાં આવે છે તેમજ ઝેરીલા જંતુનાશકોનો છંટકાવ કરવામાં આવે છે. જેનો વપરાશ એટલો વધતો ગયો છે કે પાકમાં તો રસાયણ અને ઝેર હોય, પણ જમીન પણ ઝેરીલી થતી જાય છે.

*શ્રેયા* : એ તો આપણે આપણા જ પગ ઉપર કુહાડી મારી એવું થયું... તો હવે શું આપણે આમ જ હેરાન થતા રહેવું? આનો કોઈ તો ઉપાય હશે ને?

*રોશની* : ચોક્કસ. મનુષ્ય માત્રનો સ્વભાવ એને ઉકેલ લાવ્યા સિવાય ઝંપવા થોડી દે...! કુદરતી રીતે જૈવિક પદ્ધતિથી ખેતી કરવી, એ આનો સૌથી સરળ ઉપાય...

*શ્રેયા* : એ તો ચપટી વગાડતા થઈ જાય. તો આપણે રાહ કોની જોઈએ છીએ?

*રોશની* : તું સાવ ભોળી જ રહી. ખેડૂતને ઝેરીલી જમીનમાં ફરી શરૂ કરતાં સમય અને સંસાધનો વધારે લાગે. એટલે મોંઘું પડે... ભાવ થોડો વધારે હોય એટલે કોઈ લેવા તૈયાર થાય નહીં.

*શ્રેયા* : અમદાવાદના ટ્રાફિક જામ જેવું લાગે છે. બધાને આગળ વધવું છે. પણ કેવી રીતે... પહેલા ખેડૂત કે પહેલા ગ્રાહક...

*રોશની* : આવા સમયે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ, આનો વ્યવહારિક ઉકેલ આપની સમક્ષ લાવી ચૂક્યું છે. વેપારના બદલે વ્યવસ્થા ઊભી કરીને... અને એથી જ તો ઓર્ગેનિક સ્ટોર કરતાં ૩૦-૪૦ ટકા ઓછા ભાવે આપણને સૌને રસાયણ મુક્ત અને ઝેર મુક્ત અનાજ, મસાલા અને બીજા ઉત્પાદનો હવે પાલડી ભવન પરથી મળી શકે છે.

*શ્રેયા* : એ તો બહુ જ સારી વાત છે. થોડી વધારે જાણકારી આપને...!

*રોશની* : બહુ જ સહેલું કરી દીધું છે. એક વોટ્સએપ ગ્રુપમાં જોડાઈ જવાનું... બધા અપડેટ્સ મળતા રહે... ભવન પર શ્રી હરેશભાઈ ગોગરીને ૮૨૬૪૭ ૦૬૬૩૯ પર ઓર્ડર લખાવી શકાય. ચિઠ્ઠીનો ફોટો અથવા વોઈસ મેસેજ મોકલાવી શકાય. અમદાવાદના કોઈપણ વિસ્તારમાં ઘરે પહોંચાડવાની વ્યવસ્થા પણ છે.

*શ્રેયા* : બસ કર હવે...

*રોશની* : કેમ?

*શ્રેયા* : તું ભલે મને ભોળી સમજે... પણ હું પાક્કી ગણતરીબાજ છું. હવે વાતો બંધ કર અને કામ શરૂ... પહેલાં તો હું થોડાં ફાલતુ ખર્ચા હમણા બંધ કરી હરેશભાઈને ઓર્ડર આપી દઉં અને પછી ગણિત તો સહેલું છે. આપણે જેમ વધારે માલ લઈશું, ભાવ હજુ ઘટશે... યાદ છે ને પહેલા મોબાઈલના ઈનકમિંગ કોલના પણ ચાર્જ ચૂકવતા હતા.

*રોશની* : તો હવે નક્કી કરીએ... ઝેર ખાવું નથી અને કોઈ ખાતું હોય તો રોકવાનો પ્રયત્ન જરૂર કરીશું.

**વોટ્સએપ ગ્રુપમાં જોડાવા માટે સંપર્ક : વિમેશ શાહ – ૯૮૭૯૧ ૧૦૪૬૭**

***શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***





## અમારી વિશેષતાઓ – સિંગલ વિન્ડો પ્લેટફોર્મ

- VT/VX ની ૬૫૦+ શાખાઓ
- ISO 9001:2015 પ્રમાણિત કંપની
- Robust Systems & Processes પર કાર્યરત
- Trace & Track Facility સાથે સંપુર્ણ કોમ્પ્યુટરાઈઝ નેટવર્ક
- બુકીંગ થી ડિલીવરી સુધી સામાનને Complete Insurance Cover
- ૧૦ કિલોથી ફુલ ટ્રક લોડ સુધીના પાર્સલ સ્વીકારીએ છીએ
- ૧૦૦૦૦૦+ સંતુષ્ટ ગ્રાહકો
- Hard Freight Surface Transportation માં ૬ દાયકાનો અનુભવ
- રોડ, એર અને રેઈલ દ્વારા Door to Door Express Cargo
- વિસ્તૃત થઈ શકતી Sypply Chain & Inventory Management

V-TRANS®
Driving Excellence

Our other Divisions
V-Xpress — Safe and Reliable - For Your Peace of Mind
V-Logis — Warehousing & Inventory Management

Unit 6, Corporate Park, VN Purav Marg, Chembur, Mumbai, Maharashtra - 400071
Toll Free: 1800 220 180 / Website: vtransgroup.com / Email: info@vtransgroup.com
Download: V-Trans APP from Google/IOS

"Mangal Mandir" - Regd. under Postal Registration No. GAMC-315/2021-2023 Valid upto 31st December, 2023 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 5th of Every Month.
R.N.I. No. of RNP is 33266/1978 ● Published on 1st of Every Month

આ પુસ્તકોનાં પ્રાપ્તિસ્થાન

# ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

**ગૂર્જર સાહિત્યભવન**

રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ,
અમદાવાદ - 380 001
ફોન : 079-22144663.
e-mail : goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**

102, લેન્ડમાર્ક બિલ્ડિંગ,
ટાઇટેનિયમ સિટીસેન્ટર પાસે,
સીમા હૉલની સામે, અમદાવાદ-15
ફોન : 26934340, મો. 9825268759
ઇમેલ : gurjarprakashan@gmail.com
Website : www.gspbooksmall.com

# અકબરના દરબારનાં નવ રત્નો જેવાં ગુજરાતી સાહિત્યનાં નવ પુસ્તકરત્નો

ગ્રામ્યસંસ્કૃતિમાં પાંગરેલી
વિશુદ્ધ સ્નેહની વિરલ કથા

## વડમામી

અમૃત કે. બારોટ ■ રૂ. 225




હવે આવી કથાઓ ઝાઝી લખાતી જ નથી.... પણ તમે વાંચો તો વંચાતી રહેશે ખરી....

વિવિધ ક્ષેત્રની વિરલ વિભૂતિઓ
સાથેના સંવાદો

## સેલિબ્રિટિ સાથે સંવાદ

આનંદ ઠાકર ■ રૂ. 150



અભિનેતા, નેતા, વકીલ, ઉદ્યોગપતિ, સાહિત્યકાર, ડૉક્ટર જેવાં વિવિધ ક્ષેત્રની વિરલ વિભૂતિઓને રૂબરૂ મળવાનો રોમાંચ માણવો હોય તો આ પુસ્તક વાંચો –

સંવેદનાનાં સુગંધિત-સમર્પિત
ઝરણાં જેવી નવલિકાઓ

## અંતિમગાન

અનિલ દલાલ
રૂ. 170




સમય બદલાય, પણ સંવેદના થોડી બદલાય ? પારિવારિક સ્નેહ જીવનની વૈવિધ્યપૂર્ણ જટિલતાઓ સામે કેવી રીતે ટક્કર ઝીલે છે, તેની કથાઓ, જનરેશન ગૅપના કારણે બદલાતાં મૂલ્યો વચ્ચેની ટકરામણની કથાઓ – વારંવાર વાંચવી ગમે તેવી રસ-છલોછલ વાર્તાઓ.

અનોખી શૈલીના વ્યંગ્યવિનોદનો
સાક્ષાત્કાર કરાવતા હાસ્યલેખો

## સાત, અંગ, આઠ નંગ અને...

રમણ સોની ■ રૂ. 140



શબ્દે-શબ્દે સજાગતા અને શબ્દે-શબ્દે વિશેષતા રજૂ કરતા ચિંતન-મનના લેખો હળવીશૈલીને કારણે દરેક વાચકને ગમશે. નોખા વિષયની અનોખી અભિવ્યક્તિનું નમૂનેદાર પુસ્તક.

તપસ્વીના બહુમાન રૂપે
ભેટ આપવા યોગ્ય વિશિષ્ટ પુસ્તક

## જૈન સજ્ઝાય અને મર્મ

આ. વાત્સલ્યદીપસૂરિ ■ રૂ. 80





વિવિધ સમયે વિવિધ વિદ્વાન સાધુકવિઓએ લખેલી સજ્ઝાયનો અર્થ-મર્મ જાણ્યા પછી માત્ર કંઠથી નહિ – હૈયાના ઊંડાણથી તમે એ ગાઈ ઊઠશો ! રસપ્રદ શૈલીમાં માર્મિક રહસ્યોનું ઉદ્ઘાટન કરતા આસ્વાદલેખો અજૈનોને પણ ભાવવિભોર કરશે !

આખાબોલા જૈન અધ્યાત્મગુરુની

## અવધૂત આનન્દઘન પદલહરી

માવજી સાવલા ■ રૂ. 110





પર્યુષણના દિવસમાં આ પુસ્તકનું વાચન કરવું એ કોઈ તપથી જરાય ઓછું નહિ હોય ! વસાવો, વાંચો, વહેંચો અધ્યાત્મ-આનંદમાં તરબોળ બનો !

અંગ્રેજી નાટકોનું વાર્તારૂપે
રૂપાંતર ગુજરાતી ભાષામાં

## શેક્સપિયરનાં કથાનકો

રણલાલ ના. શાહ ■ રૂ. 110




શેક્સપિયરનાં નાટકો વિશ્વભરમાં જાણીતાં છે. એ નાટકો સ્ટેજ પર ભજવાતાં જોવાની મજા આવી... પણ નાટકો વાંચવાની મજા આવે ? આ પુસ્તકમાં શેક્સપિયરનાં કેટલાંક બેમિસાલ નાટકોના કથાતત્ત્વને વાર્તારૂપે આલેખવામાં આવ્યું છે.

દરેક મમ્મી, દરેક મહિલાએ
વસાવવા જેવું પુસ્તક

## હેતે હાલા ગાઉં

સંપા. શ્રદ્ધા ત્રિવેદી ■ રૂ. 250




અત્યારે કેટલી મમ્મીઓને હાલરડાં આવડતાં હશે ?બાળકને ઊંઘાડવા માટે હાલરડું સદીઓથી ચમત્કાર કરતું રહ્યું છે. મમ્મી જ્યારે હાલરડું ગાઈને એના બાળકને સુવાડતી હોય ત્યારે એનો બેસૂર-કર્કશ અવાજ પણ મધુરો-મીઠો લાગે છે. પ્રત્યેક હાલરડા સાથે તમારા બાળકને સાંસ્કૃતિક સંદર્ભ પુરવાર કરતું પુસ્તક

જો તમારા બાળકને તમે આ પુસ્તક ન આપો
તો તમે એની સાથે અન્યાય કર્યો કહેવાશે!

## લોકજીભે રમતાં જોડકણાં

લે. સુમન અજમેરી ■ રૂ. 90




તમે ભલે અંગ્રેજી મિડિયમમાં ભણેલાં હો અને તમારા સંતાનને પણ ભલે તમે અંગ્રેજી મિડિયમમાં જ ભણાવજો! પરંતુ એને ગુજરાતી ભાષા અને ગુજરાતી સંસ્કૃતિનો સ્વાદ જરૂર ચખાડજો! તમારાં બાળકોને આ જોડકણાં ગાઈને જરૂર સંભળાવજો... એ તમને વળગીને બેસી જશે!

*If undelivered please return to :*

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલની સામે, પાલડી - એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭ ૮૮૯૨, ૨૬૫૮ ૧૫૦૧

**To,**